આદિવાસી વિકાસ યોજનાઓમાં છેવાડાની વ્યક્તિ









અહેવાલ લેખન
ચંદ્રકાન્ત એસ. પટેલ

સંપાદન
ડૉ. ચંદ્રકાન્ત બા. ઉપાધ્યાય

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર
ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૩૮૦ ૦૧૪
૨૦૦૮

૪૩૬

આદિવાસી વિકાસ યોજનાઓમાં છેવાડાની વ્યક્તિ

અહેવાલ લેખન

ચંદ્રકાન્ત એસ. પટેલ

સંપાદન

ડૉ. ચંદ્રકાન્ત બા. ઉપાધ્યાય

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર ૪૩૬

ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૩૮૦ ૦૧૪

૨૦૦૮

અનુક્રમણિકા

પ્રકરણ	વિગત	પાન નં.
૧	પ્રસ્તાવના	૧
૨	અભ્યાસના હેતું, મહત્ત્વ, વિસ્તાર અને કુટુંબો, સંશોધન પ્રવિધિઓ	૪
૩	ભૌગોલિક તેમજ આંકડાકીય દ્રષ્ટ્રિએ રાજયમાં આદિવાસી વિસ્તારો અને વસતિ	૯
૪	આદિવાસી વિકાસ યોજનાઓમાં છેવાડાની વ્યક્તિ, વિસ્તારો સંદર્ભના અભ્યાસના વિસ્તારો અને ગામો, કુટુંબોનો પરિચય	૨૨
૫	આદિવાસી વિસ્તારો, સમાજોની સમસ્યાઓની સમજ અને આજ પર્યતના વિકાસ માટેના પ્રયત્નો, વિસ્તારો, સમૂદાયો ઉપરની અસરો- તેમના વિકાસ આડેના અવરોધકો અને તેના કેટલાક વિકાસ સંદર્ભેના પર્યાયો-પગલાંઓ	૮૦

આભાર દર્શન

ભારતમાં તેમજ ગુજરાતમાં નોંધપાત્ર કહી શકાય એટલા નાના મોટા આદિવાસી સમૂદાયોની સંખ્યા છે. દેશમાં તેમની વસતિ છે, તેના કરતાં ગુજરાતમાં બમણી ટકાવારીની રીતે, વસતિની રીતે વસેલી છે. આઝાદી બાદ ભારતીય બંધારણમાં જણાવ્યા અનુસાર આ આદિવાસી સમૂદાયો માટે વિવિધ વિકાસ યોજનાઓ, તેમના વિકાસ માટે અમલી બનવાને કારણે, પરિવર્તનની પ્રક્રિયા શરૂ થઈ હતી. ઘણી બધી જાતિઓને વિકાસના લાભો પ્રાપ્ત થવાથી, નવી જાગૃતિ આવતાં શૈક્ષણિક, આર્થિક પરિવર્તન પણ થવા પામ્યું છે. જેઓ ઉંડાણમાં અને જાગૃત નથી. તેઓમાં પરિવર્તનની માત્રા ખૂબ જ મંદ ગતિએ જોવા મળે છે. તેઓ માંના ઘણા યોજનાના લાભોથી એકબીજા કારણોસર વંચિત, અર્ધવંચિત રહ્યા હોય તે સંભવ છે. કારણ કે ગુજરાતમાં છેક અંબાજી, દાંતાથી શરૂ કરી પંચમહાલ-દાહોદ થઈ છેક ડાંગ-સાપુતારા સુધીની સમગ્ર પૂર્વપટ્ટીના વિશાળ વિસ્તારો, જંગલો, ડુંગરો-ખીણોથી પથરાયેલો હોય અને દુર્ગમ વિસ્તાર હોઈ, વાહનવ્યવહાર કે બીજી પ્રાથમિક જરૂરિયાતોના અભાવવાળો હોઈ, વિકાસથી પણ વંચિત રહી જવા પામ્યો હોય, તે સંભવ છે. એટલે કેટલાય આદિવાસી સમૂદાયોમાં પણ વંચિતો જોવા મળે છે.

આ અભ્યાસ દ્વારા આદિવાસી જાતિઓને વિકાસ યોજનાઓ દ્વારા મળતા લાભો, તેમાં છેવાડાની વ્યક્તિઓની પરિસ્થિતિને સમજવાનો પ્રયાસ છે. આનાથી વિકાસ યોજનાઓમાં છેવાડાના વ્યક્તિઓ ખરેખર કેવીક દશામાં હજુ છે, તેનો ખ્યાલ મળી રહેશે. સાથે,સાથે તેઓ માટે નવીન કેવો અભિગમ કરી, નવુ આયોજન, તેના લાભો કે વિકાસ માટે ગોઠવવું જોઈએ, તે જાણવા મળશે. વિકાસ યોજનાઓ શરૂ કરે, વિસ્તારોમાં ઘણો સમય વિત્યો હોવા છતાં, હજુ કેમ તેવો પછાતપણુ કે છેવાડાના વંચિતો જ રહ્યા છે. આ જાણીને મૂકવાનો પ્રયાસ કર્યો છે. ક્ષેત્રકાર્ય આધારિત કેટલીય માહિતી મૂકવાનો પ્રયાસ કર્યો છે. તે માટે ક્ષેત્રકાર્ય નર્મદા, ભરૂચ, વલસાડ, બનાસકાંઠા જિલ્લાઓના કેટલાક તાલુકાના ગામોના આદિવાસી કુટુંબોમાંથી માહિતી પ્રાપ્ત થઈ હતી, તે રાખી છે. આ જિલ્લા-તાલુકાના, ગામોના કુટુંબોથી માહિતી પ્રાપ્ત કરીને અભ્યાસ અહેવાલ શક્ય બન્યો, તેથી તે ગામોના કુટુંબોનો, ઉપરાંત જે તે જિલ્લાના, તાલુકાના, ગામોના પદાધિકારીઓએ વિષય અનુસંધાને કેટકેટલીક માહિતી પૂરી પાડી સહકાર આપ્યો હતો. તેમનો, ઉપરાંત ગૂજરાત વિદ્યાપીઠની સલાહકાર સમિતિએ આવા અભ્યાસ માટેનું જે સૂચન કર્યુ, તે ખૂબ જ મહત્વનું કહી શકાય, કારણ કે વિકાસ યોજનાઓને, આટલા વર્ષો થયા હોવા છતાં, આદિવાસી સમૂદાયોમાં હજુ છેવાડાના વ્યક્તિઓની પરિસ્થિતિમાં ઝાઝો ફેરફાર પડ્યો હોય, તે દેખાય આવે તેમ હોઈ, એ જરૂરી હતુ કે આવા અભ્યાસ થાય. ઉપરાંત કેન્દ્રના નિયામકશ્રીએ પણ ઝાઝો રસ લઈ અભ્યાસ અંગે ચર્ચા વિચારણા કરી, તેમનો,તેમજ પ્રત્યક્ષ;પરોક્ષ મારા સાથી સહકાર્યકરોએ મને મદદ કરી છે.તેમનો હું આભારી છું.

ચંદ્રકાન્ત પટેલ

પ્રકરણ-૧
પ્રસ્તાવના

ભારત દેશ સ્વતંત્ર થયા પછી પંચવર્ષીય યોજનાઓ દ્વારા અનેકવિધ વિકાસલક્ષી કાર્યક્રમો હાથ ધરી ખાસ કરીને અનુસૂચિતજનજાતિના ઉત્કર્ષ માટે પગલાં ભર્યા છે. જેના મૂળમાં જઈએ તો ભારતીય સંવિધાનની કલમ ૪૬ અને ૨૭૫માં દેશના પછાત વિસ્તારો અને અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિઓ તરફ ખાસ ધ્યાન આપવાનો આદેશ છે. કારણકે ભારતીય સમાજના આ અલ્પ વિકસીત લોકોની પ્રગતિ ખાસ કરીને એવા કેટલાક જૂથો કે જે સામાજિક, આર્થિક, શૈક્ષણિક અને રાજકીય કારણોસર અન્ય પ્રજાની સરખામણીમાં ઘણાં પાછળ છે. તેમના માટે બંધારણમાં ખાસ જોગવાઈ કરવામાં આવી છે. તેને અનુલક્ષીને સ્વતંત્રતા બાદ પંચવર્ષીય યોજનાઓ દાખલ કરીને, અમલી બનાવીને, માત્ર વૃધ્ધિનો જ ખ્યાલ નહીં પણ વિકાસની નવી કડીનો અભિગમ અપનાવ્યો હતો. પંચવર્ષીય યોજનાઓના અમલ સાથે આયોજિત વિકાસયાત્રા શરૂ કરી હતી. જેમાં બીજી પંચવર્ષીય યોજના દરમ્યાન વિવિધલક્ષી આદિવાસી વિકાસ ઘટકો શરૂ કરવામાં આવ્યા હતાં. એ સાથે સામૂહિક વિકાસ ઘટકના ધોરણે પણ વધુ નાણાંકીય જોગવાઈ સાથે, આ ઘટકોના કાર્યક્રમો કરાયા હતા. અવિકસીત અને વધુ આદિવાસી વસ્તીવાળા ખાસ વિસ્તારોમાં વિવિધલક્ષી વિકાસ સાધવાના પ્રયત્નો વધુને વધુ સઘનપણે આદરીને આર્થિક, સામાજિક અને છેલ્લે સર્વાંગી વિકાસની પ્રક્રિયા ઝડપી બનાવી, પ્રથમ યોજનાથી દસમી પંચવર્ષીય યોજના સુધીમાં દરેક યોજનામાં ભિન્ન ભિન્ન સેકટરવાર, એક બીજી યોજનાઓમાં ભાર આપીને, તેના દરેક પાસાઓના વિકાસ માટે સતત આગેકૂચમાં ઘણો બધે ઠેકાણે તેનાથી વિકાસ અને પરિવર્તન આવેલુ જોઈ શકાય છે. તેનાથી ઘણા વિસ્તારોમાં, તેમજ સમાજોમાં પરિવર્તન સાથે વિકાસ સધાયો છે. પરંતુ વિકાસની આગેકૂચમાં કેટલાક સમાજો એકબીજા કારણોસર વિકાસ પ્રક્રિયાના પરિવર્તનમાં કદમ મિલાવી ન શકવાને કારણે, પાછળ રહી જવા પણ પામ્યા છે. તેમ છતાં એક અલગ પ્રકારના અપનાવેલા વિકાસના અભિગમમાં, કેટલાક સમૂદાયો અને તેના કેટલાક પાસાઓમાં વિકાસ થયેલો જોઈ શકાય છે. જે ઉડીને આંખે વળગે તેવો પણ છે. આમ સમયાન્તરે બદલાવ સાથેના વિકાસ અભિગમો મૂકવાથી વિકાસ સધાયેલો જોઈ શકાય છે. વિકાસ સર્વત્ર,સર્વાંગી ન થવાને કારણે નરી આંખે ન દેખાય, છતાં તેમનામાંના ઘણા સમૂદાયોમાં શૈક્ષણિક પ્રમાણ કે તેમના કુટુંબોમાં જોવા મળતો આર્થિક વિકાસ, તેમનામાં આંકડાઓની વિગતો જે ઉંડાણથી વિગતે જોતાં ખ્યાલ આવ્યા વિના રહેશે નહિ.

ભારતમાં તેમજ ગુજરાતમાં આઝાદી પછી પંચવર્ષીય યોજનાઓ દ્વારા અનેકવિધ વિકાસલક્ષી કાર્યક્રમો હાથ ધરી, પાછળ રહી જવા પામેલા એવા અનુસૂચિત જનજાતિના ઉત્કર્ષ માટે પગલાં ભર્યા છે. જે આગળ ઉપર પણ દર્શાવ્યું તે મુજબ તેનાથી પરિવર્તનની પ્રક્રિયા ઘણે ઠેકાણે ઝડપી અને કેટલેક ઠેકાણે મંદગતિએ થયેલી જોવા મળે છે. કેટલાક આદિવાસી વિસ્તારોમાં અને સમૂદાયોમાં યોજનાઓના અમલીકરણથી જાગૃતિના કારણે ઝડપથી યોજનાઓના લાભો એ પરિવર્તન (શૈક્ષણિક અને ભૌતિક) આણવામાં ભાગ ભજવ્યો છે. પરંતુ તેમાંના ઘણા સમૂદાયો અને વિસ્તારો એકબીજાના કારણોસર પરિવર્તન અને વિકાસમાં કદમ મિલાવી ન શક્યાને કારણે પછાત રહેવા પામ્યા છે.

આઝાદીથી પછી તેમના માટે અમલી બનેલી વિકાસ યોજનાઓમાં તો તેમની વૃધ્ધિનો જ ખ્યાલ નહીં, પણ વિકાસની નવી ક્ષિતિજો સાથેનો અભિગમ, સામૂહિક તેમજ વ્યક્તિલક્ષી કાર્યક્રમો કરીને પણ પ્રયત્નો આદર્યા હતા. તેમને માટે પ્રથમ યોજનાથી દસમી પંચવર્ષીય યોજના સુધીમાં યોજનાઓના ભિન્ન ભિન્ન સેક્ટરવાર જુદા જુદા પાસાઓને ખ્યાલમાં રાખીને સતત પ્રયત્નો કરાયા હતા. જેમાં,

(૧) અનુસૂચિત જનજાતિ માટે ખાસ વિકાસ આયોજન (૧૯૫૧)

(૨) પંચશીલનો સ્વીકાર (૧૯૫૬)

(૩) અનુસૂચિત જનજાતિ વિકાસ માટે બહુહેતુક વિકાસ ઘટકો (બ્લોક)ની શરૂઆત (૧૯૬૧)

(૪) સંકલિત આદિજાતિ વિકાસ કાર્યક્રમ (T.S.P.)ની શરૂઆત (૧૯૭૪)

(૫) આદિજાતિ વિસ્તારમાં માળખાકીય સુવિધાઓનો વિકાસ અને ૫૦% આદિજાતિ કુટુંબોને ગરીબી નિવારણ કાર્યક્રમ હેઠળ આવરી લેવા (૧૯૮૫)

(૬) ''ટ્રાયફેડ'' (Tribal Co-operative Marketing Development Federation) ની સ્થાપના (૧૯૮૭) (૭) ૭૩મો અને ૭૪મો બંધારણીય સુધારો અને ગ્રામસભા દ્વારા આદિજાતિની વિકાસમાં ભાગીદારી (૧૯૯૩)

(૮) કલ્યાણથીવિકાસ અને વિકાસથી સશક્તિકરણના ખ્યાલનો વિકાસ (૧૯૯૭)

આદિજાતિ મંત્રાલયની સ્થાપના (૧૯૯૯), અનુસૂચિત જનજાતિ નાણાંકીય નિગમ અલગ બનાવવું (૨૦૦૧) અને છેલ્લે ન્યુ ગુજરાત પેર્ટન (૧૯૯૮) થી અમલી બનાવી વિકાસને માટે પગલાં લઈ ગુજરાત સરકારના આદિવાસી વિકાસ વિભાગ દ્વારા વર્ષો પર્યન્તની મહેનતને કારણે ગુજરાત રાજયમાં આવેલા આદિવાસી વિસ્તારોમાં અને જુદી જુદી આદિવાસી જાતિઓ માટે ઠેક ઠેકાણે ભારે માત્રામાં પ્રયત્નો કરાય રહ્યા છે જેનાથી આદિવાસી વિસ્તારોમાં અને જુદી જુદી જાગ્રત જાતિઓમાં ભારે માત્રામાં પરિવર્તન આવેલું છે. જેને કારણે વિકાસની એક નવીજ કેડી બની રહે તેવી આશા પણ છે. છતાં આગળ જણાવ્યું તેમ કેટલાક ભયસ્થાનો એવા છે કે આ બધુ કરાયું કે થઈ રહ્યું હોવા છતાં હજુ પણ કેટલેક ઠેકાણે એકબીજા કારણોસર કયાંક પછાતપણું તો કયાંક વંચિતો જોવા,જાણવા મળે છે. કારણકે જેમને માટે સામૂહિક તેમજ વ્યક્તિલક્ષી કાર્યક્રમો બનાવીને યોજનાકીય કામગીરી થઈ હતી, છતાં એ કાર્યક્રમોની યોજનાઓ પણ જે ગરીબ આદિવાસી સમૂદાયોની ગરીબી દૂર નોંધપાત્ર રીતે કરી શક્યા નહોતા. આઝાદીકાળથી આજ સુધીમાં આયોજિત વિકાસની પંચાવન વર્ષની યાત્રા પૂરી થઈ હોવા છતાં ઉંડાણના વિસ્તારોથી માંડીને નજીકના વિસ્તારો, તેમજ નાના કે મોટા સમૂદાયો, ઉપરાંત શહેરો કે નાના અર્ધશહેરી વિસ્તારો કે ગામોમાં પણ, તેઓ યોજનાકીય લાભોથી એકબીજા કારણોસર વંચિત છે. આમ વિસ્તારો, ગામો તેમજ કુટુંબો ખૂબજ ઉંડાણમાં હોવાથી પણ વંચિતો રહેવા પામ્યા છે, કારણ કે આપણી યોજનાઓમાં મહદ્અંશે ઘણીવાર ઉંડાણથી યોજનાઓનો અમલ કરવાને બદલે શહેર કે નજીકના ગામોથી થતો હોય તેમ લાગ્યા વિના રહેતું નથી. ઘણીવાર સમૂદાયો કે ઘણી જાતિઓમાં જાગ્રતતાના અભાવે પણ યોજનાઓથી અજાણ હોવાને લઈને

પણ વંચિત રહેતા હશે, તેવું પણ જોવા, જાણવા મળે છે. શિક્ષણના અભાવે પણ તેમનામાં બીજા આદિવાસી શિક્ષિત સમૂદાયોની યોજનાકીય લાભો લેવાથી થઈ રહેલી વિકાસયાત્રા સાથે તેઓ કદમ મેળવી ન શક્યાને લઈને વંચિતોની યાદીમાં હોય છે. યોજનાઓના પ્રચાર, પ્રસારના અભાવે, વિસ્તારો કે કુટુંબો લાભોથી વંચિત હોય તેવું પણ શક્ય છે. જે હોઈ તે પણ આદિવાસી સમૂદાયોમાં વિકસીત અને વંચિતોને કારણે, આ રચાતી જતી અભેદ ખાઈ ભવિષ્યમાં એકબીજાને નુકશાનકારક નીવળશે તેવું બને.

આઝાદી પછી ભારતીય બંધારણનાં સંવિધાનની કલમ ૪૬ અને ૨૭૫માં જણાવ્યા મુજબ પછાળ વિસ્તારો અને તેમાં વસતા અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના સમૂદાયો માટે ખાસ ધ્યાન આપી, તેમના વિકાસ માટે જરૂરી તમામ પગલાના અનુસંધાને આગળ ઉપર જોયું. તે મુજબ આઝાદીથી ૧૦મી પંચાયતી યોજના સુધીમાં તબક્કાવાર, વર્ષોવર્ષ અનેકવિધ સેકટરવાર, ખાસ મુદ્દાને વિષય બનાવી શ્રેણીબધ્ધ પગલાં ભર્યા અને અસંખ્ય એવી યોજનાઓનો અમલ કરાયો હતો. ગુજરાત રાજયમાં પણ સરકાર દ્વારા આદિવાસી વિકાસ વિભાગ દ્વારા પણ અનેકવિધ એવી ૪૩૦ કરતાંએ વધુ યોજનાઓ વર્ષોપર્યતની મજલમાં ઘડાઈને અમલી બનાવી કાર્યક્રમો કરાયા છે. જેમાં ઘણી યોજનાઓ કારગત નીવડી, કેટલીક અધકચરી રીતે ચાલી અને કેટલીક મૃતપ્રાય અવસ્થામાં છે. આ બધા વિકાસ કાર્યક્રમોને અંતે ઘણા જાગ્રતોને ઘણી બધી રીતે લાભપ્રત રહ્યા હોય તેઓ વિકાસની કેડીએ પગ મૂકતા બન્યા. જયારે કેટલાક હજુ પછાત અને વંચિતોની દશામાં જ હજુ પણ જીવનનિર્વાહ ગોઠવે છે. આ બધુ કદાચ એટલે બનતુ લાગે છે કે જેમને માટે કાર્યક્રમો છે તે અને જેઓ કાર્યક્રમો અમલી બનાવે છે. તે બન્ને વચ્ચેની સાંકળ-કડી બરાબર ગોઠવાઈ ન હોઈ કદાચ બનતું હશે.જે કારણો હોઈ તે પણ આઝાદીથી આજ પર્યતનો સમય ઘણો વિત્યો હોવા છતાં અને યોજનાઓની સંખ્યા પણ અત્યંત વધારે હોવા છતાં, જે રીતની અત્યંતિક પરિસ્થિંતિનું બેહૂદુ ચિત્ર જોવા મળે છે. તે ખૂબ ખરાબ દેખાય આવે છે અને એમ લાગે છે કે સંકલિત વિકાસના માળખાના અભાવે કદાચ આવી પરિસ્થિતિ હશે,તેવું લાગ્યા વિના રહેતુ નથી.

પ્રકરણ-૨

અભ્યાસ હેતુ અને મહત્ત્વ

આગળ જોયુ તે મુજબ આઝાદી બાદ દેશમાં વિકાસને લઈને પંચવર્ષીય યોજનાઓ અંતગત વિકાસ ઘટકો દ્વારા આયોજિત વિકાસ યોજનાઓનું માળખું રચીને વિકાસને માટે આયોજનબધ્ધ કાર્યક્રમોનું અમલીકરણ કરાઈને યોજનાઓ કાર્યરત કરાઈ હતી જે હજુ ચાલી રહી છે. તેમાં સામૂહિક તેમજ વ્યક્તિલક્ષી કાર્યક્રમો સહિત ભિન્ન ભિન્ન પાસાંઓને લઈને અમલ કરાયો હતો જે આજે પણ ચાલી રહ્યો છે. તેમાં ઘણા મોટા પ્રમાણમાં નાણાં તેમજ ભૌતિક સંપદાનો ઉપયોગ થયેલો છે. ઘણા બધા વિકાસ અને પરિવર્તનનીવાતો થતી જાણવા મળે છે. તેમાં તથ્ય પણ છે. તેમ છતાં કયાંક કયાંક હજુ પણ આપણે માનીએ છીએ એ વિકાસ કે પરિવર્તનની માત્રા ખર્ચયેલા નાણાં કે સાધનો જોતાં હેતુ પૂરેપૂરો બર આવ્યો હોય તેમ લાગતું નથી. હા તેનું કારણ કદાચે એ પણ હોય કે રાજયમાં આવેલાં પૂર્વપટ્ટીનો વિશાળ આદિવાસી વિસ્તાર જે અણવિકસીત, પૂર્વ પ્રાથમિક ઢબનું જીવન જીવતા લોકોનું જયાં મહદ્અંશે રહેઠાણ છે. તેવો હોઈ, બીજુ તેમનામાં અજાગ્રતતા શિક્ષણનો અભાવ, તેમની ભૌતિક સંપદા ઓછી હોઈ, પણ જવાબદાર તેવા કારણો હોઈ શકે. સાથે સાથે રાજયની અનુસૂચિત જનજાતિની આવડી મોટી સંખ્યા ૭૪ લાખ જેટલી હોય, ફાળવેલા નાણાં કે ભૌતિક ચીજવસ્તુઓ વિશાળ સમુદાયમાં અલ્પ માત્રામાં જ જણાય આવે તે પણ હોય, પણ એક વાત ચોક્કસ જણાય આવે છે કે આઝાદીથી આજપર્યત થયેલા કાર્યક્રમો વિકાસની કેડી ઉપર લાવે તેવા ઘડાયા હતા જ, છતાં એવું શું બન્યું કે આદિવાસી સમૂદાયમાંના કેટલાક વર્ગો યોજનાના વિકાસ ફળોથી વંચિત રહી જવા પામ્યા. એ સમાજોમાં પણ વિકસીત અને વંચિતો વચ્ચેની ખાઈ.રચાયેલી જોવા મળે છે. જે બહુ જ સારુ ચિત્ર ન કહેવાય,એ ખાઈ અસમાનતા વધારતી જતી જોવા મળે છે.

આદિવાસી સંશોધન કેન્દ્ર ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા આદિવાસી જાતિઓના કેટલાક અભ્યાસો એથનોગ્રાફિક કર્યો છે. ઉપરાંત આદિવાસી વિસ્તારોમાં વસેલી જાતિઓના જુદા જુદા પાસાઓના સંદર્ભે, યોજનાકીય પાસાઓને લગતા વિવિધ ૪૦૦થી વધુ અભ્યાસો મહદ્અંશે ક્ષેત્રકાર્ય આધારિત કર્યો છે. આજ સુધીમાં ૪૦૦થી વધુ યોજનાઓ, તેમના દરેક પાસાને લગતી અમલી બનાવી મૂકાઈ છે. સરકાર દ્વારા આયોજન કરીને મૂકાયેલી તેમના વિકાસની યોજનાઓ કેટલાક પ્રમાણમા અસરકર્તા છે. તેઓમાંના ઘણા હજુ કેમ યોજના લાભોથી વંચિત રહેવા પામ્યા છે ? તેઓ ખરેખર વંચિતો છે ? ખરેખર ચિત્ર શું છે ? તે જાણવુ જરૂરી બનેલુ છે. યોજનાઓમાં છેવાડાના વ્યક્તિની કેવીક પરિસથિતિ છે. કંઈ ખૂટતી કડીઓને કારણે યોજનાકીય લાભો છેવાડાના વ્યક્તિ સુધી પહોંચી શક્યા નથી. ખરેખર વંચિતો માટે કોણ જવાબદાર છે ? એ જાણી ત્રુટિઓ માટે શું કરી શકાય. એ સર્વે બાબતોને ખ્યાલમાં રાખીને 'વિકાસ યોજનાઓમાં છેવાડાની વ્યક્તિ' વંચિતોની સ્થિતિ જાણવાના અને તેના માટે શું શું કરવુ એ હેતુસર આ અભ્યાસ કરાયો છે.

વિકાસની પ્રક્રિયા સતત ચાલુ રહે તો જ અણવિકસીત વિસ્તારો અને તેમાં વસતા આદિ. કુટુંબોનો (સામાજિક, આર્થિક કે તેના બીજા પાસાઓનો) વિકાસ શક્ય બને. આ હકીકત લક્ષમાં રાખી તેવા

વિસ્તારો અને તેમાં વસેલા કુટુંબો કે જેઓ સમગ્ર પ્રાયોજના વિસ્તારના માળખામાં અને તેની નજીકમાં છેક પૂર્વ વિસ્તારના ડુંગરાળ, જંગલો, ખીણોથી ભરેલા ઉંડાણના વિસ્તારોમાં હોઈ કે જેઓને વિકાસના લાભો મળ્યા નથી કે લઈ શક્યા નથી અથવા એવા બીજા કારણોસર તેનાથી વંચિત છે. બીજા એવા કેટલાક કે જેઓ નાના શહેરી વિસ્તારો કે મોટા શહેરોમાં યોજાકીય માળખાંથી બહાર છે. તેઓ પણ કોઈ જુદા જ કારણોસર વિકાસ કાર્યક્રમોથી વંચિત હોય. કેટલાક નાના આદિવાસી સમૂદાયો તેવો જાગૃતિના અભાવે વિકાસથી સહાયોથી વંચિત હોય તેવા વિસ્તારોના કુટુંબોને ધ્યાનમાં રાખીને અભ્યાસ કરાયો છે. આમ સમગ્ર રીતે આવા વંચિતોનો તેમની પરિસ્થિતિ જાણવાના હેતુસર અભ્યાસ કરીને મૂક્યો છે.

આદિવાસી વિસ્તારોમાં અનેકવિધ રીતોથી સંશોધન અભ્યાસો ઘણા બધા કરે છે. સરકારશ્રી દ્વારા વર્ષો પર્યતથી તેમના વિકાસ માટેની યોજનાઓ અંતગર્ત વિશાળ ફલક ઉપર ઘડીને, તેના અમલીકરણના પ્રયાસો કરાય છે. પરંતુ યોજનાઓ કરાયા પછી તેની રચનાને અનુસંધાને આયોજનમાં રખાયેલા હેતુ-ઉદેશ્યો, તેની કાર્યપ્રણાલી વગેરે દ્વારા ખરેખર શું તેના હેતુઓ-ઉદેશ્યો સિધ્ધ થાય છે, કેટલે અંશે તે સફળ છે તેનાથી કોઈ વિપરિત અસરો થઈ છે, તેમાં કંઈ જાતના વંચિત સમૂદાયો, વિસ્તારો વગેરેની શું પ્રતિક્રિયા છે તે વંચિતો વિશેની ખરેખર વાસ્તવિક પરિસ્થિતિ શી છે ?

અભ્યાસનું મહત્ત્વ :

આદિવાસી વિકાસ સતત ચાલુ રહેતી સળંગ પ્રક્રિયા છે. તેમાં માનવીય, સામાજિક અને આર્થિક પાસાનો સમાવેશ થતો હોવાથી તેની સફળતા, વિફળતા અંગે જાણવું જોઈએ. જેથી આગળ ઉપરની વધુ સારી સફળતાઓ અંગે વધુ વિકાસ માટેની યોજનાઓ અમલી બનાવવા માટે રસ્તાઓ શોધી પ્રયત્ન કરી શકાય. વિફળતા અંગે તેની ખામીઓ જાણી તેમાં સુધારા કરી, જો પગદંડી ચૂક્યા હશે તો સીધા અવરોધતા પરિબળને છોડી વિકાસના સહાયક પરિબળને અમલી બનાવી શકાશે.

સમગ્ર રાષ્ટ્ર અને રાજયના વિકાસમાં આદિવાસી વિકાસ મહત્ત્વનો ભાગ ભજવે છે. કારણ કે દેશની વસતીમાં આઠ ટકા અને રાજયમાં પંદર ટકા આદિવાસીઓ છે. તેમની અવગણ કરાય તો વિકાસની પ્રક્રિયા મંદ પડે, જેથી તેમને નજરઅંદાજે કરાય નહીં. તેમને સાથે રાખીને જ વિકાસની પ્રક્રિયા સંભવ છે. જો એ કોરાણે મૂકાયા અને વંચિત રહ્યા તો વિકાસની વાતો માત્ર કાગળ ઉપર જ રહી જવાની એ એક નગ્ન સત્ય છે. એટલે કે જ તો એ જે વિસ્તારો, ગામો અને તેમાં વસતા કુટુંબો કે વસ્તી સમૂદાયો તેમની પોતાની કેટલીક વિભન્ન સમસ્યાઓને લઈને કે પછી ઉંડાણના જંગલ, ડુંગરાળ વસવાટને કારણે અથવા તો અમલીકરણની રીતભાતને લઈને જે વંચિતતાની પરિસ્થિતિમાં છે. તે જાણી તે અંગેના પ્રશ્નો સમજી તેને દૂર કરવાનું વિચારી શકાય અને ભવિષ્યમાં યોજનાઓના અમલીકરણમાં સુધારા વધારા સૂચવી શકાય.

આ સમગ્ર અભ્યાસ સમય માગી લે તેમ તો છે જ પરંતુ સાથે સાથે ગુજરાત રાજયની પૂર્વની આદિવાસી પટ્ટીનો વિશાળ ફલક ધરાવતો વિસ્તાર હોઈ. સમગ્ર વિસ્તારો, જાતિ સમૂદાયો અને વિભિન્ન આર્થિક , સામાજિક પરિસ્થિતિ ધરાવતા આદિ. કુટુંબોને ધ્યાનમાં લઈને તેમની વંચિતતાની આખીય

પરિસ્થિતિ તેમની સમસ્યાઓને લઈને ઉભી થયેલી હોઈ, તેવુ રજૂ કરવાનું હોઈ અભ્યાસની મહત્તા સવિશેષ બને છે. કારણ કે તેનાથી બધા જ વિસ્તારો, સમૂદાયો કે કુટુંબોમાં ઉભી થયેલી આ પરિસ્થિતિનું સાચુકલુ ચિત્ર રજૂ થતાં આપો આપ જ તેમાંથી કંઈ નિપજશે અને તેને લઈને તેમના ભવિષ્ય, વર્તમાન અંગે જે કંઈ કરવું હશે, તેમાં નિશંકપણે વિચારી શકાશે.

પરંતુ કોઈ કોઈ જગ્યાએ અન્ય જાતિઓ સાથે સંપર્કમાં આવ્યા બાદ, વાહનવ્યવહારના સાધનો વધ્યા બાદ અને વિકાસાત્મક પ્રવૃત્તિના ફળ નજીકના ગામે પહોંચ્યા તેમાંથી જાગ્રતિ આવી અને દેશના મુખ્ય પ્રવાહ સાથે જોડાવા થનગનવા માંડ્યા. પરંતુ હજી તેઓ સંપૂર્ણપણે ભળી શક્યા નથી. કારણકે રાજયના અન્ય જનસમૂદાયથી આદિવાસી જૂથો ભૌગોલિક રીતે જુદા રહેતાં હોઈ, ભૌગોલિક અળગાપણું અનુભવતાં હોય છે. તેમજ તેઓ પોતાનાં શ્રમ સહેલાઈથી વેચવા તૈયાર હોતા નથી. તેમનો સમાજ ઓછામાં ઓછા વિકાસી પાયા ઉપર આધારિત હોય છે. આ સમાજના સભ્યોને રૂઢિ-પ્રણાલિકા પ્રિય હોઈ તેમનામાં પરિવર્તનની ઓછી ઈચ્છા હોય છે. તેથી જ તો તેવો મૂળ રીતરિવાજો અને કાર્ય પ્રણાલીઓને વળગી રહે છે. આદિવાસીઓને પોતાની સમાજવ્યવસ્થા માટે અલગ પરંપરાગત કાયદાઓ હોય છે. આ સમાજો બીજા સમાજો સાથે સંપૂર્ણ ભળી ન શક્યા તે લઈને, તેમનામાં માનસિક તનાવ પેદા થાય તેવી પરિસ્થિતિ ઉભી થઈ, થતી રહે છે. આથી જ તો તેઓનો આર્થિક વિકાસ કરવા માટે એ જયાં હોય તે વિસ્તારનો વિકાસ કરવાનું વિચારાયું. તે સંદર્ભે જંગલમાં રહેતા આદિવાસીઓને તેમાંથી લાભ થાય અને જંગલનો પણ વિકાસ થાય, તો તેઓનો વિકાસ શક્ય બને. તેમાંના કેટલાક કામો તેમનામાં ઉભા કરી (કોલસા, લોખંડ, ખાણઉદ્યોગ) જંગલ્ના કામો વગેરે કરાયા. જેથી આદિવાસીઓને મુખ્ય પ્રવાહની આર્થિક પ્રવૃત્તિઓમાં કામ મળવા લાગ્યું. આમ તેમની પોતાની ઓળખ કાયમ રાખી, સંસ્કૃતિ જીવંત રાખી આદિવાસીઓ કામ કરવા લાગ્યા. જે આમ પ્રજાએ તેમને સ્વીકાર્યો. આ રીતે આદિવાસી વિકાસના કાર્યક્રમોમાં સંકલિત વિકાસનો અભિગમ રાખવામાં આવ્યો. તદ્ઉપરાંત તેમને બંધારણીય આરક્ષણો પણ આદિવાસીઓની રીતે આપવામાં આવ્યા. આમ બંધારણીય કલમો હેઠળ તેમના હક્કો જળવાઈ રહે, તેમ કરી પણ સવલતો પૂરી પાડી છે અને ૩૫૦ જેટલી યોજનાઓ છે. તેનો અમલ થઈ રહ્યો છે.

આયોજન પછી સામાજિક, આર્થિક ક્ષેત્રે પરિવર્તન લાવવાના કટિબધ્ધ પ્રયાસો શરૂ થયા હતા. આ પરિવર્તનમાંથી આદિવાસી સમાજ પણ અલિપ્ત રહી શકે નહીં. આદિવાસી સમાજના સામાજિક અને આર્થિક પરિવર્તનની પ્રક્રિયામાં પણ કેટલાક વિસ્તારોમાં જબરજસ્ત ફેરફારો થયા અને થતા રહ્યા છે. જયારે કેટલાકમાં મંદ ગતિએ ફેરફારો થયા અને થઈ રહ્યા છે. આદિવાસીઓને અપાયેલા બંધારણીય હક્કોને કારણે રાજકીય પ્રક્રિયામાં ફેરફારો તેમજ આદિવાસીઓના સામાજિક, આર્થિક, શૈક્ષણિક ઉત્કર્ષ માટેના રાજય તેમજ કેન્દ્ર સરકારના પગલાંને અનેકવિધ પરિવર્તનો નોંધાયા છે. જયાં જાગૃતિ છે ત્યાં અને યોજનાઓ પહોંચી ત્યાં હકારાત્મક અસરો થઈ છે. જયાં હજુ જાગૃતિ નથી અને યોજનાઓથી વંચિત છે, ત્યાં હજુ ચિત્ર વિકાસનું જોવા મળતું નથી. આ સંદર્ભ સરકારી યોજનાઓ સાથે સુસંગત રહી વિસ્તારો, આદિવાસી સમૂદાયો કે કુટુંબોને તેમની વંચિત દશાની સમસ્યાઓ શોધી, ઉપાયો શોધવા જોઈએ. આમ આ વિષયનું

મહત્ત્વ ધ્યાનમાં લઈને, તેમની અંદર વિકાસાત્મક આયોજનોના પગલાઓ બાદ આદિવાસીઓ ઉપર થયેલી અસરો, વિકાસના કાર્યોનો અંદાજ, વંચિત વિસ્તારો, કુટુંબોના પ્રશ્નો, તેમની સામૂહિક સમસ્યાઓ કેવીક છે. શાથી હજુ એ રહેવા પામી છે, તેનું નિરાકરણ શું હોઈ શકે ? એ સમગ્ર બાબતોને ખ્યાલમાં રાખીને ''વિકાસ યોજનાઓમાં છેવાડાની વ્યક્તિ-વંચિતો'' નો સંશોધન અભ્યાસ કર્યો છે.

અભ્યાસનો વિષય અને હેતુઓ ઉપરાંત તેના કરવા પાછળ કેટલાક મહત્ત્વના ઉદેશ્યો પણ છે. જેમ કે,

(૧) સૌથી પહેલાં પ્રાયોજના માળખામાં હોવા છતાં વિકાસ યોજનાઓથી કેમ લાભો લઈ શક્યા નથી કે રહી જવા પામ્યા છે. તેઓની આ વંચિતતાની સ્થિતિ જાણવાની અને તેમાં ખૂટતી કડીઓ મેળવવી સૌથી મહત્ત્વનું પાસુ છે.

(૨) યોજનાઓથી વંચિતો રહેવાથી તેઓ પરંપરાગત અને ગરીબીરેખા હેઠળ જીવન ગુજારે છે કે બીજી એવી શું પરિસ્થિતિ છે કે તેનો વિકાસ હજુ શક્ય બન્યો નથી. તે જાણીને બંને માટે શું હવે પછી પગલાં લેવા તેનો ખ્યાલ આવશે.

(૩) વિકસીતો અને વંચિત- છેવાડાની સ્થિતિનો ખ્યાલ મેળવાશે જેથી વિકાસની ગતિમાં પ્રાણ લાવવાના પગલાં ઘડાય તેવા પ્રયત્નો થાય તો આવા અભ્યાસનું મહત્ત્વ, બીજાઓ માટે માર્ગદર્શક રૂપ બનશે.

(૪) યોજનાઓની અમલીકરણમાં પડતી મુશ્કેલીઓ, ખામીઓ જણાતી હોય તો ખરેખર શું છે, તે જાણવું જેથી આગળ ઉપરનો માર્ગ કરાય, જેથી યોજનાઓની નિષ્ફળતા કે વંચિતોને નડતા પ્રશ્નોનું નિરાકરણ કદાચ શક્ય બનશે.

(૫) વંચિતોના છેવાડાના વ્યક્તિના વિકાસની આડે આવતા પરિબળો જાણી શકાશે. જેથી વિકાસની ગતિ વધારવામાં એક માર્ગ મોકળો થશે અને દિશા સૂચન મળશે.

(૬) યોજનાઓના વિકસીત અને છેવાડાના વંચિતોનો અને પરિવર્તનનો ખ્યાલ આવશે. જેથી વંચિતો માટે હવે શું કરી શકાશે. કેવી રીતે અમલીકરણ કરાય, તેનો ખ્યાલ તે અભ્યાસ કુટુંબોમાંથી સૂચનો દ્વારા મેળવાશે. જેથી એવા બીજા કુટુંબોને પડતી અમલીકરણની મુશ્કેલીઓથી કદાચ તેઓ છૂટશે.

(૭) છેવાડાના વિસ્તાર-વ્યક્તિઓના આવા અભ્યાસથી તેમને તો ફાયદો કદાચ થશે. પરંતુ યોજના અમલીકરણમાં પણ શક્ય છે કે પડતી મુશ્કેલીઓ કે અડચણો હળવી થશે જેથી વંચિતો અને અમલીકરણ કરનારાઓની જે ટીકાઓ થાય છે. તેમાં કદાચ અભિપ્રાયોમાં ખાસ્સો એવો બદલાવ દેખાશે.

(૮) અભ્યાસમાં આવરેલા વિસ્તારોનો, કુટુંબોની પરિસ્થિતિનો ખ્યાલ આવશે. તેઓના જીવનધોરણોનોખ્યાલ મેળવતાં, તેઓની આર્થિક પરિસ્થિતિ, વ્યવસાયો, તેઓમાં જોવા મળતા દેવાદારોની સ્થિતિનો પણ અંદાજ આવશે. તેની પાછળના કારણો જાણવાથી કદાચ તેના કોઈ ઉકેલો તેમના દ્વારા અને કદાચ આપણને જે સૂઝે તે દ્વારા યથા યોગ્ય ઉકેલો સૂચવાશે.

વિસ્તાર અને કુટુંબ પસંદગી :

રાજયમાં પૂર્વનાં સમગ્ર આદિવાસી વિસ્તાર જયાં સવિશેષ આદિવાસી સમૂદાયો વસે છે.જેમાંના ઘણા વિસ્તારો જયાં યોજનાઓ ઊંડાણ સુધી પહોંચવામાં હજુ જોઈએ તેવો વિકાસ કે પરિવર્તન લાવી શકી નથી. ઉપરાંત યોજનાકીય માળખામાં અને તેની બહાર પણ જયાં કેટલાક આદિવાસી સમૂહો વસે છે. કેટલાક શહેરી કે અર્ધશહેરી વિસ્તારો, જયાં યોજનાઓના એકબીજા કારણોસર લાભો પ્રાપ્ય કરાયા કે લઈ શક્યા નથી. તેવા સર્વ વિસ્તારો સમૂહોને ખ્યાલમાં રાખીને અભ્યાસ સંદર્ભે કેટલાક વિસ્તારો અને તેમાં વસતા જુદી જુદી જાતિઓના સમૂહોને ખ્યાલમાં રાખીને કેટલાક કુટુંબોને લઈને છેવાડાના વંચિતોની પરિસ્થિતિ મૂકી છે. જેમાં આવરેલા જિલ્લાઓ, તાલુકાઓ અને તેના ગામો જોઈએ તો નર્મદા જિલ્લામાંથી નાંદોદ તાલુકાના પોઈચા, ડેડીયાપાડા તાલુકાના કોલીવાડા ગામોનો સમાવેશ કરાયો હતો. એ રીતે ભરૂચ જિલ્લામાંથી જંબુસર તાલુકાના મગણાદ, આમોદ તાલુકાના તણછા એમ બે ગામોને આવરી લેવામાં આવ્યા હતા. બનાસકાંઠા જિલ્લામાંથી દાંતા તાલુકાના બેગડીઆ વાસ અને પીપળાવાળી વાવ ગામોનો સમાવેશ કરાયો હતો. એ રીતે વલસાડ જિલ્લાના કપરાડા તાલુકાનું ગિરનારા અને ધરમપુર તાલુકાનું પીંડવળ ગામોને આવરી લેવામાં આવ્યા હતા.

સંશોધન પ્રવિધિઓ :

વિષય અભ્યાસના સંદર્ભે આનુસાંગિક માહિતીને એકત્ર કરવા માટે નક્કી કરીને, આવરેલા કુટુંબો માટે માર્ગદર્શિકામાં તેમની વિગતો એકત્રિત કરાઈ હતી. જેમાં મહદ્‌અંશે વંચિત રહેવા સંદર્ભી વિગતો મેળવાઈ હતી. તેમાં ખાસ કરીને ગુણાત્મક પાસાઓને જ મહત્ત્વ આપવામાં આવ્યું હતું.

તેઓની આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક અને અન્ય જરૂરી વિગતોની માહિતી માટે જુદા જુદા પ્રવિધિઓનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. જેમાં નિરીક્ષણ પ્રવિધિથી કેટલીક માહિતી એકત્રિત કરાઈ હતી. તો કેટલીક માહિતી વ્યક્તિગત મુલાકાત લઈ મુલાકાત પ્રવિધિથી એકત્રી કરી હતી.

તેમની પ્રાથમિક માહિતી માટે ક્ષેત્રકાર્ય અને દ્વેતિયક માહિતી માટે ગ્રંથાલયનો ઉપયોગ કરાયો હતો. આંકડાકીય માહિતી માટે અને ગામની વિગતો માટે સેન્સસનો ઉપયોગ પણ કરાયો હતો.

તેઓની સમસ્યાઓ, પ્રશ્નો, વંચિતતાની પરિસ્થિતિ તેના ઉપાયો અને વિકાસના તેના સંદર્ભ સૂચનોની વિગતો સ્થાનિક કુટુંબો, સમાજના આગેવાનો, શિક્ષિતો પાસેથી મેળવી હતી. એ સિવાય અધિકારી ગણ અને મારા ક્ષેત્રકાર્યના અનુભવને આધારે પણ જે જોયેલી, જાણેલી અહીં જરૂરિયાતો અને કેટલાક ઉપાયો મૂકવાના પ્રયત્નો કર્યા છે.

પ્રકરણ-૩

ભૌગોલિક તેમજ આંકડાકીય દ્રષ્ટ્રિએ રાજયમાં આદિવાસી વિસ્તારો અને વસતિ

૨૦૦૧ની વસતિ ગણતરી મુજબ ગુજરાત રાજયની કુલ વસતિ ૫૦૬.૭૧ લાખની થાય છે. તે પૈકી આદિવાસીની વસતિ ૭૪.૮૧ લાખ છે. તે રાજયની કુલ વસતિના ૧૪.૭૬ ટકા છે. ગુજરાતમાં આદિવાસીઓની વસતિ આગળ ઉપર બતાવ્યું તેમ રાજયના ખૂબ જ પછાત એવા પૂર્વપટ્ટીના વિસ્તારોમાં મુખ્યત્વે અગિયાર જિલ્લાના ૪૩ જેટલા તાલુકાઓમાં ૫૦ ટકાથી વધુની સંખ્યામાં પથરાઈને વસેલી છે. આ પથરાયેલી વસતિના રહેઠાણ અને વિસ્તારો અને વસ્તીના આંકડાની રીતે જોઈએ તો નીચે મુજબ કુલ વસતી સામે તેઓ છે.

કોઠા નં.૩.૧ (ચાલુ)

ગુજરાતની જિલ્લાવાર અનુસૂચિત જનજાતિની વસ્તી ૨૦૦૧

ક્રમ	જિલ્લાનું નામ	કુલ			અનુસૂચિત જનજાતિ		
		કુલ	પુરૂષ	સ્ત્રી	કુલ	પુરૂષ	સ્ત્રી
	ગુજરાત	૫૦૬૭૧૦૧૭	૨૬૩૮૫૫૭૭	૨૪૨૮૫૪૪૦	૭૪૮૧૧૬૦	૩૭૯૦૧૧૭	૩૬૯૧૦૪૩
૧.	કચ્છ	૧૫૮૩૨૨૫	૮૧૫૧૫૨	૭૬૮૦૭૩	૧૩૦૧૩૮	૬૭૮૬૮	૬૨૨૭૦
૨	બનાસકાંઠા	૨૫૦૪૨૪૪	૧૨૯૭૪૦૪	૧૨૦૬૮૪૦	૨૦૫૯૦૪	૧૦૫૮૧૮	૧૦૦૦૮૬
૩.	પાટણ	૧૧૮૨૭૦૯	૬૧૨૧૦૦	૫૭૦૬૦૯	૧૨૬૩૭	૬૭૨૨	૫૯૧૫
૪.	મહેસાણા	૧૮૩૭૮૯૨	૯૫૩૮૪૨	૮૮૪૦૫૦	૮૯૭૫	૪૮૮૪	૪૦૯૧
૫.	સાબરકાંઠા	૨૦૮૨૫૩૧	૧૦૬૯૫૫૪	૧૦૧૨૯૭૭	૪૨૦૨૪૨	૨૧૦૮૬૦	૨૦૯૩૮૨
૬.	ગાંધીનગર	૧૩૩૪૪૫૫	૬૯૭૯૯૯	૬૩૬૪૫૬	૧૭૬૮૧	૯૫૭૫	૮૧૦૬
૭.	અમદાવાદ	૫૮૧૬૫૧૯	૩૦૭૪૫૫૬	૨૭૪૧૯૬૩	૫૮૦૩૫	૩૦૮૧૯	૨૭૨૧૬
૮.	સુરેન્દ્રનગર	૧૫૧૫૧૪૮	૭૮૭૬૫૦	૭૨૭૪૯૮	૧૪૩૩૮	૭૪૫૦	૬૮૮૮
૯.	રાજકોટ	૩૧૬૯૮૮૧	૧૬૪૨૦૧૮	૧૫૨૭૮૬૩	૧૩૧૬૩	૭૦૩૪	૬૧૨૯
૧૦.	જામનગર	૧૯૦૪૨૭૮	૯૮૧૩૨૦	૯૨૨૯૫૮	૧૦૪૫૯	૫૫૨૩	૪૯૩૬
૧૧.	પોરબંદર	૫૩૬૮૩૫	૨૭૫૮૨૧	૨૬૧૦૧૪	૬૪૫૬	૩૩૮૦	૩૦૭૬
૧૨.	જૂનાગઢ	૨૪૪૮૧૭૩	૧૨૫૨૩૫૦	૧૧૯૫૮૨૩	૧૮૮૩૨	૯૭૬૬	૯૦૬૬


કોઠા નં.૩.૧ (ચાલુ)

ગુજરાતની જિલ્લાવાર અનુસૂચિત જનજાતિની વસ્તી ૨૦૦૧

ક્રમ	જિલ્લાનું નામ	કુલ			અનુસૂચિત જનજાતિ		
		કુલ	પુરૂષ	સ્ત્રી	કુલ	પુરૂષ	સ્ત્રી
૧૩.	અમરેલી	૧૩૯૩૯૧૮	૭૦૧૫૯૩	૬૯૨૩૨૫	૩૨૫૬	૧૭૪૬	૧૫૧૦
૧૪.	ભાવનગર	૨૪૬૯૬૩૦	૧૨૭૪૯૨૦	૧૧૯૪૭૧૦	૭૨૯૮	૩૯૦૯	૩૩૮૯
૧૫.	આણંદ	૧૮૫૬૮૭૨	૯૭૨૦૦૦	૮૮૪૮૭૨	૨૨૮૩૫	૧૨૦૧૯	૧૦૮૧૬
૧૬.	ખેડા	૨૦૨૪૨૧૬	૧૦૫૨૮૨૩	૯૭૧૩૯૩	૩૨૩૯૪	૧૬૯૪૨	૧૫૪૫૨
૧૭.	પંચમહાલ	૨૦૨૫૨૭૭	૧૦૪૪૯૩૭	૯૮૦૩૪૦	૫૫૬૦૦૦	૨૮૪૩૩૪	૨૭૧૬૬૬
૧૮.	દાહોદ	૧૬૩૬૪૩૩	૮૨૪૨૦૮	૮૧૨૨૨૫	૧૧૮૨૫૦૯	૫૯૩૭૬૬	૫૮૮૭૪૩
૧૯.	વડોદરા	૩૬૪૧૮૦૨	૧૮૯૭૩૬૮	૧૭૪૪૪૩૪	૯૬૭૩૯૩	૪૯૬૦૫૮	૪૭૧૩૩૫
૨૦.	નર્મદા	૫૧૪૪૦૪	૨૬૩૯૮૬	૨૫૦૪૧૮	૪૦૧૬૫૪	૨૦૪૩૪૪	૧૯૭૩૧૦
૨૧.	ભરૂચ	૧૩૭૦૬૫૬	૭૧૩૬૭૬	૬૫૬૯૮૦	૪૪૪૦૪૩	૨૨૮૦૧૭	૨૧૬૦૨૬
૨૨.	સુરત	૪૯૯૫૧૭૪	૨૭૨૨૫૩૯	૨૨૭૨૬૩૫	૧૪૦૮૨૭૦	૭૦૮૦૨૨	૭૦૦૨૪૮
૨૩.	નવસારી	૧૨૨૯૪૬૩	૬૨૮૯૮૮	૬૦૦૪૭૫	૫૯૧૧૬૪	૨૯૭૧૦૩	૨૯૪૦૬૧
૨૪.	વલસાડ	૧૪૧૦૫૫૩	૭૩૪૭૯૯	૬૭૫૭૫૪	૭૭૨૪૦૫	૩૮૬૩૯૫	૩૮૬૦૧૦
૨૫.	ડાંગ	૧૮૬૭૨૯	૯૩૯૭૪	૯૨૭૫૫	૧૭૫૦૭૯	૮૭૭૬૩	૮૭૩૧૬

પ્રાપ્તિ સ્થાન : સેન્સસ ઓફ ઈન્ડિયા, ૨૦૦૧

SCHEDULED TRIBE POPULATION -2001



કોઠા નં.૩.૨

આદિવાસી તાલુકાઓની વસ્તી (૨૦૦૧)

ક્રમ	આદિવાસી તાલુકા જિલ્લા	કુલ વસ્તી	આદિવાસી વસ્તી	કુલ વસ્તીમાં આદિવાસી વસ્તીના ટકા
૧.	દાંતા	૧૭૩૩૬૬	૯૧૪૬૮	૫૨.૭૬
૨.	અમીરગઢ	૧૦૧૧૩૩	૫૩૮૦૮	૫૩.૨૧
(૧)	**બનાસકાંઠા**	**૨૫૦૪૨૪૪**	**૨૦૫૯૦૪**	૮.૨૨
૩.	ખેડબ્રહ્મા	૨૨૩૫૦૨	૧૫૩૭૦૪	૬૮.૭૭
૪.	વિજયનગર	૯૦૭૬૬	૬૮૫૪૫	૭૫.૫૨
૫.	ભિલોડા	૨૦૬૧૬૮	૧૧૪૦૦૭	૫૫.૩૦
૬.	મેઘરજ	૧૪૧૮૫૩	૫૧૬૧૨	૩૬.૩૮
(૨)	**સાબરકાંઠા**	**૨૦૮૨૫૩૧**	**૪૨૦૨૪૨**	૨૦.૧૮
૭.	સંતરામપુર	૨૧૯૦૪૧	૧૫૭૮૫૨	૭૨.૦૭
૮.	કડાણા	૧૧૦૩૮૯	૮૦૮૧૦	૭૩.૨૦
૯.	ઘોઘંબા	૧૭૯૬૫૯	૭૨૧૨૩	૪૦.૧૪
(૩)	**પંચમહાલ**	**૨૦૨૫૨૭૭**	**૫૫૬૦૦૦**	૨૭.૪૫
૧૦.	દાહોદ	૩૬૮૪૮૪	૨૭૩૪૬૯	૭૪.૨૧
૧૧.	ગરબાડા	.૧૪૨૪૪૮	૧૩૪૩૭૮	૯૪.૩૩
૧૨.	ઝાલોદ	૩૬૦૫૫૩	૩૧૯૪૪૩	૮૮.૬૦
૧૩.	ફતેપુરા	૧૮૫૪૧૯	૧૭૦૯૮૨	૯૨.૨૧
૧૪.	લીમખેડા	૨૩૯૩૫૭	૧૪૬૭૬૪	૬૧.૩૨
૧૫.	ધાનપુર	૧૩૧૯૭૪	૮૯૨૮૮	૬૭.૬૬
૧૬.	દેવગઢબારીયા	૨૦૮૧૯૮	૪૮૧૮૫	૨૩.૧૪
(૪)	**દાહોદ**	**૧૬૩૬૪૩૩**	**૧૧૮૨૫૦૯**	૭૨.૨૬
૧૭.	છોટાઉદેપુર	૨૦૨૬૯૭	૧૭૫૪૮૦	૮૬.૫૭
૧૮.	નસવાડી	૧૨૪૮૨૮	૧૦૭૫૪૭	૮૬.૧૬
૧૯.	ક્વાંટ	૧૭૦૫૨૪	૧૫૭૭૩૮	૯૨.૫૦
૨૦.	પાવીજેતપુર	૨૨૫૮૯૪	૧૭૫૧૮૩	૭૭.૫૫
(૫)	**વડોદરા**	**૩૬૪૧૮૦૨**	**૯૬૭૩૯૩**	૨૬.૫૬
૨૧.	ઝઘડીયા	૧૭૨૫૫૩	૧૧૫૪૫૮	૬૬.૯૧

૨૨.	વાલીયા	૧૩૦૫૮૭	૯૬૧૭૯	૭૩.૬૫
(૬)	**ભરૂચ**	**૧૩૭૦૬૫૬**	**૪૪૪૦૪૩**	**૩૨.૪૦**
૨૪.	તિલકવાડા	૫૬૦૫૯	૨૯૬૭૮	૫૨.૯૪
૨૫.	નાંદોદ	૨૩૧૧૩૮	૧૫૯૪૪૩	૬૮.૯૮
૨૬.	ડેડીયાપાડા	૧૪૩૫૭૪	૧૩૭૫૫૩	૯૫.૮૧
૨૭.	સાગબારા	૮૩૬૩૩	૭૪૯૮૦	૮૯.૬૫
(૭)	**નર્મદા**	**૫૧૪૪૦૪**	**૪૦૧૬૫૪**	**૭૮.૦૮**
૨૮.	માંડવી	૧૮૫૯૧૧	૧૪૦૮૦૦	૭૫.૭૪
૨૯.	માંગરોલ	૧૭૧૫૨૪	૯૦૩૭૦	૫૨.૬૯
૩૦.	બારડોલી	૨૧૦૭૮૯	૯૯૨૧૩	૪૭.૦૭
૩૧.	મહુવા	૧૪૨૪૩૪	૧૧૨૬૫૫	૭૯.૦૯
૩૨.	ઉમરપાડા	૬૮૨૮૮	૬૫૮૬૭	૯૬.૪૫
૩૩.	સોનગઢ	૨૦૪૨૭૦	૧૭૦૪૬૪	૮૩.૪૫
૩૪.	ઉચ્છલ	૭૩૦૪૨	૭૧૦૮૪	૯૭.૩૨
૩૫.	નિઝર	૧૦૫૩૮૫	૮૩૮૪૩	૭૯.૫૬
૩૬.	વ્યારા	૨૪૯૮૧૦	૨૧૧૬૧૧	૮૪.૭૧
૩૭.	વાલોડ	૮૭૧૨૭	૬૪૧૧૨	૭૩.૫૮
(૮)	**સુરત**	**૪૯૯૫૧૭૪**	**૧૪૦૮૨૭૦**	**૨૮.૧૯**
૩૮.	ચીખલી	૨૯૩૦૧૪	૨૦૫૨૭૫	૭૦.૦૬
૩૯	વાંસદા	૨૦૧૨૮૮	૧૮૧૭૮૫	૯૦.૩૧
(૯)	**નવસારી**	**૧૨૨૯૪૬૩**	**૫૯૧૧૬૪**	**૪૮.૦૮**
૪૦.	પારડી	૪૦૫૯૦૨	૧૫૮૭૮૬	૩૯.૧૨
૪૧.	ઉમરગામ	૨૩૬૨૪૭	૧૧૫૩૯૨	૪૮.૮૪
૪૨.	ધરમપુર	૧૮૦૩૮૬	૧૬૫૬૬૨	૯૧.૮૪
૪૩.	કપરાળા	૨૦૨૮૬૨	૧૮૯૯૩૯	૯૩.૬૩
(૧૦)	**વલસાડ**	**૧૪૧૦૫૫૩**	**૭૭૨૪૦૫**	**૫૪.૭૬**
૪૪.	આહવા-ડાંગ	૧૮૬૭૨૯	૧૭૫૦૭૯	૯૩.૭૬
(૧૧)	ગુજરાત	૨૧૩૩૪૪૦૫	૭૦૫૪૭૯૪	૩૩.૪૦

પ્રાપ્તિ સ્થાન : સેન્સસ ઓફ ઈન્ડિયા, ૨૦૦૧

૨૦૦૧ની વસ્તી ગણતરી પ્રમાણે અનુસૂચિત જનજાતિવાર આંકડા જોઈએ તો કુલ અનુસૂચિત જનજાતિમાંથી સૌથી વધારે પ્રમાણ એટલે કે ૪૬.૦૧% આદિવાસીઓ તો ભીલ અથવા ભીલની પેટા જનજાતિઓ છે. બીજા ક્રમે હળપતિઓ ૭.૯૮% , ત્રીજા ક્રમે ધોડિયા ૭.૮૭% છે. કોઠામાં દરેક જનજાતિનું પ્રમાણ બતાવ્યું છે. આમાં કચ્છમાંથી ત્રણ જનજાતિઓ હતી, તેનો પણ સમાવેશ થયેલ છે. ૨૦૦૩માં કચ્છની ત્રણેય જનજાતિઓને અનુસૂચિત જનજાતિની યાદીમાંથી બાકાત કરી છે.

કોઠા નં.૩.૩

ગુજરાતની અનુસૂચિત જનજાતિનું પ્રમાણ (૨૦૦૧)

ક્રમ	જનજાતિનું નામ	વસ્તી	કુલ આદિવાસીમાં જનજાતિનું પ્રમાણ ટકામાં
	ગુજરાત	૭૪૮૧૧૬૦	૧૦૦.૦૦
૧.	બરડા	૭૭૫	૦.૦૧
૨.	બાવચા, બામચા	૪૧૨૫	૦.૦૫
૩.	ભરવાડ	૧૬૧૯	૦.૦૨
૪.	ભીલ, ગરાસિયા, ઢોલીભીલ	૩૪૪૧૯૪૫	૪૬.૦૧
૫.	ચારણ	૨૪૮૧	૦.૦૩
૬.	ચૌધરી-ચૌધરા (૨૯૪૪૩)	૨૫૯૭૩૫	૩.૮૬
૭.	ધાનકા-તડવી, વળવી, તેતરિયા	૨૫૨૬૩૭	૩.૩૮
૮.	ઢોડિયા	૫૮૯૧૦૮	૭.૮૭
૯.	હળપતિ, તલાવિયા	૫૯૬૮૬૫	૭.૯૮
૧૦.	ગામીત, ગામટા, ગાવીત-માવચી	૩૫૪૩૬૨	૪.૭૪
૧૧.	ગોંડ-રાજગોંડ	૨૧૫૨	૦.૦૩
૧૨.	કાથોડી-કાતકરી	૫૮૨૦	૦.૦૮
૧૩.	કોકના, કોકની, કુકના	૩૨૯૪૯૬	૪.૪૦
૧૪.	કોળી (કચ્છ)	૯૫૬૫૫	૧.૨૮
૧૫.	કોલઘા, કોલીઢોર, ટોકરેકોળી	૪૮૪૧૯	૦.૬૫
૧૬.	કુનબી (ડાંગ)	૪૩૨૯૨	૦.૫૮
૧૭.	નાયક-નાયકડા	૩૯૩૦૨૪	૫.૨૫
૧૮.	પઢાર	૨૨૪૨૧	૦.૩૦
૧૯.	પારધી (કચ્છ)	૭૧૮૯	૦.૧૦
૨૦.	પારધી,ફનસે	૨૮૭૨	૦.૦૪
૨૧.	પટેલિયા	૧૦૨૫૧૦	૧.૩૭
૨૨.	પોમલા	૮૧૯	૦.૦૧

૨૩.	રબારી	૧૫૪૧૭	૦.૨૧
૨૪.	રાઠવા	૫૩૫૨૮૪	૭.૧૬
૨૫.	સીદી	૮૬૬૨	૦.૧૨
૨૬.	વાઘરી (કચ્છ)	૧૬૯૭૪	૦.૨૩
૨૭.	વારલી	૨૫૫૨૭૧	૩.૪૧
૨૮.	વીટોલિયા, કોટવાલિયા, બરોડીયા	૨૧૪૫૩	૦.૨૯
૨૯.	બિનવર્ગીકૃત	૪૧૩૩૫	૦.૫૪

પ્રાપ્તિ સ્થાન : સેન્સસ ઓફ ઈન્ડિયા, ૨૦૦૧

ગુજરાતની અનુસૂચિત જનજાતિવાર વસ્તી ૧૯૭૧ થી ૨૦૦૧ સુધી સારણીમાં બતાવી છે. ઉત્તરોત્તર દાયકાઓ દરમિયાન વસ્તીવૃધ્ધિ દર ઘટતો જાય છે. સમગ્ર ગુજરાતનો છેલ્લા દાયકાનો એટલે કે ૧૯૯૧ થી ૨૦૦૧નો વસ્તીવૃધ્ધિ દર ૨૨.૬૬% છે. તેની સામે અનુસૂચિત જનજાતિઓની વસ્તી સંદર્ભે જોઈએ તો ૨૧.૪૧% છે. એટલે કે સામાન્ય વસ્તીવૃધ્ધિ દર કરતાં આદિવાસીઓની વસ્તીવૃધ્ધિ દર ઓછો જોવા મળ્યો છે. જનજાતિ પ્રમાણે વૃધ્ધિદર જોઈએ તો બરડા, બાવચા, કોલઘા-કોલચા, કુનબી, પટેલીયા, પોમલા વગેરે જનજાતિઓમાં ૧૯૯૧ની વસ્તીની સરખામણીમાં ૨૦૦૧ની વસ્તી પ્રમાણે ઘટે છે. એટલે કે માઈનસ (બાદ) થાય છે. જયારે અમુક જનજાતિઓમાં ડબલ અથવા તેથી પણ વધારે વૃધ્ધિ દર જોવા મળે છે. જેમ કે નેસ વિસ્તારના ભરવાડ, ચારણ અને રબારીઓની વસ્તીમાં ૧૯૯૧ કરતાં ૨૦૦૧માં ડબલ અથવા તેથી પણ વધારે વૃધ્ધિદર જોવા મળે છે, જે કોઠામાં જનજાતિવાર આંકડા જોતાં સ્પષ્ટ થશે.

કોઠા નં.૩.૪

ગુજરાતની અનુસૂચિત જનજાતિવાર વસ્તી (૧૯૭૧ થી ૨૦૦૧)

ક્રમ	જનજાતિનું નામ	૧૯૭૧	૧૯૮૧	૧૯૯૧	૨૦૦૧	વસ્તી વૃધ્ધિ દર
૧.	બરડા	૫૩	૭૫૭	૧૯૮૪	૭૭૫	-૧૫૬.૦૦
૨.	બાવચા, બામચા	૨૩૪૫	૩૭૨૪	૫૧૬૪	૪૧૨૫	-૨૫.૧૯
૩.	ભરવાડ	૫૩૧	૫૧૯	૬૬૭	૧૬૧૯	૧૪૨.૭૩
૪.	ભીલ, ગરાસિયા, ઢોલીભીલ	૧૪૫૨૯૮૭	૨૦૩૦૪૩૮	૨૬૩૮૪૪૮	૩૪૪૧૯૪૫	૩૦.૪૫
૫.	ચારણ	૧૭૦૦	૧૪૨૬	૮૮૧	૨૪૮૧	૧૮૧.૬૧
૬.	ચૌધરી-ચૌધરા	૧૮૮૨૭૩	૨૨૫૩૬૧	૨૬૫૦૫૭	૨૮૯૧૭૮	૯.૧૦
૭.	ધાનકા-તડવી, વળવી, તેતરિયા	૧૩૮૫૮૫	૧૮૫૦૯૧	૨૨૮૬૬૬	૨૫૨૬૩૭	૧૦.૪૮
૮.	ઢોડિયા	૩૫૮૭૭૩	૪૪૯૧૩૦	૫૧૮૬૭૧	૫૮૯૧૦૮	૧૩.૫૮
૯.	હળપતિ, તલાવિયા	૩૮૮૫૮૯	૪૬૯૮૫૫	૫૪૬૫૬૭	૫૯૬૮૬૫	૯.૨૦
૧૦.	ગામીત, ગામટા,ગાવીત-માવચી	૨૭૬૫૯૧	૨૫૦૮૩૭	૩૧૦૪૭૧	૩૫૪૩૬૨	૧૪.૧૪
૧૧.	ગોંડ-રાજગોંડ	૪૦૨	૧૦૫૬	૧૩૪૧	૨૧૫૨	૬૦.૪૮

૧૨.	કાથોડી-કાતકરી	૨૯૩૯	૨૫૪૬	૪૭૭૩	૫૮૨૦	૨૧.૯૪
૧૩.	કોકના, કોકની, કુકના	૧૮૧૪૧૧	૨૦૩૧૧૧	૨૫૯૨૫૩	૩૨૯૪૯૬	૨૭.૦૯
૧૪.	કોળી (કચ્છ)	૩૦૩૬૧	૪૭૮૭૬	૬૨૦૦૭	૯૫૬૫૫	૫૪.૨૬
૧૫.	કોલઘા, કોલીઢોર, ટોકરેકોળી	૨૯૪૬૪	૬૨૨૩૨	૮૨૬૭૯	૪૮૪૧૯	-૭૦.૭૬
૧૬.	કુનબી (ડાંગ)	-	૩૫૨૧૪	૪૮૩૫૮	૪૩૨૯૨	-૧૧.૭૦
૧૭.	નાયક-નાયકડા	૨૩૪૯૯૯	૨૮૦૨૩૦	૩૪૦૬૯૪	૩૯૩૦૨૪	૧૫.૩૬
૧૮.	પઢાર	૪૭૫૮	૧૦૫૮૭	૧૫૮૯૬	૨૨૪૨૧	૪૧.૦૫
૧૯.	પારધી (કચ્છ)	૨૮૦૬	૪૪૧૬	૫૮૪૧	૭૧૮૯	૨૩.૦૮
૨૦.	પારધી, ફનસે	૨૬૭૭	૩૩૪૫	૮૮૯૬	૨૮૭૨	-૨૦૯.૭૪
૨૧.	પટેલિયા	૪૮૭૬૯	૭૦૨૩૦	૧૧૦૦૦૩	૧૦૨૫૧૦	-૭.૩૧
૨૨.	પોમલા	૩૦૦	૭૯૩	૯૨૮	૮૧૯	-૧૩.૩૧
૨૩.	રબારી	૪૯૯૩	૫૦૪૭	૭૦૬૧	૧૫૪૧૭	૧૧૮.૩૪
૨૪.	રાઠવા	૧૯૨૬૪૮	૩૦૮૬૪૦	૪૩૪૫૧૭	૫૩૫૨૮૪	૨૩.૧૯
૨૫.	સીદી	૪૪૮૨	૫૪૨૯	૬૩૩૬	૮૬૬૨	૩૬.૭૧
૨૬.	વાઘરી(કચ્છ)	૪૬૩૭	૭૮૦૬	૧૩૩૫૮	૧૬૯૭૪	૨૭.૦૭
૨૭.	વારલી	૧૨૬૧૦૮	૧૫૨૯૮૩	૨૦૦૦૮૦	૨૫૫૨૭૧	૨૭.૫૮
૨૮.	વીટોલિયા, કોટવાલિયા,બરોડીયા	૧૨૯૦૨	૧૭૭૫૯	૧૯૫૬૯	૨૧૪૫૩	૯.૬૩
૨૯.	બિનવર્ગીકૃત	૪૧૬૩૯	૧૧૭૪૮	૩૧૫૭૯	૪૧૩૩૫	૩૦.૮૯
	કુલ	**૩૭૩૪૪૨૨**	**૪૮૪૮૫૮૬**	**૬૧૬૧૭૭૫**	**૭૪૮૧૧૬૦**	**૨૧.૪૧**
	વૃધ્ધિ દર		**૨૯.૮૩**	**૨૭.૦૮**		

પ્રાપ્તિ સ્થાન : સેન્સસ ઓફ ઈન્ડિયા, ૨૦૦૧

ગાંધીજીના ગ્રામસ્વરાજ કાર્યક્રમની દ્રષ્ટ્રિએ માનવવિકાસના પાસાં આવરી લેવાયા હતા. ગાંધીજી માણસને કન્દ્રમાં રાખતા અને વિચારતા. ''મનુષ્ય માત્રમાં જે ગર્ભિત તત્વ અથવા સક્ષમતા છે તેને બહાર લાવવા માટેની પુરેપુરી તક મળે તેજ મનુષ્યનો વિકાસ છે'' માણસની ગર્ભિતતા ન આવી શકે તે તેનું શોષણ છે. ટૂંકમાં જે તે વ્યક્તિની અંદરની શક્તિ છે, તે બહાર લાવવાની તક આપવી જોઈએ. માનવ વિકાસ માપદંડની વાત કરીએ છીએ ત્યારે માત્ર તેના આર્થિક, શૈક્ષણિક, તબીબી કે પાયાની સુવિધાઓના આંકડા જોઈ સંતોષ માનવા જેવો નથી. આ સિવાય ઘણા બધા પાસાં એવા છે કે તે સાંખ્યિક સ્વરૂપમાં જોઈ શકાતા નથી. મોટા ભાગના તજજ્ઞો, સમાજશાસ્ત્રીઓ, સેવકો એવું કહે છે કે આદિવાસી સંસ્કૃતિ ઉત્તમ છે, સારી છે, ટકાવી રાખવી જોઈએ વગેરે વગેરે. તો પ્રશ્ન એ થાય કે તેમાંથી બીજા લોકો શું બોધપાઠ લે છે ? તે સંસ્કૃતિને કેમ અનુસરતા નથી ? કે પછી આદિવાસી સંસ્કૃતિના નામે માત્ર વાતો જ થાય છે ?

બીજી એક વાત એ કરવાની છે કે ઘણા ખરા આદિવાસી સમાજમાં કોઈ ધાર્મિક, સામાજિક પ્રસંગ હોય ત્યારે વસ્તુઓ કે અન્ય સામગ્રીની મદદની ભાવના જોવા મળે છે. જેમ કે લગ્ન અથવા મરણ પ્રસંગે

ભોજન વ્યવસ્થામાં દરેક પોત પોતાના ઘરેથી પડીયા પતરાળા વગેરે લઈ જવું પડતુ હોય છે. કોઈનું મૃત્યુ થાય ત્યારે સ્મશાને દરેક વ્યક્તિ એક લાકડાનો ટુકડો સાથે લઈ આવે છે, વગેરે. ટૂકમાં સમગ્ર ગુજરાતની પૂર્વપટ્ટીમાં આવી સહકારી ભાવના જોવા મળે છે. તેઓના રહેઠાણ અંગે આગળ જોઈએ તો, તેઓ દાંતા તાલુકામાં પથરાયેલી ડુંગરોની હારમાળાથી શરૂ થઈ પોશીના, ખેડબ્રહ્મા અને વિજયનગર તરફ વળીને દક્ષિણ તરફ નીચે ઉતરી દાહોદ અને પંચમહાલની ઉત્તર અને પૂર્વ સીમાને આવરી લઈને દક્ષિણે આવેલ નાનછલ (છોટાઉદેપુર-વડોદરા, રાજપીપળા-નર્મદા) વિભાગમાંથી પસાર થઈ સુરત જિલ્લાના માંડવી તાલકાથી આગળ વધી વાંસદા, ધરમપુર, કપરાળા અને ડાંગ સુધી પહોંચતી પટ્ટીનો ડુંગરાળ અને જંગલવાળો, ખીણોવાળો પ્રદેશ ગુજરાતના આદિવાસીઓનું મુખ્ય રહેઠાણ છે. આ પ્રદેશો ઉતરતાં અરવલ્લીની પર્વતમાળામાં પૂર્વમાં સાતપૂડા અને વિંધ્યાચળની પર્વતમાળામાં અને દક્ષિણમાં સહ્યાદ્રિની પર્વતમાળામાં આવેલા છે. આખો વિસ્તાર વીસ હજાર ચોરસ માઈલનો છે. અહીયાં આદિવાસીઓની મુખ્યત્વે વસતિ છે. રાજયમાં તેમની મુખ્યત્વે વસતિ દક્ષિણ ગુજરાતમાં વલસાડ, નવસારી, સુરત, ભરૂચ, નર્મદા અને ડાંગમાં છે. જેમાં ડાંગ જિલ્લો સંપૂર્ણ આદિવાસી વસતિવાળો કહી શકાય, કારણ કે ત્યાં ૯૦ ટકા કરતાં વધુ આદિવાસી વસતિ છે. મધ્ય ગુજરાતમાં વડોદરા, દાહોદ અને પંચમહાલમા તેઓની વધુ છે. ઉત્તર ગુજરાતમાં સાબરકાંઠા અને બનાસકાંઠામાં તેમની વસતિ છે. ૨૦૦૧ની ગણતરી મુજબ રાજયના ૧૯૬૦૨૪ ચો.કિ.મીટરના કુલ વિસ્તાર પૈકી ૩૧૬૪૨ ચો.કિ.મીટરનો વિસ્તાર આદિજાતિ વિસ્તાર પેટા યોજનામાં આવરી લેવાયો છે. તે રાજયના કુલ ભૌગોલિક વિસ્તારના ૧૬.૧૪ ટકા થાય છે. તેમાં રાજયની કુલ આદિવાસી વસતિ ૭૪.૮૧ લાખ પૈકી આશરે ૬૧.૩૮ લાખની વસતિ આવરી લેવાઈ છે. પેટા યોજના વિસ્તાર હેઠળની આદિવાસી વસતિ ૬૮.૨૩ ટકા થાય છે. (૧) આ પ્રદેશના કુલ જમીન વિસ્તાર પૈકી ૧૪ ટકાને ખેતી માટે ઉપલબ્ધ ન હોય તેવી જમીન તથા ૭ ટકા જમીન ખેડાણપાત્ર પડતર જમીન તરીકે વર્ગીકૃત કરવામાં આવી છે. ખેડાણ લાયક પડતર જમીનનું પ્રમાણ સાબરકાંઠા જિલ્લાના વિજયનગર તાલુકાના કુલ જમીન વિસ્તારના ૩ ટકાથી માંડી વડોદરા જિલ્લાના છોટાઉદેપુર તાલુકામાં ૧૫ ટકા સુધી જુદું જુદું છે. વન વિસ્તાર આ વિસ્તારની કુલ જમીનના ૪૦ ટકા જેટલો છે. ખેતી હેઠળનો વિસ્તાર કુલ જમીન વિસ્તારના ૫૪ ટકા થાય છે અને રાજયની ૦.૩૯ હેકટરની સરેરાશ સામે ખેતીલાયક જમીનની માથાદીઠ પ્રાપ્યતા ૦.૨૮ હેકટરની જેટલી થાય છે. પ્રમાણમાં સીધા ઢોળાવવાળા ખેતરો અને સામાન્ય રીતે નબળી અને ખડકાળ ભૂમિને ઉતરતી કક્ષાના પાક અર્થતંત્ર તથા ઓછી ઉપજ માટે જવાબદાર માનવામાં આવે છે.

કોઠા નં. ૩.૫
વિસ્તાર માહિતી

રાજય : ગુજરાત

વસ્તી ગણતરી ભારત : ૨૦૦૧

કુટુંબકદ : ૫.૦

કુલ વસ્તીએ શહેરી વસ્તી ટકામાં : ૩૭.૪

જાતિ પ્રમાણ (૧૦૦૦ પુરૂષોએ સ્ત્રીઓ) : ૯૨૦

જાતિ પ્રમાણ (૦-૬ વર્ષમાં) : ૮૮૩

જાતિ પ્રમાણ (અનુજાતિ) : ૯૨૫

જાતિ પ્રમાણ (અનુજનજાતિ) : ૯૭૪

વિગત	કુલ	પુરુષ	સ્ત્રી	ટકા		
				કુલ	પુરુષ	સ્ત્રી
કુલ વસતિ	૫૦૬૭૧૦૧૭	૨૬૩૧૭૭૭૧	૨૪૨૮૫૪૪૦	-	-	-
ગ્રામ્ય વસતિ	૩૧૭૪૦૭૬૭	૧૬૩૧૭૭૭૧	૧૫૪૨૨૯૯૬	-	-	-
શહેરી વસતિ	૧૮૯૩૦૨૫૦	૧૦૦૬૭૮૦૬	૮૮૬૨૪૪૪	-	-	-
વસતિ (૦-૬)	૭૫૩૨૪૦૪	૪૦૦૦૧૪૮	૩૫૩૨૨૫૬	-	-	-
અનુજાતિ વસ્તી	૩૫૯૨૭૧૫	૧૮૬૬૨૮૩	૧૭૨૬૪૩૨	૭.૧	૭.૧	૭.૧
અનુજનજાતિ વસ્તી	૭૪૮૧૧૬૦	૩૭૯૦૧૧૭	૩૬૯૧૦૪૩	૧૪.૮	૧૪.૪	૧૫.૨
અક્ષરજ્ઞાન ધરાવનારા	૨૯૮૨૭૭૫૦	૧૭૮૩૩૨૭૩	૧૧૯૯૪૪૭૭	૬૯.૧	૭૯.૭	૫૭.૮
અભણ સંખ્યા	૨૦૮૪૩૨૬૭	૮૫૫૨૩૦૪	૧૨૨૯૦૯૬૩	૪૮.૩	૩૮.૨	૫૯.૨
કુલ કામ કરનારા	૨૧૨૫૫૫૨૧	૧૪૪૭૭૨૮૬	૬૭૭૮૨૩૫	૪૧.૯	૫૪.૯	૨૭.૯
મુખ્ય કામ કરનારા	૧૭૦૨૫૦૭૪	૧૩૪૮૦૫૬૬	૩૫૪૮૫૦૮	૩૩.૬	૫૧.૧	૧૪.૬
કામમાં મદદ કરનારા	૪૨૩૦૪૪૭	૯૯૬૭૨૦	૩૨૩૩૭૨૭	૮.૩	૩.૮	૧૩.૩
કામ નહીં કરનારા	૨૯૪૧૫૪૯૬	૧૧૯૦૮૨૯૧	૧૭૫૦૭૨૦૫	૫૮.૧	૪૫.૧	૭૨.૧
ખેતી કરનારા	૫૮૦૨૬૮૧	૩૯૦૬૬૯૭	૧૮૯૫૯૮૪	૨૭.૩	૨૭.૦	૨૮.૦
ખેતમજૂરો	૫૧૬૧૬૫૮	૨૫૦૯૬૫૧	૨૬૫૨૦૦૭	૨૪.૩	૧૭.૩	૩૯.૧
ગૃહ ઉદ્યોગ કરનારા	૪૨૯૬૮૨	૨૪૩૮૩૫	૧૮૫૮૪૭	૨.૦	૧.૭	૨.૭
અન્ય કામ કરનારા	૯૮૬૧૫૦૦	૭૮૧૭૧૦૩	૨૦૪૪૩૯૭	૪૮.૪	૫૪.૦	૩૦.૨

કોઠા નં.૩.૬
વિસ્તાર માહિતી

રાજય : ગુજરાત

વસ્તી ગણતરી ભારત : ૨૦૦૧

આદિવાસી વસ્તી

કુલ કુટુંબોની સંખ્યા : ૧૪,૦૮,૩૭૪

કુટુંબ કદ : ૫.૦

કુલ વસ્તી શહેરી વસ્તીમાં ટકામાં : ૮.૨

જાતિ પ્રમાણ (૧૦૦૦ પુરૂષોએ સ્ત્રીઓ) : ૯૭૪

જાતિ પ્રમાણ (૦-૬ વર્ષમાં) : ૯૬૬

વિગત	કુલ	પુરુષ	સ્ત્રી	ટકા		
				કુલ	પુરુષ	સ્ત્રી
કુલ વસતિ	૭૪૮૧૧૬૦	૩૭૯૦૧૧૭	૩૬૯૧૦૪૩	-	-	-
ગ્રામ્ય વસતિ	૬૮૬૬૬૩૭	૩૪૭૧૦૦૨	૩૩૯૫૬૩૫	-	-	-
શહેરી વસતિ	૬૧૪૫૨૩	૩૧૯૧૧૫	૨૯૫૪૦૮	-	-	-
વસતિ (૦-૬)	૧૩૧૫૨૫૩	૬૬૯૦૬૭	૬૪૬૧૮૬	-	-	-
અક્ષરજ્ઞાન ધરાવનારા	૨૯૪૩૮૯૮	૧૮૪૭૦૯૪	૧૦૯૬૮૦૪	૩૯.૩૫	૪૮.૭૩	૨૯.૭૨
અભણ સંખ્યા	૪૫૩૭૨૬૨	૧૯૪૩૦૨૩	૨૫૯૪૨૩૯	૬૦.૬૫	૫૧.૨૭	૭૦.૨૮
કુલ કામ કરનારા	૩૮૬૬૨૦૪	૨૧૦૫૪૩૨	૧૭૬૦૭૭૨	૫૧.૭	૫૬.૬	૪૭.૭
મુખ્ય કામ કરનારા	૨૭૨૨૩૩૩	૧૮૩૫૭૩૫	૮૮૬૫૯૮	૩૬.૪	૪૮.૪	૨૪.૦
કામમાં મદદ કરનારા	૧૧૪૩૮૭૧	૨૬૯૬૯૭	૮૭૪૧૭૪	૧૫.૩	૭.૧	૨૩.૭
કામ નહીં કરનારા	૩૬૧૪૯૫૬	૧૬૮૪૮૬૫	૧૯૩૦૨૭૧	૪૮.૩	૪૪.૪	૫૨.૩
ખેતી કરનારા	૧૪૫૪૯૬૯	૮૭૫૯૩૮	૫૭૯૦૩૧	૩૦.૬	૪૧.૬	૩૨.૯
ખેતમજૂરો	૧૬૮૭૫૨૪	૭૪૯૯૦૩	૯૭૭૬૨૧	૪૩.૬	૩૫.૬	૫૩.૩
ગૃહ ઉદ્યોગ કરનારા	૨૯૬૯૫	૧૫૮૪૩	૧૩૮૫૨	૦.૮	૦.૮	૦.૮
અન્ય કામ કરનારા	૬૯૪૦૧૬	૪૬૩૭૪૮	૨૩૦૨૬૮	૧૮.૦	૨૨.૦	૧૩.૧



→ જૂના પુરાણા લોટ દળવાની ઘંટી ના સાધન સાથે સ્ત્રીઓ - પરિવર્તીત સાધનોથી વંચિત



→ ખેતીનાં પોતાના વ્યવસાય બાદ, અન્ય કામની શોધમાં વિવશ વ્યક્તિઓ

ગુજરાત રાજયની મોટાભાગની આદિજાતિ વસતિ રાજયના ખૂબ જ પછાત એવા પૂર્વપટ્ટીના ડુંગરાળ જંગલો, ખીણોવાળા, પર્વતાળ વિસ્તારોમાં મહ્દઅંશે વસે છે. આ વિસ્તારો પૈકી મોટાભાગના વિસ્તારો ડુંગરાળ પ્રદેશ, ખડકાળ જમીન, અનિશ્ચિત વરસાદ તથા વિશાળ વનવાળા વિસ્તાર હોવાની લાક્ષણિકતા ધરાવે છે. તેમાં વસેલી ૨૫ જેટલી આદિવાસી જાતિઓ પોતાની આગવી અને વિશિષ્ટ સંસ્કૃતિ ધરાવે છે. જેમાં ૧૧ જાતિઓ સંખ્યાની રીતે લાખ અને લાખથી વધુની સંખ્યામાં છે. ભીલ અને તેની ભીલ પેટાજનજાતિઓ સૌથી વધારે પ્રમાણ એટલે કે ૩૪.૪૧ લાખથી વધુ ૪૬.૦૧ ટકા સાથે પ્રથમ ક્રમે છે. બીજા ક્રમે હળપતિઓ ૭.૯૮ ટકા સાથે અને ધોડિયા જાતિ ૭.૮૭ ટકા સાથે ત્રીજા ક્રમે, જયારે રાઠવા જાતિ ૭.૭૬ ટકા સાથે ચોથા ક્રમે ગુજરાતમાં વસતી સંખ્યાઓ વસે છે. ઉપરોક્ત ત્રણ પાંચ લાખથી વધુ સંખ્યાવાળી જાતિઓ, ઉપરાંત ત્રણ લાખથી વધુ વસતિ સંખ્યા ધરાવતી ગામીત, કોંકણા, નાયક-નાયકડા અને બે લાખથી વધુ વસતી સંખ્યા ધરાવતી ચોધરી, ચોધરા, ધાનકા અને વારલી જાતિઓ છે. એક લાખથી વધુ સંખ્યા ધરાવતી ત્રણ અને ૨૫ હજારથી ઓછી વસતી સંખ્યા ધરાવતી ચાર જેટલી આદિવાસી જાતિઓ છે. બાકીની દસ હજારથી ઓછી વસ્તી ધરાવતી આઠ જેટલી આદિવાસી જાતિઓ છે. જયારે બરડા, પોમલા જેવી હજારથી ઓછી વસતિ ધરાવતી જાતિઓ છે. આ બધી જાતિઓ વૈવિધ્ય સભર પોતાની આગવી અને વિશિષ્ઠ સંસ્કૃતિ ધરાવે છે. પરંતુ આમાંના મોટી વસતીવાળા કે નાની વસતી સંખ્યા ધરાવતા જૂથો હોય તેઓમાં મોટી વસતીવાળા કે નાની વસ્તી સંખ્યા ધરાવતા જૂથો હોય, તેઓમાં ઘણા કુટુંબોની ગરીબી એટલા નીચા સ્તર સુધી જોવા મળે છે કે તેઓને એક ટંકનું ભોજન મેળવવા ભારે મહેનત કરવી પડે છે. તેઓ ગરીબાઈને લઈને હજુ પણ અત્યંત નિમ્ન કક્ષાનું જીવન વ્યતિત કરે છે. તેમાં હજુ પગભર થયા નથી. તેઓ છેવાડાના માનવી તરીકે, હજું વિકાસની પરિભાષામાં આવ્યા નથી. આદિવાસી સમાજોમાં ગંરીબી એટલા નીચા સ્તર સુધી જોવા મળે છે કે તેના સભ્યો દિવસોના દિવસ સુધી બે ટંકનું ભોજન પ્રાપ્ત કરી શકતા નથી. વર્ષના કેટલાક દિવસો ભૂખ્યા કે અર્ધભૂખ્યા રહીને, તેઓ કંદમૂળ, ફળફૂલ કે ભાજીઓ ખાઈને દિવસો પસાર કરે છે. રાજયની આવાં આદિવાસી વિસ્તારો અતિ ઉંડાણવાળા વિસ્તારો હોવાને લઈને બાહ્ય જગતના સંપર્કથી કેટલાય સમયથી દૂર અને અલિપ્ત રહેવા પામ્યા છે. તેને લઈને આદિવાસી સમાજોના છેવાડાના વંચિતો હજુ પણ નિમ્નકક્ષાનું જીવન વ્યતિત કરે છે.

ઉપરોક્ત આદિવાસી વિસ્તારો અને તેમાં વસતા નાના-મોટા વસ્તી સંખ્યા સાથે વસેલા આદિવાસી સમૂદાયો જે અનેકવિધ વ્યવસાયો આધારિત પોતાનો જીવનનિર્વાહ ગોઠવે છે. તેઓ ખેતી, ખેતમજૂરી, જંગલ આધારિત વ્યવસાયો, પશુપાલન, મચ્છીમારી, શિકાર જેવા વ્યવસાયમાં તેઓ જયાં વસે છે ત્યાં સ્થાનિક કરે છે અને જયારે તેમને તેના ઉપર નભવું ભારે થઈ પડ્યુ છે ત્યારે અને સાથેસાથે જંગલો નાશ થવાને લઈને કે પછી જે તે વ્યવસાય આધારિત ભાગ પડવાથી કુટુંબને નભાવવું ભારે થઈ પડે તે વખતે દુર્ભાગ્યવંશ બાહ્ય સ્થળાંતરી રોજગારી માટે જવાની ફરજ પડે છે. ઉપરાંત તેઓમાંના ઘણા સમૂદાયોમાં શિક્ષણનું પ્રમાણ નહીંવત હોઈ તેમની આર્થિક સ્થિતિમાં શરૂથી જ અસરો વર્તાતી આવી છે. તેઓમાંના મોટાભાગના કુટુંબો ગરીબીરેખા હેઠળ જીવન વ્યતિત કરે છે. તેઓ પાસે એ સિવાય બીજો કોઈ વિકલ્પ પણ નથી. તેઓ પરંપરાગત રીતે ગરીબાઈ હેઠળ દબાઈને સતત જીવે છે. આ સમગ્ર ચિત્ર જોઈએ તો તેઓ પોતાની મેળે પોતાનો વિકાસ સાધવાની સ્થિતિમાં નથી જ.

કોઠા નં.૩.૭

કામના ધોરણે વસતિનું વર્ગીકરણ - ૨૦૦૧

ક્રમ	વિગત	ગુજરાતની કુલ વસ્તીમાં	ગુજરાતની કુલ આદિવાસી વસ્તીમાં	જિલ્લાની કુલ વસ્તીમાં				જિલ્લાની કુલ આદિવાસી વસ્તીમાં			
				વલસાડ	ભરૂચ	નર્મદા	બનાસકાંઠા	વલસાડ	ભરૂચ	નર્મદા	બનાસકાંઠા
૧.	કુલ કામકરનારા	૪૧.૯	૫૧.૭	૪૬.૧	૪૧.૬	૫૦.૪	૪૩.૬	૫૧.૪	૫૧.૪	૫૨.૭	૪૨.૦
૨.	મુખ્ય કામકરનારા	૩૩.૬	૩૬.૪	૩૫.૭	૩૪.૩	૩૪.૩	૩૩.૨	૩૬.૪	૩૯.૭	૩૪.૮	૨૮.૬
૩.	ગૌણ કામકરનારા	૮.૩	૧૫.૩	૧૦.૪	૭.૪	૧૬.૧	૧૦.૪	૧૫.૦૯	૧૧.૦	૧૮.૦	૧૩.૪
૪.	કામ નહીં કરનારા	૫૮.૧	૪૮.૩	૫૩.૯	૫૮.૪	૪૯.૬	૫૫.૪	૪૮.૬	૪૮૬	૪૭.૩	૫૮.૦
૫.	કુલ કામ કરનારામાં ખેડૂતો	૨૭.૩	૩૯.૩	૨૮.૫	૧૫.૫	૩૩.૨	૪૪.૨	૩૯.૩	૯.૭	૩૫.૦	૪૫.૩
૬.	કુલ કામ કરનારામાં ખેતમજૂરો	૨૪.૩	૩૪.૨	૨૩.૫	૩૯.૫	૪૬.૧	૨૨.૨	૩૪.૨	૬૯.૧	૫૧.૨	૩૭.૫
૭.	કુલ કામ કરનારામાં ઉદ્યોગ-ગૃહઉદ્યોગ કરનાર	૨.૦	૧.૧	૧.૬	૧.૫	૧.૧	૧.૭	૧.૧	૦.૫	૦.૭	૦.૪
૮.	કુલ કામ કરનારામાં અન્ય કામ કરનાર	૪૬.૪	૨૫.૫	૪૬.૪	૪૩.૫	૧૯.૬	૩૧.૮	૨૫.૫	૨૦.૭	૧૩.૧	૧૬.૯

પ્રકરણ-૪

આદિવાસી વિકાસ યોજનાઓમાં છેવાડાની વ્યક્તિ સંદર્ભના અભ્યાસના વિસ્તારો અને ગામો કુટુંબોનો પરિચય

વલસાડ જિલ્લો : (વિસ્તાર-સ્થાન) :

ગુજરાત રાજયના ૨૫ જિલ્લાઓમાં વસતિ ગણતરીના ૨૦૦૧માં દક્ષિણ ગુજરાતમાં છેડે આવેલો વલસાડ જિલ્લો વિસ્તારની દ્રષ્ટ્રિએ વીસમું સ્થાન ધરાવે છે. ૧૯૬૪થી સુરત જિલ્લાના બે ભાગ પાડીને ગુજરાત સરકારે વહીવટી સરળતા માટે વલસાડ અલગ જિલ્લો બનાવ્યો હતો. જે ૨૦૦૩ પછી વલસાડમાંથી નવસારી જિલ્લો અલગ પાડતાં વિસ્તારની દ્રષ્ટ્રિએ છેક વીસમા સ્થાને વલસાડ જિલ્લો હાલમાં છે. જિલ્લાના દક્ષિણના પહાડી વિસ્તાર સિવાય મધ્ય, ઉત્તર અને પૂર્વ વલસાડ જિલ્લાનો વિસ્તાર રસાળ જમીનવાળો હોવાથી ખેતીવાડી ક્ષેત્રે દક્ષિણ ગુજરાતમાં અગ્રસ્થાને છે. કેટલાક ઔદ્યોગિક એકમો અતુલ, વાપી વગેરે થતાં જિલ્લાનો વિકાસ સતત થતો રહ્યો છે.

વલસાડ જિલ્લાની ભૌગોલિક પરિસ્થિતિ જોઈએ તો જિલ્લો કુલ ૨૯૪૭.૬ ચોરસ કિલોમીટરના એટલે કે રાજયના કુલ જમીન વિસ્તારે ૧.૫૦ ટકા વિસ્તારમાં પથરાયેલો છે. જેમાં જંગલ વિસ્તાર ૯૪૩.૯ ચો.કિ.મી. જે કુલ વિસ્તારના ૩૨.૦૨ ટકા છે. સમગ્ર વિસ્તારમાંથી પિયત વિસ્તાર ૧૮૪.૨૧ ચો.કિ.મી. એટલે કુલ વિસ્તારના ૬.૨૫ ટકા જ માત્ર છે. જયારે જંગલ વિસ્તારના ઢોળાવે તે લઈને બિનપિયત વિસ્તાર ૧૩૭૩.૬૩ ચો.કિ.મી. એટલે કુલ વિસ્તારના ૪૬.૬૦ ટકા જેટલો છે. આખો વિસ્તાર ૨૦° - ૦૧° અને ૨૧° - ૫° ઉત્તર અક્ષાંશ અને ૭૨° - ૪૩° અને ૭૩° - ૦૦° પૂર્વ રેખાંશ વચ્ચે આવેલો છે. સીમાની રીતે જોઈએ તો દક્ષિણને સરહદી જિલ્લો છે. ઉત્તરે નવસારી, દક્ષિણે મહારાષ્ટ્રનો થાણા જિલ્લો અને દાદરાનગર હવેલીના વિસ્તારો, પૂર્વમાં નવસારી અને ડાંગ જિલ્લા છે. જિલ્લાની પશ્ચિમે દરિયો આવેલો છે. આખાયો જિલ્લો બે વિરોધાભાસી પરિસ્થિતિ વચ્ચે વહેંચાયેલો છે.

(૧) પૂર્વમાં ધરમપુર અને દક્ષિણમાં કપરાડા, પારડી તાલુકાઓમાં ડુંગરાળ સહ્યાદ્રિ અને સાતપુડા પહાડની ટેકરીઓનો જંગલ વિસ્તાર.

(૨) મધ્યમાં વલસાડ, પારડી, ઉંમરાગામ તાલુકાઓનો સિંચાઈ હેઠળના રસાઈ ફળદ્રુપ વિસ્તારો.

જિલ્લામાં ધરમપુર, કપરાડા અને ઉંમરગામ તાલુકાના વિસ્તારો ડુંગરાળ જંગલોવાળા છે. જિલ્લામાં અંબિકા, પાર અને દમણગંગા જેવી નદીઓ વહે છે. વલસાડ, કોલક, કાર્લ, ઉંમરસાડી અને ઉંમરગામ બંદરો આવેલા છે.

વસતિ :

ગુજરાત રાજયની ૨૦૦૧ની વસતિ ગણતરી પ્રમાણે કુલ ૨૫ જિલ્લાઓમાંથી વસતિની દ્રષ્ટ્રિએ સુરત, દાહોદ, વડોદરા જિલ્લાઓ પછી વલસાડ જિલ્લો ૭,૭૨,૪૦૫ની જિલ્લાની કુલ વસ્તી સામે ૫૪.૭૬ ટકાની આદિવાસી સાથે ચોથા ક્રમે ગુજરાતમાં મોખરાનું સ્થાન ધરાવે છે.

→ ગાઢ ઉંડાણનાં જંગલમાં વંચિત અવસ્થા હજુ જરૂકારક ધરાવતું ડાંગી કુટુંબ

→ અત્યંત નિમ્ન અવસ્થાવાળુ આદિમ કુથનું કોલધા કુટુંબ લાભોથી વંચિત.

૨૦૦૧ની વસતિ ગણતરીમાં રાજયની કુલ વસતિ સામે અનુસૂચિત જનજાતિની ૧૪.૭૬ ટકાની વસતિ નોંધાયેલી છે. વલસાડ જિલ્લાની કુલ વસતિ ૨૦૦૧ની ગણતરીએ ૧૪,૧૦,૫૫૩ની છે. જેમાં અનુસૂચિતજનજાતિની ૫૪.૭૬ ટકાની વસતિ છે. જિલ્લામાં છેલ્લા કેટલાક દાયકાઓથી ઔદ્યોગિક રીતે ખૂબ જ સારો વિકાસ થવા પામ્યો છે. સાથે સાથે ભરપુર વરસાદ, સારો ખેતી વિસ્તાર હોઈ ખેતીક્ષેત્ર પણ ખૂબજ વિકસીને આગળ પડતો રહેલો જિલ્લાનો મોટાભાગનો વિસ્તાર, જિલ્લાના વિકાસમાં આગળ પડતો ભાગ ભજવે છે. જેને લઈને જિલ્લાની વસતિમાં સતત વધારો થતો રહ્યો છે. આંકડાની રીતે જોઈએ તો રાજયનો દસકાનો વસતિ વધારો ૨૨.૪૮ ટકાનો નોંધાયો છે. જે વલસાડ જિલ્લાનો દસકાનો વસતિ વધારે નોધાયો છે જે ગુજરાતનો વસતિ ગીચતા દર, દર ચોરસ કિલોમીટરે ૨૦૦૧ની ગણતરી પ્રમાણે ૨૫૮ વ્યક્તિનો નોંધાયો છે. જે વલસાડ જિલ્લાનો વસતિ ગીચતા દર ૧૨ ચો.કિલોમીટરે ૪૭૮ વ્યક્તિનો એટલે ગુજરાત કરતાં લગભગ બમણો નોંધાવા પામ્યો હતો. તેના ઉપરથી ખ્યાલ આવે છે. એટલે સમગ્ર જિલ્લો તેની આર્થિક સમૃધ્ધિને કારણે, આ વસતિ ભારણ હેઠળ છે. વલસાડ જિલ્લામાં મુખ્ય અનુસૂચિતજનજાતિની વસ્તીમાં ધોડિયા જાતિ અગ્રસ્થાને છે. સાથે હળપતિ-તલાવિયા, કોંકણા, વારલી, નાયક-નાકડા, કોલઘા, કોટવાડિયા, ગામીત, ચોધરી, ભીલ વગેરે જાતિઓ પણ વસવાટ કરે છે.

શિક્ષણની દ્રષ્ટ્રિએ જોઈએ તો ગુજરાત રાજયનો ૨૦૦૧ની ગણતરી પ્રમાણે અક્ષરજ્ઞાનનો દર ૬૯.૯૭નો હતો. જે ગુજરાતની કુલ આદિવાસી વસ્તીનો ૨૦૦૧ની ગણતરી પ્રમાણે ૪૦.૭૫ ટકાનો હતો. જે વલસાડ જિલ્લાનો ૬૬.૪૧ ટકાનો હતો.

કોઠા નં.૪.૧

૨૦૦૧ની વસ્તી ગણતરી પ્રમાણે કામના ધોરણે વર્ગીકરણ

ક્રમ	વિસ્તાર	કામનું વર્ગીકરણ				
		કુલ કામ-કરનારા	ખેડૂતો	ખેતમજૂરો	ઉદ્યોગોમાં કરનારા	અન્ય કામ-કરનારા
૧	ગુજરાત રાજયમાં	૪૧.૯૫	૧૧.૪૫	૧૦.૧૯	૦.૮૫	૧૯.૪૬
૨.	ગુજરાતની આદિવાસી વસ્તીમાં	૫૧.૬૮	૧૯.૪૫	૨૨.૫૬	૦.૪૦	૯.૨૮
૩.	બાનસકાંઠાની કુલ વસ્તીમાં	૪૩.૬૧	૧૯.૨૮	૯.૬૯	૦.૭૫	૧૩.૮૯
	- બનાસકાંઠાની આદિવાસી વસ્તીમાં	૪૨.૦૦	૧૯.૦૧	૧૫.૭૩	૦.૧૬	૭.૦૯
૪.	ભરૂચની કુલ વસ્તીમાં	૪૧.૬૪	૬.૪૫	૧૬.૪૬	૦.૬૩	૧૮.૦૯
	- ભરૂચની આદિવાસી વસ્તીમાં	૫૧.૪૦	૪.૯૯	૩૫.૪૯	૦.૨૬	૧૦.૬૪
૫.	નર્મદાની કુલ વસ્તીમાં	૫૦.૩૭	૧૬.૭૨	૨૩.૨૫	૦.૫૩	૯.૮૮
	- નર્મદાની આદિવાસી વસ્તીમાં	૫૨.૭૪	૧૮.૪૬	૨૭.૦૧	૦.૩૮	૬.૮૯
૬.	વલસાડની કુલ વસ્તીમાં	૪૬.૧૨	૧૩.૧૪	૧૦.૮૪	૦.૭૨	૨૧.૩૮
	- વલસાડની આદિવાસી વસ્તીમાં	૫૧.૪૨	૨૦.૨૦	૧૭.૬૦	૦.૫૪	૧૩.૦૯

કોઠા નં.૪.૨
વિસ્તાર માહિતી

જિલ્લો - વલસાડ, રાજય - ગુજરાત

વસતિ ગણતરી અહેવાલ ભારત - ૨૦૦૧

કુટુંબોની સંખ્યા	૨,૮૯,૫૧૯
કુટુંબદીઠ સરેરાશ	૫
શહેરી વસતિ ટકામાં	૨૭.૦૦
જાતિ પ્રમાણ (૧૦૦૦ પુરુષે સ્ત્રીઓ)	૯૨૦
જાતિ પ્રમાણ (૦.૬ વર્ષની વયમાં)	૯૩૩
જાતિ પ્રમાણ અનુજાતિ	૯૭૧
જાતિ પ્રમાણ અનુ.જનજાતિ	૯૯૯

વિગત	કુલ	પુરુષ	સ્ત્રી	ટકા		
				કુલ	પુરુષ	સ્ત્રી
કુલ વસતિ	૧૪,૧૦,૫૫૩	૭,૩૪,૭૯૯	૬,૭૫,૭૫૪	-	-	-
ગ્રામ્ય વસતિ	૧૦,૨૯,૩૯૨	૫,૨૬,૪૨૩	૫,૦૨,૯૬૯	-	-	-
શહેરી વસતિ	૩,૮૧,૧૬૧	૨,૦૮,૩૭૬	૧,૭૨,૭૮૫	-	-	-
વસ્તી (૦-૬)	૨,૦૫,૫૯૫	૧,૦૬,૩૩૬	૯૯,૨૬૦	-	-	-
અનુજાતિ-વસતિ	૩૭,૩૦૪	૧૮,૯૨૮	૧૮,૩૭૬	૨.૬	૨.૬	૨.૭
અનુજનજાતિ વસતિ	૭,૭૨,૪૦૫	૩,૮૬,૩૯૫	૩,૮૬,૦૧૦	૫૪.૮	૫૨.૬	૫૭.૧૦
અક્ષરજ્ઞાન પામેલીની સંખ્યા	૮,૩૩,૨૫૭	૪,૮૯,૫૭૮	૩,૪૩,૬૭૯	૬૯.૦૦	૭૭.૯	૫૯.૬
અભણની સંખ્યા	૫,૭૭,૨૯૬	૨,૪૫,૨૨૧	૩,૩૨,૦૭૫	૪૭.૯	૩૯.૦	૫૭.૬
કુલ કામકરનારા	૭,૫૦,૨૫૭	૪,૨૧,૭૦૩	૨,૨૮,૫૫૪	૪૬.૧	૫૭.૪	૩૩.૮
મુખ્ય કામકરનારા	૫,૦૩,૩૩૩	૩,૮૦,૪૭૧	૧,૨૨,૮૬૨	૩૫.૭	૫૧.૮	૧૮.૨
કામમાં મદદ કરનારા	૧,૪૬,૯૨૪	૪૧,૨૩૨	૧,૦૫,૬૯૨	૧૦.૪	૫.૬	૧૫.૬
કામ નહિ કરનારા	૭,૬૦,૨૯૬	૩,૧૩,૦૯૬	૪,૪૭,૨૦૦	૫૩.૯	૪૨.૬	૬૬.૨
ખેતી(ખેડૂત)કામ કરનારા	૧,૮૫,૩૯૫	૧,૦૨,૬૧૯	૮૨,૭૭૬	૨૮.૫	૨૪.૩	૩૬.૨
ખેતમજૂરી કરનારા	૧,૫૩,૦૯૧	૬૬,૮૪૬	૮૬,૨૪૫	૨૩.૫	૧૫.૯	૩૭.૭
ગૃહઉદ્યોગમાં કામ કરનારા	૧૦,૧૯૩	૫,૫૬૫	૪,૬૨૮	૧.૬	૧.૩	૨.૦
બીજા કારીગરો	૩,૦૧,૫૭૮	૨,૪૬,૬૭૩	૫૪,૯૦૫	૪૬.૪	૫૮.૫	૨૪.૦

માહિતી પ્રાપ્તિ સ્થાન : રજિસ્ટર ઓફિસ જનરલ- ભારત ૨/એ, માનસિંગ રોડ, નવી દિલ્હી -૧૧૦૦૧૧

કોઠા નં.૪.૩
વિસ્તાર માહિતી

જિલ્લો : વલસાડ
રાજય : ગુજરાત

આદિજાતિ વસતી ગણતરી અહેવાલ ભારત-૨૦૦૧

કુટુંબોની સંખ્યા	૧,૫૨,૩૨૯
કુટુંબદીઠ સરેરાશ (ટકાવારી)	૫%
શહેરી વસ્તી ટકામાં	૯.૧%
જાતિ પ્રમાણ (૧૦૦ પુ. સે સ્ત્રીઓ)	૯૯૯
જાતિ પ્રમાણ (૦.૬ વર્ષની વયમાં)	૯૬૮

વિગત	કુલ	પુરુષ	સ્ત્રી	ટકા		
				કુલ	પુરુષ	સ્ત્રી
કુલ વસતિ	૧,૮૦,૩૮૭	૯૦,૮૯૧	૮૯,૪૯૫	-	-	-
ગ્રામ્ય વસ્તી	૭,૦૨,૪૯૫	૩,૫૧,૧૮૦	૩,૫૧,૩૧૫	-	-	-
શહેરી વસ્તી	૬૯,૯૧૦	૩૫,૨૧૫	૩૪,૬૯૫	-	-	-
વસ્તી (૦-૬)	૧,૨૨,૭૫૩	૬૨,૩૬૨	૬૦,૩૯૧	-	-	-
અક્ષરજ્ઞાન પામેલ સંખ્યા	૩,૫૧,૮૧૫	૨,૦૮,૪૮૭	૧,૪૩,૩૨૮	-	-	-
અભણની સંખ્યા	૪,૨૦,૫૯૦	૧,૭૭,૯૦૮	૨,૪૨,૬૮૨	૪૫.૫	૫૪.૦	૩૭.૧
કુલ કામ કરનારા	૩,૯૭,૨૪૦	૨,૧૮,૬૦૬	૧,૭૮,૬૩૪	૫૧.૪	૫૬.૬	૪૬.૩
મુખ્ય કામ કરનારા	૨,૮૧,૪૦૭	૧,૮૬,૭૪૦	૯૪,૬૬૭	૩૬.૪	૪૮.૩	૨૪.૫
ઓછુ કામ કરનારા	૧,૧૫,૮૩૩	૩૧,૮૬૬	૮૩,૯૬૭	૧૫.૦	૮.૨	૨૧.૮
કામ નહિ કરનારા	૩,૭૫,૧૬૫	૧,૬૭,૭૮૯	૨,૦૭,૩૭૬	૪૮.૬	૪૩.૪	૫૩.૭
ખેતીકામ કરનારા	૧,૫૬,૦૧૭	૮૪,૮૫૦	૭૧,૧૬૭	૩૯.૩	૩૮.૮	૩૯.૮
ખેતમજૂરી કરનારા	૧,૩૫,૯૧૯	૫૯,૭૭૮	૭૬,૧૪૧	૩૪.૨	૨૭.૩	૪૨.૬
ગૃહઉદ્યોગોમાં કામ કરનાર	૪,૧૮૧	૨,૪૨૦	૧,૭૬૧	૧.૧	૧.૧	૧.૦
અન્ય કામ કરનારા	૧,૦૧,૧૨૩	૭૧,૫૫૮	૨૯,૫૬૫	૨૫.૫	૩૨.૭	૧૬.૬

કોઠા નં.૪.૪
વિસ્તાર માહિતી

તાલુકા વિસ્તાર - ધરમપુર


જિલ્લો : વલસાડ

રાજય : ગુજરાત

વસતિ ગણતરી ભારત - ૨૦૦૧

કુટુંબદીઠ સરેરાશ	૫.૦
શહેરી વસ્તી ટકામાં	૧૧.૦
જાતિ પ્રમાણ ૧૦૦૦ પુરુષે સ્ત્રીઓ	૯૮૫
જાતિ પ્રમાણ (૦.૬ વર્ષની વયમાં)	૯૭૪
જાતિ પ્રમાણ અનુ.જાતિ	૯૩૫
જાતિ.પ્રમાણ અનુજનજાતિ	૯૯૪

વિગત	કુલ	પુરુષ	સ્ત્રી	ટકા		
				કુલ	પુરુષ	સ્ત્રી
કુલ વસતિ	૧,૮૦,૩૮૭	૯૦,૮૯૧	૮૯,૪૯૫	-	-	-
ગ્રામ્ય વસતિ	૧,૬૦,૪૫૮	૮૦,૫૭૬	૭૯,૮૮૦	-	-	-
શહેરી વસતિ	૧૯,૯૩૦	૧૦,૩૧૫	૯,૬૧૫	-	-	-
વસ્તી (૦-૬)	૨૯,૯૮૨	૧૫,૧૯૧	૧૪,૭૯૧	-	-	-
અનુજાતિ વસ્તી	૮૯૮	૪૬૪	૪૩૪	૫.૦	૦.૫	૦.૫
અનુજનજાતિ વસ્તી	૧,૬૫,૬૬૨	૮૩,૦૭૪	૮૨,૫૮૮	૯૧.૮	૯૧.૪	૯૨.૩
અક્ષરજ્ઞાન પામેલા	૭૩,૦૦૯	૪૪,૧૩૨	૨૮,૮૭૭	૪૮.૫	૫૮.૩	૩૮.૭
અભણની સંખ્યા	૧,૦૭,૩૭૭	૪૬,૭૫૯	૬૦,૬૧૮	૭૧.૪	૬૧.૮	૮૧.૧
કુલ કામકરનારા	૯૬,૯૦૦	૫૨,૦૪૦	૪૦,૮૬૦	૫૩.૭	૫૭.૩	૫૦.૧
મુખ્ય કામ કરનારા	૬૫,૫૯૨	૪૩,૭૭૬	૨૧,૮૧૬	૩૬.૪	૪૮.૨	૨૪.૪
કામમાં મદદ કરનારા	૩૧,૩૦૮	૮,૨૬૪	૨૩,૦૪૮	૧૭.૪	૯.૧	૨૫.૭
કામ નહીં કરનારા	૮૩,૪૮૬	૩૮,૮૫૧	૪૪,૬૩૫	૪૬.૩	૪૨.૭	૪૯.૯
ખેતી કામ કરનારા	૪૬,૫૩૪	૨૪,૮૯૦	૨૧,૬૪૪	૪૮.૦	૪૭.૮	૪૮.૨
ખેતમજૂરી કરનારા	૩૦,૩૯૦	૧૩,૨૭૦	૧૭,૧૨૦	૩૧.૪	૨૫.૫	૩૮.૨
ગૃહ ઉદ્યોગમાં કામ કરનારા	૧,૫૦૧	૮૮૦	૬૨૧	૧.૫	૧.૭	૧.૪
અન્ય કામ કરનારા	૧૮,૪૭૫	૧૩,૦૦૦	૫,૪૭૫	૧૯.૧	૨૫.૦	૧૨.૨



→ ખેતીના પાકોમાંથી ધાન્ય મેળવવા પુરાણી પદ્ધતિઓનો જ સહારો !
દેશના વિશાળ સમાજની વસતિ લગભગ ૭૦% જેટલી ૭.૫ લાખ ગામડાઓમાં વસે છે. જે દેશના વિકાસ આયોજનકારોને ખ્યાલ હોવાને કારણે દેશના વિકાસનો આધાર ગ્રામ્ય સમાજનો વિકાસ કર્યા વિના શક્ય નથી. તે સ્વીકારીને તેમને દેશના વિકાસના કાર્યક્રમોની યોજનાઓમાં મહદ્અંશે ગ્રામ્ય સમાજના વિકાસના કાર્યક્રમોને પ્રાધાન્ય આપીને રૂપરેખા ઘડી હતી. દેશના સમાજનો વિશાળ ગરીબ વર્ગ મુખ્યત્વે ગ્રામ વિસ્તારોમાં વસતો હોઈ, ગ્રામ્ય વિકાસના કાર્યક્રમોથી યોજનાઓની શરૂઆત ગ્રામ વિકાસ યોજનાઓથી કરાઈ હતી. દેશમાં વસતિની દ્રષ્ટ્રિએ આદિવાસીઓની સંખ્યા વિશેષ છે. જે દેશના જુદા જુદા રાજયોના ગ્રામ્ય વિસ્તારોમાં જંગલો, પર્વતો, ખીણોમાં અણવિકસીત એવા ઉંડાણના કહી શકાય તેવા વિસ્તારોમાં, પ્રાથમિક કક્ષાની કહી શકાય તેવી ભૌતિક સંપદા વચ્ચે, ગરીબ પછાત અવસ્થામાં વસે છે. એ રીતે ગુજરાતમાં પણ સમગ્ર પૂર્વપટ્ટીનો વિસ્તાર અંબાજીથી છેક સાપુતારા, ઉંમરગામ સુધીના જુદા જુદા આદિવાસી સમૂદાયોથી ભરપુર વસ્તીથી સારી એવી સંખ્યામાં, જંગલો, ખીણો, પર્વતોની ખૂબ જ પાતળી રસકસ વિનાની જમીનો ઉપર નિર્ભય મહદ્અંશે ગરીબ પછાત અવસ્થામાં વસે છે. આ બધી જાતિઓ વૈવિધ્ય સભર પોતાની આગવી અને વિશિષ્ટ સંસ્કૃતિ તો ધરાવે છે. પરંતુ તેમના જીવનનું બીજુ પાસુ એ છે કે આમાંના કેટલાક આદિવાસી સમૂદાયોમાં ગરીબી એટલા નીચા સ્તર સુધી જોવા મળે છે કે તેના સભ્યો દિવસોના દિવસ એક ટંક ભોજન મેળવવા માટે ભારે મહેનત કરે છે. તેઓ આ ગરીબાઈને લઈને હજુ પણ ખૂબ જ નિમ્ન કક્ષાનું જીવન વ્યતિત કરવા મજબૂર છે. તેઓ ચાહે તો પણ તે પોતાની એ અત્યંત એવા દારૂણે અવસ્થામાંથી જાતે બહાર નીકળી શકે તેમ નથી. આવા ગરીબી અને પછાતપણું ભોગવતા આદિવાસી સમૂદાયોને નજર અંદાજ કરાય તો, સર્વાંગી વિકાસ કરવો - સાધવો અશક્ય છે. આવડા મોટા આદિવાસી સમૂદાયને તેની વસતીની રીતે કે વિસ્તારની સમજણની રીતે અવગણીને વિકાસની શક્યતા સંભળવી શકે નહીં. તે માત્ર પરિવર્તન અને વિકાસની વાતો કરવાથી કંઈ વળશે તો એ ભ્રામક છે. સર્વાંગી સંકલિત વિકાસ યોજનાનું માળખું અમલીકરણ સાથે મૂકાશે નહીં ત્યાં સુધી વિકાસની જે પરિભાષાની આશા રખાય છે. તે ચરિતાર્થ થશે નહીં.

ભારતમાં સ્વતંત્રતા મળ્યા પછી આદિવાસીઓના વિકાસ માટેની આયોજિત નીતિ ઘડવામાં આવેલી. આનો મુખ્ય હેતુ આદિવાસીઓને આર્થિક સહાય અને શૈક્ષણિક રીતે અન્ય પ્રજાની સમકક્ષ કરવાનો હતો. સ્વાતંત્ર્યોત્તર ભારતમાં આદિવાસીઓના કલ્યાણ માટે અનેકવિધ આયોજિત કાર્યક્રમો સમયાંતરે અપનાવવામાં આવ્યા હતા.

આદિવાસીઓ માટેના વિકાસ કાર્યક્રમની શરૂઆત પંચવર્ષીય યોજનામાં આદિવાસી વિસ્તારમાં ખાસ વિવિધલક્ષી આદિવાસી ઘટકોની સ્થાપનાથી થઈ હતી. બીજી પંચવર્ષીય યોજનાને અંતે ખાસ વિવિધલક્ષી ઘટકોની કામગીરીનું મૂલ્યાંકન એલ્વિન સમિતિ અને ઢેબર સમિતિ દ્વારા કરવામાં આવ્યું હતું અને આ સમિતિની ભલામણોને આધારે ખાસ વિવિધલક્ષી ઘટકોના કાર્યક્રમો ત્રીજી પંચવર્ષીય યોજનામાં સુધારવામાં આવ્યા અને સમગ્ર દેશમાં ૪૧૫ આદિવાસી ઘટકોની સ્થાપના કરવામાં આવી. આદિવાસી વિકાસ ઘટકોમાં મુખ્યત્વે આર્થિક વિકાસ કાર્યક્રમો ઉપર ભાર મૂકવામાં આવ્યો હતો. આજ પ્રમાણે આખા ગુજરાત રાજયમાં

પણ સમગ્ર આદિવાસી વિસ્તારમાં નાના આદિવાસી વિકાસ ઘટકો સ્થાપવામાં આવ્યા હતા. ચોથી પંચવર્ષીય યોજના સુધીમાં ૪૩ ટકા આદિવાસી વસ્તીને ૫૦૪ આદિવાસી વિકાસ ઘટકો દ્વારા આવરી લેવાઈ હતી અને દરેક ઘટકને ત્રીજા તબક્કામાં ચાલુ રાખ્યો. ચોથી પંચવર્ષીય યોજના સુધી ગ્રામ ગરીબો ઉપર ભાર મૂકવાને લીધે અતિ પછાત વિસ્તારો ઉપર વધુ ધ્યાન કેન્દ્રિન કરવામાં આવ્યું અને વ્યક્તિગત કુટુંબોના વિકાસ ઉપર ભાર મૂકવામાં આવ્યો હતો.

પાંચમી પંચવર્ષીય યોજનાની શરૂઆતમાં આયોજન કમિશને ટાસ્ક ફોર્સની ૧૯૭૧માં રચના કરી હતી. તેની ભલામણ અનુસાર આદિવાસી વિકાસની સમસ્યા પ્રાથમિક રીતે ત્રણ વિભાગમાં વિભાજિત કરી હતી.

(૧) આદિવાસી વસ્તી ધરાવતો સંકલિત વિસ્તાર (૨) છૂટાછવાયા આદિવાસીઓ અને (૩) આદિમજૂથો.

આમ, પાંચમી પંચવર્ષીય યોજનાથી સમગ્ર દેશમાં આદિવાસી વિસ્તાર પેટા યોજના અમલમાં આવી. ગુજરાત રાજયમાં ૫૦ ટકાથી વધુ વસતી ધરાવતા ૩૨ તાલુકાઓને આઠ સંકલિત આદિવાસી વિસ્તારના જિલ્લાઓમાં વહેંચવામાં આવ્યા અને રાજયમાં આઠ સંકલિત આદિવાસી વિસ્તાર દ્વારા આદિવાસીઓના ઉત્કર્ષની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમના માટે આટલી બધી વિકાસ યોજનાઓ કરવામાં આવે છે, તેઓ નિરક્ષર છે, કાર્યકુશળ નથી, આર્થિક પછાત છે, ડુંગરાળ વિસ્તારની મર્યાદાઓને કારણે વિકાસ સાધી શકતા નથી. આવી પરિસ્થિતિમાં અનેકવિધ કારણોસર લાભોથી વંચિત રહી જીવન વ્યતિત કરે છે.

આગળ જણાવ્યું તેમ તેઓ ગુજરાતના મુખ્ય આઠ જિલ્લાઓના બત્રીસ તાલુકાઓમાં વસેલા છે. આ આઠ જિલ્લાઓમાં આદિવાસી પેટા યોજના અને પોકેટ યોજના દ્વારા આદિવાસી વિકાસ કાર્યક્રમો હાથ ધરાયા હતા.જે આજે ૨૦૦૧માં ગુજરાતના અગિયાર જિલ્લાઓના ૪૩ તેતાલીસ તાલુકાઓમાં વસેલા છે. જેમાં આદિવાસી પેટા યોજના અને પોકેટ સહિતમાં આદિ. વિકાસ કાર્યક્રમો અવિરત પણે ચાલે છે.

ગુજરાત રાજયમાં આદિવાસીઓ માટે વિકાસ કાર્યક્રમ :

આદિજાતિ પ્રદેશની ત્રણ વિશિષ્ટતાઓ જ આદિજાતિ વિકાસની મુખ્ય ત્રણ અવરોધરૂપ કડીઓ ગણાવી શકાય, જેમ કે (૧) પૂર્વ જરૂરિયાતનો નબળો વિકાસ (૨) અપૂરતા પ્રમાણમાં હાથ ધરાતી અપૂરતી વિકસિત આર્થિક પ્રવૃત્તિઓ અને (૩) વિશાળ અવિકસિત માનવસંપત્તિ, જે તેમના વિકાસની આડે આવતા પરિબળોમાં મહત્ત્વના કહી શકાય.

આ વિકાસની સમસ્યાઓ અને અવરોધના ઉકેલ માટે અને સાથે સાથે રાજયના આદિજાતિ અને બીજા વિસ્તારના વિકાસના સ્તર વચ્ચેનો ગાળો ઓછો કરવા અને જંગલ આવકો વધારી આદિવાસીઓના જીવનની ગુણવત્તા સુધારવા માટે રાજયમાં આદિજાતિ પેટા યોજનાઓની (વન વિકાસની) લાંબા ગાળાની ઉદ્દેશો સાથેની વિકાસ યોજનાઓ માટે રાજયમાં કુલ નવ આદિજાતિ વિકાસ ઘટકો કરાયા હતા. તેમાં

રાજયના કુલ વિસ્તાર ૧૯૫૯૮૪ ચો.કિ.મી.માંથી ૨૭૧૮૯ ચો.કિ.નો વિસ્તાર આદિજાતિ વિસ્તાર પેટાયોજના હેઠળ (જેમાં જંગલનો ૧૯૬૫૭.૩૫ ચો.કિ.મી.) આવરી લેવાયો હતો. આજે ૨૦૦૧માં રાજયમાં કુલ ૧૧ અગિયાર આદિજાતિ વિકાસ સંકલિત યોજનાઓ કાર્યરત છે.

ગુજરાત રાજયની સ્થાપના ૧લી મે, ૧૯૬૦માં થઈ તે અગાઉ રાજયના ત્રણ એકમો મુખ્યત્વે કચ્છ, સૌરાષ્ટ્ર અને બૃહદ મુંબઈ પ્રદેશમાં વહેંચાયેલાં હતાં. તા.૧-૧૧-૫૬ પહેલાં રાજય ફરીથી સંગઠિત થયું તે પહેલાં સૌરાષ્ટ્ર અને કચ્છ રાજયો સ્વતંત્ર હતાં. સ્વાતંત્ર્ય મળ્યા પછી કચ્છ રાજયને ૧લી જૂન ૧૯૪૮માં કેન્દ્ર સરકાર સાથે ભેળવી દેવામાં આવ્યું હતું.

પ્રથમ પંચવર્ષીય યોજનાની શરૂઆતમાં ઉપર જણાવેલ ત્રણે રાજયો, કચ્છ, સૌરાષ્ટ્ર અને પૂનાના (મુંબઈ રાજયમાં) પછાત વર્ગના લોકોથી આર્થિક સ્થિતિ અસંતોષકારક હતી.

ગુજરાત રાજયની સ્થાપના પહેલાં આ ત્રણે રાજયોમાં પછાતવર્ગના કલ્યાણના કાર્યક્રમો સ્વતંત્ર રીતે અમલી હતા.

પ્રથમ પંચવર્ષીય યોજના દરમ્યાન પછાતવર્ગના કલ્યાણ માટે રૂા.૧૦-૪૦ લાખ કચ્છ અને રૂા.૪૦.૨૦ લાખ સૌરાષ્ટ્ર રાજયમાં ખર્ચવામાં આવ્યા હતા.

બીજી પંચવર્ષીય યોજના દરમ્યાન કચ્છમાં રૂા.૧૪.૨૦ લાખ અને રૂા.૩.૪૪ લાખ રાજય અને કેન્દ્ર પુરસ્કૃત યોજના હેઠળ ખર્ચવામાં આવ્યા, જયારે અનુક્રમે રૂા.૫૧.૩૨ લાખ અને રૂા.૪.૮૭ લાખ રાજય અને કેન્દ્ર સેકટરમાંથી સૌરાષ્ટ્ર રાજયમાં ખર્ચવામાં આવ્યા હતા.

ત્રીજી યોજનામાં આદિવાસી વિકાસ ઘટકનો કાર્યક્રમ આઠ આદિવાસી જિલ્લાઓમાં લાગુ પાડવામાં આવ્યો. ચાલુ સામૂહિક યોજનાના તાલુકા વિસ્તારોમાં જયાં જયાં આદિવાસી વસ્તીનું પ્રમાણ વધુ હોય ત્યાં આદિવાસી ઘટકોના એકમોની રચના કરવામાં આવી હતી.

ત્રીજી પંચવર્ષીય યોજના દરમ્યાન દોઢસોથી બસો ચોરસ માઈલના વિસ્તારમાં પચીસ હજારની વસતીના જૂથમાં જયાં ૬૬.૬૬ ટકા કરતા આદિવાસીઓનું પ્રમાણ વધુ હોય ત્યાં આદિવાસી ઘટકો શરૂ કરવામાં આવ્યાં હતાં. આ રીતે આઠ આદિવાસી જિલ્લાઓમાં થઈને ૫૦ ઘટકો શરૂ થયાં હતાં.

ગુજરાતની આદિવાસી વિસ્તાર પેટા યોજના :

રાજયમાં જુદાં જુદાં આદિજાતિ જૂથો વિકાસના જુદે જુદે તબક્કે છે. તેથી આદિવાસી અને બિનઆદિવાસી સમાજના વિકાસના સ્તર વચ્ચેનો ગાળો જ નહિં પરંતુ આદિજાતિઓના પોતાના જુદાં જુદાં જૂથો વચ્ચેનો ગાળો પણ ઘટાડવાનું જરૂરી બન્યું છે. ઉપરના હેતુ સિદ્ધ કરવા માટે યોજના તૈયાર કરવાના ભાગરૂપે અને યોજનાના અમલની પ્રક્રિયા માટે ખાસ વિકાસલક્ષી પ્રયત્નો વિચારવામાં આવ્યા છે. આથી રાજયે યોજનાના માળખામાં રહીને પાંચમી પંચવર્ષીય યોજનામાં આદિવાસી પેટા યોજના ઘડી કાઢી હતી.

કોઠા નં.૪.૨૬ (ચાલુ)

જિલ્લાવાર પ્રાયોજના વિસ્તારની અનુસૂચિત જનજાતિની વસતિ (૨૦૦૧ વસતિની ગણતરી)

ક્રમ	વિગત	વિગત	પ્રાયોજનવાર આવરેલી આદિવાસી વસતિ					
			પ્રાયોજના મુજબ આવરેલી	આઈ.ટી.ડી.સી. બહારની આદિવાસી વસતી	કુલ	આવરેલ આઈ.પી.ડી.પી.	છૂટાછવાયા આદિવાસી આવરેલ ટી.એસ.પી.	આદિજાતિ વસ્તી ટકાવારી
૧.	જામનગર	૧૯,૦૪,૨૭૮ ૩.૭૬	- -	૧૦,૪૫૯ ૦.૭૮	૧૦,૪૫૯ ૦.૧૪	૦.૦ -	૦.૫૫	૦.૫૫
૨.	રાજકોટ	૩૧,૬૯,૮૮૧ ૬.૨૬	- -	૧,૩૧,૧૬૩ ૦.૯૮	૧૩,૧૬૩ ૦.૧૮	૦.૦	૦.૪૨	૦.૪૨
૩.	સુરેન્દ્રનગર	૧૫,૧૫,૧૪૮ ૨.૯૯	- -	૧૪,૩૩૮ ૧.૦૭	૧૪,૩૩૮ ૦.૧૯	-	૦.૯૫	૦.૯૫
૪.	ભાવનગર	૨૪,૬૯,૬૩૦ ૪.૮૭	- -	૭,૨૯૮ ૦.૫૪	૭,૨૯૮ ૦.૧૦	૦.૦	૦.૩૦	૦.૩૦
૫.	અમરેલી	૧૩,૯૩,૯૧૮ ૨.૭૫	- -	૩,૨૫૬ ૦.૨૪	૩,૨૫૬ ૦.૦૪	૦.૦	૦.૨૩	૦.૨૩
૬.	જૂનાગઢ	૨૪,૪૮,૧૭૩ ૪.૮૩	- -	૧૮,૮૩૨ ૧.૪	૧૮,૮૩૨ ૦.૨૫	૦.૦	૦.૭૭	૦.૭૭
૭.	પોરબંદર	૫,૩૬,૮૩૫ ૧.૦૬	- -	૬,૪૫૬ ૦.૪૮	૬,૪૫૬ ૦.૦૯	૦.૦	૧.૨૦	૧.૨૦
૮.	કચ્છ	૧૫,૮૩,૨૨૫ ૬.૧૨	- -	૧,૩૦,૧૩૮ ૯.૬૯	૧,૩૦,૧૩૮ ૧.૭૪	૦.૦	૮.૨૨	૮.૨૨
૯.	બનાસકાંઠા	૨૫,૦૪,૨૪૪ ૪.૯૪	૧,૪૫,૨૭૬ ૨.૩૭	૬૦,૬૨૮ ૪.૫૧	૨,૦૫,૯૦૪ ૨.૭૫	૫.૮૦	૨.૪૨	૮.૨૨

કોઠા નં.૪.૨૬ (ચાલુ)

જિલ્લાવાર પ્રાયોજના વિસ્તારની અનુસૂચિત જનજાતિની વસતિ (૨૦૦૧ વસતિની ગણતરી)

ક્રમ	વિગત	વિગત	પ્રાયોજનવાર આવરેલી આદિવાસી વસતિ					
			પ્રાયોજના મુજબ આવરેલી	આઈ.ટી.ડી.સી. બહારની આદિવાસી વસતી	કુલ	આવરેલ આઈ.પી.ડી.પી.	છૂટાછવાયા આદિવાસી આવરેલ ટી.એસ.પી.	આદિજાતિ વસ્તી ટકાવારી
૧૦.	સાબરકાંઠા	૨૦,૮૨,૫૩૧ ૪.૧૧	૩,૯૪,૯૩૦ ૬.૪૩	૨૫,૩૧૨ ૧.૮૮	૪,૨૦,૨૪૨ ૫.૬૨	૧૮.૯૬	૧.૨૨	૨૦.૧૮
૧૧.	મહેસાણા	૧૮,૩૭,૮૯૨ ૩.૬૩	- -	૮,૯૭૫ ૦.૬૭	૮,૯૭૫ ૦.૧૨	૦.૦	૦.૪૯	૦.૪૯
૧૨.	પાટણ	૧૧,૮૨,૭૦૯ ૨.૩૩	- -	૧૨,૬૩૭ ૦.૯૪	૧૨,૬૩૭ ૦.૧૭	૦.૦	૧.૦૭	૧.૦૭
૧૩.	ગાંધીનગર	૧૩,૩૪,૪૫૫ ૨.૬૩	- -	૧૭,૬૮૧ ૧.૩૨	૧૭,૬૮૧ ૦.૨૪	૦.૦	૧.૩૨	૧.૩૨
૧૪.	અમદાવાદ	૫૮,૧૬,૫૧૯ ૧૧.૪૮	- -	૫૮,૦૩૫ ૪.૩૨	૫૮,૦૩૫ ૦.૭૮	૦.૦	૧.૦૦	૧.૦૦
૧૫.	ખેડા	૨૦,૨૪,૨૧૬ ૩.૯૯	- -	૩૨,૩૯૪ ૨.૪૧	૩૨,૩૯૪ ૦.૪૩	૦.૦	૧.૬૦	૧.૬૦
૧૬.	આણંદ	૧૮,૫૬,૮૭૨ ૩.૬૬	- -	૨૨,૮૩૫ ૧.૭	૨૨,૮૩૫ ૦.૩૧	૦.૦	૧.૨૩	૧.૨૩
૧૭.	પંચમહાલ	૨૦,૨૫,૨૭૭ ૪.૦૦	૪,૨૮,૮૧૯ ૬.૯૯	૧,૨૭,૧૮૧ ૯.૪૭	૫,૫૬,૦૦૦ ૭.૪૩	૨૧.૧૭ -	૬.૨૮ -	૨૭.૪૫ -
૧૮.	દાહોદ	૧૬,૩૬,૪૩૩ ૧૩.૨૩	૧૧,૮૨,૫૦૯ ૧૯.૨૬	૦.૦	૧૧,૮૨,૫૦૯ ૧૫.૮૧	૭૨.૨૬	૦.૦	૬૨.૨૬

કોઠા નં.૪.૨૬ (ચાલુ)

જિલ્લાવાર પ્રાયોજના વિસ્તારની અનુસૂચિત જનજાતિની વસતિ (૨૦૦૧ વસતિની ગણતરી)

ક્રમ	વિગત	વિગત	પ્રાયોજનવાર આવરેલી આદિવાસી વસતિ					
			પ્રાયોજના મુજબ આવરેલી	આઈ.ટી.ડી.સી. બહારની આદિવાસી વસતી	કુલ	આવરેલ આઈ.પી.ડી.પી.	છૂટાછવાયા આદિવાસી આવરેલ ટી.એસ.પી.	આદિજાતિ વસ્તી ટકાવારી
૧૯.	વડોદરા	૩૬,૪૧,૮૦૨ ૭.૧૯	૬,૭૩,૧૬૧ ૧૦.૯૭	૨,૯૪,૨૩૨ ૨૧.૯૧	૯,૬૭,૩૯૩ ૧૨.૯૩	૧૮.૪૮	૮.૦૮	૨૬.૫૬
૨૦.	ભરૂચ	૧૩,૭૦,૬૫૬ ૨.૭૧	૨,૬૨,૨૧૩ ૪.૨૭	૧,૮૧,૮૩૦ ૧૩.૫૪	૪,૪૪,૦૪૩ ૫.૯૪	૧૯.૧૩	૧૩.૨૭	૩૨.૪૦
૨૧.	નર્મદા	૫,૧૪,૪૦૪ ૧.૦૨	૪,૦૧,૬૫૪ ૬.૫૪	૦.૦ ૦.૦	૪,૦૧,૬૫૪ ૫.૩૭	૭૮.૦૮	૦.૦	૭૮.૦૮
૨૨.	સુરત	૪૯,૯૫,૧૭૪ ૯.૮૬	૧૨,૨૮,૪૪૭ ૨૦.૦૧	૧,૭૯,૮૨૩ ૧૩.૩૯	૧૪,૦૮,૨૭૦ ૧૮.૮૨	૨૪.૫૯	૩.૬૦	૨૮.૧૯
૨૩.	વલસાડ	૧૪,૧૦,૫૫૩	૭,૪૨,૪૭૮	૨૯,૯૨૭	૭,૭૨,૪૯૫	૫૨.૬૪	૨.૧૨	૫૪.૭૬
૨૪.	નવસારી	૧૨,૨૯,૪૬૩ ૨.૪૩	૫,૦૩,૬૭૯ ૮.૨૧	૮૭,૪૮૫ ૬.૫૧	૫,૯૧,૧૬૪ ૭.૯૦	૪૦.૯૭	૭.૧૨	૪૮.૦૮
૨૫.	ડાંગ	૧,૮૬,૭૨૯ ૦.૩૭	૧,૭૫,૦૭૯ ૨.૮૫	૦.૦ . ૦.૦	૧,૭૫,૦૭૯ ૨.૩૪	૯૩.૭૬	૦.૦	૯૩.૭૬
	કુલ	૫,૦૬,૭૧,૦૧૭ ૧૦૦.૦૦	૬૧,૩૮,૨૪૫ ૧૦૦.૦૦	૧૩,૪૨,૯૧૫ ૧૦૦.૦૦	૭૪,૮૧,૧૬૦ -	૧૨.૧૧ -	૨.૬૪ -	૧૪.૭૬ -

કોઠા નં.૪.૨૭ (ચાલુ)

આદિજાતિ વિકાસ યોજના ટી.એ.એસ.પી. અંતર્ગત આવરેલ તાલુકા વિસ્તાર (૨૦૦૧ વસ્તી ગણતરી)

ક્રમ	પ્રોજેકટનું મુખ્ય મથક	જિલ્લાનું નામ	તાલુકા પોકેટસ કલ્સટર	કુલ ગામોની સંખ્યા	ચો.કિ.મી. આવેલ વિસ્તાર	વિગત		
						કુલ	આદિજાતિ વસ્તી	ટકાવારી
૧.	ખેડબ્રહ્મા	સાબરકાંઠા	ખેડબ્રહ્મા	૧૩૭	૮૪૬	૨,૨૩,૫૦૨	૧,૫૩,૭૦૪	૬૮.૭૭
			વિજયનગર	૮૫	૪૫૬	૯૦,૭૬૬	૬૮,૫૪૫	૭૫.૫૨
			ભીલોડા	૧૬૮	૭૨૦	૨,૦૬,૧૬૮	૧,૧૪,૦૦૭	૫૫.૩૦
			મેઘરજ	૧૨૯	૫૪૫	૧,૪૧,૮૫૩	૫૧,૬૧૨	૩૬.૩૮
			(અ) ચોરીવાડ (કેશરપુરા)(ઈડર)	૯	૭૮	૧૭,૨૯૧	૭,૦૬૨	૪૦.૮૪
			કુલ	**૫૨૮**	**૨,૬૪૫**	**૬,૭૯,૫૮૦**	**૩,૯૪,૯૩૦**	**૫૮.૧૧**
૨.	દાહોદ	દાહોદ	દાહોદ	૮૫	૮૭૫	૩,૬૮,૪૮૪	૨,૭૩,૪૬૯	૭૪.૨૧
			ગરબાડા	૩૪	૨૫૭	૧,૪૨,૪૪૮	૧,૩૪,૩૭૮	૯૪.૩૩
			ઝાલોદ	૧૫૧	૭૯૮	૩,૬૦,૫૫૩	૩,૧૯,૪૪૩	૮૮.૬૦
			ફતેપુરા	૯૬	૩૦૨	૧,૮૫,૪૧૯	૧,૭૦,૯૮૨	૯૨.૨૧
			લીમખેડા	૧૫૨	૧,૦૬૪	૨,૩૯,૩૫૭	૧,૪૬,૭૬૪	૬૧.૩૨
			દેવગઢબારીયા	૯૧	૧,૧૪૫	૨,૦૮,૧૯૮	૪૮,૧૮૫	૨૩.૧૪
			ધાનપુર	૯૦	૪૬૬	૧,૩૧,૯૭૪	૮૯,૨૮૮	૬૭.૬૬
			કુલ	**૬૯૯**	**૪,૯૦૭**	**૧૬,૩૬,૪૩૩**	**૧,૧૮,૨૫૨**	**૭૨.૨૬**

કોઠા નં.૪.૨૭ (ચાલુ)

આદિજાતિ વિકાસ યોજના ટી.એ.એસ.પી. અંતર્ગત આવરેલ તાલુકા વિસ્તાર (૨૦૦૧ વસ્તી ગણતરી)

ક્રમ	પ્રોજેકટનું મુખ્ય મથક	જિલ્લાનું નામ	તાલુકા પોકેટસ કલ્સટર	કુલ ગામોની સંખ્યા	ચો.કિ.મી. આવેલ વિસ્તાર	વિગત		
						કુલ	આદિજાતિ વસ્તી	ટકાવારી
૩.	ગોધરા	પંચમહાલ	સંતરામપુર	૧૬૨	૧,૩૬૦	૨,૧૯,૦૪૧	૧,૫૭,૮૫૨	૭૨.૦૭
			કડાણા	૧૩૬	૪૨૮	૧,૧૦,૩૮૯	૮૦,૮૧૦	૭૩.૨૦
			ઘોઘંબા	૯૫	૭૪૭	૧,૭૯,૬૫૯	૭૨,૧૨૩	૪૦.૧૪
			મોરા (ગોધરા)	૩૧	૧૯૪	૮૩,૮૦૫	૫૦,૭૩૧	૬૦.૫૩
			કાઠોલા (હાલોલ)	૬૧	૨૨૪	૬૪,૩૮૯	૩૪,૬૫૦	૫૩.૮૧
			ગોવિંદી (ગોધરા)	૨૧	૯૦	૩૨,૪૨૮	૧૭,૪૫૧	૫૩.૮૧
			કારોલી (કાલોલ)	૩	૨૯	૧૦,૮૯૦	૭,૩૮૬	૬૭.૮૨
			જંબુઘોડા	૨૩	૫૯	૧૩,૭૨૭	૭,૮૧૬	૫૬.૯૪
			કુલ	**૫૩૨**	**૩,૧૩૧**	**૭,૧૪,૩૨૮**	**૪,૨૮,૮૧૯**	**૬૦.૦૩**
૪.	છોટાઉદેપુર	વડોદરા	છોટાઉદેપુર	૧૪૫	૭૬૮	૨,૦૨,૬૯૭	૧,૭૫,૪૮૦	૮૬.૫૭
			નવસારી	૨૧૭	૫૩૫	૧,૨૪,૮૨૮	૧,૦૭,૫૪૭	૮૬.૧૬
			કવાંટ	૧૩૩	૬૦૫	૧,૭૦,૫૨૪	૧,૫૭,૭૩૮	૯૨.૫૦
			જેતપુરપાવી(જબુગામ)	૫૧૧	૮૦૬	૨,૨૫,૮૯૪	૧,૭૫,૧૮૩	૭૭.૫૫
			વડાલી (સંખેડા)	૫૩	૧૭૨	૩૭,૮૩૮	૨૬,૦૨૮૮	૬૮.૯૫
			ભાટપુર	૬૧	૨૫૦	૫૫,૨૯૬	૩૧,૧૨૫	૫૬.૨૯
			કુલ	**૮૨૦**	**૩,૧૩૬**	**૮,૧૭,૦૭૭**	**૬,૭૩,૧૬૧**	**૮૨.૩૯**

કોઠા નં.૪.૨૭ (ચાલુ)

આદિજાતિ વિકાસ યોજના ટી.એ.એસ.પી. અંતર્ગત આવરેલ તાલુકા વિસ્તાર (૨૦૦૧ વસ્તી ગણતરી)

ક્રમ	પ્રોજેકટનું મુખ્ય મથક	જિલ્લાનું નામ	તાલુકા પોકેટસ કલ્સટર	કુલ ગામોની સંખ્યા	ચો.કિ.મી. આવેલ વિસ્તાર	વિગત		
						કુલ	આદિજાતિ વસ્તી	ટકાવારી
૫.	રાજપીપળા	નર્મદા	ડેડીયાપાડા	૨૧૪	૧,૦૨૪	૧,૪૩,૫૭૪	૧,૩૭,૫૫૩	૯૫.૮૧
			સાગબારા	૯૮	૩૬૪	૮,૩૬૩૩	૭૪,૯૮૦	૮૯.૬૫
			નાંદોદ	૨૦૪	૧,૦૯૧	૨,૩૧,૧૩૮	૧,૫૯,૪૪૩	૬૮.૯૮
			તીલકવાડા	૯૭	૨૪૫	૫૬,૦૫૯	૨૯,૬૭૮	૫૨.૯૪
			કુલ	**૬૧૩**	**૨,૭૨૪**	**૫,૧૪,૪૦૪**	**૪,૦૧,૬૫૪**	**૭૮.૦૮**
૬.	ભરૂચ	ભરૂચ	વાલીયા	૯૬	૫૧૪	૧,૩૦,૫૮૭	૯૬,૧૭૯	૭૩.૬૫
			ઝઘડીયા	૧૬૮	૮૧૩	૧,૭૨,૫૫૩	૧,૧૫,૪૫૮	૬૬.૯૧
			અંકલેશ્વર	૩૮	૨૨૬	૧,૧૦,૨૪૮	૩૬,૧૦૮	૩૨.૭૫
			આમોદ(માદા પોકેટ)	૧૬	૮૫	૧૪,૧૩૧	૭,૬૪૩	૫૪.૦૯
			ઉત્તરજ (હાંસોટ)	૧૩	૯૨	૧૨,૭૬૮	૬,૮૨૫	૫૩.૪૫
			કુલ	**૩૩૧**	**૧,૭૩૦**	**૪,૪૦,૨૮૭**	**૨,૬૨,૨૧૩**	**૫૯.૫૬**
૭.	સોનગઢ	સુરત-૧	સોનગઢ	૧૭૯	૧,૧૯૨	૨,૦૪,૨૭૦	૧,૭૦,૪૬૪	૮૩.૪૫
			ઉચ્છલ	૬૮	૬૨૨	૭,૩૦૪૨	૭૧,૦૮૪	૯૭.૩૨
			વ્યારા	૧૫૦	૮૧૩	૨,૪૯,૮૧૦	૨,૧૧,૬૧૧	૮૪.૭૫
			વાલોડ	૪૦	૨૦૨	૮૭,૧૨૭	૬૪,૧૧૨	૪૩.૫૦
			નિઝર	૮૭	૩૯૬	૧,૦૫,૩૮૫	૮૩,૮૪૩	૭૯.૫૬
			કુલ	**૫૨૪**	**૩,૨૨૫**	**૭,૧૯,૬૩૪**	**૬,૦૧,૧૧૪**	**૮૩.૫૩**

કોઠા નં.૪.૨૭ (ચાલુ)

આદિજાતિ વિકાસ યોજના ટી.એ.એસ.પી. અંતર્ગત આવરેલ તાલુકા વિસ્તાર (૨૦૦૧ વસ્તી ગણતરી)


ક્રમ	પ્રોજેકટનું મુખ્ય મથક	જિલ્લાનું નામ	તાલુકા પોકેટસ કલ્સટર	કુલ ગામોની સંખ્યા	ચો.કિ.મી. આવેલ વિસ્તાર	વિગત		
						કુલ	આદિજાતિ વસ્તી	ટકાવારી
૮.	માંડવી	સુરત-૨	માંડવી	૧૪૯	૭૨૩	૧,૮૫,૯૧૧	૧,૪૦,૮૦૦	૭૫.૭૪
			મહુવા	૬૯	૩૫૪	૧,૪૨,૪૩૪	૧,૧૨,૬૫૫	૭૯.૦૯
			બારડોલી	૮૬	૩૬૯	૨,૧૦,૭૮૯	૯૯,૨૧૩	૪૭.૦૭
			માંગરોળ	૯૪	૫૧૧	૧,૭૧,૫૨૪	૯૦,૩૭૦	૫૨.૬૯
			ઉમરપાડા	૬૩	૨૭૧	૬૮,૨૮૮	૬૫,૮૬૭	૯૬.૪૫
			કામરેજ	૬૦	૩૦૮	૧,૧૭,૯૦૫	૫૨,૭૯૭	૪૪.૭૮
			પલસાના	૪૩	૧૭૦	૭૭,૧૩૬	૩૮,૭૫૨	૫૦.૨૪
			ઓલમાડ	૩૮	૧૭૭	૫૧,૯૨૭	૨૧,૫૮૮	૪૧.૫૭
			વાંઝ (ચોર્યાસી)	૮	૨૮	૧૩,૨૦૧	૫,૨૯૧	૪૦.૦૬
			કુલ	**૬૧૦**	**૨,૯૧૧**	**૧૦,૩૯,૧૧૫**	**૬,૨૭,૩૩૩**	**૬૦.૩૭**
૯.	વાંસદા	નવસારી	વાંસદા	૯૫	૬૦૦	૨,૦૧,૨૮૮	૧,૮૧,૭૮૫	૯૦.૩૧
			ચીખલી	૯૨	૫૭૫	૨,૯૩,૦૧૪	૨,૦૫,૨૭૫	૭૦.૦૬
			રાહેજ(ગણદેવી)	૩૨	૧૨૯	૬૯,૭૩૧	૩૯,૬૩૦	૫૬.૮૩
			સીસોદરા(ગણેશ) (નવસારી)	૭૫	૨૮૩	૧,૮૧,૬૮૪	૭૬,૯૮૯	૪૨.૩૯
			કુલ	**૨૯૪**	**૧,૫૮૭**	**૭,૪૫,૭૧૭**	**૫,૦૩,૬૭૯**	**૬૭.૫૪**

કોઠા નં.૪.૨૭ (ચાલુ)

આદિજાતિ વિકાસ યોજના ટી.એ.એસ.પી. અંતર્ગત આવરેલ તાલુકા વિસ્તાર (૨૦૦૧ વસ્તી ગણતરી)

ક્રમ	પ્રોજેકટનું મુખ્ય મથક	જિલ્લાનું નામ	તાલુકા પોકેટસ કલ્સટર	કુલ ગામોની સંખ્યા	ચો.કિ.મી. આવેલ વિસ્તાર	વિગત		
						કુલ	આદિજાતિ વસ્તી	ટકાવારી
૧૦.	વલસાડ	વલસાડ	ધરમપુર	૧૦૬	૭૧૩	૧,૮૦,૩૮૬	૧,૬૫,૬૭૨	૯૧.૮૪
			ઉમરગામ	૫૧	૩૬૧	૨,૩૬,૨૪૭	૧,૧૫,૩૯૨	૪૮.૮૪
			પારડી	૮૨	૪૨૬	૪,૦૫,૯૦૨	૧,૫૮,૭૮૬	૩૯.૧૨
			કપરાડા	૧૩૨	૯૩૭	૨,૦૨,૮૬૨	૧,૮૯,૯૩૯	૯૩.૬૩
			અલગામ (વલસાડ)	૪૩	૨૧૭	૧,૨૫,૭૧૭	૬૫,૪૮૨	૫૨.૦૯
			રણવેલ	૩૦	૧૫૭	૭૭,૮૨૭	૪૭,૨૧૭	૬૦.૬૭
			કુલ	૪૪૪	૨,૮૧૧	૧૨,૨૮,૯૪૧	૭,૪૨,૪૭૮	૬૦.૪૨
૧૧.	આહવા	આહવા	ડાંગ	૩૧૧	૧,૭૬૪	૧,૮૬,૭૨૯	૧,૭૫,૦૭૯	૯૩.૭૬
			કુલ	૩૧૧	૧,૭૬૪	૧,૮૬,૭૨૯	૧,૭૫,૦૭૯	૯૩.૭૬
૧૨.	પાલનપુર	બનાસકાંઠા	અમીરગઢ (પાલનપુર)	૫૪	૫૦૯	૧,૦૧,૧૩૩	૫૩,૮૦૮	૫૩.૨૧
			દાંતા	૧૨૪	૫૬૨	૧,૭૩,૩૬૬	૯૧,૪૬૮	૫૨.૭૬
			કુલ	૧૭૮	૧,૦૭૧	૨,૭૪,૪૯૯	૧,૪૫,૨૭૬	૫૨.૯૨
			ગ્રાન્ડ ટોટલ	૫,૮૮૪	૩૧,૬૪૨	૮૯,૯૬,૭૪૪	૬૧,૩૮,૨૪૫	૬૮.૨૩

Tribal Sub Plan Area
COMMUNITY FACILITIES
1992



PACHHORA

આદિવાસી વિસ્તાર માટેની પેટાયોજનાનો ઉદ્દેશ રાજયમાંના આદિવાસી પ્રદેશ અને એમાં વસતા લોકોના વિકાસની પ્રક્રિયા વેગીલી બનાવવા સંગઠિત પગલાં લેવાની જરૂરત પર ધ્યાન કેન્દ્રિત કરવાનો હતો. આ ઉદ્દેશોમાં રાજયના આદિવાસી વિસ્તાર અને અન્ય વિસ્તાર વચ્ચેનો વિકાસ ગાળો ઘટાડવો, આદિવાસી લોકોને નડતા પ્રશ્નો અને સમસ્યાનો ઉકેલ આણવો, આદિવાસી લોકોનું જીવનધોરણ ઊંચુ લાવવું, આર્થિક અને સામાજિક જરૂરિયાતને પહોંચી વળવું, જંગલો ઊભા કરવાં અને જંગલની કુદરતી સંપત્તિ ઊભી કરવી, તેમજ ઔદ્યોગિક ભૂમિકા પૂરી પાડવી તથા વિકસાવવી અને વૃદ્ધિ કરવા જરૂરી પગલાં લેવાં. આદિજાતિ સમાજવિદ્યાના સંશોધન અને પૂરતી પ્રોત્સાહક અને સંઘટન વિષયક સહાયની જોગવાઈ કરવી તેમજ જંગલની ગૌણપેદાશોના ખરીદ-વેચાણમાં આદિવાસીઓનું શોષણ રોકવું વગેરે મુખ્ય હેતુ હતા.

આ પેટા યોજનામાં ગુજરાત સરકારે અપનાવેલો સામાન્ય અભિગમ આદિવાસીઓના વિકાસ ઉપર લક્ષ કેન્દ્રિત કરવાનો છે.

વિકાસની દ્રષ્ટ્રિએ રાજયના આદિવાસી વિસ્તારોને મુખ્યત્વે નીચેના ચાર વિભાગોમાં વિભાજિત કરવામાં આવ્યા છે જેથી વિકાસ કાર્યક્રમોનો સઘન અમલ થઈ શકે.

(૧) આદિવાસી સંકલિત વિસ્તાર

(૨) આદિવાસી પોકેટ વિસ્તાર

(૩) વેરવિખેર આદિવાસીઓ

(૪) આદિમજૂથો

(૧) આદિવાસી સંકલિત વિસ્તાર :

રાજયના ૪૩ તાલુકાઓમાં આદિવાસીઓની વસ્તી ૫૦ ટકા કરતાં વધુ છે. આ વિસ્તારોને આદિવાસી વિસ્તાર પેટાયોજના હેઠળ આવરી લેવામાં આવ્યા છે. રાજયના કુલ ૧,૯૬,૦૨૪ ચો.કિ.મી.ના કુલ વિસ્તાર પૈકી ૨૯,૪૨૯ ચો.કિ.મી.નો વિસ્તાર આદિજાતિ પેટાયોજના હેઠળ આવરી લેવામાં આવ્યો છે. આમ તો રાજયના કુલ ભૌગોલિક વિસ્તારના ૧૫.૦૦ ટકા વિસ્તારને તે આવરી લે છે. રાજયની ૭૪.૮૧ લાખની કુલ આદિવાસી વસ્તી પૈકી આશરે ૪૦ લાખ કરતાં વધુ આદિવાસી વસ્તીને આવરી લે છે. પેટાયોજના વિસ્તાર હેઠળની આદિવાસી વસતી રાજયની કુલ આદિજાતિ વસ્તીના ૮૦ ટકા કરતા વધુ થાય છે.

આ પેટા યોજનાના આયોજન માટે નીચલી કક્ષાએ તાલુકાને એકમ તરીકે ગણ્યો છે. આદિજાતિ વિસ્તાર પેટા યોજનાઓનો પ્રદેશ વચલી કક્ષાએ સ્વનિર્ભર પ્રાયોજના વિસ્તારોમાં વહેંચી નાંખવામાં આવ્યો છે. આ પ્રયોજનાઓના મુખ્ય મથકો પણ દરેક પ્રાયોજના વિસ્તારની મધ્યમાં રાખવામાં આવ્યાં છે. આદિજાતિ વિસ્તાર પેટાયોજનાની વિગતવાર માહિતી પરિશિષ્ટ-૭માં આપેલી છે.

(૨) આદિવાસી પોકેટ વિસ્તાર :

છઠ્ઠી પંચવર્ષીય યોજના પ્રમાણે જે વિસ્તારમાં આદિવાસીઓની વસતી ૫૦ ટકા નથી, પરંતુ એવા

વિસ્તારો કે જેમાં આદિવાસીઓની વસતી ૧૦,૦૦૦ની હોય તેવા વિસ્તારોનો પોકેટ્સ (લઘુ વિસ્તાર)માં સમાવેશ કરવામાં આવ્યો છે. રાજયમાં કુલ ૧૫ પોકેટ્સ નક્કી કરવામાં આવ્યાં છે. પરંતુ સાતમી પંચવર્ષીય યોજનામાં પંચમહાલ અને વલસાડ જિલ્લાના બીજા કેટલાંક વિસ્તારોનો પોકેટ્સમાં સમાવેશ કરવામાં આવ્યો છે. આદિવાસી પોકેટ માટે બે માપદંડો મુકરર કરવામાં આવ્યા છે.

+ પોકેટ્સની વસ્તી ૧૦,૦૦૦ની હોય અને તેમાંથી ૫૦ ટકા વસ્તી આદિવાસીઓની હોવી જોઈએ.

+ પોકેટ એ કોઈ પણ એક તાલુકાનો સળંગ ભાગ હોવો જોઈએ.

પોકેટ્સની વિગત પરિશિષ્ટ-૮માં આપેલી છે.

(૩) વેરવિખેર આદિવાસીઓ :

રાજયની કુલ ૭૪.૮૧ લાખ આદિવાસી વસ્તીમાંથી આદિવાસી વિસ્તાર પેટાયોજના હેઠળ સમાવાયેલી વસ્તીને બાદ કરતાં બાકીની વસ્તી છૂટીછવાયી-વેરવિખેર રહે છે. આવા વેરવિખેર આદિવાસીઓમાં મુખ્યત્વે હળપતિ-તલાવિયાઓની સંખ્યા વધુ છે, અને તેઓ મોટે ભાગે ખેતમજૂરો અને બિન-કુશળ કારીગરો છે. આ વિસ્તારના આદિવાસીઓનો આર્થિક વિકાસ કાર્યક્રમ સામાન્ય યોજના અંતર્ગત કરવામાં આવે છે અને મુખ્યત્વે આમાં કુટુંબલક્ષી(Family Oriented) કાર્યક્રમો ઉપર ભાર મૂકવામાં આવે છે.

(૪) આદિમજૂથો :

ઇંડી પંચવર્ષીય યોજનામાં રાજયની પાંચ અલ્પ અવસ્થામાં જીવન વ્યતીત કરતી કાથોડી, કોલઘા, કોટવાળિયા, પઢાર અને સીદી જાતિઓને 'આદિમ' જૂથમાં કેન્દ્ર સરકાર દ્વારા ગણવામાં આવેલ છે. આ પાંચેય જાતિ આર્થિક રીતે ઘણી પછાત છે. તેમનામાં શિક્ષણનું પ્રમાણ ઘણું નીચું છે. આ જાતિઓના વિકાસ કાર્યક્રમો માટે ૧૦૦ ટકા કેન્દ્ર સરકાર દ્વારા સહાયની જોગવાઈ છે.

આમ ભારત દેશમાં ગુજરાતમાં, જિલ્લાઓમાં અને તાલુકાઓમાં આદિવાસી વસ્તીનું ચિત્ર જોયા બાદ પ્રથમ પંચવર્ષીય યોજનાથી શરૂ કરી આઠમી પંચવર્ષીય યોજનામાં આદિવાસી કલ્યાણ અને આદિવાસી વિકાસ માટે શું કરવામાં આવ્યું છે તેનો ચિતાર મેળવ્યો. તેમજ અભ્યાસ હેઠળ આવરી લેવાયેલ કુટુંબો અંગેની માહિતી મેળવી. હવે પછી અભ્યાસ હેઠળ આવરી લેવાયેલ ૧૪૦ કુટુંબોમાં આવરી લેવાયેલી સાત જાતિ કુકણા, વસાવા, હળપતિ-તલાવિયા, કોટવાળિયા, વારલી, કોલચા, ડુંગરી ગરાસિયા, સોકલા ગરાસિયાનું સામાન્ય જીવન પહેરવેશ,ખોરાક, આર્થિક જીવન, સામાજિક જીવન, તહેવારો વગેરેમાં દરેક જાતિની પોતાની આગવી વિશિષ્ટતા છે. તે વિશિષ્ટતાને ધ્યાનમાં રાખીને જ જે તે જાતિનો વિકાસ કરી શકાયનું શક્ય છે. આથી આ જાતિઓના લોકજીવન, રહેણીકરણી વિષે તથા તેમના સાંસ્કૃતિક અને કૌટુંબિક જીવન વિશે માહિતી મેળવવી જોઈએ અને પછી જ તેમના વિકાસ માટેની યોજનાઓની રૂપરેખા ઘડવી જોઈએ.

કોઠા નં.૪.૨૮

આદિવાસી વિકાસ યોજનાઓમાં છેવાડાની વ્યક્તિ-વંચિતોના અભ્યાસમાં આવરી લીધેલા વિસ્તારો, ગામો અને જાતિવાર કુટુંબ સંખ્યા (ટકાવારીમાં)

ક્રમ	વિસ્તાર-જિલ્લો	તાલુકો	ગામ	વસાવા	કોટવાળિયા	હળપતિ-તલાવિયા	કુંકણા	વારલી	કોલચા	ડુંગરી ગરાસિયા	કુલ કુટુંબો
૧.	નર્મદા	ડેડીયાપાડા	કોલીવાડા	૧૫	૧૦	-	-	-	-	-	૨૫
૨.	નર્મદા	નાંદોદ	પાઈચા	૨૫	-	-	-	-	-	-	૨૫
૩.	ભરૂચ	જંબુસર	મગણાદ	-	-	૧૫	-	-	-	-	૧૫
૪.	ભરૂચ	આમોદ	તણછા	૧૦	-	૧૫	-	-	-	-	૧૫
૫.	વલસાડ	ધરમપુર	પીંડવડ	-	-	-	૧૦	૫	-	-	૧૫
૬.	વલસાડ	કપરાડા	ગિરનારા	-	-	-	૧૦	-	૫	-	૧૫
૭.	બનાસકાંઠા	દાંતા	બેગડીયા	-	-	-	-	-	-	૧૫	૧૫
૮.	બનાસકાંઠા	દાંતા	પીંપળાવાડી-વાવ	-	-	-	-	-	-	૧૫	૧૫
	કુલ			૫૦	૧૦	૨૦	૨૦	૫	૫	૩૦	૧૪૦
	ટકા			૩૬.૦૦	૭.૦૦	૧૪.૦૦	૧૪.૦૦	૪.૦૦	૪.૦૦	૨૧.૦૦	૧૦૦.૦૦

આદિવાસી વિકાસ યોજનાઓમાં છેવાડાની વ્યક્તિ-વંચિતોના અભ્યાસમાં આવરી લીધેલા વિસ્તારો, ગામો અને જાતિવાર કુટુંબ સંખ્યા ટકાવારીમાં જે દર્શાવાઈ છે તેમાં રાજયના પૂર્વપટ્ટીના આદિવાસી વિસ્તારોમાંથી, દક્ષિણ ગુજરાતના વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકાનું પીંડપડ અને કપરાડા તાલુકાનું ગિરનારા ગામોમાંથી એ વિસ્તારોમાં વસવાટી એવી કુંકણા,. વારલી, કોલચા જાતિઓને સમાવાય હતી. મધ્ય ગુજરાતમાંથી ભરૂચ જિલ્લાના જંબુસર તાલુકાનું મગણાદ અને આમોદ તાલુકાનું તણછા એમ એ બે ગામોમાંથી એ વિસ્તારોની મહત્ત્વની વસવાટી એવી હળપતિ-તલાવિયા અને વસાવા જાતિઓને સમાવી હતી. એ સિવાય મધ્ય ગુજરાતના છેક પૂર્વના વિસ્તારમાંથી નર્મદા જિલ્લાના ડેડીયાપાડા તાલુકાનું કોલીવાડા અને (નાંદોદ) રાજપીપળા તાલુકાનું પોઈચા વગેરે ગામોમાંથી બહુ સંખ્યા વસવાટી એવી વસાવા જાતિ અને કોટવાળિયા જાતિઓને સમાવી હતી.જયારે ઉત્તર ગુજરાતમાંથી બનાસકાંઠા જિલ્લાના દાંતા તાલુકામાંથી બેગડીયા અને પીંપળાવાળી વાવ એ બે ગામોમાંથી ઉત્તર ગુજરાતની જાણીતી એવી ડુંગરી ગરાસિયા જાતિને સમાવીને અભ્યાસમાં આવરી લેવાઈ હતી.

ઉપરોક્ત વિસ્તાર, તાલુકાઓ અને ગામોમાંથી કુલ સાતેક જેટલી આદિવાસી જાતિઓના બધા મળીને ૧૪૦ જેટલા કુટુંબોને મળીને, તેમની પાસેથી વિકાસ યોજનાઓ સંદર્ભે અને તેમની પરિસ્થિતિ સંબંધી માહીતી એકત્રીત કરાઈ હતી. તેમની વંચિતતાની પરિસ્થિતિ અંગેના કેટલાક તેમના અભિપ્રાયો પણ જાણવાની કોશીશ કરી હતી. આવરેલા વિસ્તારો-ગામોમાંથી એ વિસ્તારોમાં જે જાતિઓની વસતિ વસે છે. તેને અચૂકપણે મળીને તેમને જે સંબંધિત માહિતી આપી છે. જે વંચિતતાની માટે જે કારણો તેમણે આપ્યા છે. તે આગળના પ્રકરણમાં સમાવવાનો યથા યોગ્ય પ્રયાસ કર્યો છે. બીજી કેટલીક વંચિતતાની પરિસ્થિતિ ગુજરાતના પૂર્વપટ્ટીના આદિવાસી વિસ્તારોમાંથી આગળ કરાયેલા અભ્યાસોને અનુસંધાને મળેલી વિગતોમાંની છે. એમાં બીજા ઘણા આદિવાસી સમૂદાયોમાંથી જાણંવા મળેલી છે. કેટલીક વિગતો આદિવાસી વસ્તી ધરાવતી સંકલિત વિસ્તારો, છૂટાછવાયા આદિવાસીઓ શહેરી વિસ્તારોમાં વસવાટી સમૂદાયો, આદિમજૂથો વગેરેની પણ જાણીને મૂકવામાં આવી છે. જે તેમનું પણ આ વંચિતોના અભ્યાસમાં પ્રતિબિંબ પાળે છે.

આદિવાસી વિકાસ યોજનાઓમાં છેવાડાની વ્યક્તિ-વંચિતોના અભ્યાસ હેઠળ આવરી લીધેલા વિસ્તારો, ગામોનો આગળ પરિચય મેળવ્યો. તેની સાથે સાથે આવરી લીધેલા જુદી જુદી જાતિઓના કુટુંબોનો પરિચય જોઈએ તો આવરી લીધેલ ગામોમાંથી નર્મદા અને ભરૂચ જિલ્લાઓમાંથી વસાવા જાતિ તેમજ કોટવાળિયા જાતિના કુટુંબો મહદ્‌અંશે આવરી લીધા હતા. એ સિવાય ભરૂચ (જંબુસર-અમોદ તાલુકાઓમાંથી ખાસ કરીને હળપતિ-તલાવિયા જે રાઠોડ અટકથી ઓળખ ધરાવે છે તેને સમાવાયા હતા. વલસાડ જિલ્લાના ધરમપુરમાંથી કુંકણા, વારલી અને કપરાડા તાલુકામાંથી કુંકણા, કોલઘાને સમાવાયા હતા. આ બધા જ કુટુંબો મહદ્‌અંશે ગરીબી રેખા હેઠળ અને તેની આસપાસની આર્થિક સ્થિતિ ધરાવતા જાણવા મળ્યા હતા.

અભ્યાસમાં આવરેલ જુદી જુદી જાતિઓમાંથી ગામ પ્રમાણે તેમની કેટલીક સામાન્ય માહિતી

મેળવાઈ હતી. જેમાં કુટુંબના સભ્યોની જાતિવાર સભ્ય સંખ્યા, તેમની શૈક્ષણિક પરિસ્થિતિ તેમજ તેમણી વસવાટી ઘરોની સ્થિતિની જાણકારી પ્રાપ્ત થઈ હતી.જેમાં વિગતથી જોઈએ તો સમગ્ર ગામોમાંથી મેળવેલ શૈક્ષણિક સ્થિતિમાં માત્ર શિક્ષિતો ૨૯.૧૪ ટકા જેટલા જ જણાયા હતા. અશિક્ષિતો હજુ ૭૦.૮૬ ટકા જેટલા જાણવા મળ્યા હતા. હજુ પણ છેવાડાની સુધી શિક્ષણ પ્રત્યે જોઈએ તેવી જાગૃતિ જણાઈ નથી. જે આ ચિત્ર પરથી ખ્યાલ આવે છે.

એ જ રીતે વસવાટી મકાનોની સ્થિતિ બદતર છે. માત્ર કુલ ૧૪૦માંથી ૧૭ જેટલા મકાનો જ પાકા કે થોડી સુવિધાવાળા જાણવા મળ્યા હતા. બાકી તદ્દન સામાન્ય ઝૂંપડાવાળા જ વસવાટો હજુ તેઓ ધરાવે છે. સમગ્ર આદિવાસી વિસ્તારોમાં જગ્યા જગ્યા ઉપર આવાસ યોજનાઓ હોવા છતાં તેના લાભો હજુ આ છેવાડાના માણસો સુધી પહોંચી શક્યા નથી. તેવુ આ ઘરોની કુટુંબોની વિગતો પરથી લાગ્યા વિના રહેતું નથી.

કોઠા નં.૪.૨૯

આવરી લીધેલ જાતિઓ અને જાતિવાર વસવાટી ઘરો

ક્રમ	ગામ	કુટુંબની સભ્ય સંખ્યા			શૈક્ષણિક સ્થિતિ			વસાવા	કોટવાળિયા	રાઠોડ	કુંકણા	વારલી	કોલઘા	ડુંગરી ગરાસીયા
		પુરૂષ	સ્ત્રી	કુલ	શિક્ષિત	અશિક્ષિત	કુલ	કાચા- પાકા	કાચા-પાકા					
૧.	કોલીવાડા	૬૭	૬૪	૧૩૧	૪૨	૮૯	૧૩૧	૧૦+૫	૬+૪	-	-	-	-	-
૨.	પોઈપા	૫૮	૫૧	૧૦૯	૪૪	૬૫	૧૦૯	૧૭+૮	-	-	-	-	-	-
૩.	મગણાદ	૩૭	૩૦	૬૭	૨૦	૪૭	૬૭	-	-	૧૫	-	-	-	-
૪.	તણછા	૪૩	૩૧	૭૪	૧૯	૫૫	૭૪	૯	-	૬	-	-	-	-
૫.	પીંડવળ	૫૦	૪૦	૯૦	૩૦	૬૦	૯૦	-	-	-	૧૩	૨	-	-
૬.	ગિરનારા	૪૯	૩૮	૮૭	૨૦	૬૭	૮૭	-	-	-	૯	-	૬	-
૭.	બેગડીયાવાસ	૫૨	૪૨	૯૪	૨૩	૭૧	૯૪	-	-	-	-	-	-	૧૫
૮.	પીંપળાવાળી વાવજ	૪૪	૩૫	૭૯	૧૫	૬૪	૭૯	-	-	-	-	-	-	૧૫
	કુલ	૪૦૦	૩૩૧	૭૩૧	૨૧૩	૫૧૮	૭૩૧	૩૬+૧૩	૬+૪	૨૧	૨૨	૨	૬	૩૦
	ટકા	૫૪.૭૨	૪૫.૨૮	૧૦૦	૨૯.૧૪	૭૦.૮૬	૧૦૦							

છેવાડાના અભ્યાસના કુટુંબોમાંથી તેમની જમીન, વ્યવસાયો અને તેમની પશુઓ અંગેની પણ કેટલીક વિગતો જાણવા અને તેની માહિતી મેળવવા પ્રયત્ન કર્યો હતો. જેમાં આઠેય ગામોમાંથી ૫૧.૪૨ જેટલા કુટુંબોને ખૂબજ ઓછી જમીન હતી. તે પણ બિનસંચિત અને પથ્થરાળ, ઢોળાવવાળી, પાતડા-હલકા જમીનના પડ ધરાવતી જાણવા મળી હતી. તે પણ નાની કયારીઓ કે ટૂંકડા માત્રમાં હોય તેવી હતી. જેમાંથી સમગ્ર કુટુંબને બારેમાસ તો શું બે ચાર માસનું અનાજ આપી શકે નહીં તેવી જણાઈ હતી. ૪૯ ટકા કુટુંબો જમીન વિહોણા ખેતમજૂરી, પશુપાલન અને અન્ય એવા નાના વ્યવસાયો કરીને જીવનનિર્વાહ ગોઠવતા હતા. તેમની વ્યવસાયિક સ્થિતિ વર્ષો વર્ષથી સારી ન કહી શકાય તેવી છે. તેમને ખેતીમાંથી ખાસ પ્રાપ્ત થતું નથી, તેમ ખેતમજૂરીમાંથી મજૂરી દરો ઓછા હોઈ ચાલી રહેતું નથી. થોડુ પશુપાલનથી ચલાવે તે પણ બહુ સારી પશુ સાર સંભાળ કે પરિસ્થિતિ ન હોય નામ માત્રનું થોડુ મળે. અન્ય વ્યવસાયોની તકો ન હોઈ વર્ષનો ઘણો સમય બેસી રહીને કે સ્થળાંતર મજૂરીથી ચલાવવું પડે છે.

તેમની જમીન ઉત્પાદકતા કે વ્યવસાયો અને પશુપાલનની સિંચિત વિસ્તારો ન હોવાથી બહુ સારી અવસ્થામાં જોવા મળતા નથી. થોડો ઘણો નિભાવ માત્ર તે દ્વારા શક્ય હોય તેવી આખીય પરિસ્થિતિ અભ્યાસના આ બધા જ વિસ્તારો-ગામોથી જોવા મળે છે.

કોઠા નં.૪.૩૦

ક્રમ	ગામ	જમીન			વ્યવસાય			પશુ ધરાવતા કુટુંબો				
		હા	ના	કુલ	ખેતી	ખેતમજૂરી	અન્ય	ગાય	ભેંસ	બળદ	બકરી	કુલ
૧.	કોલીવાડા	૧૬	૯	૨૫	૧૬	-	૯	૧૬	૧૦	૧૬	૧૦	૫૨
૨.	પોઈપા	૧૭	૮	૨૫	૧૭	૮	-	૪	૭	૧૦	૧૨	૩૩
૩.	મગણાદ	-	૧૫	૧૫	-	૧૫	-	-	-	-	૧૫	૧૫
૪.	તણછા	-	૧૫	૧૫	-	૧૫	-	૨	૧	-	૧૫	૧૮
૫.	પીંડવળ	૯	૬	૧૫	૯	૬	-	૧૦	૫	૯	૧૨	૩૬
૬.	ગિરનારા	૯	૬	૧૫	૯	૬	-	૧૫	૮	૧૦	૮	૪૧
૭.	બેગડીયાવાસ	૧૫	-	૧૫	૧૫	-	-	૧૨	૮	૧૨	૧૦	૪૨
૮.	પીંપળાવાળી વાવજ	૧૫	-	૧૫	૧૫	-	-	૧૧	૫	૯	૭	૩૨
	કુલ	૭૧	૬૯	૧૪૦	૮૧	૫૦	૯	૭૦	૪૪	૪૬	૯૯	૨૫૯
	ટકા	૫૧.૪૨	૪૯.૨૮	૧૦૦	૫૭.૮૬	૩૫.૩૧	૬.૪૩	૫૦.૦૦	૩૧.૪૩	૩૨.૮૬	૭૦.૭૧	૧૦૦

આદિવાસી વિસ્તારો, આદિવાસી પેટા યોજનાઓ અને તેની જોગવાઈઓ.

★ આદિ. વિસ્તારોની ઐતિહાસિક સ્થિતિ, યોજનાઓની અસરો

- સામાજિક અસરો
- નવીન ટેકનોલોજીની અસરો
- વાહન વ્યવહારની અસરો
- ઔદ્યોગિકકરણની અસરો
- બંધારણીય કાનૂન-નવા કાયદાઓ
- ધાર્મિક
- આદિવાસી પેટા યોજનાઓ -૧૯૭૫-૨૦૦૩ની અસરો અને વંચિતો.


★ વિસ્તારોની વિશાળતા અને સ્થાનિક પરિસ્થિતિઓની અસરો

- સ્થાનિક શિક્ષિત ભદ્ર વર્ગની અસરો
- આદિવાસીઓ અને પ્રાકૃતિક સંશોધનો
- આંતર માળખાકીય સગવડોનો અભાવ
- આદિવાસીઓની અને શ્રમ મૂડી
- વ્યવસાયિકરણ અને સરકારી પગલાઓ

★ વિસ્તારની

- પ્રચાર, પ્રસાર માધ્યમોનો અભાવ
- બૃહદ સમાજના આર્થિક વિકાસની યોજનાઓ
- રાજકારણની અસરો
- જમીનદારો શિક્ષિતોની સમૃધ્ધિનો સરવાળો પણ જમીન વિહોણા ગરીબોની બાદબાકી
- છૂટાછવાયા અને શહેરી-અર્ધશહેરી વિસ્તારોમાં વસવાટી લેખિતો

SCHEDULED AREAS




Legends:

- District boundary
- Taluka boundary
- mudflat

	District	Population
	Banaskantha	60628
	Sabarkantha	420242
	Panchmahal	556000
	Dahod	1182509
	Vadodara	967393
	Narmada	401654
	Bharuch	444043
	Surat	1408270
	Navsari	591164
	Valsad	772405
	The Dangs	175079

Tribal Areas 29,429 Sq.Km.

SCHEDULED AREAS



Legends:

- District boundary
- Taluka boundary
- mudflat

	District	Population
	Banaskantha	60628
	Sabarkantha	420242
	Panchmahal	556000
	Dahod	1182509
	Vadodara	967393
	Narmada	401654
	Bharuch	444043
	Surat	1408270
	Navsari	591164
	Valsad	772405
	The Dangs	175079

Tribal Areas 29,429 Sq.Km.

પ્રકરણ-૫

આદિવાસી વિસ્તારો, સમાજોની સમસ્યાઓની સમજ અને આજ સુધીના વિકાસ માટેના પ્રયત્નો : વિસ્તારો, સમૂહો ઉપરની અસરો, તેમના વિકાસ આડેના અવરોધકો, તેના કેટલાક વિકાસના પર્યાયો, પગલાઓ :

ગુજરાત રાજયના ૧,૯૬,૦૨૪ ચોરસ કિલોમીટરના કુલ વિસ્તારમાં ૨૯,૪૨૯ ચોરસ કિલો મીટરનો વિસ્તાર આદિજાતિ પેટા યોજના હેઠળ આવરી લેવામાં આવ્યો છે. જે રાજયના કુલ ભૌગોલિક વિસ્તારે, આદિજાતિ પેટા યોજનાનો ૧૫.૦૦ ટકા જેટલો વિસ્તાર થવા જાય છે. આ આખાય આદિજાતિ પેટા યોજનાના વિસ્તારમાં ૫,૮૪૪ ગામો/શહેરોનો સમાવેશ થાય છે. જેની કુલ વસતી ૯૨.૭૧ લાખ (૧૮.૩૦ ટકા) છે. તે પૈકી અનુસૂચિત જનજાતિની વસતી ૬૨.૮૩ લાખ (૬૭.૭૭ ટકા) છે. આદિવાસી વિસ્તારના ૪૩ તાલુકાઓની કુલ વસ્તી ૭૮.૨૮ લાખ છે. જે પૈકી અનુસૂચિત જનજાતિની વસતી ૫૫.૫૭ લાખ (૭૦.૯૯ ટકા) છે. આદિવાસી વિસ્તારના ૧૭ પોકેટ (આમોદ માડા પોકેટ સહિત) વિસ્તારમાં કુલ વસ્તી ૧૩.૮૭ લાખ છે. જે પૈકી અનુસૂચિત જનજાતિની વસ્તી ૬.૯૮ લાખની છે. જે ૫૦.૩૪ ટકા છે. આદિવાસી વિસ્તારના જ કલ્સ્ટરોની કુલ વસતી ૦.૫૫ લાખ છે. જે પૈકી અનુસૂચિત જનજાતિની વસ્તી ૦.૨૭ લાખ છે. જયારે ૧૩.૪૨ લાખ આદિવાસીઓ છૂટાછવાયા છે.

ગુજરાતના આદિવાસીઓ રાજયની પૂર્વપટ્ટીમાં વસે છે. આ પટ્ટી રાજયના ઉત્તરમાં આવેલા રાજસ્થાનની સરહદે જોડાતા બનાસકાંઠા જિલ્લાના ઉત્તર-પૂર્વ ભાગોથી શરૂ થઈ સાબરકાંઠા, પંચમહાલ, વડોદરા, નર્મદા, ભરૂચ, સુરત, નવસારી, ડાંગ અને વલસાડ જિલ્લાંઓમાં થઈ. મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશના જિલ્લાઓમાં નજીકથી વહેંચાઈ જાય છે. આ પટ્ટી ડુંગરાળ, કંઈક અંશે દુર્ગમ અને જંગલોથી આચ્છાદિત છે. આઝાદી પછીના સમયમાં ગુજરાતના આદિવાસી વિસ્તારોના જંગલોમાં આડેધડ, બેફામ વૃક્ષો કપાયાં છે. આગળના સમયમાં ૧૯૬૦ સુધીના સમયમાં, જે તે વખતના નાના રાજવીઓએ જંગલોને ખાનગી ગણી જંગલોના ઝાડોનું નિકંદન કાઢી પ્રાકૃતિક સંપત્તિનું ભારે નુકશાન કર્યુ હતું. જે બાબતો આદિવાસી વિસ્તારોના ગેઝેટીયરોમાંથી જોવા મળે છે. તેમાં રાજાઓ, ઠેકેદારોએ તેના લાભો ભરપુર લીધા અને સામે છેડે જંગલની વિશાળ કુદરતી સંપદા ઉપર નભનારા આદિવાસીઓ તે ભરપુર કુદરતી સંપત્તિથી વંચિત રહી હંમેશ માટે પાયમાલ થઈ ગયા. જે ગુજરાતના આદિવાસીઓના પ્રશ્નોમાં, આ ઐતિહાસિક હકીકતને નજરઅંદાજ કરાય તે લગીરે યોગ્ય નથી કેમ કે આદિવાસીઓના પ્રશ્નો, સમસ્યાઓની શરૂઆત કુદરતી તો હતી જ, પણ માનવસર્જિત તો એ બતાવેલો ઐતિહાસિક સમયગાળાને ગણી શકાય.

દેશમાં આદિવાસીઓ કે આદિજાતિ વિસ્તારો પ્રત્યેની સભાનતા ૧૮૭૦ના તત્કાલીન ભારત સરકારના (બ્રિટિશ સરકાર) કાયદા દ્વારા દેખાઈ આવી. ત્યારબાદ ૧૮૭૪, ૧૯૧૯ અને ૧૯૩૫ના ભારત સરકારના કાયદાઓમાં જુદી જુદી રીતે આ વિસ્તારોનીઓળખ ચાલુ રહી અને આવા આદિવાસી વિસ્તારોને 'પછાત વિસ્તાર'નો દરજ્જો આપી ત્યાં વિશેષ રક્ષણ માટે પ્રયત્નો થયા. ૧૯૩૫માં ચૂંટણીની પ્રક્રિયા દ્વારા પ્રાન્તીય સરકારો અસ્તિત્વમાં આવી, ત્યારે આવા વિસ્તારો જો પૂરા બાકાત હોય તો ગવર્નરની

સંપૂર્ણ સત્તા હેઠળ અને આંશિક રીતે બાકાત હોય તો ધારાસભા અને મંત્રી મંડળની સત્તા હેઠળ આવ્યા. પાઠકોને યાદ હોય તો ખાણાની આસપાસના કાથોડી આદિવાસીઓના કંટ્રાટીઓ દ્વારા થતા શોષણની સામે મહાદેવ દેસાઈના મોટાભાઈ છોટુભાઈ દેસાઈ અને સ્વામી આનંદે મુંબઈ રાજયના તત્કાલીન મુખ્યમંત્રી બાબાસાહેબ ખૈરને અરજી કરી રાહત મેળવેલી. આ જ અરસામાં આદિવાસીઓના વિકાસના પ્રશ્નો અંગે વિવાદ ચાલતો હતો. તે વખતના રાષ્ટ્રવાદી નેતાઓ બ્રિટિશ સરકારની આદિવાસીઓ માટેની અલાયદા પણાની જાતિઓના વિરોધી હતા. કારણ કે અંગ્રેજ સરકાર આમ સમાજથી આદિવાસીઓને અલગ પાડી તેમની પોતાની સત્તા મજબૂત કરવા માગે છે, તેમ તેઓ માનતા હતા. તે સમયમાં આદિવાસીઓને પોતાની જ સંસ્કૃતિના ફરજંદો માની, કેટલાક કારણોસર પોતાની છૂટી ગયેલા આ ભાડુઓતે સાથે રાખી પોતાની સાથે ભેળવી દેવાનું માની તેમાં કેટલીક કર્મનિષ્ઠ વિભૂતિઓએ આદિવાસી સેવાનો ભેખ લીધો જેમાં ઠક્કરબાપા મુખ્યતઃ અગ્ર સ્થાને હતા. તે પછી જુગતરામ દવે અને બીજાઓ આવા ઉમદા યજ્ઞમાં જોડાયા. કેટલાક વિસ્તારોમાં દોઢસો-બસો વર્ષોથી મિશનરીઓએ શિક્ષણ, આરોગ્ય ક્ષેત્ર ખૂબ જ ઉમદા કાર્યો છે, ઉંડાણના આદિ. વિસ્તારોમાં પોતાનાં થાણાં ઉભા કરીને કર્યો. મુંબઈ યુનિવર્સિટીના સમાજશાસ્ત્રી પ્રો.ધૂર્યેએ આદિવાસીઓ માટે એવું દષ્ટ્રિબિંદુ રાખેલુ કે આદિવાસીઓ મૂળે હિન્દુ સમાજના જ લોકો છે અને તેઓ કોઈ કારણસર મુખ્ય ધારા સાથે પૂરપૂરા એકાકૃત થઈ શક્યા નથી. તેથી સમજપૂર્વક અને સહાનુભૂતિ પૂર્ણ વલણ રાખી તેમને મૂળ ધારામાં ભેળવી દેવા જોઈએ. આવી બધી ચર્ચાઓ, નીતિઓ અને વિવાદો વચ્ચે દેશ ૧૯૪૭માં આઝાદ થયો. આમ આઝાદી સુધી નક્કર પગલાં રૂપે આદિવાસીઓનું શોષણ અટકાવવા શિક્ષણ પ્રસરે અનેતેમના કલ્યાણ માટે કંઈક કરી શકાય તેવી થોડીક યોજનાઓ સરકાર તેમજ સ્વૈચ્છિક કર્મનિષ્ઠોએ ચલાવી હતી. જો કે.૧૯૩૦ થી ૧૯૪૭ સુધીમાં બ્રિટીશ હકૂમતના સમયે આદિવાસીઓના પ્રશ્નો સમજી તેમના વિકાસ માટે ભલામણો કરવા બે સમિતિઓની રચના કરવામાં આવેલી, તેમાં એક હતી સ્ટાર્ટ સમિતિ જેને ૧૯૩૦માં અહેવાલ આપ્યો હતો અને બીજી હતી સીમિગ્ટન સમિતિ જેણે ૧૯૩૭માં અહેવાલ આપેલો. જો કે ત્યારબાદ બીજી ચાર સમિતિઓ મળીને ૧૯૩૦ થી ૧૯૬૦ સુધીમાં છ સમિતિઓ રચાયેલી બાકીની ચાર સમિતિઓની વિગતો જોઈએ, તો ત્રીજી ૪૮માં અંદાજપત્રની સમિતિ તરીકે ઓળખાય છે. તે ૧૯૫૯માં બનાવેલી હતી. ચોથી રેણુકા રે સમિતિ હતી. જેને પણ ૧૯૫૯માં અહેવાલ આપ્યો. પછી એલ્વિન સમિતિ હતી જેને ૧૯૬૦માં અહેવાલ આપ્યો અને છેલ્લે ઢેબર કમિશન નિમાયું, જેને ૧૯૬૧માં અહેવાલ આપ્યો. છેલ્લી ચાર સમિતિઓ કાર્યરત હતી. ત્યારે પંડિત નેહેરુની આદિવાસીઓ માટેની પંચશીલ નીતિ કામ કરતી હતી. આદિવાસી પંચશીલના સિધ્ધાંતોને સીધા કાર્યક્રમમાં ફેરવી શકાય એવું નથી તે સ્પષ્ટ છે. આ બધી સમિતિઓ અને પંચશીલનો સિધ્ધાંતથી આદિવાસી વિસ્તાર અને વસ્તીને અમુક ચોક્કસ પ્રકારનું રક્ષણ મળતું, પરંતુ ભારતનું બંધારણ ઘડાતાં આદિવાસીઓના વિશિષ્ટ પ્રશ્નોને લક્ષમાં રાખીને કેટલીક જોગવાઈઓ કરવામાં આવી છે. કલમો ૧૫(૪), ૧૬(૪), ૪૬, ૨૪૪, ૨૭૫, ૩૩૦, ૩૩૨, ૩૩૪, ૩૩૫, ૩૩૮, ૩૩૯ અને ૩૪૨માં આદિવાસીઓના વિકાસ, શિક્ષણ, રાજયની નોકરીઓમાં અનામત જગ્યાઓ, શોષણ સામે પગલાં લેવાં, રાજય સરકારોને અનુદાન આપી તેમના કામ કરાવવાં, ધારાસભા, લોકસભામાં અનામત જગ્યાઓ વગેરે માટે જોગવાઈઓ

કરવામાં આવી છે. વધુમાં પાંચમી સુચિમાં આદિવાસી વિસ્તારોતથા વસ્તીની વહીવટીની જોગવાઈઓ છે. જે બધાની નોંધ રાજયપાલે રાષ્ટ્રપતિને આદિવાસી વિસ્તાર વસ્તીની સ્થિતિ અંગે વાર્ષિક અહેવાલ કરવાનો હોય છે.

રાજયના કુલ ભૌગોલિક વિસ્તારમાંથી આદિજાતી પેટા યોજના હેઠળ ૨૯,૪૨૯ ચો.કિ.મીટરનો એટલે કે લગભગ ૧૫ ટકા જેટલો વિસ્તાર વસ્તીના ધોરણે જુદા જુદા કાઈટએરિયા મુજબ નાભાધિના સાથે વહેંચીને તે મુજબના વિકાસના ઝોન પાડીને આઝાદી બાદ તેના વિકાસ માટેના જે ઉમદા હેતુ સાથેના કાર્યક્રમો મૂકાયા અને કરાયા એ નોંધપાત્ર છે. તેના માટે ગુજરાતના કુલ ૨૫ જેટલા જુદા જુદા આદિજાતિ સમુદાયો માટે જાતિઓના પોતાના વસ્તી ધોરણે તેમજ આર્થિક, સામાજિક માપદંડોને ધ્યાનમાં રાખીને પણ તેમના માટેની વિવિધ યોજનાઓ અલગથી બતાવીને પણ ઘણા બધા પ્રયાસો કરાયા છે અને હજુ અલગ ચાલુ પણ છે. તેને માટે જુદા જુદા સમાન્તરે અલગથી બજેટ ફાળવીને ઘણા બધા નાણાં ખર્ચાયા; આગળ ઉપર કહેવાયુ તેમ તેમાંથી કેટલાય વિસ્તારો, સમૂદાયોમાં તેનો મહદ્‌અંશે લાભ મળ્યો જેને લઈને તેઓ વિકાસની હરોડમાં છે. જેમાંના કેટલાક વિસ્તારો, સમૂદાયો જે અંતર હિસાબે કે જાગૃતિના અભાવે કે અન્ય બીજા કેટલાક કારણોસર સતત વંચિતતાની ગરેડમાંથી બહાર આવી શક્યા નથી. આઝાદી બાદ આવા દેશના આવા અનુસૂચિત જનજાતિના લોકો માટે જે વિકાસ ઘટકના કાર્યક્રમો અમલી બનાવીને મુકાયા હતા. જે પછી યોગ્ય ફળો જેના માટે કાર્યક્રમો હતા તેને ન પહોચવાથી પાંચમી યોજનાથી નવી ચર્ચાના આધારે જે કાર્યક્રમો, વિસ્તાર નામો સાથે મુકાયા અને અમલી બનાવ્યા તે નીચે મુજબ છે.

૧૯૫૨માં આયોજનની શરૂઆતથી જ દેશના ગરીબોના ઉત્થાન માટે સામુદાયિક વિકાસ ઘટકોના પ્રારંભિક પ્રયોગથી ગરીબોનો વિકાસ થઈ શકશે તે હેતુથી પંચવર્ષીય યોજનાઓ મારફતે પ્રથમ પંચવર્ષીય યોજનાથી ચોથી પંચવર્ષીય યોજના સુધીમાં આયોજન, માળખુ રચવામાં અને થોડાઅંશે વિકાસની ચર્ચા કરાઈ,જેમાં થોડી યોજનાઓ લઈને વિકાસના પ્રયત્નો કરાયા એ સાથે અનેક વિકાસના કામો સરકાર દ્વારા હાથ ધરાયા, પરંતુ દેશના મુખ્ય પ્રવાહથી અલિપ્ત એવા આદિવાસી સમુદાયો ઉપર પૂરતુ ધ્યાન એકબીજા કારણોસર કેન્દ્રીત થઈ શક્યુ નહિ, તેથી સરકારે પાંચમી પંચવર્ષીય યોજનાથી ખાસ આદિજાતિ વિકાસ યોજના (ટ્રાઈબલ સબપ્લાન) અમલી બનાવીને આદિવાસી વિસ્તારોને પ્રાયોજના વિસ્તાર, લઘુવિસ્તાર, પોકેટસ કલસ્ટરો અને છૂટાછવાયા, વિસ્તારોમાં વહેંચી, તેને માટે અનેકવિધ યોજનાઓ વિકાસની કરીને જરૂરી એવા પગલાં ભર્યા, જેથી અન્ય વિસ્તારોથી આદિવાસી વિસ્તારો અને તેમાં વસતા લોકો વચ્ચેના વિકાસના અંતરને ઘટાડવાના ઉમદા હેતુથી પ્રયત્નો કરાયા. એ રીતે કાર્યક્રમો કરતાં કરતાં આદિજાતિ પેટા યોજના (ટ્રાયબલ પ્લાન)ને ૨૭ વર્ષ પૂરાં થયાં છે. આ સમયગાળા દરમ્યાન સરકારી આંકડા પ્રમાણે પાંચમી યોજનાની શરૂઆતથી એટલે કે ૧૯૭૪ થી નવમી પંચવર્ષીય યોજના સુધીમાં ૨૦૦૧ સુધીમાં, કરેલી જોગવાઈ, ખર્ચની રકમ અને ખર્ચયેલ રકમની ટકાવારીના આંકડા આપવામાં આવ્યા છે.

કોઠા નં.૫.૧

ગુજરાત રાજયમાં આદિવાસી પેટા ફોજનામાં કરેલ જોગવાઈ, ખર્ચ અને તેની ટકાવારી

ક્રમ	યોજના-વર્ષ	જોગવાઈ	ખર્ચ (કરોડમા)	ટકા
૧	પાંચમી યોજના-૧૯૭૪-૭૯	૧૫૪.૮૫	૧૪૭.૪૭	૯૫.૨૦
૨.	છઠ્ઠી યોજના ૧૯૮૦-૮૫	૪૫૬.૮૬	૪૩૭.૨૦	૯૫.૮૦
૩.	સાતમી યોજના ૧૯૮૫-૯૦	૬૧૦.૭૬	૬૧૦.૫૨	૯૯.૯૬
૪.	આઠમી યોજના ૧૯૯૧-૯૬	૧૦૪૪.૮૩	૧૦૨૨.૬૭	૯૭.૮૮
૫.	નવમી યોજના ૧૯૯૬-૨૦૦૧	૩૩૦૦.૯૬	૩૦૬૧.૬૦	૯૨.૭૫
	કુલ	૫૫૬૮.૨૬	૫૨૭૯.૪૬	૯૪.૮૧

આદિવાસી રાજયમાં આદિવાસી પેટા યોજનામાં કરેલ જોગવાઈ-ખર્ચ

ક્રમ	યોજના/વર્ષ		જોગવાઈ (કરોડ રૂા.માં)	ખર્ચ (કરોડ રૂા.માં)	ટકાવારી
૧.	પાંચી યોજના	૧૯૭૪-૭૫ ૧૯૭૫-૭૬ ૧૯૭૬-૭૭ ૧૯૭૭-૭૮ ૧૯૭૮-૭૯	૧૫૪.૮૫	૧૪૭.૪૭	૯૫.૨૦
૨.	છઠ્ઠી યોજના	૧૯૮૦-૮૧ ૧૯૮૧-૮૨ ૧૯૮૨-૮૩ ૧૯૮૩-૮૪ ૧૯૮૪-૮૫	૪૫૬.૮૬	૪૩૭.૨૦	૯૫.૮૦
૩.	સાતમી યોજના	૧૯૮૫-૮૬ ૧૯૮૬-૮૭ ૧૯૮૭-૮૮ ૧૯૮૮-૮૯ ૧૯૮૯-૯૦	૬૧૦.૭૬	૬૧૦.૫૨	૯૯.૯૭
		૧૯૯૦-૯૧	૫૪૭૨૦.૪૪		૯.૧૨
		૧૯૯૧-૯૨	૮૪૭૩.૦૨		૧૦.૫૩
		૧૯૯૨-૯૩	૮૯૮૦.૫૦		૯.૪૫
		૧૯૯૩-૯૪	૧૧૭૦૮.૫૧		૧૦.૦૯
		૧૯૯૪-૯૫	૧૨૭૫૮.૦૦		૧૦.૦૧

૪.	આઠમી યોજના	૧૯૯૦-૯૧	૧૫૨.૧૭	૧૫૮.૬૯	૧૦૪.૨૮
		૧૯૯૧-૯૨	૧૮૮.૬૩	૨૦૧.૭૭	૧૦૬.૯૭
		૧૯૯૨-૯૩	૧૯૯.૧૧	૧૭૬.૧૮	૮૮.૪૮
		૧૯૯૩-૯૪	૨૪૬.૬૯	૨૪૧.૫૬	૯૭.૯૨
		૧૯૯૪-૯૫	૨૫૮.૨૩	૨૪૪.૪૮	૯૪.૬૮
૫.	નવમી યોજના	૧૯૯૫-૯૬	૩૨૧.૯૧	૨૯૮.૯૫	૯૨.૮૭
		૧૯૯૬-૯૭	૩૭૧.૬૨	૩૬૯.૧૯	૯૯.૩૫
		૧૯૯૭-૯૮	૪૯૩.૦૦	૪૩૧.૫૪	૮૭.૫૩
		૧૯૯૮-૯૯	૬૬૬.૭૨	૬૦૧.૨૫	૯૦.૧૮
		૧૯૯૯-૨૦૦૦	૮૫૩.૦૮	૮૨૦.૭૩	૯૬.૨૧
૬.	દસમી યોજના	૨૦૦૦-૨૦૦૧	૯૧૬.૫૪	૮૩૮.૮૯	૯૧.૫૩
		૨૦૦૧-૨૦૦૨	૫૭૨.૭૪	૪૪૫.૪૪	૭૭.૭૭
		૨૦૦૨-૨૦૦૩	૬૭૯.૦૦	-	-

યોજનાઓ અને તેની અસરો :

યોજનાઓની રીતે જોઈએ તો પ્રથમ અને બીજી પંચવર્ષીય યોજના દરમ્યાન મહદ્અંશે આયોજનનું માળખું રચવામાં અને એમ કહીએ તો થોડા અંશે વિકાસની ચર્ચા કરી, પ્રયત્નો આદર્યા હતા. પરંતુ ત્રીજી પંચવર્ષીય યોજના દરમ્યાન, શિક્ષણને લગતી યોજનાઓ, (ફ્રી શિષ્યવૃત્તિ, છાત્રાલય, આશ્રમશાળાઓ) ખેતી ક્ષેત્રની યોજનાઓ, (ખેતી સાધનો, સિંચાઈ, જમીન સંરક્ષણ, પશુપાલન) નાના ઉદ્યોગોની યોજનાઓ (ઉત્પાદન તાલીમ કેંન્દ્રો), આરોગ્ય સેવાઓની યોજનાઓ, કાનૂની સહાયની યોજનાઓ ઘડાઈ હતી. ઉપરાંત કેન્દ્ર સરકારની ૧૪ જેટલી મહત્ત્વની યોજનાઓ જેમાં (આદિ.વિકાસ ઘટક યોજના) જંગલ કામદાર મંડળીઓ, જંગલ ખાતાના અધિકારીઓની તાલીમ વગેરે, અમલી બનાવી હતી. આ બધી યોજનાઓ સમાતંરે નિમવામાં આવેલી સમિતિઓના અહેવાલોની ભલામણોના આધારે હતી. પરંતુ આ બધામાં ઢેબર કમિશન સમિતિનો અહેવાલ સૌથી વધુ વિસ્તૃત અને સર્વાંગી હતો. પાંચમી પંચવર્ષીય યોજના હેઠળ શરૂ થનાર કે જે અત્યાર સુધીની સૌથી મહત્ત્વકાંક્ષી અને વિશાળ 'આદિવાસી પેટા યોજના' ઢેબર કમિશનની મુખ્ય ભલામણો પર આધારિત છે. યોજનાઓ વિશે આઝાદી પછી અને પાંચમી પંચવર્ષીય યોજના પહેલાં ખ્યાતી-પ્રાપ્ત સમાજશાસ્ત્રી પ્રો. દુબે એ ૧૯૯૮માં તેમના સમીક્ષા લેખમાં સમયગાળાઓની યોજનાઓ સંદર્ભે ટિપ્પણી કરતાં લખ્યુ કે યોજનાઓની ડિઝાઈન ઘડવામાં જ મૂળભૂત રીતે ખામીઓ હતી. તે સમયના આયોજનમાં કેટલીક અવધારણાઓ નક્કી હતી, જે ખરેખર સાચી કે યથાર્થ ન હતી. જેમ કે (૧) તમામ આદિવાસીઓ એક જેવાં જ જૂથોના છે (૨) તમામની પારિસ્થિતિક સ્થિતિ સરખી છે. (૩) તમામ આદિવાસી જૂથો માટે અર્થતંત્ર અને ઉત્પાદનની ટેકનોલોજીના સ્તર સમાન છે. (૪) તમામ આદિવાસીઓ સરખા, અબુધ, અજ્ઞાની, નિરક્ષર અને ભોળા છે. આ અવધારણાઓને આધારે, જે આયોજન ઘડવામાં આવ્યું. તેમાં આયોજકો અને પ્રશાસકોએ આદિવાસીઓની સમસ્યાઓ અંગે, જે સમજણ વાપરી અને આદિવાસીઓ

માટે શું સાચું હોઈ શકે, તે ઠરાવી જે યોજનાઓ તરતી મૂકી, તેથી યોજનાઓના લાભ લેનાર વ્યક્તિઓ નામ માત્રની હતી. બીજુ આદિવાસી વિસ્તારોમાં આંતર માળખુ વિકસાવવા આદિવાસીઓની જરૂરિયાતો કે સમજબુદ્ધિનો આધાર લીધા વિના કર્મચારી અધિકારી વર્ગની જરૂરિયાતોને ખ્યાલમાં રાખીનતે માત્ર રસ્તાઓ અને મકાનો, અન્ય બાંધકામો કરાયા અને જંગી ખર્ચાઓ કરાયા. જેનાથી સિમિત અને માત્ર વિકલ્પ ધરાવતા નાણાંકીય સંસાધનો ખોટી પ્રાથમિતા પામ્યા. જેનાથી પાયાની જરૂરિયાતો પૈકી, ભાગ્યે જ સંતોષાતી જોઈ શકાઈ. એ સિવાય પણ આદિવાસી વિસ્તાર કે વસતિમાં ન તો તેને ખોરાકની પૌષ્ટિકમાં વધારો થયો કે પીવાના કે અન્ય જરૂરિયાતોના પાણી માટેના વલખા દૂર થયા, કે ન તો તેમના શરીર ઉપર પહેરવાના વસ્ત્રોમાં ઝાઝો ફરક નોંધાયો, ન તો તેમના મકાનોમાં આંતરિક સગવડો વધી. તેમાંથી તો તેમની સમસ્યાઓ વધી એટલે જંગલોમાંથી નિરાશ્રિત થઈ ગયા અને બહારની મજૂરી માટે ગમે ત્યાં સ્થળાંતર કરવા લાગ્યા. કેટલેક ઠેકાણે માત્રને માત્ર ખેતી ઉપર આધારિત એવા આદિવાસી કુટુંબો નિભાવલક્ષી ખેતીથી પૂરુ ન થતાં, બારેમાસ કામ મળવું બંધ થતાં પણ સ્થળાંતરી રોજી માટે શહેરોથી માંડીને જયાં પણ ખેતીકામ મળે ત્યાં જવા મજબૂર બન્યા. તેમાંના ઘણા ધીરધારોની ચુંગાલોમાં ફસાઈને દેવાદારની સ્થિતિમાં પણ મૂકાયા. આરોગ્ય માટેની ઘડાયેલી યોજનાઓની સંસ્થાઓ નબળી સાબિત થઈ. શૈક્ષણિક રીતે આશ્રમશાળાઓને લઈને થોડા જાગ્રત રહ્યા તે પણ મર્યાદિત માત્રામાં, જંગલ મંડળીઓએ થોડો ભાગ ભજવેલો જેનાથી આદિવાસીઓમાં ભદ્ર ગણાતો આદિવાસી વર્ગ ઉભો થયો. એ સિવાય ગુજરાતના આદિવાસીઓમાં તેમની મોટાભાગની આદિવાસી વસ્તીમાં કોઈ મોટા ઝાઝા ફેરફારો નોંધાયા હોય તેવું નથી.

સામાજિક અસરો :

ગુજરાતની આખીય પૂર્વપટ્ટી ઉપર છેક અંબાજી-દાંતાથી શરૂ કરીને સાબરકાંઠાના - વિજયનગર-મેઘરજ - માલપુર થઈ દાહોદ- પંચમહાલથી આગળ નીકળી વડોદરા, છોટાઉદેપુર, નસવાડી અને નર્મદા-ડેડીયાપાડા-સાગબારાથી આગળ સુરતના સોનગઢ ઉચ્છલ પછી નવસારી વાંસદા-ચીખલી રહીને વલસાડના ધરમપુર- કપરાડા, ઉંમરગામ સુધીના, ડાંગ સહિતના સમગ્ર આદિવાસી પટ્ટામાં પરંપરાગત રીતે તેમના જન્મથી લઈને મૃત્યુ સુધીના સામાજિક તેમજ ધાર્મિક-આર્થિક, આચાર-વિચારોમાં કેટકેટલી આંતરબાહ્ય ધારાઓએ તેમની મૂળભૂત લેખાતી પાયાની આચાર સંહિતાઓમાં એક યા બીજી રીતે, કેટલેક ઠેકાણે ભારે કહી શકાય, તેવી અસરો કરી છે. તેમાંય તેમના સામાજિક જીવનમાં રીતરિવાજોથી માંડીને, તેમના સાંસ્કૃતિક જીવનમાં વર્તાતી રીતભાતોએ તેમના સચવાયેલા કેટકેટલા સારા તત્ત્વોને નામશેષ કરીને ખતમ થવાને આરે લાવી દીધા છે.

ગુજરાતના આદિવાસી સમૂદાયોમાં જયાં જયાં આંતરિક કરતાં બાહ્ય પરિબળોએ તેમનામાં પરિવર્તન લાવવામાં જે મહત્ત્વની ભૂમિકા ભજવી છે. તેને લઈને તેમની સમાજવ્યવસ્થા અને તેમની જીવન પ્રણાલિઓમાં ઘણે ઠેકાણે જબરજસ્ત રીતે બદલાવ આવેલો જોવા મળે છે. તેમના સંસ્કારો, સાદાઈ, નિખાલસતા, સચ્ચાઈ જેવા આગવા તરી આવતા સારા ગુણો ઉપર બાહ્ય પરિબળોએ ભારે ગંભીર અસર કરીને, તેમાં

ઠેસ પહોંચાડી છે. જેના માટે તે પોતે અને તેના અભ્યાસીઓ ગૌરવ લેતા હતા. તેમાં કંઈ ખામી સર્જતી હોય તેમ લાગ્યા વિના રહેતું નથી. આ સ્વમાની પ્રજા સરકારી સહાય- સબસીડીની રાહે જીવતી થતાં છેલ્લા ૪૦-૪૫ વર્ગના ગાળામાં એટલે કે આઝાદી બાદના સમય પછીના, બે અઢી દાયકાઓમાં તેમને વિકાસના સંદર્ભે વધુ પડતા અપાતા સંરક્ષણના નામે પોતાની એક આગવી ઓળખ હતી. તે ખોઈને સમાજજીવનના કેટલાક નકામા રસ્તે, પોતાની સવાયતતાના ભોગે છે. જે સારુ ન કહી શકાય તેવું ચિત્ર છે. અલબત્ત જે વિકાસના ફળો થોડાઘણાને મળ્યા, તે ઘણી સારી બાબત છે. પરંતુ તેમાં માંડ થોડા જ આદિવાસીઓ મીઠા ફળ ચાખે છે. તેને લઈને એક નવો ભદ્ર ક્લાસ ઉભો થયો, તેને પણ પોતાના સમૂદાયોથી અલગ રહીને, પોતાનું વર્તુળ બનાવ્યું, જે ભદ્ર ક્લાસ પોતે જ વિકાસની સીડી ચડી પોતાના વંચિત સમૂદાયને માત્ર નિરખે છે.

આગળ ઉપર જણાવ્યું તેમ તેમના સમાજજીવનને, પ્રણાલીકાઓને જે અસરો પહોંચે છે તે ખરેખર ગંભીર બાબત છે. જેમાં તેઓના કુટુંબ જીવનમાં જોઈએ તો, સંયુક્ત કુટુંબોને બદલે કેન્દ્રીય કુટુંબો તરફનું વલણ થતું જોવા મળે છે. એ ઉપરાંત કુટુંબના મહત્ત્વના નિર્ણયોમાં કુટુંબના વડીલના વહીવટને બદલે શિક્ષણ લઈને કમાતા સભ્યો હવે નિર્ણયો કરી શકે છે. સ્ત્રીઓનો મોભો બદલાયો, લગ્ન વિછેદમાં સરળ સમાજ પંચોને બદલે, કોર્ટ કચેરીનું શરણ લેવાતું થયું. એજ રીતે લગ્ન, રિવાજો, વ્યવહારો, પહેરવેશ વગેરેમાં બાહ્ય અસરોની કે શિક્ષણ અને અન્ય થતા સંપર્કોથી બદલાવ આવેલો જોઈ શકાય છે. પરંપરાગત અને પ્રાકૃતિક જીવન શૈલીમાં પણ ભારે અસરો તેમના સમાજજીવનના દરેક પાસાઓ ઉપર વર્તાય છે.

સામાજિક અસરો :

અંબાજી-દાંતાથી છેક દક્ષિણ ગુજરાતના આહવા-ડાંગના સાપુતારા અને વલસાડના ઉંમરગામ સુધીના આખાય આદિવાસી પટ્ટામાં છેલ્લા કેટલાય વર્ષોથી, કેટકેટલા આંતર-બાહ્ય તત્ત્વો દ્વારા, તેમની ઉપર ભારે સારી-ખરાબ અસરો વર્તાતી જોવા મળે છે. આંતર તત્ત્વોમાં સ્થાનિક કક્ષાએ તેમાં શિક્ષણનો જોવા મળતો વ્યાપ જેમાં આશ્રમશાળાઓ ઉત્તરબુનિયાદી શાળાઓ, સરકારી આઈ.ટી.આઈ., નવીન કોલેજો વગેરેને કારણે તેઓમાં ભારે જાગૃતિ જોવા મળે છે. આંતરિક શિક્ષણ માળખાએ તેમનામાં જાગૃતિ આણી છે. સાથે સાથે આર્થિક સધ્ધરતા, નવા જ્ઞાન અને માહિતીથી સભરતા, નવીન ટેકનોલોજીના જુદા જુદા આયામો અને ચારિક રીતે તેમને પોતાના સમાજના વાહક બન્યા છે. પરંતુ સાથે સાથે તેઓમાંના કેટલાક, પોતાના પરંપરાગ સાદા સમાજથી અળગાપણું ધરાવે છે અને પોતાને નવીન ભદ્રસમાજમાં ગણી ખોટા ભભકા દેખાડે છે. એક વર્ગ જાણે ઊભો થતો હોય તેમ પણ જોઈ શકાય છે. પોતાના જૂના પુરાણા કુદરતી રીતે ગોઠવાયેલા સામાજિક માળખાથી જાણે અજાણ્યે દૂર થતો જતો એક આખો શિક્ષિત વર્ગ જોઈ શકાય છે. જેને તેની સંયુકત કુટુંબ વ્યવસ્થાના માળખાને, લગ્નં પ્રથાને કે જન્મ-મૃત્યુના આચાર વિચારોમાં નવી જ વિચારસરણી અપનાવી, તેના પોતાના સાદા, સરળ સામાજિક આચાર વિચારોને તિલાંજલી આપીને તેઓ વિમુખ થઈ અલગ બનતા જાય છે.

આદિવાસી વિસ્તારોમાં પાણીના સંસાધનો, દરેક વિસ્તારમાં પરિસ્થિતિવશ જુદા જુદા છે. જેમ કે ખૂબ જ વરસાદ હોય તેવા ડાંગ, વલસાડ જિલ્લાના વિસ્તારોમાં ઘણે ઠેકાણે પર્વતાળ, ખીણો હોય પથ્થરાળ

વિસ્તારને કારણે કુવા વગેરેની શક્યતા ઓછી જોવા મળે છે. ડાંગ જેવા વિસ્તારમાં ભાગ્યે જ ડેમ કે ચેકડેમની યોજના જોવા મળે એટલે પાણીના અભાવે તેવા વિસ્તારો માત્ર ને માત્ર સૂકી ખેતી ઉપર નિર્ભર રહે છે. બનાસકાંઠા, પંચમહાલ-દાહોદમાં પણ ઓછા વરસાદ કે સિંચાઈ યોજનાઓના અભાવે અને પર્વતાળ, પથ્થરાળ જમીન વિસ્તારને લઈને ઉપરના ટોચના ઘણા ઠેકાણે સિંચાઈથી ખેતીની શક્યતા નહીંવત બનેલી જોવા મળે છે. ઘણે ઠેકાણે કૂવાની કે સિંચાઈની નહેરોને લઈને ત્યાં ખેતીવાડી ચોમાસા સિવાય પણ શક્ય બનેલી છે. તેથી દરેક આદિવાસી વિસ્તારમાં એક જ વિસ્તારમાં હોવા છતાં ખીણોના વહેળા વિસ્તારોમાં કે કૂવા કે ડેમ હોય ત્યાં ખેતી સિંચાઈથી શક્ય છે. જયારે નજીકમાં જ ડુંગરાળ વિસ્તારમાં ડુંગર ઉપર વસતા કુટુંબો પોતાની ખેતી માત્ર ચોમાસે જ કરી શકે છે. આમ એક જ વિસ્તાર હોવા છતાં, બન્નેમાં ભિન્ન પરિસ્થિતિ હોઈ આર્થિક સ્થિતિ પણ સારી કે નબળી જોવા મળે છે. નદી, વહેળાની આસપાસના વિસ્તારોમાં કે જયાં ચેકડેમ કે ભેજવાળુ વાતાવરણ હોઈ, ચોમાસા સિવાય શિયાળુ પાકો કોઈક કોઈ એવા આદિવાસી વિસ્તારો છે, ત્યાં શકય બન્યા છે. બનાસકાંઠા, પંચમહાલ, દાહોદમાં જયાં તળાવો હોઈ ત્યાં પણ ઘઉં, રાયડા ચણા જેવા અન્ય પાકો લેતા હોઈ,ત્યાં આર્થિક સ્થિતિ તેને લઈ કંઈ ઠીક ઠીક પ્રમાણમાં છે. જેને લઈને ત્યાંથી સ્થળાંતર રોજગારી શોધતા કુટુંબની બહુ સંખ્યા જોવા મળતી નથી. પરંતુ જેઓમાંના તે જ વિસ્તારોના પર્વતીય ઉંચાઈએ જમીન ધરાવતા હોઈ અને પાણીના સ્રોત ન મળતા હોય ત્યાં બીજી ઋતુઓના પાકો લેવાવાનું શક્ય નથી. એટલે તેવા કુટુંબો પોતાની આર્થિક સ્થિતિને લઈને સ્થળાંતરી મજૂરી શોધી શહેરો કે ગ્રામ્ય વિસ્તારોમાં ખેતી મજૂરી અર્થે બહાર જતા જોવા મળે છે. આમ જયાં સિંચાઈ વિસ્તારો આદિવાસી વિસ્તારોને યોજનાકીય લાભો હોઈ, ત્યાં ઠીક ઠીક પ્રમાણમાં સારો કહી શકાય તેવો માહોલ છે, જયારે હજી જયાં માત્રને માત્ર કુદરતી સ્રોતો વરસાદ, જંગલ કે ખીણો છે ત્યાં હજી સિંચાઈ શક્ય ન બનતાં પરંપરાગત સ્થિતિમાં વંચિત રહીને, વિકાસની અતિ મંદ કહી શકાય તેવી સ્થિતિમાં પોતાનો જીવનનિર્વાહ ગોઠવ્યા સિવાય બીજો કોઈ જ માર્ગ નથી.

આદિવાસી જાતિઓનું મૂળ નિવાસ સ્થાન કે વસવાટ ગુજરાતની બે ત્રણ જાતિઓ સિવાય (હળપતિ-તલાવિયા, પઢાર અને શહેરોમાં મહદ્અંશે વસવાટી એવી બાવચા, પોમલા જેવી જાતિઓ) મહદ્અંશે પૂર્વપટ્ટીના દાંતાથી સાપુતારા સુધીના ડુંગરાળ, ખીણોવાળા જંગલોમાં જોવા મળે છે. એટલે સ્વાભાવિક રીતે જ આદિવાસીઓ ઉપર જંગલને લઈને, એટલે કે તેના જંગલ નામશેષ થવાને કારણે, જંગલ વિકાસના કાર્યક્રમોને કારણે, જંગલમાં રિઝર્વ વિસ્તાર રાખવાને કારણે, જંગલ અંગેની નીતિઓ બદલાવાને કારણે, જંગલમાં હવે પછી જમીન ખેડ આપવાને કારણે - નિયંત્રણ ઉઠાવી લેવાથી કે પછી જંગલના અધિકારીના વલણોને લઈને તેમના ઉપર હકારાત્મક તેમજ નકારાત્મક, એટલે કે સારી-ખરાબ અસરો વર્તતાતી જોવા મળે છે.

જંગલ નામશેષ કે ઘટી જવાને કારણે તેમના ઉપર બે રીતે અસરો વર્તતાઈ રહી છે. એક તો તેઓ જંગલ આધારિક ઘણી બધી ચીજવસ્તુઓ મેળવતા હતા. જેમ કે ગૌણવન પેદાશો, લાકડું, જડીબુટ્ટીઓ, કંદમૂળો, ભાજિયો જે સહજમાં મળતું હતું.તે બંધ થયુ કે ઓછું થયું, એટલે મૂળે તેમના જીવનનિર્વાહનો

આધાર ઝૂંટવાયો હોય તેવી પરિસ્થિતિ બની રહી, બીજુ જંગલ ઘટવાથી કે નાશ પામવાથી કે નિયંત્રણો વધવાથી તેમને બાહ્ય સ્થળાંતરી રોજગારી શોધવાની ફરજ પડી જેથી તેમના નિર્વાહની આખીય ઘટમાળ બદલાઈ જેને તેના સામાજિક જીવનમાં ઘેરી અસરો કરી છે. જંગલ રિઝર્વ રહેવાથી તેઓ પશુપાલન, ખેતી અને તેમને જોઈતી જીવન ઉપયોગી એવું લાકડુ કે ગૌણ પેદાશોથી વંચિત રહેવા પામ્યા છે. જેનાથી તેઓના જીવન નિર્વાહ ઉપર અસરો પહોંચી છે. જંગલ વિસ્તાર અધિકારીઓના નકારાત્મક વલણોને લઈને તેમનો સરળતાથી જે આખાય વિસ્તારમાં હરીફરીને કુદરતી જીવન માણતા હતા, તેમાં વિક્ષેપ ઉભો થયો હોય તેમ તેઓના કહેવા પરથી લાગ્યા વિના રહેતું નથી. જયાં હકારાત્મક વલણોવાળા જંગલ વિસ્તારના અધિકારીઓ છે ત્યાં એવુ પણ છે, જયાં તેઓ સરળતાથી વિહરે છે. જયાં ખેડહક્કથી જમીન ધારણના હક્ક મળ્યા છે, ત્યાં શક્ય છે કે તેઓ ફરીને, પોતે વધુ મહેનત કરીને સારી ઉપજ મેળવી વધુ સારી સધ્ધરતા પ્રાપ્ત કરશે. તેઓની માનસિક હાલત જમીન પ્રાપ્તિથી પહેલાં કરતાં બદલાઈ છે.તેનાથી તેઓ સારો અનુભવ કરી રહ્યા છે. બીજીબાજુ તેઓ વસ્તી વધારાને લઈને, કેટલી સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે. તેઓમાંના ઘણા ખેડૂતો, ખેતમજૂરો કે સ્થળાંતરી મજૂરો કે તદ્દન નાના ખેડૂતો બને, તેવું બન્યું છે. કેમકે જમીનના ભાગ વહેચાતાં,તેઓ આવી પરિસ્થિતિમાં મૂકાયા છે. તેઓ તેના ઉપર નિર્ભર રહીને લાંબો સમય જીવી શકે તેમ નથી. કારણકે તેમાંથી પહેલાંની જેમ નિર્વાહ પૂરતું પણ તેમને પ્રાપ્ત થતું નથી. તેથી તેમનો તેથી ખેતીમાંથી રસ ઓછા થતાં જાય તેવી પરિસ્થિતિ થઈ છે. તેની તેમના સામાજિક અને કૌટુંબિક જીવન ઉપર ભારે અસરો વર્તાતી જોવા મળે છે.

નવી ટેકનોલોજીની અસરો :

આદિવાસી વિસ્તારોમાં યોજનાકીય કે બિનયોજનાકીય રીતે છેલ્લા કેટલાય વર્ષોથી નવી નવી ટેકનોલોજી તેમનામાં પ્રવેશવા પામી છે. જેને લઈને તેમના ઉપર ઘણે બધે ઠેકાણે, નવી તરાહના પાકો, નવીન ઓજારો, ખાતરો, બિયારણો, નવીન ખેતી પધ્ધતિઓ વગેરે ઘણું બધું તેમના વ્યવસાયિક જીવનમાં પ્રવેશ્યું છે. ઉપરાંત તેમના સામાન્ય જીવનમાં પણ બીજા એવા આધુનિક ઉપકરણો જેવા કે ટેલીવીઝન, ફોન, નવા વાહનોએ પ્રવેશ કર્યો છે. જેને લઈને ઘણે ઠેકાણે નવી ટેકનોલોજીએ તેમનામાં ઉત્સાહ સાથે આર્થિક વિકાસની પ્રક્રિયામાં જોડ્યા છે. જેમકે સિંચાઈના સાધનો, ટ્રેકટર કે નવીન ખેતી સાધનો વગેરેએ તેમને વધુ પાકો લઈને સમૃધ્ધિ તરફ દોર્યા છે. જયારે બીજી કેટલીક નવી ટેકનોલોજીએ તેમને ખોટી રીતે લલચાવી તેમને ખર્ચાળ બનાવી દેવાદાર પણ બનાવ્યા છે અને વધુ પડતા પાંગળા પણ બનાવ્યા છે. દા.ત. વાહનવ્યવહારના સાધનો ખર્ચાળ સાબિત થયા. તેવો માઈલો સુધી ચાલતા હતા. જે આજે બંધ થયું છે. તેઓ નવી ટેકનોલોજી પ્રવેશી તે પહેલાં સરળતાથી સસ્તામાં કામો પતાવતા, હવે ઘણા ખર્ચાળ સાધનો વાપરી ઘણીવાર નુકસાન ભોગવે તેવી સ્થિતિમાં હોય છે. સાદા, સરળ નિર્મળ જીવનને બદલે તેમને ઘણે ઠેકાણે ભભકાદાર જીવન શૈલી તરફ દોર્યા હોઈ તેમનામાં જે સારા તત્ત્વો હતા. તે વધુ સંપર્કવાળા વિસ્તારોમાં લુપ્ત થતા જોવા મળે છે. નવી ટેકનોલોજીએ તેમને સરકારી સહાય અને સબસીડી રાહ જોતા કરી મૂકી, પાંગડા બનાવ્યા હોય, તેવુ પણ લાગ્યા વિના રહેતું નથી. તેમને મળતા ફાયદા, રક્ષણથી થોડા

ઘણા સફળ થઈને તેઓ ફાવ્યા પણ છે, પણ તે ખૂબ ઓછી સંખ્યામાં છે. પરંતુ તેથી તેઓ પોતાને ભદ્ર વર્ગમા પોતાને મૂકીને એમના પોતાના સમાજથી નાખુશ હોઈ તેવી સ્થિતિમાં પણ જોવા મળે છે. તેઓમાંના જેઓ નથી ફાવ્યા, તેવો મોં વકાસી અને નસીબને દોષ દેતા હોઈ છે. એટલે નવી ટેકનોલોજીએ તેમની પાયાની જરૂરિયાતાતો ન સંતોષી પણ તેમની અતિ મહત્ત્વની સાદી, સરળ કહી શકાય તેવી જીવનશૈલીને ભારે ઠેસ પહોંચાડીને ભારે નુકશાન કર્યું છે, એટલે તેઓમાંના ઘણા પાણીની માછલીને બહાર કાઢ્યા જેવી પરિસ્થિતિમાં છે.

વાહનવ્યવહાર અંગે તેની અસર :

ગુજરાત રાજયના આદિવાસી વિસ્તારો પૂર્વની પટ્ટી ઉપર ડુંગરાળ ખીણોવાળા, પથ્થરાળ વૃક્ષોથી ઘણી જગ્યાએ આચ્છાદીત છે. તેથી એવા વિસ્તારોમાં અને તેમાં વસતા આદિવાસી કુટુંબો સુધી પહોંચવા હજુ પણ ઘણે બધે ઠેકાણે ચાલીને જ જવું પડે છે. તેમ છતાં છેલ્લા દોઢ બે દાયકા દરમ્યાન આદિવાસી વિસ્તારોમાં સરકારના અભૂતપૂર્વ કહી શકાય તેવા પ્રયત્નોને કારણે ઘણા બધા માર્ગો બન્યા છે. તેમાં ઘણા કાચા તો ઘણી પાકી સડકો ધરાવતા રસ્તાઓનું નિર્માણ કરાયું છે. જેને લઈને આદિવાસી વિસ્તારો અને તેમાં વસતા આદિવાસી લોકો ઉપર અસરો થતી જોવા મળે છે. વાહનવ્યવહારને લઈને અનેક જાતના સંપર્કો વધ્યા છે જેને લઈને સારી કે ખરાબ બાબતોનું આજે આદાનપ્રદાન થતુ જોવા મળે છે. તેઓ સ્થળાંતરી મજૂરી માટે આજે વર્ષોનો ઘણો સમય બહાર જાય છે અને આવે છે. સડકોને કારણે વાહનવ્યવહાર વધવાથી તેમની ખેતીની કે બીજી ઉપજ સમયે બજારમાં પહોંચતી થવાથી તેઓ આર્થિક શોષણમાંથી રાહત મેળવતા થયા છે. ઘરના સારા-નરસા પ્રસંગોએ સરળતા વધી હોય, તેમને થતી બિમારી કે આકસ્મિક ઘટનાઓ (સાપ, વાઘ, ચિત્તા જેવા જનાવર કે પશુઓ કરડવાથી કે હુમલાઓ જેવા દુઃખદ અનુભવમાંથી જે સહન કરવું પડતું હતું,તેમાં રાહત પામ્યા છે. ગમે તે ઋતુમાં બહારનો સંપર્ક રહેતો, કેટલાક હવે સતત પોતાના કાર્યો કરવાથી, બાહ્ય જગતના સતત સંપર્કમાં રહીને જાગૃત રહે છે. પહેલાંની જેમ પડતી હાલાકીમાંથી તેઓ હવે રસ્તાઓ સરળતાથી મેળવતા થયા છે.

બીજી સિક્કાની બાજુ જોઈએ તો પાકી સડકો-વાહનવ્યવહાર થવાથી તેઓમાં નવા આધુનિક સાધનો-વાહનો, બિનજરૂરી ચીજવસ્તુઓ વધવાથી, તે ખર્ચાળ હોઈ નુકશાનકારક પણ સાબિત થયા છે. તેઓમાંના ઘણા હવે પગે ચાલવાને બદલે વાહનનો ઉપયોગ સતત કરતા થયા છે. વાહનવ્યવહારના સાધનો વધતાં, એકબીજાની દેખાદેખીમાં ખર્ચ કરીને તેઓમાંના ઘણા દેવાદાર બને છે કે પછી તેઓ બીજી સમસ્યા જમીન મૂકવાની છે. આમ એવા સમયે બિન જરૂરી સમસ્યાઓ, તેમનામાં પડેલી જોઈ, દુઃખની લાગણી જરૂર થાય. પરંતુ સાધનો વાપરવાનો વિવેક ન રાખે, તેથી જ એવું તેમનામાં બને છે.

આખાય આદિવાસી વિસ્તારોમાં વાહનવ્યવહારના અભાવે કેટલાક ઉંડાણના દુર્ગમ ક્ષેત્રમાં વસતા ગામો- કુટુંબો વર્ષના મોટાભાગના મહિનાઓ સંપર્ક વિહોણા બની જતા જેથી રોજબરોજની જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓથી માંડીને શિક્ષણ, આરોગ્ય અને તેમના જીવનને સ્પર્શતા દરેક પાસાઓમાં સમાજની મુખ્ય ધારાઓથી તેઓ અલિપ્ત રહી જતા, તેઓમાંના હજુ ઘણા અંતરિયાળ રહી પોતાની

સંસ્કૃતિ વિશિષ્ટ રીતે જાળવી રહ્યા છે. જેમને બાહ્ય સંપર્ક આવા રસ્તાઓ વાહનવ્યવહાર થવાથી ખોઈ બેઠાની અણી ઉપર છે. જેઓ સતત બાહ્ય સંપર્ક છે અને શિક્ષણ પામીને નોકરી કે વ્યવસાયો કરે છે. તેઓમાં આર્થિક સધ્ધરતા વધતાં નવીન રહેઠાણો, વાહનો, નવીન (ખાનપાન) ખોરાક, પહેરવેશ, રહનસહન નવી પધ્ધતિઓના બદલાવો ખૂબ જ ઝડપથી વધેલા જોવા મળે છે.

આદિવાસી વિસ્તારોમાં કાચી-પાકી સડકો ઘણે બધે ઠેકાણે થઈ હોઈ, બિન આદિવાસી સમૂદાયો કર્મચારીઓ સાથે બીજા વિસ્તારો, શહેરોમાં રોજબરોજ સંપર્કમાં આવતા હોઈ, તેઓમાં ઘણી બધી જાગ્રતતા આવતાં તેમના જીવનના દરેક પાસાઓમાં ઘણે ઠેકાણે આમૂલ પરિવર્તન જોઈ શકાય છે. જેમાં ખાનપાન, પહેરવેશ હોય કે આરોગ્યની સેવા કે સામાજિક રીતરિવાજોની કોઈ વાત કે પ્રસંગ હોય, તેઓ અનુકરણ કરી અપનાવતા હોઈ છે. આને કારણે તેઓ તેમની મૂળભૂત પરંપરાઓ જેમાં રહન-સહન, ખોરાક-ખાનપાન, સંસ્કારો, (સાદાઈ, સચ્ચાઈ, નિખાલસતા) વગેરે જેવા સારા લેખાતા તેમના ગુણોમાં કયાંને,કયાંક એકબીજા કારણોસર ખરાબ અસરો વર્તવાને લઈને હાની પહોંચી છે. તેઓ સરળતા છોડીને, નિખાલસતા મૂકીને અવળે રસ્તે વળ્યા હોય,તેમ લાગ્યા વિના રહેતું નથી. તેમના સારા ગુણોનો છેદ ઉડતા જતો હોય તેમ થતુ હોય છે. જે મહદ્અંશે બાહ્ય સંપર્કો , સ્થળાંતરી રોજગારી પ્રસંગો વાહનવ્યવહાર વગેરે જેવા થયેલા ફેરફારોને લઈને થતું હોય તો, તે આજના સમયે તેમને માટે ખૂબ જ મોટું નુકશાન છે.

ઔદ્યોગિકકરણ અને તેની અસરો :

રાજયના આદિવાસી વિસ્તારોની નજીકમાં કેટલેક ઠેકાણે નાના-મોટા ઔદ્યોગિક એકમો આવેલા છે. જેમકે બનાસકાંઠા વિસ્તારમાં દાંતા નજીક સિમેન્ટના તેમજ જુદા જુદા પથ્થર (ગ્રેનાઈટ, સાદા) વગેરેના કારખાના, પંચમહાલ જિલ્લામાં સિમેન્ટના, વડોદરા જિલ્લાના , છોટાઉદેપુર તાલુકામાં વાઈટ પથ્થરોના પાવડન્નરના, ઉપરાંત કહડીપાણી નજીકનું ઔદ્યોગિક એકમ, ઉપરાંત ભરૂચ જિલ્લામાં અંકલેશ્વરની જી.આઈ.ડી.સી. સહિતના અનેક નાના-મોટા કારખાના, સુરત જિલ્લાના વિસ્તારોના બારડોલી, વ્યારા, સોનગઢ નજીકમાં શેરડી પીલવાના કે પેપર બનાવવાના આવેલા કારખાના,તેમજ વલસાડ જિલ્લાના વાપીના ઔદ્યોગિક એકમોએ આદિવાસી વિસ્તારો ઉપર, તેમજ તેમના કૌટુંબિક તેમજ સમાજજીવનમાં ઘણે બધે ઠેકાણે,તેમના આર્થિક, સામાજિક પાસાઓ ઉપર અસરકારક રીતે ભૂમિકા ભજવીને,તેમને ટકાવી રાખવામાં મદદ કરી છે. છેલ્લા ઘણા બધા વર્ષોથી આદિવાસી વિસ્તારોમાં જે સમૃધ્ધ જંગલો હતા. જેની ઉપર આદિવાસી કુટુંબો વર્ષના ઘણા બધા દિવસો જીવનનિર્વાહ માટે તેની અનેકવિધ જંગલ પેદાશી ચીજવસ્તુઓ લાવીને નિર્વાહ કરતા હતા. તે જંગલો સાફ થઈ જવાથી જે અનેક નવી સમસ્યાઓ આદિવાસી વિસ્તારો માટે અને કુટુંબો માટે ઉભી થઈ હતી. તેમાં આ નવીન સ્થાપેલા ઔદ્યોગિક એકમોએ આર્થિક રીતે ઉભા રાખીને પગભર કરીને સારી એવી સહાયક ભૂમિકા ભજવી છે. ઉપરાંત આદિવાસી કુટુંબોમાંથી જેઓ આવા નાના-મોટા કારખાના કે એકમોમાં હતા, તેઓને સાથેની શિક્ષિત વ્યક્તિઓની અસરો સંપર્ક થતાં અને મળતા શિક્ષણ માટેની જાગૃતિ આવેલી જોઈ શકાય છે.

ઔદ્યોગિકરણને લઈને તેઓને થોડી આર્થિક રાહત જરૂર થઈ પણ સાથે સાથે તેઓમાંના ઘણાની જમીન જવાથી તેવા કુટુંબો માટે તેમના નિર્વાહ કરવો મુશ્કેલ થઈ પડ્યો હતો. ઔદ્યોગિક એકમોને લઈને આજુબાજુના વિસ્તારમાં કારખાનાને લઈને પણ તેના પર્યાવરણને તો નુકશાન થયું હતું ,પણ એવા વિસ્તારોમાં વસતા લોકોના જમીન વિસ્તારને અને આરોગ્યને પણ કેટલુક નુકશાન વેઠવું પડ્યું હતું.

બંધારણીય હક્કો અને નવા કાયદાઓ :

આઝાદી બાદ બંધારણ ઘડાયું ત્યારે જ અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ માટે બંધારણમાં જ તેઓના વિકાસને સંદર્ભે ધ્યાન આપવા તેઓ માટેની ખાસ અનામત દાખલ કરીને એક નવો જ અભિગમ અપનાવ્યો હતો. જેમાં શૈક્ષણિક ઉપરાંત તેમને નોકરી કે બીજે અનેક ઠેકાણે અનામત આપવાની જોગવાઈ કરી છે. તેવી જ રીતે રાજકીય ક્ષેત્રે પણ તેઓને માટે અનામત બેઠકની ગોઠવણ હોઈ આદિવાસી વિસ્તારોમાં રાજકીય જાગ્રતિની સાથે સાથે એક નવીન પ્રકારનો જોમ - ઉમંગ પ્રવેશવાથી રાજકીય સત્તાની ઘેલછા છેક ગ્રામ વિસ્તારથી તાલુકા, જિલ્લા અને સમગ્ર વિસ્તાર સુધીમાં તેઓમાં જોવા મળે છે.

અગાઉ આદિવાસી વિસ્તારોમાં તેમના પરંપરાગત કાનૂની પંચો અસ્તિત્વ ધરાવી ભારે વર્ચસ્વ ધરાવતા હતા. તેવા સમયે આદિવાસી વિસ્તારોમાં સરળતાથી ન્યાયની પ્રક્રિયા થતી હતી. આજે જયારે નવું રાજકીય ફલક આવતાં તે જાતિ પંચાયતોના પંચોની પકડ ઢીલી પડી, લગભગ નિષ્ક્રીય અવસ્થાએ હોઈ એવી દશામાં જોવા મળે છે. નવું રાજકીય પરિબળ પ્રવેશવાથી સારાએ વિસ્તારના ગામો, તાલુકાઓ સમગ્ર જિલ્લા સ્તરે નવી જ રાજકીય ચહેલપહલ સાથે નવો માહલો ઉભો થયો છે. તેનાથી જાગૃતિ જરૂર આવી છે. પણ જાગૃતિથી રાજકીય રીતે વિકાસની પ્રક્રિયાઓ ઘણી સામૂહિક સારી થવા પામી છે, જેમ કે રોડ-રસ્તાની સુવિધાઓ, સિંચાઈ સુવિધાઓ પણ તેના જોઈએ તેવા ફાયદાઓ બધે જ મળ્યા ન હોઈ તેવી સ્થિતિ જોઈ શકાય છે. સ્થાનિક રાજકારણને નાના સંકૂલો વર્તુળોમાં ફાયદા જરૂર કરાવ્યા પણ તેનો વિશાળ ફલક ઉપર સમગ્રતયાને આવરીને જોઈએ તેવા લાભ અપાવવામાં એવું બનવા પામ્યું નથી. જેને લઈને વિસ્તાર કે સમૂદાયો થોડા લાભો મેળવી શકયા છે. તેમાં કેટલાક વંચતો સ્વરૂપે પણ રહી જવા પામ્યા હોઈ એવી સ્થિતિએ છેક ઉંડાણના વિસ્તારો જોતાં લાગ્યા વિના રહ્યું નથી.

રાજકારણ જેમાં સ્થાનીક નેતાગીરીએ કે ઉપરની નેતાગીરીએ બન્નેએ યોજનાઓની સફળતાની રીતે જવલ્લેજ સરળતાથી, પ્રસત લાભોની પ્રક્રિયામાં સક્રીય ભાગ લીધો હશે. ખરેખર તો રાજનીતિઓ સરળતાથી, નિર્ણય અને પ્રકૃતિમય રીતે જીવન જીવતા આદિવાસી સમૂદાયોમાં ખલેલ પહોચાડી હોય તેવું પણ લાગ્યા વિના રહેતું નથી.

ધાર્મિક સંપ્રદાયો :

રાજયની પૂર્વની પટ્ટી જે આદિવાસી વિસ્તાર તરીકે ઓળખાય છે. જે ભૌગોલિક રચનાને લઈને પછાત રહેવા પામી છે. આવા પછાત વિસ્તારોમાં, બસો કરતાં વધુ વર્ષોથી ખ્રિસ્તી મિશનરીઓએ તેમની વચ્ચે રહીને અનેકવિધ સેવાકીય પ્રવૃત્તિઓ કરીને તેમનું મિશન આજપર્યત હજુ ચાલુ રાખ્યું છે. તે ઉપરાંત

પણ ઘણા બધા ધાર્મિક સંપ્રદાયોએ પણ તેમની વચ્ચે રહીને જુદી જુદી ધાર્મિક પ્રવૃત્તિઓ દ્વારા આદિવાસી સમૂદાયોમાં અનેકવિધ રીતે સુધારા વધારા દ્વારા પરિવર્તનો માટે અગાધ પ્રયત્નો કર્યા છે. જેમાં સતીપ્રથા, કબીરપંથ, સતકેવલ, દેવીનો વા, સ્વામીનારાયણ સંપ્રદાય, યોગેશ્વર- સ્વાધ્યાય, આશારામ બાપુની આધ્યાત્મીક પ્રવૃત્તિઓ, મોક્ષમાર્ગી વગેરે જેવા વિધવિધ ધાર્મિક સંપ્રદાયોએ તેમની ઉપર તેમના પોતાના પ્રાકૃતિક ધર્મની સાથે સાથે તેમની પોતાની ધાર્મિક પધ્ધતિઓ, પ્રવૃત્તિઓથી આદિવાસી કુટુંબો, સમૂદાયો ઉપર તેમનામાં પરિવર્તન લાવવા અને તેમને સમાજની મુખ્ય ધારાઓ સાથે સાંકળવા માટે, એક યા બીજી રીતે જોડવા પ્રયત્નો કર્યા છે.

મોટા ભાગના આદિવાસી સમૂદાઓમાં પરિસ્થિતિવશ તેમજ તેમની ધાર્મિક, સામાજિક રૂઢિગત માન્યતાઓને લઈને; દારૂ, માંસાહાર તેમના જીવનમાં જે વણાય ગયેલા છે. તેમાં પરિવર્તન લાવીને તેમને શાકાહારી આહારો તરફવાળી, દર્શાવેલા ધાર્મિક સંપ્રદાયોએ વર્ષોની જહેમત ઉઠાવી છે. જેને લઈને આજે ઘણા બધા સમૂદાયઓના લીકો જેઓ દારૂને વર્જેય ગણે છે અને પોતે ભગતો છે તેવું કહે છે. ઘણા શિક્ષિત કુટુંબો પણ દારૂની પ્રવૃત્તિથી વેગડા થયા છે. માંસાહારને બદલે તેઓ, તેમની સાથે સંકળાયેલા કર્મચારીઓની અને કેટલાક સંગ્રહાલયોની અસરોને લઈને શાકાહાર તરફ વળ્યા છે. ઘણી બધી ધાર્મિક પ્રવૃત્તિઓને કારણે આદિવાસી કુટુંબો ઉપર આજે આમ સમાજની જેમ ખાનપાન, વર્તનમાં પણ બદલાવ આવેલો જોઈ શકાય છે.

હાલમાં આદિવાસી વિસ્તારોમાં પણ સંપ્રદાયોની અસરો હેઠળ મંદિરો, સંપ્રદાયોના સ્થળો, આશ્રમો થવાથી તેઓ રોજબરોજ કે પ્રસંગોયે જતા થયા છે. તેમની પણ તેમની ઉપર અસરો વર્તાય છે.

આદિવાસી પેટા યોજના ૧૯૭૫ થી ૨૦૦૩ની અસરો અને વંચિતોની સ્થિતિ :

દેશમાં આઝાદી પછી આદિવાસી વિસ્તારોની અને આદિવાસી સમૂદાયોની સમગ્રતયા વિકાસની ભલામણો જુદા જુદા નિમાયેલા કમિશનોની રહેલી છે. જેના સંદર્ભે વિકાસ ઘટકો અને તે પછી આદિવાસી પેટાયોજના માટે, સમયાંતરે રચાયેલી સમિતિઓમાંથી, સૌથી વિસ્તૃત અને સર્વાંગી અહેવાલ ઢેબર કમિશનનો હતો. જેના આધારે જ અત્યાર સુધીની સૌથી મહત્વાકાંક્ષી અને વિશાળ આદિવાસી પેટા યોજના ૧૯૭૫થી શરૂ કરાઈ હતી. આદિવાસી પેટા યોજના શરૂ થતાં પહેલાં, પ્રથમથી ચોથી પંચવર્ષીય યોજના સુધીના કાર્યક્રમો જે થયા, તે જે તે ક્ષેત્ર માટેના છૂટાછવાયા કરાયેલા જોવા મળે છે. જેમ કે ખેતી, શિક્ષણ, આરોગ્ય વગેરે ક્ષેત્રોમાં પરંતુ આદિવાસી પેટા યોજનામાં તમામ ક્ષેત્રે સંકલિત વિકાસની યોજનાઓ અને તેના તમામ નાણાંકીય સંસાધનો પણ એક જ વહીવટ હેઠળ ગોઠવવામાં આવ્યા હતા. પરંતુ પંવર્ષીય યોજનાઓમાં આદિવાસી વિકાસ માટેનું માળખું પહેલી ચાર યોજનાઓ સુધી બરાબર ન ગોઠવાતાં આદિવાસી વિસ્તારો, તેમાં વસવાટી સમૂહો, કુટુંબો ઉપર વિપરીત અસરો વર્તાઈ હતી, જેને લઈને નકલવારી પ્રવૃત્તિ તો શરૂ ઘણે ઠેકાણે થઈ, પણ સાથે સાથે વંચિતોનો ઘણો મોટો સમૂહ આઝાદીના મીઠા ફળો ખાવાથી વંચિત રહી ગયો હોય તેમ જોઈ શકાય છે. જો કે તે પછી આદિવાસી પેટા યોજના હેઠળ ઘણો બધો સુધારો થયો હોઈ ત્વરિત વિકાસના પ્રયત્નોની સાથે સાથે આયોજન બધ્ધ રીતે લક્ષ્યાંકોની સિધ્ધ, નક્કી કરેલા સમયે ઘણે ઠેકાણે થવાથી આર્થિક, સામાજિક વિકાસની સાથે સાથે આદિવાસી વિસ્તારો, સમૂહોમાં વિકાસ સબબ

જાગૃતિ આવેલી જોવા મળે છે. તેમ છતાં હજુ ઘણા વંચિત દશામાં વિસ્તારો, સમૂહો, કુટુંબો જોવા મળે છે. તેનું કારણ કદાચ એ હોઈ શકે કે પહેલી પંચવર્ષીય યોજનાઓ વખતે કુલ નાણાંકીય સંસાધનો મર્યાદિત હતા, છતાં શરૂઆતનો ગાળો હોઈ કરેલી જોગવાઈ સામે આદિવાસી માટે સારાં નાણાં ફળવાયા હતા. પરંતુ કરાયેલી જોગવાઈ સામે થોડા ટકા જ નાણાં વપરાયા હતા. આગળ ઉપર પંચવર્ષીય યોજનાઓ દરમ્યાન ફાળવેલા નાણાં વર્ષ પ્રમાણે દર્શાવ્યા છે. તેમાં વર્ષો વર્ષ કુલ ફાળવેલ નાણાંની જોગવાઈ સામે આદિવાસી માટેના નાણાંમાં સતત વધારો થતો જોઈ શકાય છે. જે આપેલા કોઠા નં ૫:૨ ઉપરથી ખ્યાલ આવશે.

જોગવાઈ હેઠળ ફાળવેલાં નાણાં આદિવાસી વિસ્તારોની જરૂરીઆતોને ધ્યાનમાં રાખી અનિવાર્ય પણે ફાળવવામાં આવે છે, તેવું બતાવાયેલું ચિત્ર સારું લાગે તો પણ ફાળવેલા નાણાં અંગે કહેવુ જરા વધારે પડતુ હશે. પણ ફાળવેલાં નાણાંમાંથી માત્ર થોડા નાણાં જ ખર્ચના સ્વરૂપમાં જયારે વપરાતા જોવા મળે છે, ત્યારે માત્રં કાગળ ઉપર જ યોજના લક્ષ્યાંકો બતાવાતા હોઈ તેવુ ચિત્ર છેલ્લા ઘણાં વર્ષોથી આપણે જોઈ શકીએ છીએ. તેમાં કદાચ એવું હોય કે લક્ષ્યાંકો વિસ્તાર-કુટુંબોમાંથી મર્યાદિત ધોરણે સિધ્ધ કરવાના હોય શક્ય છે તેવું બને. પણ ફાળવેલ નાણાંની જોગવાઈ સામે તેનો ખર્ચ પૂરતા પ્રમાણમાં ન કરતા અને આમ બને તે ખોટું છે. આદિવાસી વિસ્તારો કુટુંબો માટે માગણી પ્રમાણે રાખેલા લક્ષ્યાંકો સિધ્ધ કરાય છે પણ જેને લઈને રખાયેલા લક્ષ્યાંકો માટે નાણાંનો ખર્ચ પૂરેપૂરા કરવામાં આવતો નથી. જેને લઈને વિસ્તારો અને ઘણા કુટુંબો વંચિત રહી જવા પામેલા પણ જોવા મળે છે. જે વિકાસની પ્રક્રિયા માટે તદ્દન વિરોધી હોય તેમ લાગ્યા વિના રહેતું નથી. આમ આદિવાસીઓની વિકાસ યોજનાઓના સંદર્ભે ફાળવેલા દર વર્ષના નાણાં ભલે મર્યાદિત હોય. પરંતુ જોગવાઈ સામે કરાતો ખર્ચ જે વર્ષ દરમ્યાન ઘટવા પામે છે. જે આદિવાસી વિકાસને માટે ઓછું લક્ષ આપવાની વૃત્તિ પ્રથમથી જ રહી હોય તેવું પ્રથમ ચાર પંચવર્ષીય યોજના દરમ્યાનના અનુભવમાં છે. પરંતુ તે પછી પાંચમીથી સાતમી પંચવર્ષીય યોજના દરમ્યાન યોજનાઓ અને નાણાંકીય સંસાધનોનું સંકલિત એક જ વહીવટી માળખા હેઠળ આવરીને ગોઠવવામાં આવતાં અને નાણાંકીય રીતે પણ વધુ પ્રમાણમાં નાણાં ફાળવતાં વિકાસની ગતિમાં સારો એવો સુધારો ઘણા બધા ક્ષેત્રોમાં જોવા મળે છે. છતાં હજુ પણ જેમ ચારણીમાંથી પાણી કાણાં વાટે બહાર ધીરેથી નીકળી જાય છે તેમ નાણાં પૂરેપૂરા યોગ્ય રીતે ખર્ચતા ન હોય આખીયે વિકાસની પ્રક્રિયામાં ઝાંખપ લાગે છે. આદિવાસી વિસ્તારો, સમૂહો અને કુટુંબોની વિકાસની પ્રક્રિયામાં જે કેટલાક અવરોધકો છે. તેમાં રખાયેલા લક્ષ્યાંકો અને ફાળવેલા નાણાં અંગેની માળખાની આંટીઘૂંટી કંઈક અંશે જવાબદાર હોય, તેમ આ વંચિતાની સ્થિતિ જોતાં લાગે છે.

આગળ આપણે જોયું કે લક્ષ્યાંકો નક્કી કરેલા હોય છે. તેં પણ મર્યાદિત સંખ્યાના તો હોય છે. પણ સાથે સાથે કેટલીક યોજનાઓમાં સંખ્યાનો માપદંડ કે પછી અમૂક નાણાંનો હિસ્સો લાભ લેનાર લાભાર્થી પાસેથી નક્કીકરેલા ટકા પ્રમાણે નાણાં લેવાની શરતો હોય છે. જે બધા લાભાર્થી આપી શકે તેવી પરિસ્થિતિમાં દરેક સમયે હોતા નથી. જેને લઈને યોજના સારી હોવા છતાં ખરેખર જરૂરિયાત મંદ લાભાર્થીઓ તેમાંથી નાણાંના અભાવે લાભ લેવાથી વંચિત રહી જવાના કિસ્સાઓ તરીકે નોંધાઈને રહે છે. કેટલીકવાર વગવાળા

કે ઉપરના અધિકારીના સંપર્કવાળા લાભાર્થીઓ જ લાભ લઈ જતા હોય છે. તેવી પરિસ્થિતિનું નિર્માણ ઘણે ઠેકાણે થાય. જેથી લાભોથી વંચિતોને માત્ર જોઈ રહેવા સિવાય કોઈ ઉપાય હોતો નથી. કેટલીકવાર સામૂહિક યોજનાઓ પણ ચૂંટાયેલા સભ્યો કે સ્થાનિક અધિકારીઓ ઈચ્છે તેવી જગ્યાએ જ લાભપ્રદ બને છે. બાકીના વિસ્તારો, ગામો, ફળિયાઓ તેવા વખતે તેવા લાભોથી વંચિત બની જતા જોવા મળે છે. ઘણીવાર સ્થાનિક વિસ્તારની નેતાગીરી કાયાપલટ કરતી યોજનાઓને સાકાર કરવામાં સફળ રીતે સકારાત્મક વિચારો દ્વારા લાભકર્તા બને છે. તો ઘણે ઠેકાણે નકારાત્મક વિચારોને લઈને વિસ્તારને યોજનાઓથી વંચિત રાખતાં નુકશાન કરવાને લઈને વંચિતતાની સ્થિતિમાં મૂકી રાખે પણ છે.

આખીય યોજનાકીય માળખાની અમલીકરણની ગતિ સ્થાનિક કક્ષાએ બેઠેલા અધિકારીઓની રહેલી હોય છે તેથી અધિકારી વર્ગ જેટલો સારા અભિગમવાળો તેટલો જ વ્યક્તિ, સમૂદાય કે વિસ્તારને લાભપ્રદ બની રહે છે. જયાં જયાં સારુ અમલીકરણ થવા પામ્યું છે. ત્યાં સારા પરિવર્તન દ્વારા વિકાસની કેડીઓ બનવાથી વિકાસની માત્રા, યાત્રા વધારે ગતિશીલ હોઈ તે જાતિઓ કે સમૂદાયો વિકાસની આર્થિક દોડ વધુ તેજ ગતિએ દોડાવતા થયેલા જોવા મળે છે. જેમકે શિક્ષિત-જાગૃત આદિવાસી જાતિઓમાં (ઢોડિયા, ચૌધરી, ગામીત) આવા પરિવર્તન અને વિકાસનો સળવળાટ સારા પ્રમાણમાં જોવા મળે છે.

વિસ્તારોની વિશાળતા અને સ્થાનિક પરિસ્થિતિની અસરો :

ગુજરાતનો આખોય પૂર્વપટ્ટીનો આદિવાસી વિસ્તાર, વિશાળ જમીન વિસ્તારોમાં પથરાયેલો છે. તેની ભૌગોલિક સંરચની રીતે જોઈએ તો ડુંગરાળ પર્વતો, કોતરો, નદીઓ, વહેળાઓથી ભરપુર છે. ભૌગોલિક વિસ્તાર જ એવો હોઈ વરસાદી પાણી વહી જવાને લઈને, થોડા જ સમયમાં સમગ્ર વિસ્તાર, પાણીની અછતવાળો બની જતો હોઈ ત્યાં વારંવાર ઘણે બધે ઠેકાણે દુષ્કાળની પરિસ્થિતિ સર્જાય છે. વિશાળ વિસ્તારને કારણે યોજનાકીય માળખુ હોવા છતાં તેની મર્યાદિત લક્ષ્યાંકોની માત્રાને લઈને પહોંચી ન વળવાને લઈને વંચિતતાની સ્થિતિવાળો બની રહેતો હોય છે. વિસ્તારની વિશાળતા અને તેની સ્થાનિક પરિસ્થિતિને લઈને યોજનાઓના માળખામાં રહેલા સંસાધનો ટૂંકા કે અપૂરતા સાબિત થતા હોઈ સ્થાનિક વિસ્તારો, સમૂદાયો કે જાતિઓ ઉપર તેની અસરો થતી જોવા મળે છે. જેમ કે તેને લઈને ત્યાંની સ્થાનીક ખેતીમાંથી ઉત્પાદન ઓછું મળે છે. અલબત્ત ખેતી નબળી સાબિત થઈ હોય તેમ જોવા મળે છે. જેને લઈને વિસ્તારો આર્થિક પછાતપણાનો ભોગ બનેલા છે. આદિવાસી વિસ્તારોના પછાતપણાનું મુખ્ય પરિબળ તેમનું નબળું કૃષિ ઉત્પાદન છે. જળસ્ત્રોતોના અભાવે ચોમાસા સિવાયના સમયમાં આખોય આદિવાસી વિસ્તારનો ઘણો મોટો ભાગ વેરાન બનતાં ત્યાં કૃષિ ઉત્પાદન કે પશુપાલન વ્યવસાય સુધ્ધાંને અસરો પહોંચવાને લઈને ત્યાંના સ્થાનિક આદિવાસી કુટુંબોને સ્થળાંતરી રોજી માટે બહાર ભટકવું પડે તેવી પરિસ્થિતિ સિવાય કોઈ રસ્તો રહેતો નથી તેવું જોવા જાણવા મળે છે. જો જળસંગ્રહના ઉપાયો નહીં થાય તો, વર્ષો વર્ષ વધુ પ્રમાણમાં સ્થળાંતરની પરિસ્થિતિ વધુ વણસેલી જોવા મળશે, તેમાં શક નથી.

બીજુ આદિવાસી જાતિઓના ઘણા એવા કુટુંબો અને સમૂહો છે, કે જેઓ જાગૃતિ ચેતનાના અભાવે યોજનાઓ હોવા છતાં તેના લાભો નહી ઉઠાવી શકવાને લઈને વંચિત રહેતા હોય છે. તેમાં તેઓની

આળસવૃત્તિ પણ કેટલેક અંશે ભાગ ભજવતી જોવા મળે છે. યોજનાઓના લાભો ન મળે કે બીજે જતા રહે તો પણ તેઓ ચાલશે એવી વૃત્તિથી ચલાવી લેતા હોઈ વંચિતાની દશામાં રહે છે. તેઓ બીજા જાગૃત સમૂદાયોથી અલગ રહેવાની વૃત્તિ ધરાવતા હોઈ પણ વિકસિત દશામાં ન પહોંચતા સ્થગિત જોવા મળે છે. તેઓમાં એવા જીનેટીક રંગસૂત્રો કામ કરે છે, તે તેમને બીજા સમૂદાયોમાં ભળતા કે તેઓ સાથે અનુકૂળતા સાધતાં રોકાતા હોઈ તેવું મહદ્અંશે જોવા મળે છે. જેને લઈને તેઓનો વિકાસ મર્યાદિત ક્ષેત્રે થતો જોવા મળે છે.

સ્થાનિક શિક્ષિત-ભદ્રવર્ગની અસરો :

આદિવાસી જાતિ સમૂદાયોમાં કેટલાક શિક્ષિત થઈને, પોતાને ભદ્રવર્ગમાં ગણાવે છે. તેઓમાંના કેટલાક લોકો ગુરૂતાગ્રંથીથી પીડાય છે, તેવો વંચિત રહી ગયેલા, તેમના જ સમૂદાયના લોકોને પોતાનાથી નીચા છે, એવી દ્રષ્ટ્રિએ જુવે છે. તેઓ એ લોકો માટે કેટલાક શબ્દો પણ પ્રયોજે છે, જેમકે ''સાવ ભુસકા જેવો લાગે છે, હજુ સુધરતા નથી. તેમનમાં ઉભો થયેલો આ ભદ્ર વર્ગ તેમના માટે ચાલતી યોજનાઓના લાભો, ચાલાકીથી તકવંચિત એવા તેમના જ આ વર્ગના લાભો કેટલીકવાર ઝુંટવી લે છે. તેઓની વ્યક્તિલક્ષી, કે કુટુંબલક્ષી આર્થિક તેમજ સામાજિક વિકાસની યોજનાઓના લાભ આવો ભદ્રવર્ગ જ મહદ્અંશે લઈ જાય છે. તેથી તકવંચિત લોકોની તકવંચિતતા બરકરાર રહે છે. તકવંચિતોના ભોગે તેમનો જ ભદ્ર વર્ગ લીલા લહેર કરે છે. એવી પ્રતિતિ ક્ષેત્ર અભ્યાસમાં થયા વિના રહેતી નથી. તેઓમાંના આર્થિક રીતે સધ્ધર કુટુંબોને (વેટીંગમાં) પ્રતિક્ષામાં આરક્ષણમાં મૂકવા જોઈશે. જેથી તેઓમાં વંચિત રહી જતા કુટુંબો સુધી લાભોની પ્રતિનિ થાય અને તેઓ વિકાસની પ્રક્રિયામાં જોડાઈ શકે. જરૂરિયાતમંદ યોગ્ય કુટુંબોને લાભો પ્રાપ્ત થાય તે માટેના માપદંડો ન હોવાથી ઉપર બતાવ્યું તેમ ભદ્રવર્ગને લાભ મળી જાય છે. જેથી પણ ઉપરાંત ભદ્રવર્ગના કારણે રહી જતા કુટુંબોને હાલાકી ભોગવવી પડે તેવુ બને છે. તેથી તો વંચિત વર્ગ આંતરિક રીતે થતી આવી લાભોની ખોટી પ્રક્રિયાને લઈને વંચિતતાની દશામાં પીડાય છે.

આદિવાસીઓ અને પ્રાકૃતિક સંસાધનો :

આદિવાસી જાતિ સમૂદાયો ત્રણ મહત્ત્વના પ્રાકૃતિક સંસાધનો જળ, જમીન અને જંગલો સાથે ઘનિષ્ઠ રીતે સંકળાયેલા છે. જળ વિશે આપણે આગળ જોયું કે કેટલાક આદિવાસી વિસ્તારોમાં ખૂબ જ વરસાદ પડી પાણી વહી જાય છે, તેથી ત્યાં ચોમાસા સિવાયની ઋતુઓમાં પાણીની તંગી વર્તાય છે. તેવી રીતે કેટલાક વિસ્તારોમાં વરસાદ ઓછો પડતાં પાણીની તંગી વર્તાય છે. એટલે પાણીની સમસ્યા તેવોની કાયમી રહેલી છે. આગળ બતાવ્યું તેમ જળસંગ્રહની યોજનાઓને અભાવે, તેઓ પાણીથી વંચિતતાની સ્થિતિમાં નિર્વાહ ગોઠવે છે. તે જ રીતે જમીન છે પરંતુ તેનું ધોવાણ થવાથી સારો પાકો લઈ શકતા નથી. આ જમીનમાં રાસાયણિક દ્રવ્યોની માત્રા ઓછી હોય વધુ ઉત્પાદન આપતી નથી. તેમાં સારા ખાતરો નંખાય તો જ સારો પાકે શક્ય બને. જે આદિવાસી ખેડૂતની આર્થિક સ્થિતિ સારી ન હોય, શક્ય બને તેમ નથી તેથી તેઓ સારો પાક લેવાથી વંચિત રહે છે. ઉપરાંત એ જે જમીન ખેડે છે, તે જમીનના માલિક હક્કી ધરાવતા નહોવાથી પૂરતી કાળજી રાખતા નથી. તેઓ જમીન માલિક હક્કથી હજી વંચિત છે. જમીન માલિકોમાંથી તેઓ

ખેતમજૂરો કે સ્થળાંતરિક મજૂરોની સ્થિતિએ પહોંચ્યા છે. ખેતીની જમીનના ભાગ થયા છે. જમીનનું ટૂકડાઓમાં રૂપાન્તર થતાં, ઉત્પાદન સમતા ઘટી છે. તેઓમાં ઘણા કુટુંબો ભૂમિહીન માત્ર ખેતમજૂરો છે.

એ જ રીતે જંગલો આગળ પણ બતાવ્યું તેમ, કેટલેક ઠેકાણે સાવ ખલાસ થઈ ગયા છે. તો કયાંક કયાંક પાંખા થઈને સાફ થઈ જવાની અણી ઉપર છે. જે જંગલોમાંથી તેઓમાંના અનેક કુટુંબો ગૌણ વનપેદાશો, લાકડા અને જરૂરી ખાદ્યા ખોરાકીથી મેળવી જીવનનિર્વાહ ગોઠવતા હતા. તેમને હવે સ્થળાંતરી મજૂરી માટે બહારના વિસ્તારોમાં વલખા મારવા પડે છે. જંગલમાંથી તેમને જે જીવન આધાર હતો તે નિયંત્રણ હેઠળ જંગલ હોઈ ઝુંટવાઈ ગયો છે. આદિવાસીઓને તેમના આ ખૂબ જ ધનિષ્ટ એવા જળ, જમીન, જંગલ પ્રાકૃતિક સંસાધનોથી વંચિત કરી દેવાય અને તેમના આ પાયાના પ્રશ્નો હલ ન થાય તો સ્કીમો /યોજનાઓ અત્યંત મર્યાદિત અને મહદ્‌અંશે વિકૃત અસરો ઉભી કરશે, તેમાં શંકા નથી.

આંતરમાળખાકીય સગવડોનો અભાવ :

આદિવાસી વિસ્તારો અને તેમાં વસતા આદિવાસી સમૂદાયોનો ખરેખર વિકાસ કરવો હશે તો, આંતરમાળખાકીય સગવડો જયાં જયાં નથી કે ઓછી છે, તે વિકાસાવવી પડશે. પાણી, વિજળી, વાહનવ્યવહાર, સંદેશાવ્યવહાર, રસ્તાઓ ઉપરાંત આરોગ્ય કેન્દ્રો, શાળાઓ, સસ્તા અનાજની દુકાનો વગેરે સેવાઓ હજી સુધી દુર્ગમ અને ઉંડાણના આદિવાસી વિસ્તારોમાં આંતર માળખાકીય (આગળ દર્શાવેલી) વિકસાવવાનું હજુ ઘણે ઠેકાણે શક્ય બન્યુ નથી. આંતર માળખાકીય સુવિધાઓ ન હોવાને કારણે આદિવાસી વિસ્તારો, તેમાં વસતા કુટુંબો જે સંલગ્ન મળતી સુવિધાઓ અને લાભોથી વંચિત રહી જવા પામ્યા છે. માળખાકીય સુવિધાઓ ન હોવાને કારણે તેમના વિકાસમાં એક યા બીજી રીતે અસર તે કરે છે આવા વિસ્તારો અને કુટુંબો વંચિત રહી જવાથી વિકાસાત્મક, માળખા બહાર કોરાણે રહી જાય છે અને જે વિકાસનો ધ્યેય રાખવામાં આવ્યો હોય છે, તે ભળીભૂત થતો નથી. ઘડાયેલી યોજનાઓ અત્યંત મર્યાદિત રીતે અમલી બનતી હોય, ઘણે વખતે ખરાબ અસરો ઉભી કરતી હોય તેવું ચિત્ર જોવા મળે છે. આમ આંતરમાળખાકીય સગવડોના અભાવને લઈને તે વિસ્તારો, કુટુંબો આર્થિક વિકાસના તબક્કામાંથી દૂર હડસાયેલા હોય તેમ લાગ્યા વિના રહેતુ નથી ખરી રીતે તો આંતર માળખાકીય સુવિધાઓ તો વિસ્તાર અને તેમાં વસતા સમૂદાયોના લોકોનો વિકાસનો પાયો છે. હજુ ઘણા આદિવાસી વિસ્તારો દુર્ગમ અને ઉંડાણવાળા હોઈ અને ત્યાં હજુ આંતરમાળખાકીય સગવડોનું માળખું પૂરેપૂરુ ન ગોઠવાતાં વિકસાવવામાં સફળતા મળી ન હોય તેવું છે તેથી વંચિતતાની સ્થિતિ ત્યાં બરકરાર રહેતી જોવા મળે છે.

આદિવાસી વિસ્તારોમાં આંતર માળખાકીય સુવિધાઓનું માળખું દુર્ગમ, ઉંડાણના વિસ્તારોમાં સુગ્રંથિત રીતે ગોઠવાઈ શક્યું નથી. પરંતુ ગોઠવવાના પ્રયત્ન થયા છે. ત્યાં જો કે હજુ આદિવાસી વિસ્તારો અને આદિવાસીઓની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને ગોઠવાયેલ નથી, એટલે ત્યાં સમજ સાથે ગોઠવાશે તો જ આગળ ઉપરનો વિકાસનો ઉદ્દેશ્ય સિધ્ધ થશે એટલે આગળ ઉપરના અનુભવને ધ્યાનમાં રાખીને જયારે પણ આંતર માળખાકીય સુવિધા થશે ત્યારે જ વંચિતોને ગોઠવેલા માળખાની સકારાત્મક અસરો થશે.

આદિવાસીઓ અને શ્રમમૂડી :

આર્થિક વિકાસ કરીને - સમૃધ્ધ બનવા માટે, પ્રાકૃતિક સંસાધનોની સાથે સાથે માનવસર્જિત સંસાધનોમાં પણ માનવશ્રમની જરૂર પડે છે. તેના દ્વારા જ આર્થિક ઉત્પાદન વડે સમૃદ્ધિ શક્ય બને છે. આદિવાસી વિસ્તારોમાં પ્રાકૃતિક માનવસર્જિત સંસાધનો તેમજ માનવશ્રમ હોવા છતાં સ્થળ વિસ્તાર જ એવો છે કે શ્રમ કરવાવાળાને કામ પૂરેપૂરુ મળતું નથી. તેઓમાં તાલીમ વગરની વ્યક્તિઓ જરૂર છે. તેઓ કામની શોધમાં કામ મળે તો કરવા તૈયાર છે. પરંતુ આદિવાસી વિસ્તારમાં ખૂબ જ ઓછી રોજગારીની તકો હોઈ માનવશ્રમ વપરાયા વિનાનો બને છે. આવી પરિસ્થિતિમાં ત્યાંની સ્થાનિક પરિસ્થિતિમાંથી, ભરણપોષણ શક્ય ન બનતાં, તેઓ અન્યંત્ર સ્થળાંતરી રોજગારી માટે બીજા વિકસીત વિસ્તારોમાં,પોતાના માનવશ્રમનો ઉપયોગ કરીને, જે રોજગારી મળે તેનાથી સંતોષ માને છે. તેમ છતાં આદિવાસી વિસ્તારોના વપરાયા વિનાનો માનવમૂડીનો શ્રમ કામના અભાવે ઘણો બધો પડ્યો રહે છે. તે રીતે રોજગારી મળે તો તેને કામ તો અવશ્ય કરવું છે પણ દરેક માટે એ શક્ય ન બનતાં કામથી વંચિત રહેવાને લઈને શ્રમિક પ્રજાને માનવમૂડી વેડફવા સિવાય કોઈ રસ્તો રહેતો નથી. આમ સ્થાનિક રોજગારીના અભાવે માનવમૂડીમાં વપરાયા વિનાનો શ્રમ વપરાયા વિનાનો રહેવાથી બેકારી સતત વધતી જોવા મળે છે. તેને લઈને તેઓ ગરીબીની પરિસ્થિતિમાં જ સતત નિમ્ન કક્ષાનું જીવનધોરણ અપનાવીને જીવન વ્યતિત કરે છે.

જો કે છેલ્લા કેટલાય વર્ષોમાં સમગ્રતયા બાબતોને ખ્યાલમાં રાખીને સંકલિત વિકાસની રણનીતિ ઘડાઈ હોઈ આદિવાસી વિસ્તારો અને સમૂદાયોમાં ઘણી બધી રીતે પરિવર્તન અને વિકાસની યાત્રા ફળીભૂત થતી હોય તેમ જોઈ શકાય છે. છતાં યોજનાના આયોજન અને અમલીકરણમાં સંકલનનો અભાવ રહ્યો હોઈ અને ફાંળવેલા બજેટ જોગવાઈઓ કરતા માંડ થોડા ટકા જ નાણાં આદિવાસીઓ પાછળ પંચવર્ષીય યોજનાઓના આંકડાઓ જોતાં ખર્ચાતા લાગે છે તેવુ સરકાર પણ પોતે થતા ખર્ચાઓમાં માને છે અને પંચવર્ષીય યોજનાના અહેવાલ જોવાથી ખ્યાલ પણ આવે છે.તેમાંથી ખર્ચાતા બજેટમાં પણ તેવું જ બને છે. યોજના ખર્ચમાંથી માંડ થોડુ ખર્ચાયુ હોઈ, તેનો ભોગ વિકાસલક્ષી વંચિત વિસ્તારો અને લોકો બને છે. તેથી પણ માનવ મૂડીને કદાચ શ્રમ ખર્ચાયા વિના જ ઉપર બતાવ્યું તેમ પડ્યો રહે છે.

વ્યવસાયિકરણ અને સરકારી પગલાઓ :

છેલ્લા ૧૫૦ વર્ષના ઈતિહાસમાં આદિવાસીઓની ઉપેક્ષા કરાઈ અને તેમને ઘણીબધી બાબતોથી વંચિત રખાયા છે, જે પણ તેમની વિકાસની બાબત હોય કે તેમના જીવનનિર્વાહના બીજા પાસાઓની હોય જે તેમના સંશોધન અભ્યાસો ઉપરથી ખ્યાલ આવે છે. વ્યવસાયીકરણે તેમની સંસ્કૃતિ જીવનશૈલી-રહેણીકરણી પર ભારે કુઠારાઘાત કર્યો છે. તેનાથી તેમનો વિકાસ તો ઠીક પણ જીવનનિર્વાહ પૂરતી રોજગારી પણ આપી શકાઈ નથી.

પ્રવર્તમાન આધુનિક સમાજ, વાહનવ્યવહાર, શિક્ષણ, આરોગ્ય અને જટીલ વહીવટી પ્રક્રિયાથી અજાણ આદિવાસીઓ માટે વિકાસ સંદર્ભમાં લેવાયેલા, લેવાઈ રહેલાં પગલાઓમાં કેટલાક તો સારા છે.

પણ તેમાં કહેવાતા પગલાઓને લઈને તેઓ વંચિત દશામાં વર્ષો પર્યતથી રહી જવા પામ્યા છે. તેનું કારણ કદાચ એ હોઈ શકે કે વિકાસના પગલાં લેનારા આદિવાસી સંસ્કૃતિને પૂર્ણતયા જાણતા ન હોઈ કે પછી તેમની સમસ્યાને વિશે આંખઆડા કાન કરાતા હોય જે હોય તે એ સર્વેને લઈને તેમની વંચિતતાની દશામાં નોંધપાત્ર ફેરફાર નોંધાયો નથી, જે ક્ષેત્રકાર્ય દરમ્યાન હજુ ઘણે બધે ઠેકાણે જોઈ શકાયું છે. તેમની વંચિતતાની વિગતો ક્ષેત્રવાર આગળ ઉપર દર્શાવી છે. જેમાં એકબીજા સમૂદાયોની સરખામણી, સ્થાનિક પરિસ્થિતિ, વિસ્તારો, વસ્તીની વિશાળતા અને સંખ્યા શિક્ષિત ભદ્રવર્ગ, સરકારી તંત્રની મર્યાદાઓ, સ્થાનિક માળખુ (સામાજિક, આર્થિક, ધાર્મિક, રાજકીય) વગેરે તેમનામાં પ્રાકૃતિક, માનવીય સંસાધનોની પરિસ્થિતિ હોય શકે છે.

તેમના વ્યવસાય અંગેના પગલાઓ યોગ્ય સમય, યોગ્ય માત્રામાં અને તેમની સ્થાનીક પરિસ્થિતિને સમજયા વિના લેવાયા છે. ત્યાં તેમને નુકસાન પહોંચ્યું છે. જેમ કે તેમની ખેતીમાં નવીન આધુનિક પધ્ધતિઓ અપનાવવાથી તેમને ઘણે ઠેકાણે નુકસાન વેઠવું પડ્યું છે. બાહ્ય વ્યવસાયોનો તેમનામાં સંપર્કે પણ તેમને તેમના કુદરત આધારિત જીવનને ખલેલ પહોંચાડે છે. એટલે સરકારી વ્યવસાયિક પગલાઓ ઘણીવાર તેમને ફાયદાને બદલે નુકસાનકર્તા સાબિત થયા. જો કે આસય સારો હોવા છતાં કારગત નીવળતો નથી.

વિસ્તારની વિશાળતા અને ભૂભૌગોલિક પરિસ્થિતિની અસરો :

આદિવાસી વિસ્તારોની વિશાળતા (જે રાજયના કુલ વિસ્તારમાં ૧૫ ટકા વિસ્તાર લગભગ પથરાયેલો છે.) રાજયના અગિયાર જિલ્લાઓમાં ૪૩ તાલુકાઓમાં તો પચાસ ટકા જેટલી આદિવાસી વસ્તી વસે છે એ સિવાય પોકેટસ વિસ્તારો, કલ્સ્ટર અને છૂટાછવાયા વિસ્તારોમાં આદિવાસી વસ્તી વસવાટી છે. એ સમગ્રમાં ૭૪.૮૧ લાખની, એટલે રાજયની કુલ વસ્તીમાં ૧૫ ટકાની વસ્તી વસવાટી છે. જેમાંથી મહત્ત્વની મોટી વસતી પૂર્વની ડુંગરાળ, પથ્થરાળ, જંગલોની ભરપૂર ખીણોવાળી ભૂભૌગોલિક પરિસ્થિતિ સારી નહીં ધરાવતી ભૂમિમાં વસે છે. રાજયની આટલી મોટી આદિવાસી વસ્તીમાં મોટાભાગની વસતી ગરીબ અને બેકારીની પરિસ્થિતિમાં વિસ્તારનું અને પોતાનું પછાતપણું લઈને સખતમાં સખત મજૂરી કરીને પોતાનો જીવનનિર્વાહ ગોઠવવાની ગડમથલ કરીને ભારે અજંપા સાથે વસે છે. એ સિવાય તેઓમાં શિક્ષણનું નહીંવત પ્રમાણ એટલે કે અશિક્ષિતોનું ભારે પ્રમાણ છે. તેમની સ્થાનીક પરિસ્થિતિ દર્શાવેલી ઘણે બધે ઠેકાણે તેમને ઘણી બધી બાબતોથી વંચિતતાની સ્થિતિમાં રાખવામાં ખૂબ જ મહત્ત્વનો ભાગ ભજવે છે. તેવું આદિવાસી વિસ્તારો સમૂદાયો અને તેમાં વસતા કુટુંબોને ક્ષેત્રકાર્ય દરમ્યાન જોવા, જાણવાથી પ્રતિત થાય છે. આદિવાસી વિસ્તારો વિશાળ અને અતિ ઉંડાણમાં હોઈ, ઘણી બધી બાબતોથી વંચિત રહી જતા જોવા મળે છે. કારણકે સ્થાનીક પરિસ્થિતિ એમ કંઈ કરી શકાય તેમ નથી અને સિવાય દૂરના વિકસતા વિસ્તારોની વિકાસની પ્રક્રિયામાંથી તેઓ અજાગ્રત અને સંપર્ક વિહોણા હોઈ, જયાં હોય તેવી જ પરિસ્થિતિમાં વિકાસના પરિધ બહાર જ યથાસ્થિતિ પોતાની પરિસ્થિતિથી સંતોષ માનીને રહે છે.

ગુજરાત રાજયમાં આદિવાસીઓના વિકાસ કાર્યક્રમો પાછળ અઢળક નાણાં ખર્ચાય ગયાં છે અને ખર્ચાય રહ્યાં છે. તેઓની વિકાસ યાત્રા માટે આઝાદી પછીના આટલા બધા વર્ષો પછી, એટલે કે ૬૦

વર્ષનાં ઘણો બધો કહી શકાય તેટલો સમયગાળો થયો હોવા છતાં, તેમની વિકાસને લઈને જે હેતુઓ, સિધ્ધિઓ, માપદંડો રખાયા હતા, તે મુજબનો વિકાસ થયો છે ખરો ? તેમનો વિકાસ અંશતઃ માત્ર થયો છે, તેવું અમૂક જૂથો - વ્યક્તિઓ ઘણે બધે ઠેકાણે આદિવાસીઓની પરિસ્થિતિ જોતાં માને છે. જે ક્ષેત્ર અભ્યાસ જોતાં પણ ઘણે બધે અંશે સાચું પણ છે. તેમની વંચિતતાની હકીકતો જોતાં માનવી પડે તેવી બાબત છે. દિનપ્રતિદિન ગરીબોની ગરીબી તેમની તેમ છે. તે તેના ઉપરથી ખ્યાલ આવે છે કે આજે આદિવાસીઓનું સ્થળાંતર રોજગારી માટે છેલ્લા કેટલાક વર્ષોમાં પંચમહાલ, દાહોદ, ડાંગમાંથી અત્યારે સૌથી વધારે થઈ રહ્યું છે. તેનું એક મોટું કારણ એ છે કે નિર્વાહ માટે હવે તેમને તેમની જમીન, જંગલ કે સ્થાનિક પરિસ્થિતિમાંથી જે મળે છે, તે પર્યાપ્ત કે પૂરતું નથી. તેના ઉપર હવે તે ટકી શકે તેવી પરિસ્થિતિમાં રહ્યા નથી.

બીજુ એ પણ હોઈ શકે કે જેને માટે આયોજન કરવાનું છે, જેનો વિકાસ કરવાનો છે તે ભુલાતું જાય છે, બીજો તેના ઉપરથી ખ્યાલ આવે છે કે અત્યાર સુધીની જુદી જુદી ૩૫૦ જેટલી અચંબો પમાડે તેટલી સંખ્યાની યોજનાઓ તેમના વિકાસ માટે ઘડાઈ અને અમલી બનાવાય, છતાં વાસ્તવિક રીતે જોઈએ તો તેમાં એવું શું ખૂટે છે કે છેવાડાની વ્યક્તિ વંચિત આજે પણ રહી જવા પામી છે. આદિવાસી વિકાસના સંદર્ભે અને આદિવાસી વિસ્તારોના વંચિતો માટે, તેઓના સ્થળાંતર માટે અને સાથે સાથે તેઓની ગરીબીની અવસ્થા માટે અનેકવિધ કારણો આગળ ઉપર બતાવ્યા છે. તેમાંથી નિસ્પંદ થાય છે કે વિકાસ ગાથા વચ્ચે, વંચિતો છે જ, તેમાં લેશ માત્ર શંકા નથી. તેમની એ ગરીબીની પરિસ્થિતિમાં કેમ પરિવર્તન સાથે વિકાસ સંભવી શકતો નથી. તે શું ખાય છે ? કેમ જીવે છે ? અભ્યાસના ક્ષેત્રકાર્ય દરમ્યાનની અનુભૂતિથી તો જોઈ શકાય છે કે આદિવાસીઓમાં એક ખાલિપો ઉભો છે, આદિવાસીઓમાંના ઘણા બધા વંચિતતાની પોતાની આ પરિસ્થિતિ સમાજની મુખ્ય ધારાથી તો ઠીક પોતાના ભદ્ર આદિવાસી સમાજથી તેના ચાલુ પ્રવાહથી પણ એક બાજુ હડસેલાને કારણે છે. તેઓની આ થઈ રહેલી પરિસ્થિતિ કયારેક કંઈ પરિસ્થિતિનું નિર્માણ કરશે તે તો સમય આવે જ ખબર પડશે. કારણ કે વંચતિતાની પરિસ્થિતિએ ઘણો બધે ઠેકાણે ઘણા માઠા પરિણામો સાથેનું નવું પરિવર્તન આણ્યું છે. અત્યારથી આજે વાસ્તવિક વંચિતતાની સ્થિતિ પ્રર્વતે છે તેને લઈને વિચાર કરવો જ રહ્યો. જે કે અત્યારથી કહેવું વધારે પડતું કહેવાશે.

પ્રચાર, પ્રસાર માધ્યમોનો અભાવ :

આદિવાસી વિસ્તારોમાં યોજનાઓ સંબંધિત પ્રચાર-પ્રસાર અમુક યોજનાઓ પૂરતો મર્યાદિત હોઈ ઘણી બધી એવી યોજનાઓ છે કે માત્ર કાગળ ઉપર કે છાપેલા સાહિત્ય સંદર્ભે પડી રહે છે. જેને લઈને લાભકર્તા યોજનાઓનો અર્થ માર્યો જતો હોય છે. તેમાં એવું પણ જોવા મળે છે કે અમલીકરણ યોજનાઓમાં સંકળાયેલ અધિકારીગણની યોજના પ્રત્યેનો અભાવો, યોજનાને કારગત થવા દેતો નથી. તદ્ઉપરાંત યોજનાઓની અનુકૂળતા-પ્રતિકૂળતાઓની ચર્ચાવિચારણા વિના બીજે લાગુ કાંઈ છે, તો આપણે પણ અમલી બનાવો. એનુ અમલીકરણ પણ થાય છે. વળી કેટલીક યોજનાઓ આદિવાસી કુટુંબો જો માગણી કરે તો જ અમલી બનાવાય છે. જો રચાયેલો લક્ષ્યાંક સિધ્ધ થઈ ગયો હોય તો પણ લાભાર્થીને લાભ મળતો નથી અને વંચિત રહી જવા પામે છે. જો લક્ષ્યાંક ન હોય તો કેટલીકવાર યોજાઓ પડી રહે છે. તેથી યોજના

અને ફાળવેલા નાણાંનું બજેટ પડ્યું રહે છે તેથી યોજનાઓનો અર્થ સરતો નથી.

યોજનાઓમાં ફાળવેલ બજેટમાંથી માત્ર ૧૧ ટકા બજેટ વપરાય છે, તેવું આયોજનનું મૂલ્યાંકન થતી વેળાએ ખૂદ સરકારી વહીવટતંત્રમાં ચર્ચાય છે. પંચવર્ષીય યોજનાઓના અહેવાલ જોવાથી પણ ખ્યાલ આવે છે. તેમાં માત્ર ૧૧ ટકા વપરાતા બજેટમાં જાગૃત કે નજીકના વર્તુળોવાળા કુટુંબો જ યોજનાઓનો લાભ લઈ શકતા હશે, આને લઈને વિસ્તાર કે કુટુંબો વંચિત રહી જતા હોય જે બનવા જોગ છે.

આખાય આદિવાસી વિસ્તારોમાં માંડ થોડો શિક્ષિત વર્ગ હોઈ પ્રચાર-પ્રસારના માધ્યમો તેમને સમજાય તેવી પધ્ધતિ દ્વારા કરાય તો જ શક્ય છે કે તેઓ યોજનાઓ સુધી પહોંચી શકશે. માત્ર ભ્રામક પ્રચારથી તો ખરેખર લાભાર્થીઓ દૂર ભાગશે અને યોજનાઓથી વંચિત રહી જશે.

બૃહદ સમાજના આર્થિક વિકાસની યોજનાઓ :

આદિવાસી વિકાસ અને બૃહદ સમાજના વિકાસ, એ બન્ને માટેના કરવામાં આવેલા પ્રયત્નોમાં ભારોભાર વિરોધાભાસ છે. બૃહદ સમાજના આર્થિક વિકાસના સંદર્ભે પ્રથમ પંચવર્ષીય યોજનાઓથીજે અવિરત યોજનાઓ કરાઈ તેમાં નદીઓ પરના બંધો, ખાણોમાંથી ખનીજનું ઉત્પાદન, મોટાઉદ્યોગો (સ્ટીલ પ્લાન્ટો) કરાયા, તેનાથી તેની આસપાસમાં વસવાટી આદિવાસી વસ્તીને પોતાના વતનમાંથી ખસવું પડ્યું છે. તેમનું સ્થળાંતર ફરજિયાત બને છે. જેને લઈને પુનઃવસવાટ માટે, તેમને બીજે ખંસેડવામાં આવે છે. જે પુનર્વાસ નીતિના આધારે કરાય છે, આ પુનર્વાસની આખીય પ્રક્રિયા અત્યંત ખરાબ રીતે કરાય છે. જેના દાખલા જયાં બંધો કે પ્લાન્ટ થયા છે ત્યાં મોજુદ છે. જેમકે ગુજરાતમાં દમણગંગાના પુનવસવાટીઓ તાપી નદી ઉપરના ઉકાઈ, કાકરાપાડાનાં, વસવાટીઓ મધ્યમાં મહીસાગર નદી ઉપરના કડાણા અને વણાંકબોરીના પુનવસવાટીઓ, મેશ્વો ઉપરનો બંધ, માજુમ બંધ; હાથમતી ઉપરનો બંધ અને ઈન્દ્રાસી બંધ, ઉપરાંત સાબરમતીનો ધરોઈ વગેરે જેવા ડેમોથી ઘણા બધા પુનવસવાટીઓ બનેલા છે. જે નજર અંદાજ કરાય તેમ નથી. આ વિસ્થાપિત કુટુંબોની પરિસ્થિતિ ઘણે બધે ઠેકાણે, આજે પણ સારી નથી. ઉપર જણાવેલી નદીઓ ઉપરના બંધો બંધાયા પછી બનેલા પુનઃવસવાટી કુટુંબોમાંથી ઘણા બધા આદિવાસી કુટુંબો ગરીબી, બેકારી, ઘરવિહોણા અને એકલાં પડી જવાની પ્રક્રિયામાં સપડાયેલા જોવા મળે છે. તેઓ વંશપરંપરાથી સદીઓથી તેમના પોતાના પાકૃતિક સંસાધનો જળ, જમીન અને જંગલથી સ્થાપાયેલા પર્યાવરણીય વાતાવરણથી જેણે લઈને છૂટા પડે છે અને એથી આગળ તેઓ પોતાના સમાજજીવનના સંબંધોથી પણ ઘણે દૂર સુધી જઈને પુનઃવસવાટ કરવાને લઈને અકળાવી મૂકે તેવી પરિસ્થિતિમાં મૂકાયેલા જોવા કે જાણવા મળે છે. નર્મદા યોજનામાં કેટલેક અંગે પુનવસવાટનું કામ પ્રમાણમાં કહ્યી શકાય તેટલુ સારી રીતે ગોઠવાયેલું છે. હા રાજયમાં બીજી યોજનાઓમાં, ઉપર જણાવ્યું તેમ વિસ્થાપિત આદિવાસીઓની પરિસ્થિતિ ખરાબ થઈ છે. જેને લઈને ગરીબ આદિવાસીઓને નુકશાન પહોંચ્યું છે. આવા આદિવાસી કુટુંબોને ઉપર દર્શાવ્યું તેમ જંગલ, જમીન, જળ અને તેમાંય પ્રાપ્ત ચીજવસ્તુઓથી વંચિત રહેવું પડે છે. તેમનો શિકાર, લાકડા, કંદમૂળ, ગૌણ વનપેદાશો વગેરે વસ્તુઓ સાથેનો નાતો લગભગ ઘણે અંશે ખલાસ થઈ ગયો છે.

રાજકારણની અસરો :

આઝાદી બાદ રાજકીય વગ ધરાવતા, રાજકારણીઓની સારી, ખરાબ બન્ને પ્રકારની અસરો જોવા મળે છે. આગળના સુચારુ નિષ્ઠાવાન રાજકારણીઓને લઈને, સાચા લોકતંત્રની છાપ સાથે, આર્થિક, સામાજિક રીતે નિર્મળ સમાજનું ચિત્ર હતું. પરંતુ પાછળના કેટલાક સમયગાળાથી અનેકઘણા પ્રલોભનોને લઈને આખુય ચિત્ર અંધકારના ઓછાયા ધરાવતું હોય તેવું જોવા મળે છે. એવા ખરાબ રાજકારણની રીતરસમોને લઈને, સમાજનું આર્થિક, સામાજિક ચિત્ર ડહોળાયેલું, સડેલું બનતું જતું હોય એવું ઘણે બધે ઠેકાણે જોવા, સાંભળવાથી અનુભવાય છે. તેને લીધે પણ પ્રાયોજિત આયોજનની વિકાસની યોજનાઓનો અર્થ જોઈએ તેટલો બર આવતો નથી. તેવું જોઈ શકાય છે. તેની પાછળ આ રાજકારણની થતી અસરો પણ કેટલેક અંશે જવાબદાર હોઈ તેવું ચિત્ર છે.

આદિવાસી વિકાસ માટે ફાળવતા બજેટ અને તેની યોજનાઓની અમલીકરણની આખીય રીતરસમો, દરેક જગ્યાએ સરળતા દર્શાવતી પારદર્શક ભાગ્યે જ હોય છે. આખીય અમલીકરણની પ્રક્રિયામાં રાજકીય રીતે છેક ઉપરની વહીવટી પાંખથી છેક સ્થાનીક નીચેના ગ્રામ્ય તેમજ કુટુંબ લેવલ સુધી જોવા મળે છે. તેમાં રખાતી વેરા આંતરાની ભાવના, યોજનાઓ ન પહોંચવા દેવાની કે અમૂક જગ્યાએ જ આપવાની આંતરિક રસમો, આંતરિક ઈર્ષાભાવને કારણે કયારેક કયારેક વિસ્તારો, ગામો, તેમજ કુટુંબોને વંચિતતાની દશામાં મૂકીને હાની પહોંચાડે છે.

જેના ઉદાહરણો આદિવાસી વિસ્તારો તેમજ સબંધિત અત્યંત્ર જગ્યાઓથી બનતા જોવા મળે છે. કોઈ ગામોનો રસ્તો હોય, ચેકડેમ કે તળાવ જેવા સામૂહિક કામો હોય જેમાં એકપક્ષના સત્તાધારીઓને કારણે અન્ય પક્ષને લઈને તે ગામોના કામો માટે દુલક્ષ સેવાય છે કે પછી થવા ન દેવા તેવા કાર્ય કરે છે. તેમાં શૈક્ષણિક સંકુલો આશ્રમશાળા કે છાત્રાલય વગેરેમાં પણ તેવું કરાય છે. બીજી એવી વાત જોવા મળે છે કે અગાઉથી આવી સુવિધાઓ થયેલી હોય ત્યારે તેમને મળતો નિભાવ ખર્ચ કે મળતી સહાયોમાં વિક્ષેપ પડાય છે કે બંધ પણ કરી દેવાય છે. તેમાં રાજકારણ ચોક્કસ રીતે ખેલાતું જોવા મળે છે. દા.ત. દક્ષિણ ગુજરાતની એક સંસ્થા હળપતિ સેવા સંઘ કે પંચમહાલની ભીલ સેવા મંડળ વગેરેને તેવા કારણોસર જ તેમને કેટલીય વાતોમાં શોષાવું પડે છે. બીજુ ભારત યાત્રા કેન્દ્ર (ડેડીયાપાડા અને કપરાડામાં) જેવા વિસ્તારમાં ચાલતી શૈક્ષણિક સંસ્થામાં અન્ય પક્ષાપક્ષીની લીધે તેમને ભોગ આપવો પડે છે. આવી સારી ચાલતી શૈક્ષણિક સેવાથી આદિવાસી વિસ્તારો, લોકોને ઈર્ષાનો ભોગ બનાવીને તેમને વંચિતોમાં રાખવાની આખીય રસમો ચાલે છે. આમ રાજકારણ વિસ્તાર કે ગ્રામ્ય વિસ્તારો આદિવાસી જૂથોને પક્ષાપક્ષીમાં એક યા બીજી રીતે તેમાં જોતરાયેલા લોકોને તેમના હક્કોથી વંચિત રાખે છે.

કેટલીકવાર વ્યક્તિગત રીતે પણ આદિવાસી વિસ્તારોમાં છેવાડામાં વસતા આદિવાસી શિક્ષિત લોકો પણ આવી વંચિતતા સ્થિતિમાં મૂકાય છે. જેમ કે સમયસર જાહેરાત ન પહોંચતાં, પ્રચાર-પ્રસારના અભાવે તેમનામાંના કેટલાક અરજી કર્યા વિના કે નોકરી સંદર્ભે મળતી સવલતોથી વંચિત રહી જાય છે. સમયસર સ્કોલરશીપ જેવી મળતી સુવિધાઓ પણ સમયસર ન મળતાં તેઓ શિક્ષણથી કે ટ્રેનીંગથી વંચિત રહી જાય

છે. તેવી રીતે વ્યક્તિગત ખેતીના સાધનો કે સંસાધનો મેળવવામાં પણ તેઓને આવી રીતે મોડા આપવાની કે હજુ નથી આવ્યા જેવી વાતો કરીને તેનાથી તેમને વંચિત રખાય છે.

આ ઉપરાંત પણ સત્તાધારી પક્ષની એવી બે વિરોભાભાસી વિચારસરણીની પરિસ્થિતિમાં વિસ્તારો, ગામો કે કુટુંબોને યોજનાઓના અમલીકરણની બાબતમાં તેઓની એકબીજાની ખેંચતાણમાં વંચિતતાની અવસ્થામાં રહેવું પડે છે. કેટલીકવાર અવિકસીત વિસ્તારોમાં અને તેમાં વસતા અજાગ્રત આદિવાસી સમૂદાયોમાં રાજકીય પક્ષો માત્ર ને માત્ર કોઈને કોઈ તેમના હેતુસર ઠાલા વચનો આપી માત્ર પોતાની ખીચડી પકાવે છે. તેઓ પોતાનો હેતુ સિધ્ધ કરે છે, પણ વિસ્તાર પ્રજાને મૂર્ખ બનાવી તેમને પોતાના હક્કોથી વંચિત રાખે છે. તેઓ પ્રજાનો હેતુ બર આપવા દેતા નથી.

રાજયનો પૂર્વની આખીય ડુંગરાળ અને જંગલોવાળી પટ્ટી ઉપર આદિવાસીઓના જુદા જુદા સમૂદાયોની મોટાભાગની વસ્તી વસવાટ કરે છે. આઝાદીના ૬૦ (સાઈઠ) વર્ષના લાંબા સમયના ગાળા પછીએ હજુ ઉંડાણના કેટલાય આ વિસ્તારોમાં રાજયના છેવાડાના અદના માણસના દુઃખ- દરિદ્રતામાં કોઈ ઝાઝો ફરક પડ્યો હોય તેવું લાગતું નથી. રોટલો, ડુંગળી, મરચાં હજુ તેની થાળીમાં રહ્યાં છે. જે પણ પેટ પૂરતા તેને માટે પ્રાપ્ય નથી. રાજય સરકારે અને તેના વિભાગોએ બજેટના આધારે તેને માટે અનેકવિધ કાર્યક્રમો કર્યા અને ચાલી પણ રહ્યા છે. તેનો ફરક જરૂર જોવા મળે છે પણ તેની સમસ્યાને સંદર્ભે જે હેતુઓ સાથે હતા તે તેનું ખરેખરું ચિત્ર જોઈએ તો બર આવ્યા ન હોય તેવું લાગ્યા વિના રહેતું નથી. તેનું કારણ કદાચ એવું પણ હોય જે મારા ક્ષેત્રપ્રવાસ કાર્યક્રમમાં તેઓ પાસેથી અને મારા અનુભવે જણાવી શકાય કે આખીય યોજનાઓ છેવાડાના વિસ્તાર કે વ્યક્તિને બદલે, તેને નજર અંદાજ કરાઈને ચલાવાતી હોઈ, શક્ય છે કે આવું ચિત્ર ઉપસે છે. રાજયના અર્થતત્ર માટે મહદ્‌અંશે ગ્રામ્ય વિસ્તારો જરૂરિયાતોની ભરણપોષણની ચીજવસ્તુઓ પેદા કરતા હોવા છતાં તેના માટે પૂરતું વિચાર્યુ ન હોય તેની ગરીબીની સ્થિતિમાં ઝાઝો ફેરફાર નોંધાયો નથી. છતાં તેઓ તેમની કેટલીક વંચિતાઓ સાથે પણ પોતાની સમાજ પ્રત્યેની વફાદારી કે જરૂરિયાતને સમજીને શ્રમકાર્ય કર્યે જાય છે. તેઓ તેમાં પોતાનો નિજધર્મ બની એ જાય છે.

જમીનદારો-શિક્ષિતોની સમૃધ્ધિનો સરવાળો પણ જમીન વિહોણા-ગરીબોની બાદબાકી :

રાજયના આદિવાસીઓમાં જમીનવિહોણા ખેતમજૂરો અને ગુજરાતમાં ખેતીવાડી અને અન્ય ઉદ્યોગોની દ્રષ્ટ્રિએ સમૃધ્ધ એવા દક્ષિણ ગુજરાતના ગામોના હળપતિ-તલાવિયાઓની સ્થિતિમાં ખાસ ફેર પડ્યોનથી. તેવા ગરીબોને હાંસિયામાં ધકેલવાની રાજનીતિ હજુ ચાલુ હોય તેવું લાગ્યા વિના રહેતુ નથી. કારણકે તેમને જીવન જરૂરી પ્રાથમિક સુવિધાઓ પણ માંડ માંડ મળે છે. સૌથી વિચિત્ર વાત એ છે કે આજે દક્ષિણ ગુજરાતના ગામોમાં જમીનદારોની સ્થિતિમાં ખૂબ ફેર પડ્યો છે. તેમની જીવનશૈલી એકદમ આધુનિક બની ગઈ છે. તેમના સંતાનો શહેરમાં જ રહેવા જાય છે. તેમની પાસે બધુ જ છે પણ કરુણતા એ છે કે આ ગામોમાં રહેતા હળપતિઓની જિંદગીમાં વિકાસ પહોંચ્યો નથી. જે સામાજિક જીવનની મોટી વિષમતા છે. કોઈ પણ દેશ કે રાજયમાં ગરીબી હોય છતાં પણ દેશ કે રાજય પૂરઝડપે વિકાસ પામી રહ્યા હોય ત્યારે સમાજનો આવો કોઈ વર્ગ અલિપ્ત રહી વંચિત બની ગરીબ રહે તે ચિંતાનો વિષય બને છે.

ગુજરાતના આદિવાસી એવા થોડા વિકસીત વિસ્તારો જયાં સિંચાઈ કે શિક્ષણ ઝડપથી પ્રાપ્ય થયા છે. ત્યાં પણ આદિવાસી જમીનદારો અને તેના શિક્ષિત વર્ગ પાસે પણ આ સમૃધ્ધિનો સરવાળો થયો, ઉપરાંત આદિવાસીઓને મળતા ઘણા બધા લાભો પણ તેમને મહત્તમ રીતે સહેલાઈથી પ્રાપ્ત કરી લીધા. જેને લઈને પણ ઘણે ઠેકાણે જમીન વિહોણા ગરીબો વંચિતતાની દશામાં હાંસિયામાં ધકેલાઈ ગયા. શિક્ષિતોએ એક યા બીજી રીતે આવા ગરીબ વંચિતોનું ઘણે ઠેકાણે શોષણ પણ કર્યુ. આમ છેવાડાના આ માણસોને તેમની સમૃધ્ધિનો નાના સરખો ભાગ પણ મળતો નથી. જેથી ઘણે બધે ઠેકાણે આદિવાસી વિસ્તારોમાં વિષમતાઓ નજરે પડે છે.

આ આખીય પરિસ્થિતિ સ્થાનિક વસવાટી એવી વર્ચસ્વી જાતિઓ જેને ધણિયામા (અનાવિલ બ્રાહ્મણો, પટેલો અને પારસીઓ) જેઓ આર્થિક રીતે સધ્ધર છે જેઓ ખેતીવાડી ઉદ્યોગો સાથે મહદ્‌અંશે સંકળાયેલા છે. જેમને તેમની આસપાસ વસેલી હળપતિ-તલાવિયા જાતિને તેના અનેકવિધ હક્કોથી તો વંચિત રાખી છે પણ સાથે સાથે તેના બેહદ કહી શકાય તેવા શોષંણ દ્વારા તેને પેઢી દર પેઢી દેવાદારની સ્થિતિમાં રાખીને તેને દુઃખ, દર્દ અને લાચારીમાં રાખીને વિકાસના પરિધમાં તો ક્યારેય આવવા દીધી નથી. જો કે દક્ષિણ ગુજરાતની આ હળપતિ-તલાવિયા જાતિ તેની આ ગરીબ કંગાળીયાત પરિસ્થિતિ માટે પોતે પણ ઘણે અંશે જવાબદાર હોય તેવું જોઈ શકાય છે. તેમનામાં દારૂ, તાડી, બીડી, તમાકુના વ્યસનો જે ઘર કરી બેઠેલા છે. જેને લઈને પણ તેઓ સતત પાછળ ધકેલાતા જતા જોવા મળે છે. બીજુ તેમનામાં જોવા મળતું શિક્ષણ બાબતનું પછાતપણું પણ તેમને જાગૃત અવસ્થામાં લાવવા દેતું નથી. તેમનો સૌથી મોટો દુર્ગુણ તેમની આળસવૃત્તિ જે તેમની આ આખીય પરિસ્થિતિમાં ખૂબ જ મોટો ભાગ ભજવે છે.

આદિવાસીઓ માટે ચાલતી વિકાસ યોજનાઓ પ્રાયોજના વહીવટદાર કચેરી દ્વારા મહદ્‌અંશે વિશાળ વિસ્તારને આવરી લેવાય છે. તેમાં પણ આ હળપતિ-તલાવિયા જાતિ જયાં વસે છે તે વિસ્તારો સપાટ સમૃધ્ધ છે. તેમાં પોકેટસ કલ્ટસ્ટરો અને છૂટાછવાયા વિસ્તારો હેઠળ એટલે કે આદિવાસી વિસ્તારોથી દૂર હોઈ યોજનાઓના મહત્તમ લાભોથી પણ તેઓ વંચિત રહેવા પામે છે. તેમને આદિવાસી તરીકેના બહુ થોડા લાભો પ્રાપ્ત થયા હોઈ તેવું જોવા, જાણવા મળે છે. તેમની ગરીબાઈ જોઈને; તેમની આખીય પરિસ્થિતિ જોતાં તેમને આદિમજૂથમાં સમાવવા જોઈએ, તેવું પણ લાગ્યા વિના રહેતુ ન હોય તો સમજી શકાય કે તેમની કેટલીક બાદબાકી હશે.

છૂટાછવાયા અને શહેરી-અર્ધશહેરી વિસ્તારોમાં વસવાટી વંચિતો :

ગુજરાત રાજયમાં આદિજાતિ પેટા યોજના હેઠળનો સામૂદાયિક વિકાસ યોજનાનો વિસ્તાર ૨૯,૪૨૯ ચોરસ કિલોમીટર (૧૫.૦૧ ટકા) નો છે. જેના અગિયાર જિલ્લાઓમાં, ૪૩ તાલુકાઓ, ૧૫ પોકેટસ, ૪ કલ્સ્ટરના વિસ્તારો જેમાં આદિવાસીઓની મોટાભાગની વસ્તી વસે છે. જેમાં પેટા યોજનાના વિસ્તારોમાં કુલ આદિવાસી વસ્તીની ૫૫.૫૭ લાખની વસ્તી એટલે કે ૭૪.૨૯ ટકાની, જયારે આદિવાસી પોકેટસમાં ૫.૫૩ લાખની વસ્તી એટલે કે ૭.૩૯ ટકાની, જયારે આદિવાસી કલ્સ્ટરમાં ૦.૨૭ લાખની વસ્તી એટલે કે ૦.૩૭ ટકાની એટલે કે કુલ ૬૧.૩૭ લાખની ૮૨.૦૫ ટકા વસ્તી ઉપરોક્ત વિસ્તારોમાં વસે છે. તેની સામે

શહેરી-અર્ધ શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં વસતા છૂટાછવાયા આદિવાસીની વસ્તી ૧૩.૪૪ લાખની એટલે કે ૧૭.૯૫ ટકાની વસ્તી વસે છે. જે આ મહદ્‌અંશે મુખત્ત્વે કરીને હળપતિ-તલાવિયા જાતિની વસ્તી સૌથી વધુ છે, જે ખેતમજૂર અને બિનકુશળ કારીગર છે. જેને લઈને તેમને આર્થિક વિકાસ કાર્યક્રમ યોજનાના ભાગરૂપે લઈ તેમનામાં કુટુંબલક્ષી કાર્યક્રમો દ્વારા ભાર મૂક્યો છે. એ સિવાય શહેરી અર્ધશહેરી અને કેટલાક બિન આદિવાસી ગ્રામ્ય વિસ્તારોમાં વસતા છૂટાછવાયા આદિવાસીઓ જેઓ વિકાસ યોજનાઓના માળખા બહાર હોઈ વંચિતતાની દશામાં વર્ષોપર્યતથી જીવન ગુજારે છે.

આમ પ્રાયોજનાના વિસ્તારોથી દૂર વસેલા હળપતિ-તલાવિયા, તેમજ શહેરી, અર્ધશહેરી અને બિન આદિવાસી ગ્રામ્ય વિસ્તારોમાં વસતા છૂટાછવાયા આદિવાસીઓને જેમના સ્થળ વિસ્તારના પ્રશ્નો, સમસ્યાઓ કંઈક જુદા પ્રકારના છે. જેમ કે રહેઠાણના પ્રશ્નો, શહેરી ગરીબીના, આરોગ્યના અને શહેરી વિસ્તારોને લઈને શહેરી વિસ્તારોની જે જે સમસ્યાઓ છે તે તેમને સ્પર્શે છે. તેમાં તેમને આદિવાસી વિસ્તારોની જેમ કોઈ સહાયો મળતી નથી. તેનાથી તેઓ વંચિત રહેતા હોઈ ભારે સંતાપ અને અસંતોષ સાથે વસવાટ કરે છે. શહેરી-અર્ધશહેરી આધુનિક જીવનશૈલીમાં ઓછી આવક પ્રાપ્તિ સાથે ગરીબીરેખા હેઠળ, મજબૂરી સાથે ઘણા બધા અભાવો સાથે, અગવડતાભરી સ્થિતિમાં જીવનનિર્વાહ ગોઠવે છે.

આદિવાસી વંચિતોના વિકાસના પર્યાઓ-પગલાઓ :

દેશ આઝાદ થયા પછી ૧૯૫૨થી રાષ્ટ્રના વિકાસને અર્થે, આયોજનની શરૂઆતની સાથે સાથે, દેશના પછાત વિસ્તારો અને તેમાં વસતા લોકોને માટે દેશના નવા રચાયેલા બંધારણમાં જ તેઓના વિકાસને લઈને જોગવાઈઓ કરાઈ હતી. ૧૯૫૨માં શરૂ કરાયેલા આયોજિત વિકાસ આયોજનમાં દેશના કેટલાક વિસ્તારોને બ્લોકમાં વહેંચીને વિકાસ ઘટક યોજનાઓ દ્વારા આખુય પ્લાનીંગ કરાયું હતું. પરંતુ પ્રથમ પંચવર્ષીય યોજનાથી ચોથી પંચવર્ષીય યોજના સુધી તેમાં માત્ર છૂટાછવાયા માળખુ રચવાના અને થોડેઘણે અંગે વિકાસની ચર્ચાઓ અને માંડ થોડા વિકાસના પાસાઓને લઈને પ્રયત્નો કરાયા હતા. જેને લઈને દેશના મુખ્ય પ્રવાહોથી અલિપ્ત અતિ દુર્ગમ વિસ્તારો જે મહદ્‌અંશે પછાત રહી જવા પામ્યા હતા. તેમાં વસતા આદિવાસી સમૂદાયો પણ તેને લઈને અલિપ્ત અને આર્થિક, શૈક્ષણિક અને અન્ય બાબતોમાં પછાત વંચિત રહી જવા પામ્યા હતા. જેને ધ્યાનમાં રાખીને સરકારશ્રીએ પાંચમી પંચવર્ષીય યોજનાથી સુગંથીત સંકલીત સર્વાંગી વિકાસના માળખા સાથે જુદી જુદી સેકટરવાર યોજનાઓ અને તમામ નાણાંકીય સંસાધનો એક જ વહીવટી માળખા હેઠળ મૂકીને નવસેસરથી તેમના વિકાસનો આરંભ કર્યો હતો. આ આખાય સમયગાળા દરમ્યાન એટલે કે પ્રથમ પંચવર્ષીય યોજનાથી છેક દસમી પંચવર્ષીય યોજના સુધીના લાંબા સમયગાળા દરમ્યાન સમાયાંતરે આદિવાસી વિસ્તારો તેમજ આદિવાસી સમુદાયોના વિકાસ તેમજ વહીવટીના સંદર્ભે અનેકવિધ પગલાઓ લઈને છેક ૧૯૫૧થી ૨૦૦૧ સુધીમાં (૧) અનુસૂચિત જનજાતિ માટે ખાસ વિકાસ આયોજન- ૧૯૫૧ (૨) પંચશીલનો સ્વીકાર-૧૯૫૬ (૩) અનુસૂચિત જનજાતિઓ માટે બહુહેતુક વિકાસ ઘટકો - ૧૯૬૧ (૪) સંકલિત આદિજાતિ વિકાસ કાર્યક્રમ ટી.એસ.પી.-૧૯૭૪ (૫) આદિવાસીઓ માટે માળખાકીય સુવિધાઓ અને ગરીબી નિવારણ કાર્યક્રમ-૧૯૮૫ (૬) ''ટ્રાય-ફેડ'' ની

રચના-સ્થાપના - ૧૯૮૭ (૭) રાજય અનુસૂચિત જનજાતિ નાણાંકીય નિગમની સ્થાપના-૧૯૮૯ (૮) ૭૩મો અને ૭૪મો બંધારણીય સુધારો, આદિવાસીઓના વિકાસમાં ભાગીદારી - ૧૯૯૩ (૯) કલ્યાણથી વિકાસ અને વિકાસથી સશક્તિકરણ - ૧૯૯૭ (૧૦) આદિવાસી મંત્રાલયની સ્થાપના - ૧૯૯૯ (૧૧) અનુસૂચિત જનજાતિ માટે અલગ નાણાંકીય નિગમ બનાવી-૨૦૦૧, આમ અત્યંત મહત્વના કહી શકાય તેવા કાર્યક્રમોનો તખ્તો રચીને કાર્યક્રમો દ્વારા વિકાસની નવી નવી પગદંડીઓ રચી હતી. તેમાંય ૧૯૯૮ થી છેલ્લે ન્યુ ગુજરાત પેર્ટન અમલી બનાવી ચાલુ કરાઈ હતી જે આજપર્યંત ચાલુ છે. જેથી કહી શકાય કે અમલીકરણના નવીનતમ અભિગમ અપનાવીને વિકાસ માટેની એક નવીન પ્રક્રિયા ચાલી રહી છે.

છેક આઝાદીકાળથી આજપર્યત સુધીમાં વિભન્ન છેક નીચલા સ્તરેથી પગલાઓ વહીવટી રીતે લેવા ઉપરાંત, આગળ દર્શાવ્યું તેમ વિકાસના નવીનતમ અભિગમ સાથે વિશાળ આદિવાસી વિસ્તારો અને તેમાં વસતી વિશાળ મોટી વસતિને ધ્યાનમાં રાખીને વખતોવખત યોજનાઓ અમલી બનાવીને ઘણી મોટી રકમના ફાળવેલા બજેટલક્ષી સિધ્ધિના અભિગમ સાથે અમલી બનાવી હતી. તેમના વિકાસના આવા મહાઅભિયાનમાં તેમની વિકાસને આડે આવતા કેટલાક અવરોધક પરિબળોને લઈને વિસ્તારો, સમૂદાયો અને તેમાં વસતા કુટુંબો- વ્યક્તિઓને એક યા બીજી રીતેવિકાસની પ્રક્રિયાથી વંચિત રાખે છે. જે આપણે આગળ ઉપરના તેમના વિકાસ આડેના અવરોધકો મુદ્દામાં દર્શાવ્યું છે. આ તેમના વિકાસની રૂપરેખા અને તેમાં અવરોધતા પરિબળો વિગતો જોઈ. હવે તેની સાથે સાથે એ સઘળું હોવા છતાં તેમના વિકાસના અવરોધક પરિબળોમાં પણ તેમના હજુ સારા વિકાસને માટે કેટલાક પર્યાઓ - પગલાઓ શું હોઈ શકે તે અહીં મૂક્યા છે.

વિકાસ યોજનાના વિસ્તારોમાં આંતરિક-બાહ્ય કારણોથી વંચિતતા : તેના ઉપાયો :

ગુજરાત રાજયના ૧,૯૬,૦૨૪ ચો.કિ. મીટરના કુલ ભૌગોલિક વિસ્તારમાં ૨૯,૪૨૯ ચો.કિ.મીટરનો, એટલે કે ૧૫ ટકા જેટલો વિસ્તાર આદિ.જાતિ પેટા યોજના હેઠળ આવરી લઈને, તેમાં વસવાટી ૧૪.૭૬ ટકા જેટલી ૨૦૦૧ની વસ્તી ગણતરીએ થતા એવા અનેકવિધ આદિજાતિ સમૂદાયોને વિસ્તારોને આવરીને, તેમના વિકાસ માટેની યોજનાઓ છેક પહેલી પંચવર્ષીય યોજના જો શરૂઆતથી કાર્યરત છે. તેમાં આઝાદી બાદ શરૂઆતમાં આદિવાસી વિસ્તારોને જુદા જુદા બ્લોકોમાં વહેંચીને વિકાસ ઘટક યોજનાઓ દ્વારા પ્લાનીંગ કરાયું હતું. પરંતુ વર્ષો બાદ વધુ સઘન રીતે વિકાસ શક્ય બને માટે આદિવાસી વિસ્તારોને જુદા જુદા નાભાધિણાથી પ્રાયોજના વિસ્તાર, લઘુ વિસ્તાર, પોકેટસ કલસ્ટરો અને છૂટાછવાયા વિસ્તારોમાં વહેંચીને અન્ય વિકસીત વિસ્તારો અને આદિવાસી વિસ્તારો વચ્ચેના વિકાસના અંતરને ઘટાડવાના ઘણા જ ઉમદા હેતુથી દર્શાવેલા આદિવાસી વિસ્તારો અને તેના સ્પર્શતા પાસાઓને લઈને વર્ષવાર અઢડક કહી શકાય તેટલા નાણાં સમાન્તરે ખર્ચીને વિકાસની પગદંડીએ પગરણ માંડ્યા છે. સરકારશ્રીના આવા ગૌરવપૂર્ણ પગલાઓને લઈને કેટલાક વિસ્તારો અને આદિવાસી જાતિ સમૂદાયોમાં નવીન જાગૃતિ અને ચેતના પ્રગટી છે અને તેમાંનાં કેટલાકનું નવઘડતર પણ થવા પામ્યું છે. આખાય આદિવાસી વિસ્તારોના વિકાસના કાર્યક્રમોને પ્રાયોજના શરૂ થઈ ત્યારથી પૂરા ૨૭ વર્ષનો સમય વિત્યો છે.

તેમાંય પાંચમી પંચવર્ષીય યોજનાથી દિનપ્રતિદિન વિકાસ માટેના વધતા જતા ફાળવાતા બજેટમાં અનેક ગણાં નાણાં ખર્ચાયા છે. તેમ છતાં પણ કરાયેલા આટલા સમયના, આટલા મોટી યોજનાના અભિયાનના, ખર્ચાયેલા નાણાં જેના મધુર મીઠા ફળો વિકાસના મળવા જોઈએ. તે એકબીજા આંતરિક બાહ્ય કારણોસર વિસ્તારો સમૂદાયોના લોકો સુધી પૂરતા કહી શકાય તેટલા પ્રમાણમાં મળવા પામ્યા નથી. આ અધુરી રહેલી કડીઓને માટે, યોજના અંતર્ગત ખૂટતા પાસાઓમાં, સુધારો કરી વંચિતોને માટે હજુ વધુ સારા પ્રયત્નો કરવા રહ્યા.

ઉપાય :

રાજયમાં અમુક બ્લોકમાં વિકાસ ઘટકો રચીને આદિવાસી વિસ્તારોમાં વિકાસના પ્રયત્નો થયા. પરંતુ યોજનાના ફળો એકબીજા કારણોસર ન પહોંચ્યા. પરંતુ તેનાથી વધુ સઘન વિકાસ શક્ય બને તેવા હેતુ સાથે આદિવાસી વિકાસ યોજનાઓ- પ્રાયોજના વિસ્તાર, લઘુ વિસ્તાર, પોકેટસ કલસ્ટરો અને છૂટાછવાયા વિસ્તારોમાં વહેંચીને, જે તે યોજનાઓ કરાય. આમ મૂકાયેલી યોજનાઓનો હેતુ, લક્ષ ખૂબ જ સારા હોવા છતાં છેક છેવાડાના માણસ સુધી હજું પણ તેના મીઠા ફળો અનેકવિધ કારણોવસાત, એકબીજાની કડીઓ ન મળવાથી પહોંચી શક્યા નથી. એટલે માત્ર યોજનાઓ કે બજેટ ફાળવવાથી કે યોજનાઓનું સ્વરૂપ બદલાવી કે તેના ભાગ પાડવાથી સફળ થશે નહીં. તેને છેક નીચેના સ્તરેથી, ઉંડાણમાં વસેલાઓથી શરૂઆત કરવી પડશે. માત્ર શરૂ જ નહીં, તેનું અમલીકરણ સમયબધ્ધ રીતે થશે તો જ યોજનાના હેતુ કે મહત્ત્વ હશે તે પાર પડશે. તેની જરૂરિયાત સમજી, તેને સામે ચાલીને આપીને, તેને સમજ આપીને અમલ કરાશે તો જ યોજના કારગત નીવડશે. એટલે માત્ર કાગળ ઉપર યોજના ન રહેતાં જેને માટે છે. તેને શોધી કાઢીને છેવાડાના વ્યક્તિથી જો અમલ કરાશે તો જરૂર વિસ્તારો- સમૂદાયો કે વ્યક્તિઓ વચ્ચેનું અંતર થોડે ઘણે અંશે પણ ઘટશે. તેમાં વિસ્તારો-સમૂદાયોને ખ્યાલમાં રાખીને પણ તેનો અમલ કરાય તો વર્ષોના જે વહાણા વાયા છે તેવું ફરી ન બને તેનું ધ્યાન પણ આપવું પડશે. વિસ્તારો, સમૂદાયઓ, વ્યક્તિઓ વંચિત રહી જવાના જે અનુભવો છે તેમાંથી બોધપાઠ લઈને અગ્રતાના ધોરણે તેવાઓને પ્રથમ સ્થાન આપીને તેની અવગણના કર્યા વિના પારદર્શક પ્રયત્નો કરાશે તો ખર્ચયેલા નાણાંનો અર્થ સરશે.

ગીચ જંગલ વિસ્તારોનો નાશ : પુનવનસ્થાપન માટે લોકભાગીદારી :

ગુજરાતના આદિવાસીઓનો વસવાટ રાજયની પૂર્વપટ્ટીનો ડુંગરાળ, ખીણો ધરાવતો સાતપુડા અને સહિયારીનો પહાડી વિસ્તાર બનાસકાંઠાથી સાપુતારા ઉંમરગામ સુધીનો વિશાળ પટ્ટો છે ત્યાં ઘણા સમય પહેલાં આખોય વિસ્તાર ડુંગરાળ, દુર્ગમ જંગલોથી ભારે આચ્છાદિત હતો. પરંતુ આઝાદી પહેલાં આદિવાસી વિસ્તારના નાના રાજવીઓએ જંગલોને ખાનગી ગણી ઝાડોને કાપીને ભારે નિકંદન કાઢી નાખ્યું હતું. એવું આદિવાસી વિસ્તારના ગેઝેટીયરોમાંથી જોવા મળે છે. તે પછી આઝાદી પછી પણ તે સીલસીલો ચાલુ રહ્યો. જંગલોમાં આડેધડ બેફામ વૃક્ષો કપાયા જેને લઈને તેના ઉપર નભતા આદિવાસીઓ પાયમાલ થઈ ગયા અને તેને લઈને વધુ વિષય પરિસ્થિતિ થઈ હોઈ તેઓ રોજગારી માટે અને જીવનનિર્વાહ માટે બહારના

વિસ્તારોમાં સ્થળાંતર કરીને અસ્થાયી રીતે ભટકે છે. જે જંગલોનો વિસ્તાર ભરણપોષણ કરતો હતો અને તેની સાથે આદિવાસી વસતિ પણ વધતાં તેઓને આવી પારાવાર મુશ્કેલીઓનાં સામનો કરવો પડે છે. આમ જંગલમાં તેમની કુદરતી સમસ્યાઓ તો હતી જ પણ સાથે સાથે આ રીતે માનવસર્જિત સમસ્યાઓ પણ ઉભી થઈ છે.

ઉપાય : આખાય આદિવાસી ડુંગરાળ, ખીણોવાળા વિસ્તારમાં ફરીથી પુનઃવન સ્થાપનની પ્રક્રિયા, સામાજિક વનીકરણ દ્વારા લોકોની જાગૃતિ કેળવીને કરવી જોઈએ. વૃક્ષોની જાળવણી તેની મહત્તા જંગલ વિભાગ અને લોકભાગીદારીથી કરાશે તો જંગલો તેના જૂના સ્વરૂપે ભરપુર, આચ્છાદિત બનશે. સમય જરૂર લાગશે પણ ફરીથી આદિવાસીઓને તેમની પોતાની રીતે જંગલની વિશાળ કુદરતી સંપતિથી જે વંચિત બની જવા પામ્યા છે. તેમાં કંઈક અંશે રાહત મેળવી શકશે. સાથે સાથે ફરીથી જંગલોનો સાવ સફાયો ન થાય તેની કાળજી સરકારોએ તેમજ તેના વિભાગોએ જંગલખાતાએ કે ત્યાંના આદિવાસી સ્થાનિક મુખ્ય ગણાતા એવા વડીલોએ મળીને લેવી, જેથી કરીને એક વખતના ખરાબ અનુભવનો ફરી કડવો અનુભવ ન કરવો પડે.

આદિવાસી હક્કો બરકરાર રાખવા :

આદિવાસી વિસ્તારો, સમુદાયો, કુટુંબો, વ્યક્તિઓને, દેશની પ્રથમ સરકાર વખતે, જે બંધારણ રચાયું હતું તેમાં એ સમગ્રને બંધારણની કલમોને આધિન કેટલાક હક્કો આપવામાં આવ્યા છે. તેમાં બંધારણની કલમ ૪૬ મુજબ કેન્દ્ર અને રાજય સરકારને તેમના આર્થિક, સામાજિક, રાજકીય અને શૈક્ષણિક ઉત્કર્ષ માટેની ખાસ જવાબદારી પણ સોંપવામાં આવી છે. સરકારો તેમના આ હક્કોની જાળવણી માટે વિધવિધ યોજનાઓ અમલી બનાવી જે પગલાં ભરી જવાબદારી નિભાવે છે. તેમાં વર્ષો પર્યતથી ચાલતી અનેકવિધ એવી વિકાસની યોજનાઓથી વંચિત રખાય છે. તેમને મળતા યોજનાઓના હક્કો છિનવી લેવાના પેતરા ચાલે છે. એ પેતરાઓ પછી આર્થિક વિકાસના હોય કે સામાજિક, શૈક્ષણિક હોય કે આરોગ્ય વિષયક હોય, તેમના રાજકીય ક્ષેત્રમાં પણ તેવા સમીકરણ મૂકી પેંતરા ચાલતા હોય છે. ટૂંકમાં તેમના સર્વાંગી વિકાસની સાથે સુસંગત એવી તેમના જીવનની કોઈ પણ બાબતમાં હોય દરેક ઠેકાણે કંઈને કંઈ વિક્ષેપ કે આડખીલીરૂપ બનીને તેમની મજબૂરીનો લાભ ઉઠાવવામાં આવે છે. આદિવાસીઓના વિકાસ માટે તેમના પ્રશ્નો-સમસ્યાઓને સમજવાનું અને તે દ્વારા તેમના વિકાસ માટે ઘડાયેલી યોજનાઓના અમલીકરણનું કામ ૬૦ વર્ષોથી અવિરત પણે ચાલે છે. આ લાંબા સમયથી ચાલતી યોજનાઓના અમલીકરણમાં તટસ્થતાથી જોવામાં આવે તો અને તેનો બારીકાઈથી અભ્યાસ કરી મૂલ્યાંકન કરાય તો એવા અનેક દાખલારૂપ ઉદાહરણો તેમના હક્કો છિનવાઈ જવાના જોવા મળે છે. તેમાં ફેર માત્ર એટલો છે કે તે પેતરાઓનું સમય સમયે સ્વરૂપ જરૂર બદલાઈ ગયેલું જોવા મળે. જેમ કે તેમના આર્થિક વિકાસની યોજનાઓ પહોંચવા ન દેવી, અપૂરતી કે પછી બિન અસરકારક બને તેવી રીતે મૂકાય. ફાળવેલા બજેટમાંથી માત્ર ૧૧ ટકાજ વપરાય એ શું છે ? તેમનામાં ચાલતા શૈક્ષણિક કાર્યક્રમો માત્ર કાગળ ઉપર જ સારા લાગે. યોજનાઓના અમલીકરણના અભાવે પણ બજેટ પૂરું વપરાતું નથી. હા આશ્રમશાળા કે ઉ.બુનિયાદી તેમાં

ઘણે ઠેકાણે અપવાદરૂપ લાગે. બાકી એ સિવાય તો નામ પૂરતા ચાલવા શે.કાર્યક્રમો જોવા ઘણે ઠેકાણે આદિ. વિસ્તારોમાં જણાય છે.

આમ તેમને અપાયેલા બંધારણ થકીના હક્કો પૂરતા પ્રમાણમાં અમલી બનીને, તેમને જે કંઈ યોજનાઓની કડીઓ ખૂટતી હોય તેમાં સુધારો કરીને પણ તેમના હક્કોની જાળવણી કરવી જોઈએ. તેવું વહીવટી રચનાતંત્ર ગોઠવવું જોઈએ કે જેથી મહદ્અંશે હક્કોની બાબતમાં જે ચાલી રહ્યું છે તેમાં સુધારો જરૂર આવશે. હક્કો મેળવવામાં પડતી મુશ્કેલીઓ તેને માટે જે ન પહોંચવાના કારણો છે. તેને શોધીને તેની સામે આંખ આડા કાન કર્યા વિના પગલાં લેવાશે તો સુધારો જરૂર આવશે. યોજનાઓમાં તેમના જે હક્કો છિનવાય છે, તેની વિગતોનો અભ્યાસ કરવાથી પણ તેમાં માર્ગદર્શન કદાચ મળી રહેશે. એટલે વખતોવખત તેમાં જાગૃત રહીને યોજનાઓના અમલીકરણ કર્તાઓને ધ્યાને એવી બાબતો કહેતા રહેવાશે, તો પણ તેમાં નોંધાપાત્ર રીતે આગળ બતાવ્યું ઉપર તેમ થતુ અટકશે.

તક વંચિતો અને તેના ઉપાયો :

કોઈ પણ વિકાસની અર્થવ્યવસ્થામાં સામાન્ય રીતે એક વિરોધાભાસ જોવા મળતો હોય છે. જાગૃત, શિક્ષિત અને સંપર્કવાળાનો વિકાસ થતો જોવા મળે છે. એવી રીતે અજાગ્રત, અશિક્ષિત અને સંપર્ક વિહોણા વિકાસથી વંચિત રહી જાય છે. તેઓ વિકાસની અર્થવ્યવસ્થાનો લાભ લઈ શકતા નથી. તેથી અજાગ્રત, અભણ, અકુશળ, સમૂહો અને વ્યક્તિઓને જેઓ વિકાસની અર્થવ્યવસ્થાના જોખમીઓ છે,તેવા કુશળ માનવ સંસાધનોને તેઓની તક વંચિતતાને તકમાં ફેરવીને વિકાસની પ્રક્રિયામાં જોતરવામાં આવશે તો, ઉપરોક્ત વિરોધાભાસ દૂર થઈ શકશે. કુશળ માનવો તક સાથે સશક્ત હશે તો જ વિકાસશીલ અર્થવ્યવસ્થામાં રખાયેલાં હેતુઓ સિધ્ધ થશે. આદિવાસી વિસ્તારો અને તેમાં વસતા સમૂદાયો, કુટુંબો, વ્યક્તિઓ તક વંચિતતાની દશામાં ઘણો બધો સમય પસાર કરી નાખે છે. તો ત્યાં પણ તેવા વંચિતો માટે તક ઉભી કરવામાં આવે તો પડી રહેલો માનવશ્રમ ભરપુર માત્રામાં વિકાસની પ્રક્રિયામાં મહત્વ કામ આવશે.

આદિવાસી વિસ્તારના કેટલાક એવા તક વંચિતો હવે તો વસવાટી પોતાના વિસ્તારોમાં રોજગારીની તકો ન મળતાં દૂર સુધીના શહેરોમાં સ્થળાંતરી રોજગારી માટે મોટી સંખ્યામાં જતા જોવા મળે છે. જો વસવાટી તેમના વિસ્તારોમાં રોજગારીની નવી તકો ઉભી કરવામાં આવે તો, તેમાંના ઘણા બધા જે મજબૂર બનીને સ્થળાંતરી રોજી માટે આવે છે, તે અટકશે. જેને લઈને તેમની વિસ્તાર છોડવાથી થતી સમસ્યાઓ અને શહેરી વસવાટની સમસ્યાઓ દૂર થશે. આદિવાસી વિસ્તારોમાં સમજપૂર્વક રોજગારીના નાના કે મોટા વિકલ્પો હોય તે ઉભા કરાશે તો પણ તકવંચિતોને ઘણો મોટો લાભ થશે. તેમની સંસ્કૃતિ કે બીજી રીતના નુકશાન કરતાં, હાલમાં તેમને માટે આવુ કરવું ખૂબજ જરૂરી બન્યું છે. હવે એ દિવસો નથી રહ્યા કે તેમાં ઉદ્યોગો કરાશે તો મોટું નુકશાન થશે. ધીમે ધીમે એ દિશા તરફ તો તેમનો સમૂદાય આવીને ઉભો જ છે. પછી એવી નુકશાનની ખોટી ચિંતા કરવી હવે પાલવે તેમ નથી કારણ કે તેમના વિસ્તારો હવે તેમને ખૂબ લાંબા સમય સુધી નિભાવે તેમ નથી.

રાજ્યની કુલ આદિવાસી વસ્તીએ કુલ આદિવાસી કુટુંબોમાં ગરીબીરેખા હેઠળના વંચિતો :

રાજ્યની કુલ વસ્તીમાં ૧૪.૭૬ ટકા આદિજાતિ વસ્તી (૭૪.૮૫ લાખ વસતી), રાજ્યના કુલ વિસ્તારના ૧૫.૦૧ ટકા વિસ્તારમાં, રાજ્યના ૨૫ જિલ્લામાંથી ૧૧ જિલ્લાના, ૪૩ તાલુકામાં સઘન આદિવાસી વસ્તી ધરાવતા ૫,૮૮૩ (૩૧.૬૯ ટકા) ગામોમાં વસે છે. આદિજાતિ સમૂદાયો અન્ય બિન આદિવાસી સમૂદાયો કરતાં પાછળ છે, જે સર્વમાન્ય હકીકત છે. આઈ.જી. પટેલની ૧૯૮૬ની કમિટીના અહેવાલમાં ગુજરાતના ૨૫ વધુ પછાત વિસ્તારોમાં ૧૭ (૬૮ ટકા) આદિવાસી વિસ્તારો છે. કુદરતી સંસાધનોથી ભરપુર તેવા આદિવાસી વિસ્તારોની પછાતતાના કારણોમા દ્રષ્ટિપાત કરવા જેવો છે. કારણ કે દેશની આઝાદીના ૫૬ વર્ષ બાદ ગુજરાતના ૧૪,૯૨,૨૩૨ જેટલા અંદાજિત આદિજાતિ કુટુંબોમાંથી ૮,૬૪,૧૦૩ (૩૭.૦૯%) કુટુંબો ગરીબીરેખા હેઠળ આજે જીવી રહ્યા છે. આઝાદી પછી રાજ્યના આદિજાતિ વિસ્તારોમાં અને તેમાં વસતા સમૂદાયો-કુટુંબો માટેની વિકાસની યાત્રા ખૂબ લાંબા સમયથી કાર્યરત છે. તેમાંય સરકારી આંકડા પ્રમાણે ૪૦ હજાર કરોડ જેટલા અઢળક નાણાં ખર્ચાય ચૂક્યા હોવા છતાં ગરીબી રેખા હેઠળ જીવન જીવતા કુટુંબો કેટકેટલી વંચિતતાની દશામાં છે.

ઉપાય : ગરીબી રેખાવાળા કુટુંબોની આર્થિક સ્થિતિ સુધરે તેવા વ્યક્તિલક્ષી કાર્યક્રમોને પ્રાધાન્ય આપવું જોઈએ. આ કુટુંબોની વિકાસની યોજનાઓ પાછળ વહીવટી ખર્ચ ખૂબ જ થાય છે, તે ઘટાડવું અને વિકાસની યોજનાઓના લાભ સરળતાથી મળે એટલે કે યોજનાઓમાં ખૂબજ આંટીઘૂટી ન હોય તેવા કાર્યક્રમો હોવા જોઈએ.

યોજનાઓના ઘડતર અને અમલીકરણની ખામીઓ અને તેના ઉપાયો :

આદિવાસીઓ માટેની વિકાસ યોજનાઓ આઝાદી પછીની અને પાંચમી પંચવર્ષીય યોજના સુધીમાં જે અમલી બનાવી અને તે પછી પણ છેલ્લી દસમી પંચવર્ષીય યોજના સુધીની અમલમાં મૂકાયેલ છે. તેની ઘડવાની અને અમલી બનાવી, તેની સિધ્ધ પ્રાપ્ત કરવા સુધીમાં કેટલીક મૂળભૂત ખામીઓ હતી. તેનું કારણ તેના આયોજકોએ જે અવધારણ ધારી હતી, તે બરાબર ન હતી. કારણ કે પ્રશાસકો અને આયોજકોએ આદિવાસીઓની સમસ્યાઓ અંગે પોતે જે સમજણ વાપરી અને આદિવાસીઓ વિશે જે તેમને લાગ્યું તેવું યોજનાઓમાં મૂકયું હતું. દા.ત. આદિવાસી વિસ્તારોમાં આંતર માળખુ વિકાસાવવા માટે આજે પણ તેની જરૂરિયાત કે સમજ બુધ્ધિનો આધાર લીધા વિના જ કાર્યક્રમો યોજનાઓ કરી દેવાય છે. જેને લઈને ઘણા વિસ્તારો, આદિવાસી સમૂદાયો અને કેટલાક કુટુંબો યોજનાઓના વ્યવહારું ન કહી શકાય તેવા અમલને લઈને સ્વીકારતા ન હોય તેથી ક્યારેક જરૂરિયાત નથી તેવાને મળે છે અને જરૂરિયાતવાળો વંચિતતાની દશામાં જોવા મળે છે.

ઉપાય : યોજનાઓના ઘડતર, અમલીકરણ અને તેમાં રખાતા લક્ષ્યાંકો સિધ્ધિનીઓમાં જેને માટે યોજનાઓ છે તેઓ શું ઈચ્છે છે તેની શું સમજ કે જરૂરિયાત છે. તેવું સર્વેક્ષણ કરીને યોજનાઓનો અમલ થશે તો કદાચ વધુ સારા પ્રમાણમાં સફળતા પ્રાપ્ત થશે. હજુ પણ યોજનાઓમાં તેવું હોય તો તેનું પુનઃ

ઘડતર અને અમલીકરણ કરાશે તો, જે સફળતા પૂર્વક પાર પાડવામાં કેટલીક ક્ષતિઓ છે. જે દૂર થતાં યોજનાઓ હજુ વધુ સારી સાબિત થશે. તેમની પાયાની જરૂરિયાતો અંગે હજુ ઘણે બધે ઠેકાણે જે મળી ન હોવાથી અસંતોષ છે. તેમાં કેટલેક અંશે સુધારો નોંધાશે. યોજનાઓમાં પણ જરૂરિયાતવાળાને શોધીને અપાય તેવી અને જરૂરિયાત નથી તેવાને બાકાત રખાય તેવી રચના યોજના અમલીકરણમાં કરાય તેવું તંત્ર ગોઠવવું જોઈએ. તોજ વંચિતાની દશામાં જે કંઈ વિસ્તારો, સમૂદાયો કે કુટુંબો છે. તેમાંથી બહાર આવશે અને તોજ સમતોલ વિકાસ શક્ય બનશે.

અભાવોથી વંચિતતા અને તેના ઉપાયો :

ગુજરાત રાજયના પૂર્વપટ્ટીના વિશાળ આદિવાસી વિસ્તારના લોકો કોઈને કોઈ અભાવો હેઠળ પોતાનો જીવનનિર્વાહ ગોઠવે છે. તેમના એ અભાવો કામના-રોજગારીના હોય કે વસ્તુના સ્વરૂપનો હોય કે બીજી કોઈ ભૌતિક બાબતોના હોય. આવા અભાવો હેઠળના જીવનને લઈને એટલે જ તો તેઓ તેમના જીવનના દરેક દરેક પાસાઓમાં પાછળ રહે છે અને ગરીબી રેખા હેઠળ જીવીને, અત્યંત ગરીબાઈવાળુ નિમ્નકક્ષાનું જીવન વિતાવે છે. જેમ જેમ સમય વિતતો જાય છે, તેમ તેમ તેમનું જીવન સંઘર્ષમય બની, અત્યંત કઠિનાઈ ભર્યું બનતું જાય છે. તેની પાછળના અનેક કારણો જોઈ શકાય છે. જેમ કે તેમનો વસ્તીવધારો, તેને લીધે પડતા જમીનના ભાગને લઈને જમીન કદ ઘટવું ,ગીચ જંગલ સાફ થઈ જવું, તેને લઈને નિભાવ ખૂબજ અઘરો બનવો. સ્થાનીક રોજગારીની તકોનો અભાવ-તેમનામાં વધુને વધુ બેકારી લાવે છે અને સ્થળાંતરની ફરજ પાડે છે. શિક્ષણનો અભાવ, જેથી તેમનું શોષણ ચાલુ જ રહે છે. સરકારી તંત્રની·ભારે ઉદાસીનતા તેમને યોજનાઓથી વંચિત રાખી તેમની વિકાસની પ્રક્રિયામાં આડે આવે છે. ઉપરાંત સ્થાનીક રાજકારણ, અવિકસીત ખેતી માત્ર નિભાવ લક્ષી છે. તે પણ હવે તો કદાચ નિભાવલક્ષી પણ રહી ન હોય તેવું પણ જોવા મળે છે. છેલ્લા કેટલાક વર્ષોમાં ખેતી સાથેનો પૂરક વ્યવસાય પશુપાલન પણ નામ પૂરતો રહ્યો છે. તેવું પણ ઠેકાણેથી જાણવાથી ખબર પડે છે. ઘણા બાહ્ય-આંતરિક લોભાવણા, પરિવર્તનોને લઈને આદિવાસી વિસ્તારોનું સરળતાથી ચાલતું રચનાતંત્ર વેરવિખેર થતુ જોવા મળે છે. તેમનું વિકાસ માટેનું રચનાતંત્ર પણ સુચારું ઢબે ન હોય ઘણે ઠેકાણે અભાવોને લઈને, વિક્ષેપ પડવાને લઈને વેરવિખેર બન્યું છે.

અભાવો જે કામના છે તેમાં તે સ્થાનીક રોજગારીની તકો વધારી દૂર કરવા આયોજન કરવું જોઈશે. શક્ય હોય ત્યાં જંગલ પુનઃજીવીત લોકભાગીદારીથી પ્લાન્ટેશન કરીને ઉગાડાશે તો, જે પરિસ્થિતિ બાહ્ય રોજગારીની બનતી જાય છે. તેમાં ફેર પડશે. સરકારી તંત્રની ઉદાસીનતા માટે, વધુ ઉત્સાહિત અધિકારી ગણને પ્રોત્સાહિત કરવા પગલાં લેવાશે તો યોજનાઓનો અર્થ સરશે. અવિકસી ખેતીમાં નવીન ચેતના જગાવી તેને વિકસીત માળખામાં ગોઠવાશે તો ઘણો બધો ફેર પડશે. શિક્ષણની બાબતમાં જે આખાય વિસ્તારમાં ઉદાસીનતા છે, તે દૂર કરવા સ્થાનિક કક્ષાએ પ્રાયોગિક ધોરણે શિક્ષણ માટે ઘટતાં પગલાં લેવાશે તો જાગ્રતિ આવશે.

મર્યાદિત બજેટ અને મર્યાદિત લાભાર્થીના લક્ષ્યાંકો :

પ્રથમ પંચવર્ષીય યોજનાથી પાંચમી અને સાતમી પંચવર્ષીય યોજના સુધીમાં જોઈએ તો સમજાય છે કે આદિવાસી વિસ્તાર અને તેમાં વસવાટી આદિવાસી સમૂદાયોને માટે, જે કમિશનો અને સમિતિઓ દર્શાવેલા ગાળામાં નિમાઈ અને તેના અહેવાલોના આધારે યોજનાઓ ઘડાઈ, અને તેના માટેના આયોજનની સાથે જે નાણાંકીય ફાળવણી અને સંસાધનો રખાયા હતા. તે મર્યાદિત માત્રામાં હતા. શરૂમાં જે એક ટકાની ફાળવણી કરાઈ હતી તે ક્રમશઃ પછીના સમયગાળામાં બજેટની ફાળવણીની ટકાવારી ઘટાડાઈને રખાઈ હતી. એટલે પંચવર્ષીય યોજનાઓ ઉપર નજર કરીએ તો સરકારશ્રી દ્વારા આદિવાસીઓ પ્રત્યે પહેલેથી જ ઓછુ લક્ષ આપવાની વૃત્તિ છતી થાય છે. જેને લઈને તેની નકારાત્મક અસરો વર્તવાને કારણે, કમિશનો-સમિતિઓની જે વિકાસની ભલામણો કરાઈ હતી. તેનો અર્થ સર્યો ન હતો તેવું જોઈ શકાય છે. તેનું સમર્થન તો ખુદ સરકારશ્રીના આઝાદી પછીના ગ્રામ વિકાસ કાર્યક્રમની ચર્ચામાં નોંધાયું છે. તેના પરથી પણ આવે છે. તે નોંધમાં જણાવ્યું છે કે જે પાછળ રહી ગયેલા ગરીબો માટે જે કાર્યકર્મો હતા. જેમાં અનુસૂચિત જનજાતિનો પણ સમાવેશ છે. જેની પરિસ્થિતિમાં ગણનાપાત્ર સુધારો થયો નહોતો. ચોથી પંચવર્ષીય યોજના સુધીમાં ઘડાયેલી આયોજિત વિકાસ યોજનાઓના લાભો ઉંડાણના દુર્ગમ અવિકસીત આદિવાસી વિસ્તારો સુધી પહોંચાડાઈ શકાયા નહોતા. તેથી વંચિત આદિવાસી વિસ્તારો, જેઓ અત્યંત નિમ્નકક્ષાનું જીવન વ્યતિત કરતા હતા. તેમને માટે પાંચમી પંચવર્ષીય યોજનાની ચર્ચામાં સઘન, સંકલિત વિકાસની રણનીતિ અપનાવીને વ્યક્તિગત તેમજ સામૂહિક યોજનાઓ છેક છેવાડાના માણસ સુધી પહોંચે તેવા પ્રયાસ કર્યા હતા. પરંતુ યોજનાઓના અમલીકરણના સંકલનનો અભાવ હોઈ બહુ ઝાઝો ફેર પડ્યો નહોતો અને વંચિતો ,વંચિતો જ રહેવા પામ્યા હતા.

ઉપાયો : એટલે કમિશનો, સમિતિઓની ભલામણો સંદર્ભે બજેટમાં ફાળવાતા નાણાં, વિસ્તાર-વસ્તી, સંખ્યા અને યોજનાઓના લક્ષ જૂથને અનુરૂપ પરિયાપ્ત માત્રામાં ફાળવવા જોઈએ અને ફાળવેલા નાણાં માત્ર ૧૧ ટકા જ બજેટના વપરાય છે, તેને બદલે મહત્વ- બજેટ તેના લાભાર્થીઓ માટે વપરાય તેવા પ્રયાસો કરી અમલીકરણ કરવું જોઈએ. સાથે સાથે જે થોડા ટકા જ લોકોને વિકાસ યોજનાઓમાં આવરી લેવાય છે કે પછી થોડા જ લોકોને તેનો લાભ મળે છે. તે કરતાં યોજનાઓમાં વિશાળ ફલકના વિસ્તારો અને લોકોને આવરીને આયોજન કરીને અમલ થાય તેમ ગોઠવવું જોઈએ. એટલે યોજનાઓના લાભો આપવા માટે છેક છેવાડાના વિસ્તારો અને વ્યક્તિમાંથી શરૂઆત કરવી પડશે, તો જ વર્ષો પર્યતના વંચિતોને વિકાસના કંઈક ફળો તો ચાખવા મળશે.

આદિવાસી અર્થતંત્ર-વંચિતો વ્યવસાયિક અને તેના સુધારા :

આદિવાસીઓ માટે જુદા અર્થતંત્રની વિચારણા કરવી યથા યોગ્ય નથી. કારણ કે આદિવાસીઓ ભલે સામાજિક, સાંસ્કૃતિક રીતે પોતાની આગવી સંસ્કૃતિ ધરાવતા હોય પણ તેઓ બૃહદ સમાજ કરતાં તેમની પોતાની અલ્પ વિકસીત અર્થવ્યવસ્થા કૃષિ, પશુપાલન, જંગલ આધારિત ધરાવે છે. એટલે બૃહદ સમાજ જેટલી વિકસીત વ્યવસાયિક સ્થિતિ ધરાવતા નથી. એટલે તેને લઈને અલગ જુદા પ્રકારની અર્થતંત્રની

વિચારણા કરવી યોગ્ય નથી. કારણ કે તેઓમાં પણ વ્યવસાયિક વિકાસની શક્યતાઓ છે, એટલે વ્યવસાયિક રીતે કેટલીક બાબતોથી આદિવાસી વિસ્તાર- સમૂદાયો જે વંચિતતાની દશામાં મૂકાયેલા છે. તેમાં માત્ર સુધારો કરાતાં મુખ્ય પ્રવાહની ધારામાં સમય જતાં આવી જશે તેમાં શંકા નથી. કારણ કે આદિવાસી વસતીની લાક્ષણિકતા એ છે કે તે સતત આર્થિક પ્રવૃત્તિઓમાં રોકાયેલા કામ કરનારા, શ્રમ વાપરનારા લોકો છે. તેથી તેમના વ્યવસાયિક માળખામાં પ્રોત્સાહન મળતાં, તેમાં હજુ વધુ સારી રીતે સફળ થશે જ અને વિકાસની જે હરણફાળ ચાલી રહી છે તેની સમકક્ષ નહીં પણ નજીક તો આવી શકશે જ.

આદિવાસી વિસ્તારો અને તેમાં વસતા સમૂદાયો, તેમના વ્યવસાયિક રીતે ગોઠવાયેલા ભિન્ન ભિન્ન પ્રકારના મોટા નાના બહુ વિકસીત ન હોય તેવા વ્યવસાયોને લઈને ગરીબીરેખા હેઠળ જીવન નિર્વાહ ગોઠવે છે. તેમનામાં જોવા મળતા વ્યવસાયો અનેક રીતે સંસાધનોના અભાવે વંચિત રહેવાને લઈને વિકસી શક્યા નથી તો તેમાં વ્યવસાયિક વિકાસ માટે જરૂરી સાધનો પર્યાપ્ત માત્રામાં મૂકી, બીજી વ્યવસાયોની ખૂટતી કડીઓ જેવી કે પાણી, જમીન સુધારણા, બિયારણ, ખાતર, માર્ગદર્શન, બજાર વ્યવસ્થા વગેરેની અલગ માળખાકીય રીતે ગોઠવણી કરાશે તો, જરૂરથી તેમના સ્થાનિક વ્યવસાયોના વિકાસ સાથે સાથે એક મજબૂત અર્થતંત્રનું માળખું રચાશે. એટલે સરળ રીતે આખીય પ્રક્રિયા ચાલશે, જેથી અર્થતંત્રની ગતિશીલતા વધતાં આદિ સમૂદાયો કંઈક અંશે તો સંતોષ અનુભવશે.

આદિવાસી ભદ્રવર્ગનો અયોગ્ય યોજના સહાય લેવાનો અભિગમ અને તેના ઉપાય :

આઝાદી બાદ આદિવાસી વિસ્તારોમાં વિભિન્ન યોજના સહાયોના, શિક્ષણ વિષયક મળતી સહાયોને લઈને વ્યાપક પ્રમાણમાં શિક્ષણનો ફેલાવો ઘણા વિસ્તારોમાં થયો હતો. જે વસ્તી ગણતરીના અહેવાલોમાં જોવા મળતી શિક્ષણની ટકાવારીના વધેલા આંકડાઓ ઉપરથી જોઈ શકાય છે. આદિવાસી વિસ્તારોમાં શિક્ષણ પામેલાઓએ આર્થિક સધ્ધરતા હોવા છતાં વ્યક્તિલક્ષી- કુટુંબલક્ષી યોજનાઓના લાભો મહત્તમ રીતે ઉઠાવ્યા હોયને કારણે એ લાભો ખરેખર જેમને માટે હતા તેમના સુધી પહોંચી શક્યા નહોતા, જેથી વંચિતોની સંખ્યામાં સતત વધારો થયો છે. આર્થિક રીતે સધ્ધર આદિવાસીઓના ભદ્ર વર્ગના જાતિ તરીકેના કે શિક્ષણને લગતા લાભો બરકરાર રાખવા, બાકીના હક્કો જો બંધ નહીં કરી દેવાય તો હજુ જે શૈક્ષણિક આર્થિક સધ્ધર વર્ગ મોટો ઉભો થઈ રહ્યો છે. તે તેમની વંચિતતાનો ઘણો મોટો વર્ગ ઉભો કરશે. જેથી હજુ વધુ વિકટ વણસાયેલી પરિસ્થિતિ ઉભી કરશે.

ઉપાયો : આદિવાસી વિસ્તારોમાં મસમોટી અને ઘણી મોટી સંખ્યામાં ચાલી રહેલી વિવિધ યોજનાઓનો શિક્ષિત, આર્થિક રીતે સધ્ધર જે વર્ગ જાગૃત છે તે વર્ગ તેનો લાભ મહત્તમ રીતે લઈ રહ્યો છે. જેને લઈને ઘણો મોટો વર્ગ વંચિતોનો તેમના જ સમૂદાયોમાં જોવા મળે છે. આ ભદ્ર વર્ગની બિનજરૂરી એવી બીજાના લાભો છિનવી લેવાની આખીય પ્રક્રિયા છે. તેની માહિતી એકત્રિત કરી તેને સંબંધિત આખીય અમલીકરણની યોજના સુદઢ ચેનલની રીતે ઉભી કરી, યોગ્ય વ્યક્તિ કે કુટુંબોને જ લાભ મળે તેમ ગોઠવવું જોઈએ. એટલે પસંદગીના માપદંડ બનાવી, માપદંડમાં જે આવે તેને જ લાભો અપાય, તો જ આર્થિક સધ્ધર કે શિક્ષિત ભદ્રવર્ગ જે વારંવાર યોજનાઓના અનેક લાભો લઈ જાય છે તે અટકશે. તો જ વંચિતો સુધી, છેવાડાના

માણસો લગી યોજનાઓથી લાભાધિત થશે. તો જ ગરીબ વંચિતો માટે જે વિકાસની રણનીતિ રખાય છે તેમાં સફળતા મળશે.

પ્રાકૃતિક સંસાધનોના માલિકી હક્કોથી વંચિતતા :

આદિવાસીઓ ત્રણ કુદરતી સંસાધનો જંગલ, જમીન અને જળ સાથે ધનિષ્ઠ રીતે ખૂબ જ નિકટ નાતો ધરાવે છે. આ ત્રણે પ્રાકૃતિક સંસાધનો સાથે આદિવાસીઓ સંકળાયેલા હોવાથી, તેમના માટેની યોજનાઓ, નવી સ્કીમો તે પછી વ્યક્તિલક્ષી કે કુટુંબલક્ષી કે સામૂહિક તેમને લાભ આપતી કે તેમના કલ્યાણ માટે જોડાયેલી તમામ બાબતોને સાંકળીને સ્થાનીક આદિવાસી લોકોના વિચારો જાણી તે માટે તેઓ ખરેખર શું ઈચ્છે છે. એ રીતે આખુય આયોજન કરવું જોઈએ. નહીં તો આયોજિત વિકાસ યોજનાઓ દ્વારા, આજ સુધી જે પ્રયત્નો થયા અને તેમાં કેટલાક પાયાના પ્રશ્નો ઉપસ્થિત થયા હતા. તે પાયાના પ્રશ્નો હલ ન થાય તો યોજના કે સ્કીમ મર્યાદિત લાભ આપનારી અને કોઈ વાર તો વિકૃત અસરો ઉભી કરનારી બનતી જોવા મળે છે. એવું વિદ્વાનો- સંશોધકોની સમીક્ષાઓમાંથી જોવા મળે છે, જે કેટલેક અંશે સાચુ પણ છે.

ગુજરાત રાજયની પૂર્વની આદિવાસી વસ્તી ધરાવતી પટ્ટીમાં એવા કેટલાક આદિવાસી સમૂદાયો છે. જે સદીઓથી જમીનનો ખેડી માત્ર ભોગવટો કરે છે. પરંતુ જમીનનો માલિકી હકક ધરાવતા નથી. તેઓ પરંપરાગત રીતે માલિકી હક્ક વિનાની ભોગવટાની પરિસ્થિતિમાં છે. વહીવટી પ્રક્રિયાઓને લઈને સમજ્યા વિના દુર્લક્ષ રાખવાથી વંચિત રહ્યા છે. સામે વહીવટી કાયદાઓએ પણ તેમને વંચિત રાખ્યા. આમ તેઓ માલિકી હક્કોથી વંચિત હોવાથી જયારે જંગલની જમીન ખેડવી ગેરકાનૂની છે તેવું જણાવાયું ત્યારે, આદિવાસીઓના પગ નીચેથી જમીન સરી જવાની સ્થિતિ ઉભી કરી દેવાઈ હતી. જયારે પ્રજા વધી અને જંગલની પડતર જમીન જે માલિકી હક્ક વિના ખેડતી હતી તે ટૂંકી પડવા માંડી અને જીવનનિર્વાહ માટે બીજો કોઈ રસ્તો ન રહેતાં પડતર જમીન જંગલની ખેડવા માંડી ત્યારે પણ તેઓને રોકીને ખેડવાથી વંચિત રખાયા.

બૃહદ સમાજના વિકાસ માટેની યોજનાઓ કરાઈ અને જમીનો આદિવાસીઓની ડૂબમાં ગઈ, ત્યારે પણ જેને નામે જમીન હકક ન હતા તેને વંચિત રખાયા હતા. તેમને વૈકલ્પિત કોઈ જીવનનિર્વાહની વ્યવસ્થા ન અપાતાં પાયમાલ થઈ ગયેલા તેવા ઘણા કિસ્સાઓ રડાવી દે તેવા છે.

ઉપાયો : જયારે જંગલ અને જમીનના પ્રશ્નો હોય ત્યારે, વ્યક્તિગત માલિકો તેમાં વહીવટી પ્રક્રિયાને લઈને વંચિત રહી ગયા છે. તેને માટે તાત્કાલીક જમીન છોડાવતા પહેલાં, આજીવિકાની વ્યવસ્થા કરી આપવી. જો તેમ ન થાય તો તેના ગુજરાત માટે રોકડ રકમ મળે તેમ ગોઠવવું જોઈએ જેના વ્યાજ કે તેનાથી ઉભા કરાયેલા વ્યવસાયથી તેનો જીવન નિર્વાહ થાય.

બીજુ જંગલ વિસ્તારમાં રક્ષિત જંગલ રખાય છે. જેને લઈને તેમના ખેતી વ્યવસાયની કે પશુ ચારણની સમસ્યાઓ હોય તો, તેને વિકલ્પ રૂપે જમીન ફાળવી કે પશુઓ માટે ચારણમાં છૂટછાટ આપવી જોઈએ. રક્ષિત જંગલનું કારણ સાચું છે, પણ સાથે સાથે જેના હક્કો છે, તે રીતે તંત્ર પણ ન ડૂબે તે ગોઠવવું જોઈએ.

જળ વ્યવસ્થાપના અભાવે તેઓ ખેતી, પુશપલાન અને પોતે પણ વાપરવાનો પાણી વિના વર્ષનો ઘણો બધો સમયગાળો પાણીના અભાવે કાઢે છે. તો જયાં શક્ય હોય ત્યાં કુવા, તળાવો કે નાના વહેળાઓ ઉપર ચેક ડેમો બનાવી પાણીની વ્યવસ્થા ગોઠવવી જોઈએ. જયાં શક્ય હોય ત્યાં હેડપંપ વગેરે બનાવી આપી નાની, નાની સગવડો શક્ય તેટલા વધુ પ્રમાણમાં ઉભી કરવી જોઈએ. શક્ય હોય ત્યાં જન ભાગીદારીથી જળ વ્યવસ્થાપનો આખોય કાર્યક્રમ ગોઠવી વિશાળ વિસ્તારને આવરીને બનાવવાથી સરળતાથી સગવડ બની રહેશે.

આમ જંગલ, જળ અને જમીનની જે જે સમસ્યાઓ સર્જાઈ છે તેમાં ખાસ રસ લઈને જમીનની ફળદ્રુપતા અને ઉત્પાદકતા વધારવા પગલાં લેવા જોઈએ. જળમાં વોટરશેડના કાર્યક્રમો કરી વ્યવસ્થા જનભાગીદારીથી ગોઠવવી જોઈએ. જંગલ અંગેની જે નીતિઓ છે, તેમાં આદિવાસીઓને ખ્યાલમાં રાખીને તેમને મુશ્કેલી કે નુકશાન ન થાય તેવા પગલાં ભરવા જોઈએ. એટલે આદિવાસી વિસ્તારોમાં ટકાઉ વિકાસની વ્યવસ્થા દર્શાવેલા જંગલ, જળ, જમીન જેવા ત્રણ મહત્વના પાસાઓને ખ્યાલમાં રાખીને ઉભી કરાશે. તો જે લાંબાગાળાથી તેઓમાં અનેકવિધ સમસ્યાઓ તેને લઈને ઉભી થયેલી છે, તે જરૂર હળવી થશે.

આદિવાસીઓ પ્રાકૃતિક સંસાધનો જંગલો, જળ, જમીન ઉપરના નિયંત્રણો ગુમાવી બેઠા છે, ગુમાવી રહ્યા છે :

આદિવાસીઓ પ્રાકૃતિક સંસાધનો વડે જ પોતાનું સાદુ, સરળ અલાયદુ જીવન નિર્વાહ મહદ્અંશે ગોઠવે છે. પરંતુ આજે અનેકવિધ આંતર બાહ્ય પરિબળોના આક્રમણને લઈને જંગલ, જળ, જમીન ઉપરનું, તેમનું પોતાનું જે જીવન નભતું હતું, તેમાં જોખમો ઉભા થયા છે. જેમ કે બ્રુહદ સમાજની યોજનાઓ અનેકવિધ નદીઓ ઉપરના બંધો, ખાણો, મોટા ઉદ્યોગ સંકલોને લઈને એક યા બીજી રીતે તેમની જમીનો, જંગલની પ્રાકૃતિક સંપદા, જળ રાશિની ખોરવાઈ ગયેલી તેમની સીસ્ટમ વગેરેથી તેઓ ભારે પરેશાન છે. તેનાથી તેઓ વંચિતતાની દશામાં મુકાયા છે. તે માટે હવે તેમને માટે તેમની તે પ્રાકૃતિક સંપદામાં વધુ દમણ ન કરતાં યોગ્ય રીતે સમજપૂર્વક વૈકલ્પિક જે વ્યવસ્થા હોય તે ઉભી કરવી જોઈએ. જેમ કે તેમનો વિસ્થાપનનો આખોય મુદ્દો ત્વરિત ગતિએ જયાં ત્યાં પુનસ્થાપન કરાવીને ઉકેલવો જોઈએ. જમીન માલિકી હક્કો જે ખેડતા હતા. તેમને અન્યત્ર કારણોવસાત જમીન સંપાદન કરાઈ નથી, તે જે તે જગ્યાએ હક્કપત્રક હેઠળ છે. તેમને ફાળવી આપવી જોઈએ. (દા.ત. જંગલ વિભાગના રેકોર્ડ હોય કે બીજા) બીજી પાણીની પરેશાની છે. જે વધુ વરસાદ હોય તેવા વિસ્તારમાંથી છે.આખોય વિસ્તાર પર્વતાળ હોઈ પાણીની સંગ્રહની વ્યવસ્થાના અભાવે, તેમનું જળ, સાધનમાં ન ફેરવાતાં તેઓ વર્ષના બે ચાર માસને બાદ કરતાં પાણીની કટોકટી હેઠળ જ જીવે છે. એટલે વોટરશેડ જેવા કાર્યક્રમો અનેકવિધ ઠેકાણે કરી, પાણીની ટકાઉ વ્યવસ્થા ઉભી થાય જે લોકભાગીદારીથી અને સરકારે તેના માટેના નાણાંકીય સંસાધનોની જોગવાઈ કરી તેને અગ્રતા હેઠળ મૂકી કરવી જોઈએ.

જમીન એ કુદરતી રીતે જ તેમને મળેલી હોય અને એટલે એને માટેનો લગાવ પણ તેનો તેટલો છે.પરંતુ જમીનનું સ્વરૂપ ઠેક ઠેકાણે ભિન્ન ભિન્ન હોઈ. તેમાંથી નિર્વાહ પૂરતુ પ્રાપ્ત કરવા તેમને ભારે પરિશ્રમ કરવો પડે છે. તેમાં પણ આજે નવીન બિયારણ, ખાતર, દવાઓને લઈને તેમાં પણ ખોટી

લાલચોથી કેટલેક અંશે ભૂમિ તેનું અસલ સ્વરૂપ બદલાવતાં, તેનો અસલ ગુણધર્મ બદલી રહી છે. તેથી આદિવાસીઓને નુકશાન વેઠવું પડે, તેવી સ્થિતિ ઘણે ઠેકાણે જોવા મળે છે. એટલે સુધારો દુધારો ન બને તે રીતે તેને માર્ગદર્શન આપવું જોઈએ.

આંતર માળખાકીય સગવડોના અભાવની વંચિતતા અને તેના ઉપાયો :

આદિવાસી વિસ્તારો અને આદિવાસી લોકોનો સર્વાંગી વિકાસ સાધવો હશે તો, તેનો સૌથી ઉત્તમ માર્ગ, તેના વિકાસની રણનીતિમાં જે માળખાગત સગવડોનો અભાવ જોવા મળે છે, તેમાં અત્યંત વ્યવહારું એવા તમામ પ્રયાસો કરવા જોઈશે. એટલે કે પાણી, વિજળી, વાહનવ્યવહાર, સંદેશાવ્યવહાર, રસ્તાઓ, આરોગ્ય વિષયક સુવિધાઓ, નવા ઉદ્યોગો, અન્ય સરકારી, બિન સરકારી એવી સેવાઓના સ્રોતો વગેરે જેવા અનેકા એક એવા ક્ષેત્રો દ્વારા મળતી માળખાગત સુવિધાઓ ઉભી કરવી જોઈશે. કારણકે હજી પણ દુર્ગમ અને ઉંડાણના આદિવાસી વિસ્તારોમાં આંતરમાળખાકીય સુવિધાઓ વિકસાવવામાં નથી આવી, તેને લઈને જ વિસ્તારો અને સમૂદાયો સગવડોથી વંચિત રહી જવાને કારણે વિકાસમાં રખાયેલી રણનીતિ કારગત નીવડી નથી, તેમના વિકાસમાં માળખાકીય સુવિધાઓને એકબીજા સાથે સંલગ્ન રીતે સાંકળાશે નહીં. તો તેમના વિકાસના જે લક્ષ્યો રખાયા તે સિધ્ધ થશે નહીં. દા.ત. પાણીના અભાવે ખેતી કે પશુપાલન બારેમાસ કે વર્ષમાં જોઈએ તેવા લાભો આપશે નહીં. તે રીતે વાહનવ્યવહાર કે રસ્તાઓનો જો અભાવ હશે તો સંપર્કના અભાવે તેમનો જે વિકાસ આર્થિક ધોરણે થવાનો હશે, તેમાં બાધકરૂપ બનશે. તેમનામાં આરોગ્ય વિષયક સુવિધાઓ કે શૈક્ષણિક સુવિધાઓનો વિકાસના આંતરમાળખામાં નહીં હોય તો પરંપરાથી તેમનામાં જે રોગોની માત્રા કે પછી શૈક્ષણિક રીતે તેમનામાં જોવા મળતી નિમ્નકક્ષાની શિક્ષણ સ્તરની માત્રા છે, તેવી સ્થિતિ તેમના વિકાસમાં બાધકરૂપ હશે.

આંતર માળખાકીય સગવડો, તેમના આર્થિક પાસાને મજબૂત કરવામાં ખૂબ જ મહત્ત્વનો ભાગ ભજવી શકે તેમ છે, જો તેમનું આર્થિક પાસુ સધ્ધર બનતું જશે તો તેમના જીવનનિર્વાહના અને બીજા પ્રશ્નો સરળતા ઉકલશે.

રાજકારણથી વિસ્તારો-સમૂદાયોને મળતી વંચિતતાઓ અને તેના ઉપાયો :

છેલ્લા કેટલાક વર્ષોના સમયગાળાથી અનેકગણા પ્રલોભનોને લઈને ખરડાયેલા રાજકારણને, કારણે રાજકારણની ખરાબ રીતરસમોને લઈને આખાય સમાજનું આર્થિક, સામાજિક, ધાર્મિક ચિત્ર ડહોળાયેલું, સડેલુ બનતું જતુ હોય તેવું ઘણે બધે ઠેકાણે જોવા, સાંભળવાથી ખ્યાલ આવે છે. તેમાં રાજકીય પક્ષોની ખેંચતાણને લઈને સ્થાનિક વિસ્તારો સમૂહોને તેમના વિકાસથી વંચિત પણ રહેવું પડે છે તેવી પરિસ્થિતિ જોવા મળે છે. તેવા ખેલાયેલા ગંદા રાજકારણને લઈને કોઈ રોડ કે કયાંક યોજના બંધ થઈ વગેરે બને છે. તેની આખાય વિસ્તાર કે સમૂદાયને વંચિતતાની દશામાં રહેવું પડે છે. આવા બનતા બનાવો સંદર્ભે પ્રજાએ જાગ્રત બનીને એવા જવાબદાર તત્ત્વોને રોકવા પડશે.

ઉપાયો : સ્થાનિક લોકોએ સંગઠીત થઈને આખીય પરિસ્થિતિ સામે ઐક્ય સાધીને તેવી નિર્માણ

થયેલી પરિસ્થિતિમાં જે તે વ્યક્તિ કે અમલીકરણ પાંખને મળીને તેના ઉકેલો શોધવા પડશે. રાજકારણને વચ્ચે લાવ્યા વિના સીધા સમાજના સંગઠનો સાથે મળીને માત્રને માત્ર લોકભાગીદારી કરીને તેવા પ્રશ્નોને હલ કરવા માટે સીધા જ પ્રયત્નો કરાય તેમ લોકયુક્ત સ્થિતિ ઉભી કરવી પડશે, શક્ય હોય ત્યાં સ્થાનિક રાજકારણને બદલે ઉપરથી જ યોજનાઓ સંદર્ભે સીધે જ સંપર્ક કરીને તેના ઉકેલોની શક્યતાઓ શોધી શકાય. જેથી કરીને વિસ્તારો-સમૂહોને જે વંચિતતાની શક્યતાઓ હશે તેમાંથી ઉકેલો મળશે.

મૂર્છિત ઈચ્છા શક્તિની વંચિતતા અને તેના ઉપાયો :

આદિવાસી વિસ્તારો અને તેમાં વસતા આદિવાસી સમૂદાઓને અને કુટુંબોને યોજનાકીય રીતે મળતા લાભોમાં થતી કિન્નાખોરી કે થયેલા કડવા અનુભવોને કારણે તેઓમાં મૂર્છિતા (ઈચ્છાશક્તિનો અભાવ) આવી જતી હોય છે. તેવું તેઓના થયેલા કડવા અને અણગમતા અનુભવોને આધારે જોવા, જાણવા મળે છે. દા.ત. યોજનાઓ માત્ર કાગળ ઉપરજ રહી જતા આખોય વિસ્તાર ઘણા બધા વર્ષો સુધી તેના તરફ ઉદાસીન રહે છે. જેમ કે પાકા રોડ કાગળ ઉપર બોલે, નદીઓ, વહેળા ઉપર નાળા કે પુલ વર્ષો સુધી બને જ નહીં. યોજનાઓ બને ખરી પણ ઉપયોગ વિના પડી રહે. દા.ત. બનેલા કૂવા, હેડપંપ, પાણીના હવાળા, કોમ્યુનીટી હોલ એવી ઘણી યોજનાઓ માત્ર મેનેજ ન થવાથી કે સારી ન બનાવી હોઈ ઉપયોગહીન બની રહેતી જોવા મળે. તેને લઈને લોકોની યોજનાઓ તરફની ઈચ્છા ન હોય તેવું સાંભળવા મળે છે. ઘણીવાર યોજનાઓની અધૂરપ પણ તેમને યોજનાઓનો અણગમો ઉભો કરે છે. દા.ત. કૂવો બનાવી આપે પાણી કાઢવાની વ્યવસ્થા ન ગોઠવાય. બળદ આપે પણ તેની લોનનું વ્યાજ બીજો બળદ આવે તેવું ઉભુ થએલુ જોવા મળે એટલે એ રીતે લોકો મૂર્છિત ઈચ્છા શક્તિના સ્વરૂપે યોજનાઓ પ્રત્યે અણગમો કરી તેને લેતા અચકાય છે.

જમીનદારો-શિક્ષિતોની સમૃધ્ધિનો સરવાળો પણ જમીન વિહોણા ગરીબોની બાદબાકી :

રાજયના આદિવાસી વિસ્તારોની બહાર સપાટ-સમૃધ્ધ એવા દક્ષિણ ગુજરાતના સિંચત વિસ્તારોમાં, મહદ્અંશે જમીન વિહોણા ખેતમજૂરોઃ હળપતિ-તલાવિયાઓ જેવો શોષિત અવસ્થામાં વર્ષોપર્યતથી વસે છે. તેમની ગરીબ કંગાલિયત પરિસ્થિતિ માટે આગળ ઉપર દર્શાવ્યું તેમ સ્થાનીક વર્ચસ્વી જાતિઓનું શોષણ, તેમનામાં પડેલા વ્યસનો, શિક્ષણનું પછાતપણું, ઉપરાંત વિકાસ યોજનાના માળખાથી દૂર વસવાટ છે.

ઉપાયો : આખોય હળપતિ-તલાવિયા જાતિ સમુદાય જે રાજયમાં ચાલતી વિકાસ યોજનાના માળખાથી દૂર દૂર હોય યોજનાકીય લાભોથી વંચિત પરિસ્થિતિમાં જીવન વ્યતિત કરે છે. આદિવાસી વિસ્તારોથી દૂર પશ્ચિમના સપાટ વિસ્તારોમાં વસવાટ તેમનો હોય, કેટલીય યોજનાઓથી તેઓ વંચિત રહે છે. જેને કારણે તેમનો વિકાસ અવરોધાય છે. તેથી શક્ય હોય તો તેઓને વિકાસ યોજનાની ચાલતી યોજનાઓના માળખામાં સુગ્રંથિત આવરી ખાસ શક્ય એટલા વધુ લાભો મળે તેમ ગોઠવવું જોઈએ. તેમના શિક્ષણના પછાતપણા માટે લાંબા ગાળાનું આયોજન કરી શિક્ષણલક્ષી આ પ્રવૃત્તિઓ હાથ ધરવી જોઈએ. શક્ય હોય તો નિવાસી આશ્રમશાળાઓ કરી પણ પ્રયત્ન કરવો જોઈએ. તેમનામાં જોવા મળતા વ્યસનો તેમને ઘણે ભાગે તેમની આર્થિક પરિસ્થિતિમાં મહત્ત્વનો ભાગ ભજવે છે. તેઓ કમાણીના ઘણા નાણાં તેની પાછળ ખર્ચી નાંખે છે.

તે માટે વ્યસન મુક્તિ અંગેના કાર્યક્રમો સાથેના કેટલાક પગલાઓ લેવાય તેમ ગોઠવવું જોઈએ. તેમના માટે જયાં જયાં શક્ય હોય ત્યાં રોજગારલક્ષી કાર્યક્રમો નાના, નાના વ્યવસાયો ઉભા કરવા જેથી તેમનામાં પરંપરાગત ખેતમજૂરીના વ્યવસાયમાં જે શોષણની પ્રક્રિયા છે. તેમાં કંઈક અંશે તો રાહત રહેશે. તેમનામાં જોવા મળતું આળસુપણુ જેમાં તેઓ પોતાના કામો કરતા નથી. પણ ધનિયામાના બળપૂર્વક પણ કરે છે. તો તેમને કામ કરતા થાય, તેવા કાર્યક્રમો ગોઠવવા જોઈએ.

શહેરી-અર્ધશહેરી અને છૂટાછવાયા બિન આદિવાસી ગ્રામ્ય વિસ્તારોમાં વસવાટી વંચિતોની સમસ્યાઓ અને તેના ઉપાયો :

રાજયના શહેરી-અર્ધ શહેરી વિસ્તારોમાં અને બિન આદિવાસી ગ્રામ્ય વિસ્તારોમાં વસવાટી એવા છૂટાછવાયા આદિવાસીઓની બધી મળીને ૧૩.૪૪ લાખ, એટલે કે કુલ આદિવાસી વસ્તીના ૧૭.૯૫ ટકાની વસતી જે વિકાસ યોજનાઓની માળખાકીય સીમારેખાની બહાર હોય, માંડ થોડી નામ માત્રની યોજનાઓનો લાભ પામી શકી હોય તેવું જોવા-જાણવા મળે છે. તેને લઈને તે વર્ષો પર્યતથી વંચિતતાની દશામાં જીવનનિર્વાહ કરે છે. તો તેને લઈને શહેરી ગરીબોની યોજનાઓની માફક અને હળપતિ આવાસ યોજનાઓની જેમ, બીજા જે આદિવાસીઓ, જેમાં છૂટાછવાયા, શહેરી, અર્ધશહેરી કે ગ્રામ્ય વિસ્તારોમાં વસે છે તેને સર્વે દ્વારા શોધી કાઢીને, તેના માટે કુટુંબલક્ષી કાર્યક્રમોમાં કરી, જરૂરી યોજનાઓ, સહાયો ઉભી કરવી જેમાં રહેઠાણ, આરોગ્ય, પાણી કે એવી બીજી યોજનાઓ ઘડી કાઢીને તેને અગ્રતા આપીને ચાલુ કરવી જોઈએ. જેથી તેવા કુટુંબો જે ગરીબીરેખા હેઠળ મજબુરી સાથે ઘણા બધા અભાવો વચ્ચે માંડ જીવનનિર્વાહ ગોઠવી શકે છે. તેને કંઈક અંશે રાહત થશે. તેં સંદર્ભે જરૂરી સંશોધન અભ્યાસ કરીને, તેમને માટે આખી યોજના બનાવી, શક્ય હોય તો બજેટમાં પણ તેમને માટે જોગવાઈ કરવી જોઈએ.

આદિવાસી વિકાસ યોજનાઓની સિધ્ધિઓ શૂન્ય નથી, પણ સાથે તેની કેટલીક નિષ્ફળતાઓ સાથેની સિધ્ધઓનું ભ્રામક ઉપજાવે તેવું ચિત્ર કમ નથી :

ગુજરાત રાજયના આદિવાસીઓ માટેનું વિકાસનું ચિંતન, તે વિશેની નીતિ વિધેયક ભલામણો વિધવિધ યોજનાઓનું ઘડતર અને તેનું અમલીકરણ, સાથે સાથે દરેક યોજનાઓના અમલીકરણ માટે, દરેક વર્ષના બજેટમાં અઢળક ફાળવેલા નાણાં, તે આધારે ઘણા બધા લાંબા સમયગાળાથી આવી વિકાસની પ્રક્રિયાઓનો પ્રવાહ અવિરત ચાલે છે. વિશાળ આદિવાસી વિસ્તારોમાં ચાલતી યોજનાઓની અવિરત યાત્રામાં ફાળવેલા નાણાં બજેટ પછી માત્ર થોડા ટકા જ એટલે કે ૧૧ ટકા જ માત્ર બજેટના વપરાય છે. જેને લઈને યોજનાઓની સફળતા મહત્તમ રીતે પાર પડતી નથી. વિસ્તાર અને કુટુંબોને સમગ્રતયા આવરી લેવાતા ન હોય, ઘણા બધા વિસ્તારો-કુટુંબો યોજનાકીય લાભોથી વંચિતતાની દશામાં દબાઈને પડ્યા રહે છે. જેને લઈને સિધ્ધિઓ જોઈએ તેટલા પ્રમાણમાં મળતી નથી. એટલે જ તો સિધ્ધિઓ શૂન્ય નથી પણ સંતાપ પણ ઓછો નથી. જયાં જયાં વિકાસ પ્રક્રિયા પ્રબળ રીતે અસરકારક સાબિત થઈ છે. ત્યાં અને નથી થઈ શકી ત્યાં પણ સંતાપ એક યા બીજા સ્વરૂપે જોવા મળે છે. જયાં જયાં વિકાસ સારી માત્રામાં થવા પામ્યો છે ત્યાં જે વંચિતો છે, તેમનો સંતાપ કંઈ ઓછો નથી. જેમાં ગ્રામ્ય વિસ્તારો હોય કે શહેરી વિસ્તારો હોય

તેમાં વસતા આદિવાસી સમૂદાયો, કુટુંબોને જેમને જે તે વિસ્તાર, સ્થળના પ્રશ્નો અને સમસ્યાઓ છે. તેમાં તેઓ ભારે સંતાપ સાથે વસે છે. જે થયેલા સંશોધન અભ્યાસો ઉપરથી પણ દેખાઈ આવે છે. તેઓ ત્યાં યથાસ્થિતિ મજબુરી સાથે ગરીબી રેખા હેઠળ જીવન વ્યતિત કરે છે. તેમના જીવનનિર્વાહમાં ઘણા બધા અભાવો વચ્ચે પણ પ્રાકૃતિક જીવનશૈલી અપનાવીને તેમની પોતાની રીતે નિશ્ચિત થઈને જીવે છે.

ઉપાયો : આદિવાસી વિકાસ યોજનાઓથી અનેકવિધ પરિવર્તનો સાથેનો વિકાસ, કેટલાક વિસ્તારો, જાતિ સમૂદાયો અને કુટુંબોમાં થયેલી વિકાસની સિધ્ધિઓથી જોઈ શકાય છે. જે સિધ્ધિઓ શૂન્ય કે નાની સૂની નથી. તેમાં સરકારી યોજનાઓનું માળખું, વહીવટી કુશળતાઓ, આદિવાસી સમૂદાયોમાં જોવા મળતી જાગ્રતિ, સ્વૈચ્છિક સંસ્થાઓ, કેટલીક વ્યક્તિગત સિધ્ધિઓ, સમાજસેવકોનો ફાળો ઘણો જ મહત્વનો છે. પણ સાથે સાથે તેની કેટલીક આયોજનના અમલીકરણની નિષ્ફળતાઓએ પણ ચિંતા ઉપજાવે તેવું ચિત્ર જોઈ શકાય છે. જેમકે પૂરતુ બજેટ ન ખર્ચવાથી સમગ્ર વિસ્તારો વિકાસના માળખામાં હોવા છતાં કેટલાક કુટુંબો વંચિતો બની રહી જાય છે. અમલીકરણનો અભાવ પણ તેમાં તટલો જ ભાગ ભજવે છે. તે પણ કહ્યા સિવાય ચાલે તેમ નથી. કેટલીક યોજનાઓ લક્ષ્યાંક ગ્રૂપ સુધીની મર્યાદામાં જ મૂકાય, તો વિસ્તારો, સમૂહો કે કુટુંબો વંચિત રહી જાય તે સ્વાભાવિક છે. કેટલાક સમૂદાયો ગ્રામ્ય કે શહેરોમાં, દૂર હોવાથી કે શહેરમાં હોવાથીન નજરઅંદાજ કરાયા હોઈ રહી જવા પામ્યા છે. એટલે દૂર કે નજીકના છે. જે ખ્યાલ બહાર જવાથી વંચિત રહેવા પામ્યા છે. આ બધી નિષ્ફળતાઓ સંદર્ભે જોઈએ તો ફાળવેલ બજેટનો પૂરેપૂરો યોજનાઓ સંદર્ભે ઉપયોગ થાય તેમ ગોઠવણી સમયસરની કરવી જોઈએ. તેમાં પણ અમલીકરણ પાંખની જે ખામીઓ છે તે તકેદારી સાથે અમલી બને, તેમ સીધી દેરખેર હેઠળ કરાશે તો આમ થતું અટકશે. જે લોકો વંચિત છે તેઓ સમગ્ર માહિતી પ્રાપ્ય કરી તેને જ લક્ષ્યાંક જૂથોમાં સામેલ કરી, પ્રાથમિકતાના ધોરણે મૂકી તેનો અમલ થાય તેમ ગોઠવવું જોઈએ. શહેરી વંચિતો સંદર્ભે પણ યોજનાઓ ઘડી પૂરતી તકો તેમને મળે તેમ વિકાસ યોજનાના માળખામાં સુગ્રથિત કરવી, જેથી તેમની વંચિતા દૂર થાય.

આદિવાસી વિસ્તારો અને આદિવાસી જાતિઓના પ્રશ્નો, બૃહદ સમાજના પ્રશ્નો કરતાં કંઈક જુદા છે. જેના માટે ભુભૌગોલિક, ઐતિહાસિક અને સાંસ્કૃતિક પરિબળો જવાબદાર છે. તેમની સમસ્યાઓ અને તેમના વિકાસના પ્રશ્નો અંગે એક સૈકાથી પણ વધુ સમયથી ચિંતન ચાલી રહ્યું છે. આઝાદીની ચળવળ અને પ્રાન્તીય સરકારોની રચના સમયે, કેટલાક પગલાંઓ પણ લેવાયા હતા. આઝાદીબાદ વધુ ચિંતન અને વધુ ધનિષ્ઠ પગલાં લેવાયા હતા. તે પછી ૧૯૭૬માં સંકલિત આદિજાતિ વિસ્તાર વિકાસ (T.S.P.) ની શરૂઆત અને તે પહેલાંના અનેક આયોજીત વિકાસના પ્રયત્નોના ફળસ્વરૂપે આદિજાતિ વિકાસના ઘણા કામો થઈ શક્યા. આપણે આગળ ઉપર એ પણ જોયું કે તમામ ચિંતન, આયોજન અને અમલીકરણના અંતે ૨૧મી સદીના સમયે આદિવાસીની સામાજિક, આર્થિક પરિસ્થિતિમાં બૃહદ સમાજની સરખામણીમાં વિકાસ સહિતનો સુધારો જરૂર થયો છે. તેમ છતાં કુલ ભૂમિ ભાગના ૧૫.૦૧ ટકા વિસ્તારમાં વસતા આદિવાસીઓના વિકાસમાં અને બિન આદિવાસી જાતિઓના વિકાસમાં ઘણું અંતર છે.જે ૧૯૮૬ની આઈ.જી.પટેલ કમિટીના અહેવાલમાં ગુજરાતના ૨૫ વિસ્તારો ખૂબ જ પછાત વિસ્તારો તરીકે ગણવામાં

આવ્યા હતા. જેમાં ૧૭ એટલે કે ૬૮.૦% વિસ્તારો તો આદિજાતિ વિસ્તારો છે. કુદરતી સંસાધનોથી ભરપુર તેવા આદિજાતિ વિસ્તારો, કેટલાક કારણોસર પછાત છે. તેથી જ તો વિસ્તારો ઉપર દ્રષ્ટિ કરીએ તો તેમની પછાતતા અને ગરીબી હજુ દિનપ્રતિદિન ઘટવાને બદલે વધતી જોવા મળે છે. ૧૯૯૧માં ગરીબી હેઠળ જીવતા કુટુંબો ૬.૮૯ લાખ હતા. જે વધીને ૧૯૯૭-૯૮માં ૭.૪૬ લાખ થયા હતા અને ૨૦૦૧માં તે વખતે ૮.૬૪ લાખ નોંધાયા હતા. આમ ગરીબી હેઠળ જીવતા કુટુંબોની સંખ્યામાં સતત વધારો થવાના કારણોમાં જોઈએ તો આદિવાસીઓમાં જોવા મળતો વસ્તી વધારો, ખેડૂતોની જમીનના પડેલા ભાગને લઈને ખેતમજૂરો વધવાને લઈને સતત બેરોજગારી અને આવકવૃધ્ધિમાં થયેલો ઘટાડો અને સાથે સાથે થયેલા યાંત્રિક પરિવર્તનને કારણે જોઈ શકાય છે. બીજુ સ્થાનિક જમીન, જંગલ અને વ્યવસાયોમાંથી રોજગારી ઘટવાને લઈને પણ ગરીબી હેઠળ જીવતા કુટુંબોમાં સ્વાભાવિક રીતે વધારો નોંધાયો લાગે છે.

આગળ બતાવ્યું તેમ દેશ આઝાદ થયો, ત્યારબાદ દેશના ગરીબોના વિકાસ માટે (સામૂદાયિક વિકાસ યોજનાઓ), પંચવર્ષીય યોજનાઓ મારફતે વિકાસ કરવા પ્રયાસો કરાયા, પરંતુ મુખ્ય પ્રવાહથી અલિપ્ત આદિવાસી સમૂદાયો ઉપર ધ્યાન કેન્દ્રિત ન થતાં સરકારે પાંચમી યોજનાથી આદિજાતિ વિકાસ યોજનાઓ બનાવી હતી. જે અવિરત હજુ ચાલુ છે. આખાય આદિવાસી વિસ્તાર હેઠળ આવરેલા વિસ્તારને પ્રાયોજના વિસ્તાર, લઘુ વિસ્તાર, પોકેટસ કલસ્ટરો અને છૂટાછવાયા વિસ્તારોમાં વહેંચી, અન્ય વિસ્તારો અને આદિવાસી વિસ્તારો વચ્ચેના વિકાસના અંતરને ઘટાડવાના સતત પ્રયાસો કર્યા, જેને આજે ૩૦ વર્ષ જેટલો લાંબો સમયગાળો થયો, તેમાં આ સમયગાળા દરમ્યાન ઘણા બધા નાણાં જોગવાઈ રૂપે ફાળવીને ખર્ચાયા છે. જેને કારણે ઘણે ઠેકાણે પરિવર્તન સાથે ઘણા બધા ક્ષેત્રોમાં વિકાસ સધાયાના ઉદાહરણો છે. આ વિશાળ પાયા ઉપર ચલાવાયેલા અભિયાનને લીધે નવીન ચેતના અને જાગ્રતિ આવવાથી વિકાસની પગદંડી ઉપર ઘણા સમૂદાયો આગળ વધી રહ્યા છે. તેમ છતાં પણ આજે ઘણે ઠેકાણે આદિવાસીઓ પાસે કાયમી આવક મેળવવાના સાધનો નથી, રહેવા માટેનું સારું આરોગ્યપ્રદ રહેઠાણ નથી. કેટલેક ઠેકાણે હજુ શિક્ષણની બાબતમાં હજુ પહેલા જેવું જ યથાસ્થિત ચિત્ર હજુ જોવા મળે છે. તેમની ગરીબી અને પછાતપણું ઓછું થયું નથી. આ સમયગાળામાં (૧૯૯૧થી ૧૯૯૮ સુધીમાં) ૧૮૮૬.૯૧ કરોડનો ખર્ચ વિકાસને સંદર્ભે કર્યો હોવા છતાં તે સમયગાળા દરમ્યાન ગરીબી રેખા નીચે જીવતા આદિવાસી કુટુંબોની સંખ્યામાં ૮ ટકાનો વધારો નોંધાયો છે. જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીઓ દ્વારા કરાયેલ સર્વે મુજબ ગુજરાતમાં ગરીબી રેખા નીચે જીવતા આદિવાસી કુટુંબો ૧૯૯૧-૯૨માં ૬.૮૯ લાખ હતા. જે ૧૯૯૭-૯૮માં વધીને ૭.૪૬ લાખ કુટુંબો નોંધાયા હતા. આ આંકડાઓ થયેલા ખર્ચના ઘણા મોટા આંકડા બતાવે પણ તેમાં આદિવાસી વિકાસ યોજનાની અસર ઓછી કે નહીંવત જણાય છે. સાથે સાથે ૧૯૬૧માં આદિવાસી ખેડૂતો ૬૮.૧૮ ટકા જમીન ધરાવતા હતા. જે ઘટીને ૧૯૯૧માં ૫૪.૫ ટકા આદિવાસી ખેડૂતો જમીન ધરાવતા થયા હતા. જેને લઈને આદિવાસી ખેતમજૂરોની સંખ્યામાં વધારો નોંધાયો હતો એટલે કે ખેતમજૂરો વધતા ગયા. જેઓને રોજગારીની તકો ન મળવાને લઈને વધુને વધુ આદિવાસીઓ જમીન વિહોણા, બેકાર, ખેડૂતોમાંથી ખેતમજૂર બનેલા તેને લઈને સ્થળાંતર મજૂરો બનીને શહેરો અને જયાં રોજગારી મળે છે તેવા ગ્રામ્ય

વિસ્તારોમાં જતા થયા. શિક્ષણની દ્રષ્ટ્રિએ જોઈએ તો પણ ગુજરાત રાજયની કુલ શિક્ષિતોની ટકાવારી ૧૯૬૧માં ૪૪ ટકા હતી જે વધીને ૧૯૯૧માં ૬૧.૨૯ ટકાએ પહોંચી, જયારે આદિવાસી વિસ્તારની ૧૯૬૧ની ૨૧ ટકાની નોંધાયેલી ટકાવારી ૧૯૯૧માં ૨૯.૧૯ ટકાએ પહોંચી હતી. આમ પંચવર્ષીય યોજનાઓમાં ટ્રાઈબલ સબ પ્લાનની વિકાસ યોજનાઓનો હેતું સામાન્ય વિસ્તાર અને આદિવાસી વિસ્તાર વચ્ચેના વિકાસના અંતરને ઘટાડવાનો મુખ્યત્વે હતો, પરંતુ તેમ થવાને બદલે અંતર વધતુ ગયેલુ માલૂમ પડે છે. જો કે તેના માટે આદિવાસીઓની વસ્તીવૃધ્ધિ કેટલેક અંશે જરૂર જવાબદાર છે. તેમ છતાં આટલી બધી ૪૩૦ જેટલી યોજનાઓ અને બજેટમાં ફાળવેલા અઢળક નાણાં હોવા છતાં કંઈક અસરકારક અમલની ખામી હોય તેવું લાગ્યા વિના ચિત્ર પરથી જરૂર લાગે. જે હોય તે પણ હવે નવા જ અભિગમ સાથે નવેસરથી વિચારવાની જરૂર છે. એટલે સારા અસરકારક પરિણામો માટે વિકાસ યોજનાઓ આડે આવતા પરિબળોના ઉદ્‌ગમ સ્થાન શોધી તેને સમજવા જોઈએ. તેમાં યોજનાઓમાં વ્યક્તિલક્ષી યોજનાઓ કરતાં સામૂદાયિક અને સામૂહિક વિકાસની યોજનાઓ વધુને વધુ બને અને તેનો અમલ લોકભાગીદારીથી જ થાય, તેમ ગોઠવવું જોઈએ. આદિવાસી વિસ્તારોમાં આવેલા કુદરતી સંસાધનો-જળ, જમીન અને જંગલ જેનો વિકાસ કરી, તેની સાથે સાથે વસવાટી સમૂદાયોની લોકભાગી ગોઠવીને અમલીકરણ થાય તેમ કરવું. તે માટે કુદરતી સંપત્તિના ઉપયોગનો અધિકાર વસવાટી આદિવાસીઓ હોઈ તેવી સ્પષ્ટતા પણ જરૂરી છે. નહીં તો તેમના વિકાસની વાતો અધુરપવાળી લેખાશે, તે સમજી લેવું જોઈએ. સરકારી વહીવટ તંત્ર અને સ્થાનીક લોકોના જ્ઞાન, સમજ સાથે સાંકળી વિકાસની આખીય ભૂમિકા કરાશે તો ખરા અર્થમાં જે નથી થયું.. તે વિકાસની પગદંડી થતાં, સારા વિકાસના એંધાણ જરૂર મળશે.

આખાય આદિવાસી વિસ્તારોમાં ખેતી, પશુપાલન અને જંગલ આધારિત કાર્યક્ષેત્ર મુજબ ઉદ્યોગોનું માળખું કાર્યક્ષમ રીતે ગોઠવાય તેવુ વાતાવરણ ઉભુ કરવું જોઈએ. તેમાંય ઉત્પાદન અને આવક મેળવવાની, તમામ બાબતોમાં નિર્ણય કરવાની સત્તાઓ, વ્યક્તિ કે જૂથોને આપવી. એ જો કે તે સરકારી વહીવટ તંત્રની દેખરેખ હેઠળ રહે તે પણ જરૂરી છે.

આદિવાસી વિસ્તારોમાં પીવાનું પાણી, સમૃધ્ધ શિક્ષણ, સારું નિરોગી આરોગ્ય અને તે માટેની આંતર માળખાકીય સુવિધાઓ હજુ વધુ સારી રીતે ગોઠવાયેલા નથી. તો તેને માટે માળખાકીય પ્રયત્નો કરવા જોઈએ. નવીન જ્ઞાનની સીમાઓ વિસ્તરતી જાય છે. તેથી આધુનિક દુનિયા સાથે સુમેળ બની રહે તે માટે અંગ્રેજી, ગણિત, વિજ્ઞાન, કોમ્પ્યુટરને લગતી શિક્ષણ વ્યવસ્થા ગોઠવવી જોઈએ.

આદિવાસી સમાજનો સર્વાંગી વિકાસ ત્યારે જ થશે, જયારે આર્થિક વિકાસની આ લહેર આદિવાસી ઉંડાણના વિસ્તારના છેવાડાના દરેક માણસ સુધી પહોચશે. તેમની એક પરંપરાગત સામાજિક વ્યવસ્થાને; વિકસીત કૃષિપ્રધાન, ઔદ્યોગિક અને સેવાયજ્ઞ સાથે જોડાયેલા સમૂદાય સાથે સુગ્રથિત રીતે સાંકળીને જોડાશે. તે માટે જોડાવાની પ્રક્રિયામાં લાંબો સમય ન લાગી જાય અને તેમના સમાજના કેટલાક ભાગો આવા જોડાણથી વંચિત ન રહી જાય, તે પણ જોવું પડશે.

આવો વિકાસ તમામ માટે ત્યારે જ લાભદાયક સાબિત થાય કે થઈ શકે, જયારે સામાન્યમાં સામાન્ય

માણસને એવા સાધન અને માહિતી મળે, જેનો ઉપયોગ તે આવનારા પરિવર્તનોનો સમસ્યાઓનો સામનો કરવામાં કરી શકે. આમ થશે તો લોકો પરિપકવ થશે અને સમાયાન્તરે થતા આર્થિક વિકાસના માર્ગે ચાલવામાં સફળ થશે. દેશમાં આર્થિક સુધારાને દોઢ દાયકાથી વધારે સમય થયો છે તેથી આપણી પ્રગતિ બહુ આંખે દેખાતી નથી. જો કે લોકશાહીમાં થયેલી આ પ્રગતિનું મહત્વ સવિશેષ છે. કારણ કે લોકશાહીમાં મળેલી સ્વતંત્રતા દેશમાં સ્વછંદતામાં પરિવર્તતીત થયેલી હોય, થયેલી પ્રગતિ સ્વાભાવિક રીતે ઓછી આંકાતી નજરે ચઢે. પરંતુ અત્યંત ઝડપથી થઈ રહેલા પરિવર્તનોને લઈને પ્રગતિનો ઉભરો દેખાય તે સાચો ન હોય. તેથી પરિવર્તનોને અત્યંત નજીકથી જોવા પડશે કારણ કે પરિવર્તનોમાં જે સુધારાવાદી નીતિઓનો અમલ છે તે આવક વૃધ્ધિને સ્વાભાવિક રીતે જ રોકે છે.

દેશની અને ગુજરાતની વસ્તીનો તેમજ તેમાં વસેલી આદિવાસી વસ્તીનો એક મોટો ભાગ આજે પણ અભણ છે. જે પ્રાપ્ય આંકડાઓ ઉપરથી માલુમ પડે છે. તેનો મોટો લાભ રાજકારણીઓ અને જાતિગત નિર્ણયો કરનારાઓને મળે છે. પરંતુ આવુ કયાં સુધી ચાલી શકે ? જો અંધકાર બાદ પ્રકાશ ન હોય, જો સુધારાઓનો લાભ માત્ર અર્ધા થોડા જ લોકો મળતો હોય, તો પછી આદિવાસીઓનું ભાવિ શું હશે ? એવું નથી, આ માટે એક રસ્તો પણ છે. જેને આપણે જોઈ શકતા નથી. કોઈ એવો રસ્તો, જેનાથી આપણે તેના દરેક વિકાસના પરિધને જલ્દીથી અને વિશ્વાસ સાથે લાગુ કરી શકીએ.

મારા માનવા પ્રમાણે સારાં પરિણામો માટે આપણા નીતિ ઘટકોએ કોઈની પણ રાહ જોયા વિના એવી ક્ષમતાના વિકાસ અંગે વિચારવું જોઈએ. જે સમાજના દરેક ભાગને લાભ પહોંચાડી શકે. તેના માટે આર્થિક સુધારાઓ બને તેટલી ઝડપથી લાગુ કરવા જોઈએ. તે માટે જરૂર કર રાહતો સહિતના પગલાં લેવા જોઈએ. તો જ સામૂદાયિક વિકાસની ગતિ વધશે. સરકારે વિકાસના એવા ક્ષેત્રોને પણ પ્રાથમિકતા આપવી જોઈએ, જયાં તાત્કાલિક કામ કરવાની જરૂર છે.

સંદર્ભ ગ્રંથો

(૧) ગુજરાતની પૂર્વપટ્ટીની ગરીબી ક્યારે જશે ?
સનત મહેતા, ૧૯૯૫

(૨) ટ્રાઈબલ સબપ્લાન (આદિવાસી સંકલિત યોજના) વાર્ષિક પ્રોગ્રામ
ગુજરાત રાજ્ય, ૨૦૦૪-૦૫

(૩) આદિવાસી ઉત્કર્ષ યોજનાઓ
માહિતી ખાતુ, ગુજરાત રાજ્ય,ગાંધીનગર, ૨૦૦૦

(૪) પંચમહાલ- દાહોદ વિસ્તારના ભીલો : વિકાસ અને પરિવર્તન,સમાજમાનવશાસ્ત્રીય અભ્યાસ
ચંદ્રકાન્ત પટેલ, ૨૦૦૫-૦૬

(૫) ગુજરાતની એક ચર્ચીત અનુસૂચિતજનજાતિ - હળપતિ, તલાવિયા
ચંદ્રકાન્ત પટેલ, ૨૦૦૫

(૬) Land and People of Indian States and Union Territories in 36-Volumes
Edited by S.C. Bhatt and Gopal K. Bhargava, Gujarat, Volume-8
Publication Kalpal, Delhi-110052, 2001

(૭) Census of India
2001

(૮) Tribal ATLAS of Gujarat
Tribal Sub-plan Area, Community facilities, 1992

(૯) Census of India
District Census Handbook Record structure, Village, Directory,

(૧૦) Disrrictvise S.T. Population
Covered T.S.P., 2001-census

(૧૧) Area Profile
Census of India, 2001